# ટહુકો વસંતનો

**કૃષ્ણદેવ આર્ય**

**પ્રકાશક :**
**આશિષ પબ્લિકેશન્સ**
''ભામિન - હાઉસ'', બીજે માળ,
સર્વોદય એન્જિનીયરીંગ કંું. ની બાજુનું મકાન, કૃષ્ણ રોડ,
**આણંદ - ૩૮૮ ૦૦૧**
મો. નં. : ૯૯૯૮૨૦૨૧૩૨



Û]l k8\]dv] a]y]

Û]l k8\]dv] a]y] a]N}d ij lI]]n]] r]Sqly] g]]m] s]]m]rK]]n]] v]t]n]l Ce v]S]0 s]D]l a]N}dn]l An]. As]. p]qe] a]qs] k0l0j]m]} g]j r]t]ln]] vy]]Ky]t]] t]rlke p]0t]]n]l s0v]] a]p]l c]ky]] Ce t0 a0A Am]. A. t]T]] Al] Al]. b]l.n]0 aBy]]s] kre]0 Ce t0 a0 an0k x0X]iN]k s}sT]]a0 an0 g]j r]t]ln]] a]Dy]]p]k s}G]m]} s]iBy] rÁ] Ce s]rd]r p]qe] y]in]v]is]qlm]} s0n0q t]T]] is]nzlke s]By] t]rlke s0v]]a0 a]p]l c]ky]] Ce

g]j r]t]l s]]ihty]m]} t0m]n]} l]g]B]g] c]]l]ls] je]l]} p]st]k0 p-g]q T]w c]ky]} Ce aty]]r s]D]lm]} t0m]n]l ds0k n]v]l]kT]]a0 p-g]q T]w Ce n]v]ln] iv]S]y]v]st] D]r]v]t]l t0m]n]l n]v]l]kT]] Ôv0wq z]y0q Anz a]y]]il]s]ls]Õ g]j r]t]l v]]c]k0A b]h v]K]]N]l Ce a] [p]r}t] Ôhy]]n]0 [j]s]Õ, Ôm]0g]r]n]l m]hk]Õ an0 Ôikzn]l p-ty]]r0p]N]Õ t0m]n]l j]N]lt]l n]v]l]kT]]a0 Ce

Û]l k8\]dv] a]y]0 g]j r]t]l B]]S]] s]]ihty]n]] aDy]]p]k t]rlkeG]N]l n]]m]n]] m0Lv]l Ce t0m]n]} s}p]]idt] T]y0l]} p]st]k0 aBy]]s]ßm]m]} p]N] m]k]t]} rÁ} Ce

t0m]n] h]l]n] s]rn]]m]:;
Û]l k8\]dv] a]y]
102, x]B] Ap]]qm0nq,
a]w. b]l. p]qe] g]]zn] p]]s0,
m]h]dv] c]]r rst]],
v]lI]B] iv]S]n]g]r (ij lI]] a]N}d)
m]0b]]wl] P0n] : 9998202132

# qhk0 v]s}t]n]0

k8\]dv] a]y]

*m]]r] v]]t] :*

*Ôib}d Ak J]kLn]Õ n]v]l]kT]] l]K]v]]n]l x]Ð a]t] 1971m]} kre]l. ikzn]ln]l ib]m]]rl p]Cl Pr]T]l s]jn] krv]]n]l p-iBy]]n]l x]Ð a]t] T]t]} - t0^]ls] v]S] p]Cl 2003m]} Ôib]d Ak J]kLn]Õ l]K]]y0l]l n0 a]je p-g]q p]N] T]]y] Ce a] j n]v]l]kT]]n]] an]s}D]]n]0 ÔB]ln]l B]ln]l m]hk]Õ 2004n]] Pb a]rl m]]s]n]l b]l« t]]rlK0 p]N] T]]y] Ce A n]v]l]kT]]n]] an]s}D]]n]m]} l]K]]y0l]l n]v]l]kT]] Ôqhk0 v]s}t]n]0Õ a]je t]m]]r] h]T]m]} Ce*

*a] n]v]l]kT]]n] s]jn] m]]r] ©]r] T]y] Ce a]m]} h ke]l]0 s]PL T]y]0 C t0 v]]c]k0 p]r Cozl d[ C. m]]rl n]v]l]kT]]a0A Ak an]0K]0 v]]c]kv]g] {B]0 ky]0 Ce t0 b]dl] s0 v]]c]k0n]0 a]B]]r m]]n] C.*

_ k8\]dv] a]y]

બિંદુ એક ઝાકળનું થી ભીની ભીની મહેંક સુધી

રાકેશ આજે ધૂંધવાયેલો હતો. સંધ્યાના આવવાની રાહ જોતો હતો. સંધ્યા આવતી નથી. નિરાશ થઇને તે બગીચામાંથી બહાર નીકળી રિલીફ રોડ પર ચાલે છે. ત્યાં રૂપાન્દે નામની એક યુવતી કે જે રાકેશના અભિનયની અને નવલકથાની પ્રશંસક હતી, તે ભેગી થઇ જાય છે. તે ઘી કાંટા પરના તેના મકાનમાં રાકેશને લઇ જાય છે.

રૂપાન્દેને ત્યાં પહોંચેલો રાકેશ તેના ઘરનું નિરીક્ષણ કરે છે. પાણી આપ્યા પછી રૂપાન્દે રાકેશને બેસાડી ફોટાનું આલ્બમ લેવા અંદર જાય છે. અજાણ્યા ઘરમાં અને અજાણી વ્યક્તિ સાથે પહોંચેલો રાકેશ રૂપાન્દે આવે તે પહેલાં જ બારણું ખોલી ચાલ્યો જાય છે.

રાકેશે રૂપાન્દેના ઘરમાં પાર્થનો ફોટો જોયો. પાર્થ અને રૂપાન્દેના શા સંબંધો હશે તે વિશે એ વિચારતો રહ્યો. એના વિચારમાં ભૂતકાળ સ્મરણમાં આવે છે. નાટ્યસંસ્થાના એક નાટક વખતે નાટકના મુખ્ય સ્ત્રી પાત્ર સંધ્યા સાથે તેને ઘેર જાય છે. રાત્રે બહુ મોડુ થયું હોવાથી પૂર્ણિમા અને ખાસ કરીને તો સંધ્યા રાકેશને રોકાઇ જવાનું કહે છે. સંધ્યાને ત્યાં રોકાઇ ગયેલો રાકેશ પોતાની ઇચ્છા ન હોવા છતાંય સંધ્યાના આગ્રહને કારણે, સંધ્યાને ભોગવે છે. વહેલી સવારે રાકેશ બહાર નીકળે છે. ત્યારે વરંડામાં આરામ ખુરશીમાં બેઠેલી પૂર્ણિમાને જુએ છે.

રાકેશને જોતાં જ પૂર્ણિમાને પોતાનો પતિ યાદ આવે છે. અને રાકેશ જ પોતાનો પતિ છે એવું માની લે છે. પોતાની ઇચ્છાની પૂર્તિ માટે રવિવારે રાકેશને ઓફિસના કામ માટે બોલાવે છે.

રવિવારે મોડો મોડો પણ રાકેશ આવે છે. પૂર્ણિમા રાકેશને ઉશ્કેરે છે. અને રાકેશ પૂર્ણિમાને પોતાની નજીક ખેંચી, પૂર્ણિમાના હોઠ પર ગાઢ ચુંબન દે છે. અને પૂર્ણિમા રાકેશની ભૂલનો લાભ લે છે. રાકેશ પૂર્ણિમા સંધ્યાને ન કહે તેવી વિનંતી કરે છે. આજ અરસામાં રાકેશને સંધ્યા સાથેના ભૂતકાળનાં સ્મરણો યાદ આવે છે. રાકેશ છાયા ઇન્ડસ્ટ્રીઝમાં નોકરી એ જોડાય છે. રાકેશને નોકરી મેળવવામાં પરોક્ષ રીતે સંધ્યા મદદ કરે છે. પૂર્ણિમાના પતિ વિજય અમદાવાદથી મુંબઇ જતી વખતે છાયાનો પરિચય થતાં, છાયાને પોતાની રખાત તરીકે સ્વીકારે છે. આર્થિક સ્થિતિએ નબળી એવી છાયા વિજયની બની રહે છે. એક જ શહેરમાં બે જુદા જુદા પણ સમાન ધંધા ચલાવતા પૂર્ણિમા અને છાયા એકબીજાને ક્યારેય ભેગાં થતાં નથી.

તો પેલી તરફ મુંબઇ ગયેલી સંધ્યા પાછી આવે ત્યારે પોતાની માતાનું વર્તન જોતાં વહેમાય છે. અને માતા વિશે ક્યાંક બીજું જ વિચારે છે.

પૂર્ણિમાના સહવાસને કારણે કોઇ એક દિવસે હોટલમાં હિનાનો પરીચય રાકેશને થાય છે. હિના એક થીયેટર ધરાવે છે. પતિ પરદેશ છે. અને એ પણ કોઇ ન જાણે તેમ ખાનગી રીતે રાકેશ સાથે સંબંધો ધરાવે છે. આ બાજુ રાકેશ અમેરિકાથી આવેલા પાર્થને ભેગો થાય છે. પાર્થની કાકી હિના. હિનાની સંભાળ લેવાનું પાર્થ કહે છે. પાર્થ અમેરિકા પાછો પહોંચી જાય છે.

રાકેશ દ્વારા સંધ્યાનું લગ્ન મુંબઇ ગોઠવાય છે. એક દિવસે સંધ્યાનો બોલાવ્યો રાકેશ મુંબઇ પહોંચે છે. તે સંધ્યાની માગણીને ઠુકરાવે છે અને સંધ્યા છાયાને કહી રાકેશને નોકરીમાંથી છૂટો કરાવે છે.

રાકેશ એક દિવસે રૂપાન્દેને ઘેર ગામડે પહોંચી જાય છે. રાકેશના રૂપાન્દે સાથેના સંબંધો વિકસે છે. હિના રાકેશને છોડવા માંગતી નથી. પૂર્ણિમા પણ રાકેશ સાથે જ રહેવા માંગે છે. અને છેવટે રાકેશ અને હિના ખાનગી મસલત કરી સહેલો રસ્તો શોધે છે. રાકેશનું પૂર્ણિમા સાથે લગ્ન થાય અને હિના પણ પૂર્ણિમાની માફક હક્કો ભોગવે. અને એથી પૂર્ણિમા અને રાકેશ લગ્નગ્રંથિથી જોડાય છે. રાકેશ, પૂર્ણિમા અને હિના હનીમૂન કરવા જાય છે. પાછા આવ્યા પછી અગાઉ છાયાની તપાસ કરવાનું રાકેશને સોંપેલું, રાકેશ જાણે છે છતાંય કોઇને રહસ્ય ફોડ નહી કરેલો. અને છેવટે રાકેશ, પૂર્ણિમાને કહે છે, 'છાયા તો તારી શોક્ય છે.' આ શબ્દો પૂર્ણિમાને કાને પડતાં પૂર્ણિમા જમીન પર ફસડાઇ જાય છે. અવાચક બની જાય છે. દવાખાનામાં દાખલ કરવામાં આવે છે. ડૉક્ટર કહે છે, 'પૂર્ણિમા કોમામાં સરી ગઇ છે.'

કોમામાં સરી ગયેલી પૂર્ણિમાને સારવાર માટે હિના દ્વારા પરદેશ લઇ જવામાં આવે છે અને આમ પૂર્ણિમાની સારવાર થતી રહે છે. આ બાજુ રાકેશની લીલા વિસ્તરતી રહે છે અને પછી રાકેશના સંધ્યા અને રૂપાંદે તથા સના સાથે જે સંબંધો બંધાય છે. તેના થકી આ ત્રણેય રાકેશના સંતાનની મા બનવાની દિશા તરફ ફંટાય છે. રાકેશ આફ્રિકા પણ જતો આવતો રહે છે. છાયા સાથેના સંબંધો પણ પરાકાષ્ઠાએ પહોંચે છે. કિડની નિષ્ફળ નીવડવાથી છાયા મુશ્કેલીમાં મૂકાય છે અને અંતે 'છાયા યુરોલોજીકલ હોસ્પિટલ' ઊભી કરવામાં આવે છે. હોસ્પિટલનો વહીવટ બધાં કરે છે. વચ્ચે વચ્ચે કેટલાંક રહસ્યમય પ્રસંગો પણ બનતા રહે છે.

હવે આગળ વાંચો - 'ટહુકો વસંતનો.'

# એક

હીના અને પૂર્ણિમાને વારાફરતી પોતાના અંગત જીવનમાં પ્રવેશવાનો હક્ક રાકેશે આપેલો. એ હક્કની રૂએ રાકેશ પૂર્ણિમા અને હીનાને પોતાના અંગતજીવનની કેટલીક વાત કરે છે. રાકેશની નિખાલસપણે થતી વાત પૂર્ણિમાને અને હિનાને જ્યારે થઈ ત્યારે એમણે રાકેશની વાતને માફ કરેલી. જો કે કેટલીક વાત હીનાને કરેલી. તે વાતો પૂર્ણિમાને ન કહે એ શરતે જ કહેલી.

હીના સાથે વાતમાં તેણે ઘણુ બધુ કહી દીધેલું. એવું જ પૂર્ણિમાને પણ તેણે કહેલું. રાકેશે પોતાના દિશા, સીના અને છાયા સાથેના સંબંધો કબૂલેલા ખરા. પણ પોતાના અંગત સંબંધોમાં આવી ગયેલી સંધ્યા અને રૂપાન્દેની વાત તેણે નહોતી કરેલી. આ બંને પાત્રોથી તે જોડાયેલો હોવા છતાં પાત્રોનો ઉલ્લેખ કરી પોતાની જાતને તે ઉઘાડો પાડવા માંગતો નથી.

હીના અને પૂર્ણિમા સાથે તે પોતાની રીતે વર્તન કરતો રહે છે. ક્યારેક પૂર્ણિમા કરતાં હીના પાસે પોતાના હૃદયની કેટલીક વાતો કહેવાનું તે ઈચ્છે છે અને તે કહી પણ દે છે. રાકેશના અન્ય સ્ત્રીઓ સાથેના સંબંધો હીના વિશેષ જાણે છે. અને રાકેશના કેટલાક સંબંધોની જાણ થતાં તે આશ્ચર્ય પણ અનુભવે છે. આ બધુ જાણવા છતાં કોઈપણ સંજોગોમાં હીના રાકેશને છોડવા માંગતી નથી. પૂર્ણિમાનો તો કોઈ પ્રશ્ન જ નથી. કેમકે તેને રાકેશ છોડી શકે એમ નથી. તે પૂર્ણિમા સાથે લગ્ન સંબંધથી બંધાયેલો એટલે જ સ્તો !

સમય સમયનું કાર્ય કરતો રહે છે. રાકેશ તેના પાત્રો સાથે અવારનવાર ભેગો થતો રહે છે. જો કે હવે પહેલાનો રાકેશ રહ્યો નથી. હવે પૈસાની તેને કમી નથી. લાખો રૂપિયાનું બેલેન્સ તેના વ્યક્તિગત ખાતામાં તો છે જ. પૂર્ણિમા અને હીનાના ખાતામાં તેનું સંયુક્ત નામ તો ખરું જ. તેથી એ પણ નાણાંમાં અડધો હિસ્સો એનો જને. હીનાએ એક બેંકમાં સંયુક્ત ખાતામાં સોહનકુમારને બદલે રાકેશનું નામ દાખલ કરેલું. એ પણ સોહનકુમારની જાણ બહાર.

દિવસો નહીં પણ મહિનાઓ વીતતા જાય છે. થોડા વર્ષો પણ પસાર થઈ ગયા. મુંબઈથી અવારનવાર સંધ્યા આવતી રહે છે. રૂપાન્દે તો નજીક જ છે. ક્યારેક સીના સાથે ટેલિફોનથી તે વાત કરી લે. અને સમય મળે બે-ચાર દિવસ માટે આફ્રિકા જતો-આવતો રહે છે. આમને આમ પંદરેક વર્ષનો ગાળો પસાર થઈ જાય છે.

અને એક દિવસે રાકેશ એકલો જ બંગલામાં બેઠો છે. પૂર્ણિમા કે હીના નથી. ત્યાં જ એક પંદરેક વર્ષનો યુવાન ડોરબેલ વગાડે છે. ડોરબેલ વાગતાં જ રાકેશ ઊભો થાય છે. આગંતુકને જોતા, ‘અરે એકાએક ક્યાંથી ? ફોન તો કરવો હતો ને ?’

‘તમે જાણો છો ને હું કોઈપણ કાર્ય અગાઉથી નક્કી કરીને કરતો નથી. ઓચિંતુ જ જે કાર્ય કરીએ એમાં બહુ મજા આવે. એટલે જ જાણ કર્યા સિવાય આવી ગયો.’

‘આવ બેસ. બધાં મજામાં તો ખરાં ને ?’

‘હા. પણ, દાદા બા નથી ? ક્યાં ગયાં છે ? ખાસ તો એમને મળવા જ આવી ગયો છું.’

‘જો કરણ, તારા દાદીમા હોસ્પિટલે છે. આજે કદાચ મોડા આવશે. એટલે ફોન પર તુ એમની સાથે વાત કરી લે, જો તારે બહુ ઉતાવળ હોય તો.’

‘દાદા, ઉતાવળ તો છે જ. હું તરત જ પાછો વળવા માંગું છું. મારે બાનું અંગત કામ છે.’

‘મને કહી શકાય એમ નથી ?’

‘તમને કહી શકાય. પણ તમે પાછા આડા-અવળા સવાલો કરશો અને મારું કદાચ કામ નહીં કરો.’

‘જો બેટા, મારી પર તને વિશ્વાસ હોય તો તારી વાત કર. નહીં તો પછી તારી દાદીમાને ફોન કર.’

‘દાદા, મારે તાત્કાલિક રૂપિયા બે લાખની જરૂર છે. અઠવાડિયા પહેલાં ફોન કર્યો ત્યારે દાદીમાએ મને આપવાનું કહેલું એટલે જ એમને શોધું છું.’

‘પૈસા લેવા અહીં સુધી દોડ્યો ? એના કરતાં તારી મમ્મી પાસે જ માંગી લીધા હોય તો !’

‘તમે પણ મારી મમ્મી જેવા જ છો. એટલે જ મેં તમને નહોતું કહ્યું. તમે પાછી પડપૂછ કરશો. પૈસા શા

માટે જોઈએ છીએ ? પૈસાનું તું શું કરવાનો ? પૈસા વેડફીના હેવાય. આ બધુ તમે કહેશો જ. એટલે જ હું દાદીમાની વાત કરતો હતો.' એમ કહી કરણ અંદર જાય છે. રસોડામાં જઇ ફ્રીજમાંથી લીમ્કાની એક બોટલ કાઢી પાછો આવી બેઠકરૂમમાં બેસે છે. અને એ ધીરે ધીરે બોટલમાંનું પ્રવાહી પીવે છે. રાકેશ ઊભો થાય છે. પોતાના રૂમમાં જઇ તિજોરી ખોલે છે. અને પાછો આવી કરણની સામે રૂપિયા બે લાખ મૂકે છે.

'જો બેટા, આ બે લાખ રૂપિયા. લઇ લે પણ તારે એટલું તો કહેવું પડશે કે આ રૂપિયાનું તું શું કરવાનો ?'

'જુઓ દાદા, આ રૂપિયા ખોટી રીતે વેડફવાનો નથી. મારો એક મિત્ર છે. અહીં મુંબઇમાં મારી સાથે ભણે છે. તે આવતા અઠવાડિયામાં તેના દાદા-દાદીને મળવા માટે આફ્રિકા જવાનો છે. મને પણ તે દેશ જોવાનું મન થાય છે. એટલે હું એની સાથે જવાનો છું. હું હવે રોકાઇશ નહીં. અત્યારે જ પાછો વળી જઇશ. દાદા આવજો. બાને મારા આવ્યાની વાત કરજો.' એમ કહેતો કરણ બહાર નીકળી જાય છે.

આફ્રિકાનું નામ સાંભળતા જ રાકેશના માથામાં જાણે કે ઘણ વાગતા હોય તેવું તે અનુભવે છે. અને તેની નજર સમક્ષ સીના આવી જાય છે. સીનાથી જન્મ પામેલો તેનો દીકરો કરણ જેવડો જ થઇ ગયો હશે ને ?

તેની નજર સમક્ષ સીના અને સાથોસાથ દિશા પણ આવી ગયેલા તે જુએ છે.

સીના સાથેનો એક પ્રસંગ તેને યાદ આવી જાય છે.

દિશા અને એના પતિની દાદા-દાદી બનવાની મહેચ્છાને પૂર્ણ કરવા માટે અંતે સીના રાકેશ સાથે જોડાય છે. અને થોડા સમય પછી તેને ખબર પડે છે કે એના શરીરમાં એક નાનો પીંડ બંધાઇ રહ્યો છે. અને ત્યારે એને સહજરીતે રાકેશની યાદ આવે છે અને રાકેશને ફોન કરી બે-ચાર દિવસ માટે મુંબઇ આવવાનું કહે છે. ફોન પર વાત થયા પ્રમાણે સીના આફ્રિકાથી મુંબઇ પહોંચે છે. રાકેશને ત્યાં જ હોટલમાં મળે છે. રાકેશ તેની રાહ જ જોતો હતો. આવેલી સીનાના હાથમાં નાની એટેચી હતી. ખપ પૂરતા બે જોડી કપડાં લઇને તે નીકળેલી. અને આવતાં જ રાકેશના આલિંગનમાં તે જકડાઇ જાય છે. અને પછી.... રાકેશને કહે છે,

'જો રાકેશ, મારા માતા-પિતાની સામે રમત રમતાં તો હું રમી ગઇ. અને અંતે તેમની ઇચ્છાને મારે આધીન થવું પડ્યું. હવે મને લાગે છે કે મેં તારી સાથે સંબંધ બાંધીને બહુ જ મોટી ભૂલ કરી છે. તારી સાથે સંબંધ બાંધતા પહેલાં મારે મારી મમ્મીને સાચી વાત કહેવી જોઇતી હતી. પણ હું કહી શકી નહીં. તું મારી બહેનપણીનો મિત્ર જાણે-અજાણે મારા થકી તુ મારા જીવનમાં આવી ગયો. હવે મને લાગે છે કે આપણે બંનેએ લગ્ન કરી લેવા જોઇએ. આ બાબતમાં તારું શું મંતવ્ય છે ?'

'જો સીના, મેં તો તને ક્યાંય અંધારામાં રાખી નથી. તેં જ મને આફ્રિકામાં તારા પતિ તરીકે મને બોલાવ્યો હતો. અને તારા કારણે એ મેં પાઠ ભજવ્યો હતો. અને તારા માતા-પિતાની ઇચ્છાની જાણ મેં તને કરી હતી. એના અનુસંધાનમાં મેં તારો સ્વીકાર કર્યો હતો. એમાં મારો શો વાંક ?'

'એમાં તારો વાંક હું જોતી નથી. બધો જ વાંક મારો હતો. તેં તો મેં કહ્યું એ પાઠ ભજવેલો. પરંતુ રાકેશ હું તો ઇચ્છું છું કે તુ મારી સાથે લગ્નથી જોડાઇ જા. નહીં તો આમ મારા મા-બાપને કેટલા દિવસ સુધી હું અંધારામાં રાખી શકીશ ?'

'સીના, હું કોઇપણ સંજોગોમાં તારી સાથે લગ્ન કરી શકું તેમ નથી. એના ખુલાસા મારે તને આપવાના ના હોય. છતાંય હું તારાથી જન્મ પામનાર બાળકને પિતા તરીકે મારું નામ આપતાં અચકાઇશ નહીં. એની તુ ખાતરી રાખજે. અને તેં આ જ વાત કરવા મને બોલાવ્યો હોય એવું હું માનતો નથી.'

'રાકેશ, આ તો મુખ્ય વાત લગ્નની હતી. તુ તે સ્વીકારે તો સારું. ન સ્વીકારે તો તેમાં તારો વાંક હું જોતી નથી. પણ તને તો ખબર હશે કે કોઇપણ શિકારી પશુ માણસનું લોહી એક વાર ચાખી જાય તો તેને વારંવાર એ લોહી ચાખવાની ટેવ પડી જાય છે. હું તને ખુલાસો કરું. મારું પણ એવું જ બન્યું છે. મારા જીવનમાં તુ આવી ગયો મારી ઇચ્છાએ, અને હવે સતત તારી ઝંખના મને થાય છે. અને એ મારી ઝંખના પૂરી કરવા જ મેં તને બોલાવ્યો છે. આ ત્રણ-ચાર દિવસ આપણે એકલાં જ હોઇશું. આફ્રિકામાં તો મેં માતા-પિતાની ઇચ્છા માટે જ તને સમર્પણ કરેલું. આજે અહીં મારી સ્વેચ્છા એ તને સમર્પિત થવા હું આવી છું. હું ઇચ્છું છું કે બધી જ રીતે તુ મને સંતોષ આપીશ. અને એ સંતોષની માત્રા લઇને હું આફ્રિકા પાછી જઇશ. અને ફરીથી જ્યારે મને ઇચ્છા થશે ત્યારે તને બોલાવી લઇશ.' એમ કહી પોતાની એટેચી સાથે પ્રવાસનો થાક ઊતારવા તે રૂમના અંદરના ભાગમાં પહોંચી એટેચી પલંગમાં મૂકી બાથરૂમમાં પહોંચી જાય છે.

રાકેશ ચૂપચાપ બેઠો છે. તે સીનાને સમજી શકતો નથી. તે વિચારે છે કે જે સ્ત્રી પોતાના પ્રણયની તૃપ્તિ માટે આફ્રિકાથી છેક અહીં સુધી આવી શકે એ વ્યક્તિ ક્યારેક અમદાવાદ પોતાના બંગલા સુધી પણ આવી શકે એમાં બે મત નથી. ચારેક દિવસ સુધી સીના પોતાને સંતોષ થાય ત્યાં સુધી, અને એ રીતે રાકેશને તૈયાર કરે છે. રાકેશ આજ્ઞાંકિત બની સીનાનો દોરાયો દોરવાય છે. અને ઓચિંતાં ચોથા દિવસે હોટલ પર આફ્રિકાથી ફોન આવે છે. ફોન દિશાનો હતો. દિશા ફોનમાં કહે છે, 'રાકેશકુમાર, સીના કદાચ આજે રાત્રિએ વહેલી પરોઢે આફ્રિકા આવવા નીકળશે. એ રીતની એની ટિકિટ છે. હોટલની વાત તેણે મને કરી હતી. હું આજે સાંજે નીકળી વહેલી સવારે મુંબઇ આવીશ. તમે રાત્રે મને લેવા આવશો. મારે તમારી સાથે કેટલીક અંગત વાત કરવી છે. અને પછી ત્રણેક દિવસ બાદ હું મારા ભાઇ સોહનકુમારને મળવા ત્યાંથી અમેરિકા જવાની છું. એ રીતની ટિકિટની પણ મેં વ્યવસ્થા કરી છે.' અને ફોન કટ થઇ જાય છે.

વહેલી સવારે લગભગ બે અને ત્રીસ મિનિટે કેન્યા એરવેજની ફ્લાઇટ મુંબઇ આવશે. અને લગભગ એ જ અરસામાં કેન્યા એરવેજની એક ફ્લાઇટ આફ્રિકા જવા ઊપડશે. આમેય સીનાને મૂકવા જવાનું હતું. લગભગ એકાદ કલાક સુધી રાકેશને બહાર બેસવું પડે તેમ હતું.

અને..... સવારના લગભગ ચારેક વાગ્યે દિશાને લઇ રાકેશ હોટલ પર પહોંચે છે.

રાકેશની આંખો ઊંઘથી ઘેરાયેલી હતી. તેને આરામ કરવાનું મન થાય છે. પણ રૂમનું બારણું બંધ થતાં જ દિશા રાકેશના પડખામાં ભરાઇ જાય છે. કેટલોય સમય દિશા આમને આમ રાકેશને પોતાની પકડમાં જકડી રાખે છે.

'જો દિશા, મને ખરેખર ઊંઘ આવે છે. મને સૂવા દે. તું અહીં જ આવી છું. હું ક્યાં ચાલ્યો જવાનો હતો ? હું પણ અહીં જ છું ને ?'

અને છેવટે દિશા પોતાની પકડમાંથી રાકેશને છૂટો કરે છે.

વહેલી સવારે ઓચિંતી દિશા જાગી જાય છે. તે જુએ છે. સવારના નવ થઇ ગયા છે. ઊઠીને તે રાકેશને જગાડે છે. પણ રાકેશની આંખો હજુય ઘેરાયેલી હતી. ગયા ચાર દિવસમાં સીનાએ ક્યાં તેને સૂવા દીધો હતો ! તે ઊંઘતો જ રહે છે. અને દિશા પોતે દૈનિક ક્રિયાઓ પરવારવા ચાલી જાય છે. દૈનિક ક્રિયાઓ પરવારી ટેલિફોન કરી પોતાના માટે ચા-નાસ્તો મંગાવે છે. દિશા નાસ્તો કરી રહ્યા પછી જ્યાં ચાનો પ્યાલો હોઠ સુધી લઇ જાય છે ત્યાં તો રાકેશ જાગી જાય છે અને કહે છે,

'દિશા, એકલી એકલી ચા પીશ તો નહીં પચે હોં.મારી તો રાહ જોવી હતી. સ્ત્રીઓ બધી જ સ્વાર્થીલી હોય. મારી દૃષ્ટિએ તેમાંની તુ પણ એક ખરી ને ?'

'જો રાકેશ, સ્ત્રીઓ સ્વાર્થીલી હોય તો જ તારા જેવા માણસોનો ઉદ્ધાર થાય. એટલે મહેરબાની કરીને સ્ત્રીઓને સ્વાર્થીલી ના કહેતો. જો કે હું મારા સ્વાર્થ માટે જ અહીં આવી છું. મેં તને ક્યારનોય ઊઠાડવાનો પ્રયત્ન કરેલો. પણ તું ઊઠ્યો નહીં એટલે હું પરવારી ગઇ. હજુય કેટલો સમય ઘોરતો રહીશ એની ખબર નહોતી. તેથી મેં મારા માટે નાસ્તો અને ચા મંગાવી લીધા. એમાં મેં શું ખોટું કર્યું ?'

'તેં ક્યાં કશું ખોટું કર્યું છે ? તારી જાતને સતી માનતી હોય તો ના માનીશ. જો કે તું ક્યા સ્વાર્થભાવે આવી છું. એની મને ખબર નથી. પણ, તારા આવવા પાછળના કારણમાં કોઇ રહસ્યતો છે જ એમ હું માની લઉં છું.' એમ કહી રાકેશ પથારીમાંથી બહાર નીકળે છે. અને બ્રશ પર પેસ્ટ લઇ બેઝીન પાસે જઇ બ્રશ કરવા લાગે છે. અને બ્રશ કર્યા પછી સ્નાન કરવા માટે તે પહોંચી જાય છે. બાથરૂમમાં સ્નાન કર્યા પછી તૈયાર થઇ રાકેશ બહાર આવે છે. તેના માટે નાસ્તો અને ચા તૈયાર હતાં. દિશા તેની જ રાહ જોતી બેઠી હતી. રાકેશની ઇચ્છા નાસ્તો કરવાની નહોતી. ચા એકલી જ પીવે છે. ચા પી કપ ટેબલ પર મૂકે છે. ત્યાં જ.... સામે બેઠેલી દિશા રાકેશની બાજુમાં આવી બેસી જાય છે. રાકેશને પોતાની તરફ ખેંચે છે. અને ધીરેથી લાડમાં કહે છે,

'રાકેશ, ભૂલી રાકેશકુમાર, મારે જાણવું છે કે ઓચિંતી સીના શા માટે આવી. ઘેર તો તમને મળવા આવે છે એવું જ કહીને નીકળી હતી. આવવા-જવાના સમયની પણ તેણે વાત કહી હતી. તમને અહીં હોટલમાં બોલાવ્યા છે એની પણ એણે વાત કરી હતી. પણ શા માટે આવી છે એટલું જ એણે કહ્યું નહોતું.'

'જુઓ સાસુમા,' એ આગળ કહેવા જાય છે ત્યાં તો દિશા એનું મોં દાબી દે છે. અને કહે છે,

'રાકેશ, તારી સાસુમા તો પછી બની. પહેલાં તો હું તારી મિત્ર હતી. સાસુમા કહેવાની જરૂર નથી.'

'જો દિશા, મારે અને તારે ક્યાં મૈત્રી હતી ? આપણે તો મિત્રો ક્યારેય નહોતા. પણ તેં તો તારા જીવનમાં તારી ઈચ્છાઓની પૂર્તિ કરવા જ મને પ્રવેશ કરાવ્યો હતો. એટલે આપણે મિત્રો નહીં, એકબીજાની જરૂરિયાત પૂરી કરનારા સાધન માત્ર છીએ.'

'એ બધી વાત જવાદે. તે દિવસે પણ તારા પ્રત્યે હું આકર્ષાયેલી. એટલું જ આકર્ષણ આજે પણ મને તારા માટે છે. પણ મારે જે જાણવું છે તે કહે, સીના શામાટે આવી હતી ? મને સીનાની વર્તણુંકમાં ક્યાંક ફેર પડ્યો હોય એવું લાગે છે. થોડા દિવસથી ગભરાયેલી પણ લાગતી હતી.'

'દિશા, તુ માને છે એવું કંઇ નથી.'

'તેના આવવામાં કંઇ રહસ્ય તો હશે જ. એકદમ આફ્રિકાથી અહીં આવવા તે તાત્કાલિક નિર્ણય ન લે.'

'થોડીવાર માટે તારી વાત હું સાચી માની લઉં છું. પણ, તું એ કહે કે અમેરિકા જતાં પહેલાં તુ અહીં ભારત કેમ આવી ? આફ્રિકાથી બારોબાર તું અમેરિકા જઇ શકી હોત. મારી વાત સમજીને ?'

'જો રાકેશ, હું તો ખાસ તને મળવા જ આવી હતી. મને તારી યાદ આવી અને આવી પહોંચી.'

'તો દિશા તારી માફક જ સીનાને મારી યાદ આવી અને તે આવી પહોંચી.'

'પણ હું એ વાત ન માનું. તારો આ ખુલાસો કોઇ સંજોગોમાં માની શકાય તેવો નથી.'

'જો દિશા, જે કામ માટે તું આવી છું એજ કામ માટે સીના આવી હોય તો ?'

'તારી વાત મને સમજાતી નથી.'

'મારી વાત તો તું સમજે છે. તને કશું સમજાવવાનું ન હોય. જો દિશા, તને મારો મોહ છે. તારી ઈચ્છાની તૃપ્તિ માટે તું અહીં દોડી છું. એ જ રીતે સીના પણ પોતાની તૃપ્તિ પૂરી કરવા મારી પાસે દોડી આવી હતી. એમાં બીજું કંઇ રહસ્ય નથી.'

છતાંય દિશા રાકેશની વાત સમજી શકતી નથી.

'જો રાકેશ, આડાઅવળી વાત કરવાનું રહેવા દે. સીનાની બાબતમાં તું મને સાચી વાત કહેવા માંગતો નથી એવું હું માનું છું. આફ્રિકાથી સીના અહીં આવે અને એ પણ ચારેક દિવસ માટે. આ રહસ્ય મને હજુ પણ સમજાતું નથી. એણે ધાર્યું હોત તો તને આફ્રિકા બોલાવી શકી હોત. એને તારી સાથે કોઇ એવી વાત કરવાની હશે કે જેની જાણ અમને ન થાય. તેની કોઇ વાત મને તે કહેતી નથી. કેટલાંય દિવસથી ઘરમાં પણ ઉદાસ ફર્યા કરે છે. તેથી કોઇ બાબતમાં મૂંઝવણ અનુભવતી હશે જેને કારણે અહીં આવી પહોંચી. પણ તુ એની સાચી વાત કહેતો નથી.'

'જો દિશા, હું માનું છું કે તારે સીનાની બાબતમાં ઊંડા ઉતરવાની જરૂર નથી. ગમે તેમ તોય તમે મા-દીકરી છો. તે અહીં આવી, કોઇ ખાસ કારણસર જ આવી હતી તે તો અમે બે જ જાણીએ છીએ. કેટલીક એવી બાબતો હોય છે કે જેની જાણ ત્રીજી વ્યક્તિને ન થાય એ જ બધાને માટે લાભદાયક હોય છે.'

'તું શું કહેવા માંગે છે એ મારી સમજમાં આવતું નથી.'

'દિશા, કોઇપણ ખાનગી વાત કેટલા સમય સુધી ખાનગી રાખી શકાય એ મને કહે.'

'ખાનગી રાખવા જેવું હોય તો ખાનગી રાખી શકાય.'

'પણ કદાચ તારી જ વાત હોય તો ?'

'મારી વાત હોય તો એ વાત કોઇપણ સંજોગોમાં હું કોઇને પણ ન કહું.'

'તો સાંભળી લે. ખાનગી રખાય તો રાખજે નહીં તો પછી આ વાતનો ધજાગરો કરજે. દિશા, મારા અને તારા સંબંધો વિશેની વાત કોઇ ત્રીજી વ્યક્તિ જાણે તો ?'

'કોઇપણ જાણી શી રીતે શકે ? હું કહું તો જાણે ને ?'

'દિશા, જેમ તારી સાથેના મારા સંબંધો સામાજીક દૃષ્ટિએ યોગ્ય નથી તેમ તો તુ માને છે ને ?'

'હા.'

'તે જ રીતે સીનાની સાથેના મારા સંબંધો વિશે તું જાણે છે. સીનાના પતિ તરીકે મારી ઓળખાણ તમને આપી છે. તેં ક્યારે પણ તપાસ કરી ખરી કે હું ક્યારે ? કેવી રીતે ? તારી દીકરીને પરણ્યો છું.'

'એમાં તપાસ કરવાની શી જરૂર ? સીનાએ કહ્યું અને અમે માની લીધું.'

'તો દિશા, સીનાના કહેવાથી તેના લગ્નની વાત તમે માની શકો એટલો વિશ્વાસ સીના ઉપર તમને હોય તો સીનાની પાછળ-પાછળ એની તપાસ કરવા આવવાની શી જરૂર હતી ? તેને જ પૂછી જોજેને અને બીજું કેટલાંક રહસ્યો ક્યારેય કોઇની આગળ છતા કરાતાં નથી. એ રહસ્યોને તો સમાજથી ખાનગી જ રાખવા પડે છે. અને રહી હવે તારી વાત. તું આ ઉંમરે પણ પુરૂષનો સહવાસ ઇચ્છતી હોય તો સીના કેમ ના ઇચ્છે. સીના તો મારી પત્ની છે.'

જો કે રાકેશ દિશાને સાચી વાત કહી શકે તેમ નથી. સીના અને એની વાત દિશાને કહે તો કદાચ દિશાને એટેક પણ આવી જાય. જો કે રાકેશ એટલું તો સમજી શક્યો છે કે સીના વિશે દિશાને વહેમ તો ખરો જ. પણ સાચી પરિસ્થિતિની જાણ કરી એ સીનાને મુશ્કેલીમાં મુકવા માંગતો નથી.

દિશા ચૂપચાપ છે. એ શું ગડમથલ અનુભવતી હશે એનો ખ્યાલ રાકેશને છે જ. આમેય કદાચ સીનાને બહાને તો તે નથી આવી ગઇ ને ? તેથી તે પણ શાંત છે. હાથ ફેલાવે એટલે જ દૂર દિશા હોવા છતાં તે પોતાનો હાથ ફેલાવતો નથી.

'એ બધી વાત છોડ હવે ! ચાલ થોડીવાર અંદર બેસીએ.' એમ કહી દિશા જાણે કે રાકેશને ઘસડી જતી હોય એ રીતે ખેંચીને અંદરના રૂમમાં લઇ જાય છે.

રાકેશ તો બધુ જ જાણતો હતો. એ શાંત છે. પણ, બે-ચાર ક્ષણોમાં જ દિશા રાકેશની નજીક આવી ગઇ. ઘણા સમયથી પુરૂષ સમાગમની ભૂખી દિશા અંતે પોતાની ઇચ્છાઓને સંતોષી લે છે. આ સમય દરમિયાન રાકેશ તો પૂરેપૂરો શાંત રહ્યો હતો. અને પછી તો હાંફતી-હાંફતી દિશા રાકેશથી થોડે દૂર પથારીમાં પડખુ ફેરવી જાય છે.

એકાદ કલાક સુધી શાંત રહેલો રૂમ પાછો સળવળાટ અનુભવે છે. અને દિશા પડખુ ફેરવી રાકેશની નજીક પહોંચી જાય છે. લાંબી ક્ષણો પસાર થઇ જાય છે. અંતે દિશા ઊભી થઇ બાથરૂમમાં પહોંચી જાય છે. રાકેશ પથારીમાં જાગતો જ હતો. તે તો દિશાની ગતિવિધિની નોંધ લેતો હતો. ધીરેથી તે ઊભો થાય છે. ધીરે ધીરે ડગલા માંડતો બાથરૂમ પાસે પહોંચ્યો. અંદરથી કશો અવાજ આવતો નહોતો. એકાદ મિનિટ સુધી કાન માંડીને તે ત્યાં જ ઊભો રહ્યો. ધીરેથી સાવર ચાલુ થવાનો અવાજ તેણે સાંભળ્યો. મનોમન તેણે કલ્પના કરી કે દિશા જરૂર સ્નાન કરતી હશે. અહીં રૂમમાં તે બંને એકલા જ હોવાથી કોઇ પરિચિત આવી જાય એની બીક નહોતી. ધીરેથી તે બારણાને અડકે છે. અંદરથી બારણું બંધ નહોતું. બારણું ખોલવાનો અવાજ સાંભળતા દિશા બારણાને બંધ કરવાનો પ્રયત્ન કરે છે. અને બીજી ક્ષણે બારણું તો બંધ થતું નથી પણ રાકેશ અંદર આવી જાય છે. અંદરનું દૃશ્ય જોતાં જ રાકેશ આશ્ચર્યચકિત થઇ જાય છે. સાવરમાંથી ટપકતાં પાણીના જલબિંદુઓ એક નગ્ન મૂર્તિને સ્પર્શતા હોય એ રીતે માથા પરથી ધીરે ધીરે આખા શરીર પર ફેલાતા તે જુએ છે. ચાલીસીએ પહોંચેલી છતાં વીસ વર્ષની યૌવના જેવી દિશાનું સૌંદર્ય શરીર પર પડતાં પાણીના બિંદુઓને કારણે વધુને વધુ નિખાર પામતું હોય એવું લાગે છે. ભરાવદાર દેહ, ઉન્નત ઉરોજ અને કપાળ પર આવી ગયેલી માથાની લટો એના સૌંદર્યમાં વધારો કરતાં હતાં.

દિશા જાણતી હતી કે તેની પાછળ-પાછળ રાકેશ આવશે જ. એટલે જ તેણે બારણું ખોલતાં વાસવાનો પ્રયત્ન કરેલો એ પણ ખાલીખાલી જ. એતો ઇચ્છતી જ હતી કે રાકેશ આવે. ચાલીસીએ પણ દિશાના યૌવનનો તરવરાટ ઓછો થયો નથી. અમેરિકામાં પહેલીવાર જ્યારે તેણે રાકેશને જોયો ત્યારે તેના મોહમાં પડી ગઇ હતી અને તે દિવસે તેણે પોતાના ભાઇના મકાનની બાથરૂમમાં રાકેશ આવી પહોંચે તેવો પ્રયત્ન કરેલો. અને તેમાં પણ તે સફળ નીવડી હતી.

પતિ-પત્ની તરીકે સ્ત્રી-પુરૂષ સહવાસ તો કરતાં હોય છે. પણ ક્યારેક એ સહવાસમાં પત્ની અતૃપ્ત થઇ જાય છે ત્યારે તે બહારનો સહવાસ ઇચ્છે છે. દિશા રાકેશ સાથે પ્રથમ સહવાસ વખતે સંપૂર્ણ સંતોષાઇ હતી. પોતાને માટે, પોતે જેવો ઇચ્છે છે તેવો આક્રમક પુરુષ રાકેશ છે જ એમ તે માની લે છે. અને તેથી જ આફ્રિકાથી અહીં તે દોડી આવી છે. અમેરિકા જવાનું તો એક બહાનું છે. સાવરની નીચે પલળતી તે ઘણું બધુ વિચારે છે અને પછી તે રાકેશને પોતાની નજીક ખેંચે છે. પોતાના આલિંગનમાં લે છે.

દિશાના ભરાવદાર છાતીના ઉભારને કારણે રાકેશ રોમાંચિત બને છે. અને પછી ધીરે ધીરે બંનેના હાથ એકબીજાના શરીરને ફંફોસતાં રહે છે. પાણીના બિંદુઓથી ઠંડી પડેલી દિશાને ત્યાં જ બાથરૂમમાં રાકેશ ગરમ કરે

છે. બંને વધુને વધુ એકબીજાની નજીક આવવાનો પ્રયત્ન કરે છે. ત્યાં જ ટેલિફોન રણકી ઊઠે છે. દિશા રાકેશને ફોન લેવાનું કહે છે. પલળેલો રાકેશ ફોન સુધી પહોંચી જાય છે. રિસીવર હાથમાં લેતાં જ અવાજ તેને પરિચિત લાગે છે. રાકેશનો હાથ કંપી જાય છે. થોડો ગભરાઇ જાય છે. આમ કેમ બન્યું એનો વિચાર તે કરે છે. પૂરેપૂરો ટેલિફોન સાંભળી રિસીવર મૂકી દે છે.

બાથરૂમ તરફ જઇ, 'દિશા, જલ્દી તૈયાર થઇ જા. આપણે આ રૂમ બદલવો પડશે. હું વ્યવસ્થા કરીને આવું છું. ત્યાં સુધી તારો સામાન પણ ખસેડવો પડશે.' એમ કહી ઝટપટ કપડાં પહેરી રાકેશ કાઉન્ટર પર પહોંચી, બીજી એક ખાલી રૂમ દિશાને નામે કરાવે છે. જોગાનુજોગ તેમની રૂમની બાજુની જ રૂમ ખાલી હતી. પાછો આવ્યા પછી તાત્કાલિક દિશાના કાનમાં કેટલીક સૂચનાઓ આપે છે. દિશા બધુ જ સમજી જાય છે. અને બાજુના રૂમમાં સામાન સાથે દિશા પહોંચી જાય છે.

થોડીવાર પહેલાં આવેલો ફોન સંધ્યાનો હતો. અમદાવાદથી ચારેક દિવસના અંગત કામ માટે મુંબઇ જઉં છું. એમ પૂર્ણિમાને કહીને રાકેશ નીકળેલો. ગઇ રાત્રે જ પૂર્ણિમાને ફોન કરી મુંબઇમાં પોતે ક્યાં ઊતર્યો છે તેની વાત કરેલી. અને આવતી કાલે સાંજે જ પાછો આવીશ. એવું પણ એણે કહેલું.

સંધ્યાએ કામ માટે તેની મમ્મીને ફોન કર્યો. વાતવાતમાં રાકેશની પણ પૂછપરછ કરેલી. ફોન પર, 'જો સંધ્યા, એ તો ત્યાં મુંબઇ જ આવ્યા છે. સાંજે જ એમનો ફોન હતો.' એમ કહી પૂર્ણિમા સંધ્યાને રાકેશની માહિતી આપે છે અને એ માહિતીને આધારે સંધ્યા રાકેશને ફોન કરે છે.

ફોન પર સંધ્યાએ વાત કરી હતી કે, 'ચારેક દિવસથી તમે અહીં છો છતાંય મને મળવા આવવાની તમને ફુરસદ ન મળી. એવું તે કયુ અંગત કામ લઇને નીકળ્યા છો કે મારું ઘર હોવા છતાં બહાર ઊતરવું પડે ? હું કલાકમાં જ ત્યાં આવું છું.'

સંધ્યાના ફોનના અનુસંધાનમાં પોતે દિશા સાથે પકડાઇ ન જાય તેના માટે બધી વ્યવસ્થા રાકેશ કરી લે છે. અંદરની રૂમની પથારી ઠીકઠાક કરે છે. દિશાની કશી વસ્તુ રહી નથી ગઇ એની પણ તપાસ કરી લે છે. બાથરૂમની પણ તપાસ કરે છે. અને સંતોષ થતાં સંધ્યાની રાહ જોતો સોફામાં આડો પડે છે. કેટલોક સમય તે ઊંઘતો રહ્યો. રૂમમાં કોઇ વાતચીત કરતું હોય એવો અવાજ સાંભળતા જ તે જાગી ગયો. એકદમ તે બેઠો થઇ જાય છે. સામેના સોફા પર વાતચીત કરતી બે સ્ત્રીઓને જોતાં જ આશ્ચર્યમાં પડી જાય છે. સંધ્યા દિશા સાથે હસી-હસીને વાત કરતી હતી.

'રાકેશ, આ મારી બહેનપણીના મમ્મી. હું આવતી હતી તે ત્યાં ભેગાં થઇ ગયાં. ઓળખાણ થઇ. તેથી એમને પણ લઇ આવી.' સંધ્યા કહે છે.

'અમે લીફ્ટમાં ભેગાં થઇ ગયાં. નીચેથી તે ઉપર આવતાં હતાં. તારી બાજુના રૂમમાં જ એ ઊતર્યા છે. આજે સવારે જ આફ્રિકાથી તે આવ્યા છે. તેમણે આફ્રિકાનું નામ દીધુ. એટલે મને મારી બહેનપણી યાદ આવી. વાતવાતમાં ખબર પડી કે સીનાના તે મમ્મી થાય. એટલે અમે બંને એમની રૂમમાં જવાને બદલે અહીં આવ્યાં. તમે તો એમને ક્યાંથી ઓળખો ? તેઓ ત્રણેક દિવસ અહીં રહેવાના છે. પણ હવે તેમને અને તમને બંનેને બંગલે લઇ જઇશ. બરોબર છે ને ?'

અને પછી જાણે કે પહેલી વાર જ મળતાં હોય તે રીતે રાકેશ અને દિશા પરસ્પર નમસ્કાર કરે છે. સંધ્યા વિચારે છે આ સીનાની મમ્મી ક્યાંથી ભટકાઇ ગઇ ? રાકેશની સાથે એકાંતની ક્ષણો ભોગવવી હતી તે હવે કદાચ શક્ય નહીં બને. એનો તે વસવસો કરે છે.

એકાદ કલાકમાં સંધ્યા રાકેશ અને દિશાને લઇ પોતાને બંગલે પહોંચે છે. રાકેશ તે જ સાંજે અમદાવાદ પાછો આવી જાય છે. દિશા સંધ્યાને ત્યાં રોકાય છે. બે-એક દિવસપછી તે પણ અમેરિકા પહોંચી જાય છે.

કરણના અમદાવાદ આવવાથી અને આફ્રિકા જવાની વાત કરવાથી સહજરીતે રાકેશને મા-દીકરી બંને યાદ આવે છે. રાકેશને ખ્યાલ આવે છે કે સીનાનો દીકરો પણ કરણ જેટલો જ મોટો થઇ ગયો હશે. એ વિચારતો રહે છે.

આફ્રિકાના નામ સાથે જ વર્ષો પહેલાનાં કેટલાંક દૃશ્યો તેને યાદ આવી ગયા. તેને એકાદ આંટો આફ્રિકા મારી આવવાનો વિચાર થયો. તેને થાય છે કે તે પણ કરણની પાછળ પાછળ જાય તો તો આફ્રિકામાં બધાં એકજ

જગ્યાએ ભેગાં થઇ જાય. અત્યાર સુધી જે રહસ્ય અકબંધ છે એ પ્રગટ થઇ જાય. પાછો તે વિચારે છે કરણ આફ્રિકાથી પાછો આવે ત્યાર પછી તે આફ્રિકા જશે. સીનાને અને દિશાને મળે લગભગ બે-એક વર્ષ જેટલો સમય થઇ ગયો. અહીં વ્યવસાયમાંથી અને હોસ્પિટલના વહીવટથી એને સમય જ મળતો નથી. જો કે સમય મળે તે સીના સાથે વાત કરી લે છે ખરો. સીના અને દિશાની સ્મૃતિઓને વાગોળતો તે એકલો જ છે. પૂર્ણિમા બહાર ગઇ છે. એટલામાં જ ઓચિંતી રૂપાન્દે આવી પહોંચે છે. રૂપાન્દેની પાછળ લગભગ રૂપાન્દે જેટલી જ ઊંચાઇ ધરાવતી અને સશક્ત કાઠુ કાઢી ગયેલી એક યુવતી પણ છે. એ બંને આગળ વધે છે. એમની પાછળ-પાછળ પ્રશાંત પણ આવી પહોંચે છે.

'રૂપાન્દે, તને જોયે કદાચ એક મહિના ઉપરનો સમય થઇ ગયો. પ્રશાંત, તુ પણ ક્યાં હમણાંનો ભૂલો પડે છે કે પછી તમે બંને મારાથી નારાજ તો નથી ને ?'

'રાકેશભાઇ, એવું તો સ્વપ્નમાં પણ ન વિચારીએ. આજે તો એક ખાસ કામ માટે તમારી પાસે આવ્યા છીએ. તમારે ત્યાં મહેમાન થઇને આવેલી આ છોકરીનો તમારી સાથે પરિચય કરાવવો છે.'

રાકેશ રૂપાન્દેની સાથે આવેલી યુવતી તરફ જોઇ રહે છે. રાકેશના હૃદયમાં એને જોતાં જ વાત્સલ્યભાવ ઊભરાતો હોય તેવું તે અનુભવે છે.

'રૂપાન્દે, આ કોણ છે ? તારી સાથે પહેલી વાર હું તેને જોઉં છું. મને ઓળખાણ ન પડી.'

'એની સાથે તમારી ઓળખાણ કરાવવા જ અમે આવ્યા છીએ. બોલો, એને તમે ઓળખો છો ?'

'રૂપાન્દે, આ ચહેરાને ક્યાંક જોયો હોય એવું લાગે છે. પણ આજે ખ્યાલ આવતો નથી.' એમ કહેતાં રાકેશ ઊભો થાય છે. પેલી યુવતીની નજીક પહોંચે છે. થોડીવાર સુધી એના તરફ તાકી રહે છે. તે જ ક્ષણે પેલી યુવતી રાકેશને વંદન કરે છે. રાકેશના પગે પડે છે. રાકેશ એને ઊભી કરે છે. અને બીજી ક્ષણે, 'અરે ! તુ કૃતિકા તો નહીં ?' એમ કહી તેને વહાલ કરે છે.

'બેટા, તું તો બહુ મોટી થઇ ગઇ. તને નાની હતી ત્યારે જોઇ હતી. તને જોયે કેટલાં બધાં વર્ષ થઇ ગયાં. જાણે કે આખો યુગ ના પસાર થઇ ગયો હોય !'

અને બીજી ક્ષણે...

'મોડી મોડી પણ મને તમે ઓળખી તો ખરી. દાદા, હું તમારામાં ભાગ પડાવવા આવી છું. બધી વાત મમ્મી કરશે.'

'શાનો ભાગ ? આ બધુ તારું જ છે ને. આ બધાએ મારા માટે કશું રાખ્યું જ નથી. જ્યારે જરૂર પડે ત્યારે લઇ જાય છે. ક્યારેક પૂછીને કે ક્યારેક લઇ ગયા પછી કહે છે. પણ એમના હક્કનું લઇ જાય છે ખરાં. રૂપાન્દે, કૃતિકાની શી વાત છે ? એને શાની મુશ્કેલી છે ? તુ વિગતે વાત કર.'

'હમણાંની કૃતિકા ઘરે બહુ ઓછી આવે છે. પહેલાં સતત અભ્યાસ, વેકેશનમાં ફરતાં રહેવું અને હમણાં પાછી અભ્યાસની સાથે સાથે નોકરી પણ કરવા લાગી છે. તેને નોકરીના સ્થળે પોતાનું મકાન રાખવાની ઇચ્છા છે. અને તેથી તે મારી પાછળ પડી છે. તમે જાણો છો એટલી મોટી રકમ અમે કાઢી શકીએ એમ નથી. મેં જ એને કહ્યું, 'ચાલ, દાદાને ઘેર તને લઇ જવું. અને એમની પાસે તારો ભાગ માંગ.''

'કૃતિકા, આટલી જ વાત છે ને ? તારી મમ્મીની સાથે ત્રાગુ ન કર્યુ હોત અને સીધી અહીં આવી ગઇ હોત તો પણ તને જેટલી રકમ જોઇએ તેટલી હું આપત. પણ એક વાત કહું. કૃતિકા તારે જેવું જોઇએ એવું સંપૂર્ણ સગવડવાળું તૈયાર મકાન તને મળે તો ? તને આનંદ થાય ખરો ?'

'જુઓ દાદા, હોસ્ટેલમાં રહી રહી હું થાકી ગઇ છું. એટલે મારે સ્વતંત્ર મકાન જોઇએ છીએ. અને બીજું અમદાવાદ છોડી ઘણા વખતથી મારી મમ્મી અને પપ્પા વડોદરા રહે છે. તેમને પણ ત્યાં એકલું લાગે છે. તેથી મારે તે બંનેને મારી સાથે લઇ જવા પણ છે. જેથી હું મારી મમ્મી સાથે રહી શકું.'

'કૃતિકા, તારી વાત સ્વીકારવા જેવી છે. ઘણો સમય અમદાવાદમાં રહ્યા પછી તારા પપ્પા સિનેમાના મેનેજર તરીકે સતત કામ કરતા હોવાથી તેમને ફુરસદ મળતી નહીં અને એથી જ મેં બંને શાંતિથી રહે એટલા માટે વડોદરામાં મકાન લઇ આપેલું. ત્યાં બંને સુખી છે. અવારનવાર અહીં આવતાં રહે છે. તેથી મને આનંદ થાય છે.

અને હવે રહી વાત તારા ભાગની. માફ કરજે તને આમ કહીને ચીડવવા માંગતો નથી. અહીં જે કંઇ છે એમાં પણ તારા મમ્મીનો હિસ્સો છે. એટલું સારું છે કે જ્યારે પણ કોઇ મોટી રકમ વાપરવાની હોય ત્યારે તારી મમ્મી મને પૂછે છે. એથી હું ખુશ થાઉં છું. કૃતિકા, તારે કયા શહેરમાં મકાન રાખવું છે ?'

'જુઓ દાદા, અત્યાર સુધી હું બેંગ્લોર હતી. અભ્યાસ પૂરો થયાની સાથે જ બેંગ્લોરની નોકરી મારી પૂરી થશે. બેંગ્લોરની જે કંપનીમાં હું કામ કરું છુ. તે કંપનીની એક શાખા મુંબઇમાં છે. મારી ટ્રાન્સફર ત્યાં થઇ છે. ત્રણ માસની રજા પછી મારે નોકરીમાં જોડાવાનું છે. એટલે મકાન મુંબઇમાં જ રાખવું છે.'

'ભલે, મુંબઇમાં રહેવાની તમારી વ્યવસ્થા થઇ જશે. જો રૂપાન્હે, મુંબઇમાં જ્યાં મોટું શોપિંગ સેન્ટર સંધ્યાએ ઊભુ કર્યું છે. ત્યાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર દુકાનો પણ કરી છે. અને એક બાજુ બંગલા ટાઇપ બે મોટાં મકાનો પણ થયેલા છે. એના જવા-આવવાનો રસ્તો અલગ છે. આ બંધાતું હતુ ત્યારે મેં ખાનગીમાં નીચેના બે મકાનોમાંનુ એક પ્રશાંતને નામે રાખ્યું હતું. આની જાણ કદાચ સંધ્યાને પણ નહીં હોય. તે મકાનની પૂરી કિંમત મેં ચૂકવી છે. મકાનનો દસ્તાવેજ પણ થયેલો છે. તે મકાન તમે ત્રણેય જણ જઇને જોઇ આવો. તમને પસંદ પડે તો ત્યાં કાયમ રહેજો. અને ના પસંદ પડે તો થોડો સમય એમાં રહો અને પછી બીજી વ્યવસ્થા કરી આપીશ.' એમ કહી રાકેશ ઊભો થાય છે.

અંદરના રૂમમાં થઇ તિજોરીમાંથી એક ફાઇલ લઇ આવે છે અને સાથે નાનું એવું પાકિટ પણ છે. ફાઇલ અને પાકીટ બંને લાવીને રૂપાન્હેને આપે છે.

'રૂપાન્હે, એ મકાનનો દસ્તાવેજ અને આ પાકીટમાં મકાનની ચાવી છે. પાકીટમાં કાર્ડ છે જેમાં મકાનનું સરનામુ પણ છે. કૃતિકા, જો તારા ભાગનો પચીસ ટકા હિસ્સો હું આપું છું. તુ આવતી કાલે તારા પપ્પા અને મમ્મીને લઇને મુંબઇ પહોંચી જજે.'

'મારે તો આજે જ પાછું વળવું હતું.'

'જો કૃતિકા, એમ પાછું ન જવાય. તારા દાદીમા પણ હમણાં આવશે. તેમને મળ્યા સિવાય જઉં તો તેમને ખોટું ન લાગે ? એટલે તમે બધા આજે રહેશો જ.'

'દાદા, અમે રહેવાના જ છીએ. આ તો તમારી પરીક્ષા કરતી હતી. હું બંને દાદીમાને મળીને જ જવાની છું. અને કાલે નહીં એક અઠવાડિયા સુધી અમે બધાં અહીં જ રહીશું. અને પછી જઇશું. કેમ મમ્મી હું સાચુ કહું છુ ને ?'

'હા બેટા, હું તો જ્યારે આવું ત્યારે તારા પપ્પા મારી સાથે હોય જ. અને મોટાભાગે અમે થોડું રોકાઇને ચાલ્યા જતાં. જો કે ફોન કાયમ કરતાં અને આમેય ઘણો વખત થઇ ગયો. એટલે તુ કહું છું તે પ્રમાણે અહીં રહીશું જ.'

હજુ પૂર્ણિમા અને હીના આવ્યા નથી. તેમને ગયે ઘણો સમય થયો. હવે આવવા જ જોઇએ એવું રાકેશ માને છે. પ્રશાંત આરામ કરવા અંદરના રૂમમાં પહોંચી જાય છે અને રૂપાન્હે રસોડામાં. બેઠકરૂમમાં રાકેશ અને કૃતિકા એકલાં છે.

'દાદા, એક વાત પૂછું ?'

'એક જ વાત કેમ ? વધારે પૂછવું નથી ?'

'પૂછવું તો ઘણુંય છે. આમેય અઠવાડિયું હું રહેવાની છું ને ? જ્યારે યાદ આવશે ત્યારે પૂછતી રહીશ.'

'બોલ શું પૂછવું છે ?'

'દાદા, જ્યારે ને ત્યારે વાત નીકળે ત્યારે મારી મમ્મી તમારા બહુ વખાણ કરે છે. એના મોંમાં તમારું નામ સૂકાતુ જ નથી. એમ કેમ ?'

'જો બેટા, આમ તો મેં તારા મમ્મીને લાભ થાય એવું કશું કરી આપ્યું નથી. છતાંય પ્રશાંત સાથે તારી મમ્મીનું લગ્ન કરાવી મેં એને રાતોરાત લખપતિ કરી દીધી છે. એટલે જ રૂપાન્હે મને બહુ માન આપે છે.'

'મેં જ્યારે નવુ મકાન લેવાની વાત કરી ત્યારે મને પણ ખ્યાલ નહોતો કે આટલી મોટી રકમની વ્યવસ્થા મમ્મી કેવી રીતે કરી શકશે ? પણ તેણે કહેલું કે આપણે દાદાને ત્યાં જઇએ. 'તું જ બધી વાત કરજે. પરિણામે બધુ જ યોગ્ય થઇ રહેશે' તમારી ઉપર કેટલો બધો વિશ્વાસ હશે કે મમ્મી મને અહીં લઇ આવી.'

'જો કૃતિકા, મેં તને અગાઉ પણ કહ્યું હતુ કે તુ એકલી આવી હોત તો પણ તારું કામ થઇ જાત. તારી મમ્મીનું મને નામ દીધું હોય તો હું તને કશું પૂછત નહીં. મકાનની વાત કર્યા સિવાય તેં પૈસાની વાત કરી હોત તો જેટલાં નાણાંની તારે જરૂરિયાત હોત તે બધાં જ નાણાં હું તને આપત. હવે રહી મારા વખાણની વાત. તારી મમ્મી કેમ આટલું બધુ મને માન આપે છે એ વિશે તારી મમ્મીને જ પૂછી જોજે ને ?'

'પણ દાદા, મમ્મીને ઘણી વાર પૂછ્યું પણ જવાબ આપતી જ નથી.'

'શાનો જવાબ મમ્મી નથી આપતી ?' એમ કહી ચાની ટ્રે સાથે રૂપાન્દે બેઠકખંડમાં આવે છે. અને કહે છે,

'કૃતિકા, મારા વિશેની ફરિયાદ તો તારા દાદાને કરતી નથી ને ?'

'જો મમ્મી, તારી જ વાત દાદા સાથે કરતી હતી પણ દાદા ગોળગોળ જવાબ આપે છે. સાચુ કહે જ નહીં. તારી વાત તું અને દાદા જાણો - મારે શું ?' એમ કહેતી કૃતિકા એની મમ્મીની હાથમાં રહેલી ચાની ટ્રે ટિપોઇ પર મૂકી ચાનો એક કપ પ્રેમથી રાકેશને આપે છે.

ચાનો પ્યાલો હાથમાં લેતાં રાકેશ કંપ અનુભવે છે. પોતાની દીકરી આવડી મોટી થઇ ગઇ છતાં પપ્પા તરીકે દીકરીને એ વ્હાલ કરી શકે તેમ નથી. અને દીકરી પણ એને પિતા તરીકે નહીં દાદા તરીકે ઓળખે છે. દીકરીને સાચી વાત તો ન કહી શકાય ને ? ત્યાં તો...........

'દાદા, શું વિચારો છો ? ચા પી લો. ઠંડી થઇ જશે.' એવી ટકોર કૃતિકા કરે છે.

'એકલા એકલાં જ ભાણીની હાથની ચા દાદા પીધે રાખે છે. પણ ચા પીતાં પીતાં એમને બા ક્યાંથી યાદ આવે ?' એવો પ્રશ્ન કરતી હીના અને એની પાછળ પાછળ પૂર્ણિમા આવી પહોંચે છે.

## બે

આમ તો એક અઠવાડિયું રોકાવાનું નક્કી કરી રૂપાન્દે આવી હતી. રૂપાન્દેને રાકેશ સાથે કેટલીક વાત કરવી હતી પરંતુ તેને એકાંત મળતું નહોતું

એક દિવસે બપોરે રાકેશ અને કૃતિકા બેઠાં બેઠાં કેરમ રમતાં હતાં. આમેય કૃતિકા નવરી પડે તો રાકેશ પાસે આવી પહોંચતી . કૃતિકાને મનમાં થતું કે, દાદા જો તેમની સગવડ સાચવતાં હોય તો જેટલો સમય અહીં રહીએ એટલો સમય એમને આનંદિત રાખવા જોઇએ. રાકેશ અને કૃતિકા કેરમ રમતાં હોય છે. ત્યારે હિના કૃતિકાને પોતાની સાથે લઇ જવાની વાત કરે છે અને કહે છે, 'કૃતિકા, તુ અમારી સાથે ચાલ. હોસ્પિટલે થોડું કામ છે અને રૂપાન્દે, તુ અહીં ઘરે રહે. આજે રસોઇ તારે બનાવવાની છે. અમે આવીએ છીએ.' હીના, પૂર્ણિમા, પ્રશાંત અને કૃતિકા હોસ્પિટલમાં પહાંચે છે.

'જો રાકેશ, કૃતિકાને હું લઇને આવી છું. એના વિશે મારે તને જે કહેવું છે એ કોઇની હાજરીમાં હું કહી શકું તેમ નહતી. આપણે બેય ભેગાં થઇએ એવો કોઇ પ્રસંગ જ ના ઊભો થયો. અહીં કોઇને કોઇ હોય જ અને મારે કૃતિકાની ગેરહાજરીમાં તને વાત કરવી હતી.'

'એવી તો શી વાત છે કૃતિકાની. એની ગેરહાજરીમાં કરવી પડે એવી.'

'જો રાકેશ, તેં કૃતિકાને જોઇ. હજુ તો પંદરમુ માંડમાંડ પૂરું થશે. પણ કાઠું એટલું બધું એણે કાઢ્યું છે કે વીસ-બાવીસની લાગે. બેંગ્લોરમાં સારી રીતે ભણતી હતી. ત્યાં નોકરી પણ કરતી હતી. એણે જાતે જ કંપનીની મુંબઇની શાખામાં બદલી માંગી છે. અહીં આવી એણે મને કહેલું કે, 'મમ્મી, મારી બદલી બેંગ્લોરથી મુંબઇ થઇ છે. કંપનીએ ત્રણેક માસની રજા પણ આપી છે. અને પછી મુંબઇ હાજર થવું પડશે.' બે-એક વખત હું પણ બેંગ્લોર ગઇ હતી. અભ્યાસમાં તે હોંશિયાર છે. હમણાં તે આવી અને તેણે જે વાત કરી તેનાથી મને થોડો વહેમ પડ્યો. તેની કંપનીએ તેના કહેવાથી ટ્રાન્સફર કરી છે. વધુમાં એવી માહિતી મને મળી કે તે મુંબઇમાં રહેતા કોઇ છોકરા સાથે અવારનવાર ટેલિફોન કરતી રહે છે. એની ગેરહાજરીમાં પેલા છોકરાનો ફોન મારા હાથમાં આવી ગયેલો. મને કૃતિકા પર વહેમ છે. તુ એને થોડી શિખામણ આપે તો ? નહીં તો પછી તે હાથમાંથી જશે એમ મને લાગે છે.'

'રૂપાન્દે, એવી ચિંતા કરવાની જરૂર નથી. છોકરાં ભણતાં હોય કે નોકરી કરતાં હોય એ સંજોગોમાં સાથે અભ્યાસ કરનાર કે નોકરી કરનાર સાથે પરિચયમાં આવે એ સ્વાભાવિક છે અને એકબીજાને ફોન કરે તેમાં કશુંય ખોટું નથી. છતાંય તુ કહે છે તો એના વિશે હું તપાસ કરીશ.'

'રાકેશ, ફોન આવતા હતા તે છોકરાનું નામ કલ્પેશ છે. એ શું કરે છે એની મને જાણ નથી. જ્યારે તે ફોન ઊપાડે ત્યારે હસતી હસતી વાત કરેછે. મોટે ભાગે દરરોજ ફોન આવે છે. જે દિવસે ફોન ના આવે તે દિવસે આખો દિવસ તે બેચેન રહેતી હોય તેવું હું જોઉં છું. મને નક્કી વહેમ છે કે કદાચ કૃતિકા એ છોકરાના પ્રેમમાં તો નથી પડી ગઇ ને ? રાકેશ, તુ આની તપાસ કર. નહીં તો પછી આપણી છોકરી ક્યાંક કરી બેસશે તો હું મુશ્કેલીમાં મૂકાઇ જઇશ.'

'રૂપાન્દે, કૃતિકાની જવાબદારી મારી. એની ચિંતા તુ મારી પર છોડી દે. કૃતિકાનું મૂળ હું શોધી કાઢીશ. પણ એના વિશે આપણી બેની વચ્ચે વાતચીત થઇ છે એવું તે ન જાણવી જોઇએ.'

'રાકેશ, કૃતિકા તારી દીકરી છે. પિતા તરીકે એને સાચવવી એ વિશેષ જવાબદારી તારી કહેવાય. હું ક્યાં એની પાછળ પાછળ ફરું ? આ તો મને વહેમ પડ્યો અને તને વાત કરી.' એમ કહી રાકેશને બેઠકરૂમમાં એકલો છોડી સાંજની રસોઇ કરવા રૂપાન્દે રસોડામાં ચાલી જાય છે.

થોડીવા ર પછી પૂરી માટેનો લોટ બાંધતી બાંધતી રૂપાન્દે પાછી આવે છે. અને ધીરેથી રાકેશના કાન પાસે એનું મોં લઇ જઇ ધીરેથી કહે છે, 'જો રાકેશ, અહીં તો આપણે ભેગાં થઇ શકીએ એવી પરિસ્થિતિ ઊભી થાય તેમ નથી. પણ એકાદ દિવસ રહેવાય એવું વડોદરા આવી જજે. બાકીની વ્યવસ્થા હું કરી દઇશ.'

'રૂપાન્દે, હજુય તને મારો મોહ છૂટતો નથી ? પંદર વર્ષની દીકરી થઇ. હવે તો જરા સમજ. અને ઉંમર પણ તારી વધતી જાય છે.'

'જો રાકેશ, ઉંમર અને લાગણી વચ્ચે કોઇ સંબંધ નથી.  અને જેમ જેમ ઉંમર વધે તેમ તેમ ઇચ્છાઓ વધુ મજબૂત બનતી જાય છે. મારી વાત સમજ્યો ને ?'

'ભલે. હું સમય કાઢી આવી જઇશ.'

રાકેશના મોંએ આવીશ એવું સાંભળતાં ખુશ થઇ પાછી રસોડામાં રૂપાન્દે પહોંચી જાય છે.

તે સાંજે બધા સાથે જમે છે. અને પછી બીજે દિવસે અડાલજની વાવ જોવા જઇશું તેવું નક્કી કરી દરેક જણ પોતપોતાની રીતે આરામ કરવા પહોંચી જાય છે.

બીજે દિવસે સવારે લગભગ નવેક વાગ્યે અડાલજ જવા બધા નીકળે છે. એક ગાડીમાં પ્રશાંત, હીના, પૂર્ણિમા અને રૂપાન્દે. જ્યારે બીજી ગાડીમાં 'હું દાદા સાથે ગાડીમાં એકલી જ રહીશ.' એમ કહી રાકેશની ગાડીમાં કૃતિકા એકલી જ બેસે છે.

એકાદ કલાકની મુસાફરી પછી બધા અડાલજ પહોંચે છે. વર્ષોથી સચવાઇ રહેલી અને જુદા જુદા સમયે તેનું સમારકામ થતું રહેતુ એવી અડાલજની વાવ સહેલાણીઓ માટે એક જોવાલાયક સ્થળ બની રહ્યું છે. બધા વાવની કોતરણી અને વાવનો ઈતિહાસ જાણતાં રોમાંચિત થાય છે. પંજાબમાંથી આવેલા પાટીદારોનું એક એવું સ્થળ હતુ કે જે જગ્યાએથી પાટીદારોના કુટુંબ સમગ્ર ગુજરાતમાં વસવાટ માટે પહોંચી ગયેલા. અડાલજના રોકાણ પછી બધા અમદાવાદ આવવા પાછા નીકળે છે. જતાં જે રીતે ગાડીમાં હતા તે જ રીતે પાછા વળતા પણ તેઓ ગાડીમાં હોય છે.

રાકેશ ધીરે ધીરે ગાડી હાંકે છે. કૃતિકા સાથે વાત કરતો કરતો અમદાવાદના કેટલાંક જોવાલાયક સ્થળોની પણ ચર્ચા કરે છે. રસ્તામાં આવતી એક હોટલના કમ્પાઉન્ડમાં રાકેશ ગાડી લે છે.

'ચાલ કૃતિકા, થોડું ઠંડુ પીએ !' એમ કહી કૃતિકાને લઇ હોટલમાં પહોંચે છે.

એક પંખા નીચેના ટેબલ પાસે બંને ગોઠવાય છે. વેઇટરને બોલાવી બે મીઠી લસ્સીનો ઓર્ડર આપે છે. થોડીવારમાં લસ્સી આવે છે. ધીરે ધીરે બંને પીવે છે.

'હાશ બહુ મજા આવી.' કહેતીક કૃતિકા ઊઠવાની તૈયારી કરે છે.

'થોડીવાર બેસ. જઇએ છીએ. શી ઉતાવળ છે ?'

'પણ દાદા, બધા આપણી રાહ જોતાં હશે ને ?'

'ના. આપણી રાહ નહીં જુએ. આપણે બધાએ બપોરનું ભોજન હોટલ 'તોરણ'માં લેવાનું છે. એ ચાર જણ આપણે જઇશું ત્યાં તો તોરણમાં પહોંચી ગયા હશે. મેં એમને કહેલું છે કે જમવામાં અમારી રાહ ના જોશો. અમે આવી પહોંચીશું. કૃતિકા, તુ શા માટે તારા મમ્મી-પપ્પાને તારી સાથે લઇ જવા માંગે છે ?'

'જુઓ દાદા, એ બંને સાથે હોય તો હું નોકરી પરથી વહેલી કે મોડી આવુ તો પણ ચાલે. ઓવરટાઇમ પણ કરી શકું. મમ્મી હોય તો રસોઇ બનાવવાની ઝંઝટમાંથી તો હું છૂટું.'

'તને બેંગ્લોર ના ફાવ્યું ?'

'બેંગ્લોર ફાવતું હતું. આમ તો શહેર રળિયામણું છે. રહેવાનું મન થાય એવું. છતાંય એકલી રહેવાનું મને ત્યાં મન ના થયું. જ્યાં નોકરી કરતાં હોઇએ ત્યાં કોઇ ઓળખીતું પાત્ર હોય તો મજા પડે ને ? દાદા, સાચી વાત કહું, કંપનીએ મારી ટ્રાન્સફર કરી નથી. પણ મેં જ ટ્રાન્સફર માંગી હતી. મને મુંબઇ રહેવાનુ મન થયું એટલે.'

'કે પછી કોઇની કંપની માટે ?'

'કોઇની કંપની તો છે જ. અને નથી પણ ખરી.'

'એટલે હું સમજ્યો નહીં ?'

'દાદા, વાત એમ છે કે મુંબઇથી કેટલાક છોકરાઓ એકાદ અઠવાડિયા માટે અભ્યાસ માટ બેંગ્લોર આવેલા. એમાંના એક છોકરા સાથે મને પરિચય થયો. મને એ છોકરો ગમી ગયો છે અને એની કંપની માટે જ મેં ટ્રાન્સફર કરાવી લીધી.'

'તે ક્યાંનો છે ?'

'તે ક્યાંનો છે એ હું જાણતી નથી. પણ તેનું નામ કલ્પેશ અગ્રવાલ છે એટલું હું જાણું છું. એનું પૂરું નામ પણ જાણતી નથી. અમે અરસપરસ ફોન નંબર આપેલા છે. ફોન પર વાત થાય છે. અત્યારે એથી વિશેષ કંઇ નથી.'

'જો બેટા, યુવાન છોકરાંની અંગત બાબતમાં વડીલોએ ન પડવું જોઇએ એમ હું માનું છું. પણ એક વાત કહું ? યુવાન છોકરીઓએ ભવિષ્યનો કોઇ નિર્ણય કરવો હોય તો વડીલોને જાણ કરવી ખરી.'

'દાદા, તમારી વાત હું સમજી નહીં.'

'જો બેટા, મારી વાત સમજુ કે ન સમજુ એ વિચારવાનું છોડી દે. પણ જે છોકરા માટે બેંગ્લોર છોડી મુંબઇ રહેવાનું પસંદ કરે છે એ છોકરા સાથે કદાચ ભવિષ્યમાં તારા નજીકના સંબંધ બંધાય અને કદાચ લગ્ન કરવાની હદ સુધી તમે પહોંચો ત્યારે તુ મને પૂછીને જ આગળનું પગલું ભરીશ. એટલું વચન તો તારે દાદાને આપવું પડશે અને જો તારું પગલું સાચુ હશે તો હું મારી જાતે જ તમારે માટે બધાને સમજાવીશ.'

'દાદા, હું તમારી સાથે વચનથી બંધાવું છું કે એ છોકરો જ નહીં પણ અન્ય કોઇની સાથે પણ લગ્ન કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે તમને પૂછ્યા સિવાય હું કોઇપણ પગલું ભરીશ નહીં.' એમ કહેતી ઊભી થઇ કૃતિકા રાકેશને વળગી પડે છે.

'ચાલો દાદા, જઇશું ?'

'હા, ચાલ.' એમ કહી રાકેશ કૃતિકાને લઇ હોટલ 'તોરણ'માં પહોંચે છે.

એ બંને ત્યાં પહોંચે છે ત્યારે હોટલની બહાર જ પેલા ચારેય જણ એમની રાહ જોઇ ઊભા હતાં. તે બંને આવે છે કે તરત જ બધાં સાથે હોટલમાં પહોંચી જાય છે.

જમીને બધા બહાર નીકળે છે.

હીના કહે છે, 'પ્રશાંત, તમે, રૂપાન્દે અને કૃતિકા બંગલે પહોંચો. અમે એક મિત્રને ત્યાં થોડું કામ છે તે પરવારીને આવીએ છીએ. અડધા એક કલાકમાં કદાચ તમારી પાછળ જ આવી જઇશું.'

એક ગાડીમાં પ્રશાંત અને રૂપાન્દે અને કૃતિકા નીકળે છે. બીજી ગાડીમાં રાકેશ, હીના અને પૂર્ણિમા.

પેલા ત્રણેય ગાડી લઇ નીકળી ગયા પછી હીના કહે છે, 'રાકેશ, કશું યાદ આવે છે ? હું માનું છું કે બધુ ભૂલી ગયો હોઇશ. અને પૂર્ણિમા તને પણ યાદ નહીં હોય.'

'તુ શાની વાત કરે છે ? મને કશી ખબર નથી. તું ક્યારની વાત કરવા માંગે છે.' કહેતા પૂર્ણિમા ગંભીર બની જાય છે.

'રાકેશ, આ એજ હોટલ છે, વર્ષો પહેલાં પૂર્ણિમાએ તારી સાથે મારો પરિચય કરાવેલો. અને એ દિવસ આજે પણ મને યાદ છે. આ દિવસે જ મેં તને મારા તરફ પગલાં માંડવાનું આહ્વાન પરોક્ષ રીતે આપેલું. તને યાદ છે ને ?'

'હીના, મને બધુ જ યાદ છે. પૂર્ણિમા તારી બહેનપણી હતી અને એ ન જાણે તેમ મારી સાથેના સંબંધો તેં વધારેલા. એ હું ભુલી શકું તેમ નથી.'

'આટલા વર્ષો પછી આજે પહેલીવાર આ હોટલમાં રાકેશનો તેં મને પરિચય કરાવેલો એનો આભાર પૂર્ણિમા માનું છું. અને પછી તો જે બનતુ ગયુ એની તો તુ સાક્ષી છું.' એમ કહી હીના ખડખડાટ હસી પડે છે.

અને પછી ત્રણેય જણ બંગલે પહોંચી જાય છે. ત્યાં જતાં જ પૂર્ણિમા આશ્ચર્યમાં પડી જાય છે. કોઈપણ જાતની જાણ કર્યા સિવાય સંધ્યા આવી પહોંચે છે. સાથે અનિલ નહીં પણ એના સાસુ મંજુબેન છે.

સંધ્યા અને મંજુબેનને આવેલા જાણી બધાં આશ્ચર્ય અનુભવે છે. મોટેભાગે તો કાયમ અમદાવાદ અને મુંબઈ વચ્ચે ટેલિફોન થયા કરતાં. ફોન પર જ ઘણી બધી વાતો થઈ જતી. એટલે આમ આવવાનું કોઈ પ્રયોજન નહોતું એમ પૂર્ણિમા વિચારે છે. હજુ તો આ બંને આવીને પાણી પણ નથી પીતાં અને સંધ્યા ગુસ્સે ભરાય છે. તે રાકેશને ભાંડે છે.

'તમે કરણને શા માટે પૈસા આપ્યા ? એને પૈસા જોઈતા હોય તો મારી પાસે માંગી લેત ને ? અને મમ્મી કરણનો ફોન આવ્યો ત્યારે તેં જ એને પૈસા આપવાનું કહેલું ને ? તમે બંને મારા છોકરાને વધુ લાડ લડાવી, પૈસાની બાબતમાં એની માંગણી સંતોષી ક્યારેક અમને મુશ્કેલીમાં મૂકી દેશો. તમારે એને પૈસા આપવાની ક્યાં જરૂર હતી ? તે ક્યાં જાય છે ? શું કરે છે ? તેની જાણ ઘરમાં કરતો નથી. ધંધામાં પણ એના બાપને કે દાદાને મદદ કરતો નથી. આમ આવા લાડ લડાવીએ તો છોકરો ખરાબ રસ્તે ન જતો હોય તો પણ જાય. અને આટલી મોટી રકમ આપીને તમે એને બગાડવાની તક પૂરી પાડે છે. મમ્મી હું તમને બંનેને માફ નહીં કરું.' એમ સંધ્યા બબડતી રહે છે.

મંજુબેન પણ સંધ્યાનો પક્ષ લઈ તકરાર કરવા જ આવ્યા હતાં.

'રાકેશભાઈ, તમે તો બહુ બુદ્ધિશાળી છો. છોકરા માંગે એટલા પૈસા આપી દેવાય ? અને આટલી મોટી રકમ આપ્યા પછી તમારે અમને જાણ તો કરવી જોઈએ ને ? આ છોકરો અમને ગાંઠતો નથી. દિન-પ્રતિદિન એના આગ્રહો વધતાં જાય છે. ક્યારેક ઘેરથી પૈસા ન મળે તો ફેક્ટરીથી પણ પૈસા ઊપાડી લે છે. જો કે આ બધું એના માટે જ ઊભુ કરેલું છે. મને લાગે છે કે એ સાચવી નહીં શકે. અમારો એની પર થોડો ઘણો કાબૂ હતો. પણ હવે તે પૈસા માટે અહીં આવતો રહેશે. અને તમે પૈસા આપશો. અમે તો એને પણ કશું ન કહી શકીએ અને તમને પણ ન કહેવાય. મહેરબાની કરીને આમાંથી કોઈ રસ્તો કાઢો. નહીં તો આ છોકરો ભવિષ્યમાં બધુ જ ઊડાડી મૂકશે.' એમ કહેતાં મંજુબેન ગળગળા થઈ જાય છે.

હીના મંજુબેન પાસે બેસે છે. મંજુબેનને તે આશ્વાસન આપે છે. પૂર્ણિમા સંધ્યાને આશ્વાસન આપે છે.

'જો બેટા, કરણનો ફોન આવ્યો હતો. એણે મારી પાસે પૈસા માગ્યા હતા. અને મેં આપવાનું કહેલું. આ વાત મારે તને કરવી જોઈતી હતી. એ ભૂલ હું કબૂલ કરું છું. આપણે બધાંએ ભેગાં થઈ હવે કરણ વિશે વિચારવું રહ્યું.'

સંધ્યા અને મંજુબેનની વાત સાચી હતી. મમ્મી પૈસા નહીં આપે એમ માની એણે દાદીમાને ફોન કરેલો. દાદીમાને ભાણેજો વ્હાલાં જ હોય ને ? અને આમેય પૂર્ણિમાને ક્યાં પૈસાની ખોટ હતી. તેથી કરણને આપવાના કહેલા. પણ એની ગેરહાજરીમાં રાકેશે આપ્યા. પૂર્ણિમા માને છે કે રાકેશે પૈસા આપીને કશું જ ખોટું કર્યું નથી. અને સંધ્યા પણ આટલું બધું થયું પછી પણ કરણ વિશે કોઈ માહિતી પૂર્ણિમાને એણે આપી નહોતી. એ સંધ્યાનો વાંક હતો. સંધ્યાએ જો વાત કરી હોત તો કરણ વિશે કોઈ રસ્તો નીકળી જાત. પણ હવે શું ?

જો કે હવે સંધ્યા અને મંજુબેનનો ક્રોધ શાંત થઈ ગયો હતો.

'મમ્મી, તમે બંને અંદર આવો. મારે તમારી સાથે વાત કરવી છે.' એવો ઈશારો પૂર્ણિમા અને રાકેશને

સંધ્યા કરે છે. સંધ્યાની પાછળ પાછળ તે બંને અંદરની રૂમમાં જાય છે.

અંદર પહોંચી સંધ્યા બંનેની સામે ઊભી રહે છે.

'જુઓ મારે તમને બંનેને કહેવાનું. હવે હું કરણની દાદાગીરીથી કંટાળી ગઈ છું. એના માટે રસ્તો કરવો જ પડશે.' ગંભીરતાથી સંધ્યા કરણની વાત કરે છે. વધુમાં તે કહે છે, 'મમ્મી, મને તો એમ લાગે છે કે એના લગ્નનું ક્યાંક ગોઠવી દેવું જોઇએ. ટેલિફોનનું બીલ દર મહિને બે થી ત્રણ હજારનું આવે છે. મોટા ભાગના કોલ એના જ હોય છે. અને ક્યારેક તો કેટલીક છોકરીઓના ફોન પણ એની પર આવતા રહે છે. લાંબી લાંબી વાત કરે છે અને પછી કોઇને કહ્યા સિવાય ઘરની બહાર ચાલ્યો જાય છે. ક્યારેક તો બે બે દિવસ સુધી ઘરે આવતો નથી. આ બધુ જોતાં મને લાગે છે કે એના પગ બાંધી દેવા જોઇએ. આ બધુ બંધ થઇ જાય.' સંધ્યા કરણની વાત કરતાં કરતાં દુઃખ અનુભવે છે. એ રાકેશના ધ્યાન પર આવે છે. અને પછી 'મમ્મી, આનો રસ્તો કંઇ કરવો પડશે. બહાર બેસીને બધાં વિચારો હું થોડીવારમાં આવું છું.' પૂર્ણિમાને પરોક્ષ રીતે બહાર જવાનું સંધ્યાએ કહી દીધું. પૂર્ણિમા બહાર જતાં સંધ્યા બારણું બંધ કરી સ્ટોપર વાસી દે છે અને જાણે કે આ બધામાં રાકેશનો જ વાંક હોય એ રીતે વર્તવા લાગે છે.

'જોયું. તારા છોકરાનાં આ પરાક્રમ. તુ પણ આખી જીંદગી આમ રખડતો રહ્યો. સ્ત્રીઓના સહવાસમાં પણ આવતો રહ્યો. અને હવે જો તારો જ છોકરો તારા જ રસ્તે જતો હોય એમ મને લાગે છે. રાકેશ જાહેરમાં તો હું તને કશું જ કહી શકું એમ નથી. પણ કરણની બાબતમાં તારે જ વિચારવું પડશે. નહીં તો મહાપરાણે, મહેનત કરી કરીને ઊભી કરેલી આ સંપત્તિ આપણો દીકરો વેડફી દે એ મને ન પોસાય.' એમ કહી સંધ્યા રાકેશની છાતી પર પોતાનુ માથુ નાખી ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે. રાકેશ ક્યાંય સુધી તેને સાંત્વન આપતો રહ્યો. અને છેવટે :

'સંધ્યા, કોઇપણ બાબતની ચિંતા ના કરીશ. આનો ઇલાજ મારી રીતે હું કરી લઇશ.' એમ કહેતાં સંધ્યાના આંસુ લૂછે છે. તેને હિંમત આપે છે અને ધીરે ધીરે બહાર આવવાનું કહે છે.

સંધ્યા રૂમની બહાર પહેલી નીકળે છે અને પાછળ રાકેશ. બહાર બેઠેલા મંજુબેન વર્ષો પહેલાં પતિ સાથે થયેલી વાતને યાદ કરતાં સંધ્યા વિશે વિચારે છે. આમ તો એમને થોડો વહેમ હતો. પણ આજે પૂર્ણિમાને રૂમની બહાર કાઢી રાકેશ સાથે એવી શી વાત હતી કે તે અંદર રોકાઇ રહી ? મંજુબેનનો વહેમનો કીડો - સંધ્યાની બાબતમાં - સળવળતો રહ્યો. પણ પાછું પતિની સલાહ યાદ આવે છે. અને આ વહેમ કાઢી નાખે છે.

તે રાત્રે ઘરના બધાં જ કરણ વિશે વિચારે છે. ચર્ચાઓ થતી રહે છે. કોઇપણ અંતિમ નિર્ણય લઇ શકતા નથી. અને છેવટે, 'તમે બધા કરણ વિશે વિચારવાનું છોડી દો. એવી સિફતથી હું રસ્તો કાઢીશ કે કરણ આપોઆપ મારા સાણસામાં ફસાઇ જશે અને ધમપછાડા મારશે તોય બહાર નીકળી નહીં શકે.' એમ કહી બધાને આશ્વાસન આપે છે.

બીજી સવારે સંધ્યા અને મંજુબેન મુંબઇ પાછા પહોંચી જાય છે. ઘેર પહોંચતા જ તેમને ખબર પડે છે કે કરણ એના મિત્રની સાથે આફ્રિકા પહોંચી ગયો છે. આ સમાચાર ફોનથી સંધ્યા રાકેશને આપે છે. ફોનમાં તે કહે છે, 'હવે તમે જાણો અને તમારો છોકરો જાણે. એનું તમારે જે કરવું હોય તે કરજો. હું આમાંથી હવે છૂટી.' રાકેશ જવાબ આપે તે પહેલાં સામેથી ફોન કટ થઇ જાય છે. અને રાકેશ કરણ વિશે વિચારતો રહે છે. ગમે તેમ તોય તે પોતાનો દીકરો ને !

## ત્રણ

સંધ્યાનો ફોન આવતા રાકેશ કરણની વાત જાણે છે. જો કે કરણે પોતે આફ્રિકા જવાનો છે તે જ વાત કરી પૈસા માંગેલા. એટલે કરણનો દોષ ન જોવાય. ઘરમાં બધા હતા તેથી રાકેશ 'હોસ્પિટલમાં થોડું કામ હોવાથી ત્યાં જઇ હું આવુ છું.' એમ કહી હોસ્પિટલે જવા નીકળી જાય છે. ત્યાં પહોંચીને તરત જ આફ્રિકા સીનાને ફોન કરે છે.

'જો સીના, હું માનું છું કે કલ્પેશનો એક મિત્ર નામે કરણ તારે ત્યાં આવ્યો હશે. બંને ખાસ મિત્રો છે. બીજું તારી બહેનપણી સંધ્યાનો એ દીકરો છે. એટલે આ બંને ઉપર એ જેટલો સમય તે ત્યાં રહે તેટલો સમય તું ધ્યાન

રાખજે.'

'તમે બેફિકર રહેજો. પણ મહત્વની વાત એ છે કે અવારનવાર કલ્પેશ મારી સાથે ઝઘડતો રહે છે. મુંબઇ હોય છે ત્યાં સુધી ફોન પર સારી રીતે વાત કરે છે. પણ અહીં આવ્યા પછી તે કાયમ મને તમારી વાત કર્યા કરે છે. અને કહે છે કે, 'મમ્મી, તું કહે છે તેમ પપ્પા તારો ત્યાગ કરી ગયા છે. ઘડી ભર તારી વાત માની લઉં. છતાંય તુ પપ્પાની મને માહિતી આપ કે જેથી તમારા બંનેના ઝઘડાનું નિરાકરણ હું લાવી દઉં.' જો રાકેશ હવે લાંબો સમય દીકરાને હું અંધારામાં રાખી શકુ તેમ નથી. ક્યારેક તો તારી શોધખોળ કરવા આવશે જ. હું એને જવાબ આપી-આપીને થાકી ગઇ છું. આટલા વર્ષો સુધી તો મેં એને અંધારામાં રાખ્યો. અને તુ જાણે છે કે ઘણા સમય સુધી મેં મારા પપ્પા અને મમ્મીને પણ અંધારામાં રાખેલા. કુંવારી અવસ્થામાં મેં દીકરાને જન્મ આપ્યો. તે વખતે હું પરણેલી છું એ વાત પપ્પા અને મમ્મી જાણતાં હતાં. કલ્પેશના જન્મ થયે બે-એક વર્ષ સુધી તો તુ પણ અવારનવાર અહીં આવતો રહ્યો. પણ ત્રીજા વર્ષે જ્યારે મમ્મી તને મળવા આવ્યા. ત્યારે તેમની સાથે શી વાત થઇ એની મને ખબર નથી. પણ ત્યાર પછી તેમણે અને પપ્પાએ ક્યારેય આ ઘરમાં તારા નામનો ઉલ્લેખ કર્યો નથી. અને તુ પણ એ વાત સમજી ગયો હોવાથી અહીં આવતો બંધ થઇ ગયો. છેલ્લાં થોડા વર્ષથી તારી સાથે મારે ફોન પર પણ કોઇ વાત થઇ નથી. તુ પણ ફોન કરતો નથી અને હું પણ સામે ફોન કરતી નથી. પણ આટલા વર્ષો પછી સંધ્યાનો દીકરો અહીં આવે છે ત્યારે તને તારા દીકરાની યાદ આવે છે. એક બાપને પંદરેક વર્ષ પછી પોતાના દીકરાની યાદ આવે એ મારે મન ચમત્કાર ગણાય. ખેર એ વાત જવા દે. હું કરણ અને કલ્પેશની તપાસ કરતી રહીશ. તને જાણ પણ કરીશ. પણ, જાણ કરવા જેવા સંબંધો તેં ક્યાં રાખ્યા છે ?'

'જો સીના, તુ ગમે તેમ કહું. મેં તને તરછોડી નથી. તારી મમ્મી છેલ્લે મને મળી, ત્યાર પછી તે પાછી આફ્રિકા આવે છે. અને પછી મારી સાથેના તમારા સંબંધો તૂટી જાય છે. કેમ એવું બન્યું એનો ખ્યાલ તે દિવસે પણ નહોતો આવ્યો અને આજે પણ નથી. હું તો આજે પણ કબૂલ કરું છુ કે કલ્પેશ મારો જ દીકરો છે.'

'એ બધી વાત જવા દે. જો મમ્મી આવી ગઇ. ફરીથી વાત કરીશું.' એમ કહી સીના ફોન કટ કરી દે છે.

રાકેશને સીના સાથે પહેલીવાર આફ્રિકામાં એના પપ્પા-મમ્મીને કારણે પ્રસંગ પડ્યો. અને સીના એને સમર્પિત થઇ. એ વાતના લગભગ ત્રણેક વર્ષ પછી ઓચિંતો એક દિવસ દિશાનો રાકેશ પર ફોન આવે છે. દિશા ફોનમાં કહે છે,

'રાકેશકુમાર, હું ફલાણી તારીખે મુંબઇ આવીશ. અને પછી સીધી અમદાવાદ આવીશ. ઘણા સમયથી મારા ભાઇ સોહનની ખબર જોવા મારે આવવું હતું પણ મેળ પડતો નહોતો. આ વખતે આવવાનું મેં નક્કી કરી દીધું છે. હું ત્યાં હોસ્પિટલમાં સીધી આવી જઇશ. અને પછી તમારા રહેઠાણ ઉપર.' એમ કહી દિશા ફોન મૂકી દે છે.

રાકેશ ધર્મસંકટમાં મૂકાય છે. આમેય દિશા બોલકણી છે. અને ભૂલથી કંઇ બોલી જાય તો તે મુશ્કેલીમાં મૂકાઇ જાય. દિશાના આવવાના દિવસે તે પૂરો સમય દવાખાનામાં પસાર કરે છે. હોસ્પિટલનું કામ ચઢી ગયું છે એમ કહી બે-એક દિવસ દવાખાનામાં જ રહેશે એવી વાત કરી પૂર્ણિમા અને હીનાને સમજાવી દે છે.

અને ઓચિંતી દિશા 'છાયા યુરોલોજીકલ હોસ્પિટલ'માં આવી જાય છે. રાકેશ હાજર જ હોય છે. એકાદ-બે મિનીટમાં દિશાને જે કહેવા જેવું હોય તે કહી દે છે. જો કે દિશા આનાકાની કરે છે. અંતે રાકેશની વાત માની જાય છે. દિશા પોતાના ભાઇ સોહનકુમારની ખબરઅંતર પૂછે છે. અને પછી હીનાને પણ મળે છે. જો કે હીના રાકેશના દિશા સાથેના સંબંધો અને સીના સાથેની વાત પણ જાણે છે. પૂર્ણિમા આનાથી અજાણ છે. અને તે જ દિવસે સાંજે, 'મારે એક અગત્યના કામે બે-એક દિવસ માટે આબુ જવાનો પ્રોગ્રામ છે. હીના ભાભી તમે રાકેશને કહો તો બે દિવસ માટે તમારી ગાડીમાં મને ફેરવે. આમ તો મોટાભાઇની ખબર જોવા જ મારે આવવું હતું. પણ સાથોસાથ આબુ અને એની આજુબાજુના પ્રદેશમાં અમારા ધંધાનો વિકાસ કરવા માટે કેટલીક પાર્ટીઓને મળવા જેવું હોવાથી બે કામ માટે હું આવી છું.' હીના બધુ જ જાણે છે. પોતાની માફક જ પોતાની નણંદ પણ રાકેશના પંજામાં આવી ગઇ છે અને એકાંત માટે જ તે પ્રવાસની વાત કરે છે. રાકેશે કેટલીક વાત હીનાને સ્પષ્ટ રીતે જણાવી છે. તેથી હીનાને રાકેશ પ્રત્યે માન છે. અને જો પોતાનો ચાહક પોતાને સાચવતો હોય તો બીજે પણ તે ફરતો રહે તો એને કેવી રીતે રોકી શકાય ? આવુ માનનારી હીના રાકેશને સમજાવી દિશા સાથે જવાનો આગ્રહ

કરે છે. અને તે જ રાત્રે પોતાની ગાડીમાં દિશાને લઇ રાકેશ આબુ પહોંચે છે.

લગભગ વહેલી પરોઢે રાકેશ અને દિશા આબુ પહોંચે છે. આબુમાં નખી તળાવની પાસેની એક ફાઇવસ્ટાર હોટલમાં બંને ઉતારો લે છે. રાકેશ તો બધુ સમજતો હતો. આબુ આવવાનું કારણ દિશા પણ પોતાની રીતે શા માટે આવી છે તેનાથી વાકેફ હતી. આમ તો દિશાને સીના અને રાકેશ સાથેના સંબંધોમાં કોઇ રહસ્ય છે જ. એમ માનવાથી એની સ્પષ્ટતા તો એને કરવી જ છે. જ્યારે પહેલી વખત સીનાના પતિ તરીકે રાકેશ આફ્રિકા આવેલો અને ત્યાર પછી થોડા જ વખતમાં સીના આફ્રિકાથી આવેલી અને તે પણ તેની પાછળ પાછળ આવેલી. પણ સીનાનું રહસ્યનું ઉદ્‌ઘાટન તે રાકેશ પાસે કરાવી શકી નહોતી.

પણ આજે એકાદ-બે દિવસના રાકેશ સાથેનાં સહવાસમાં એ રાકેશને મનાવી લેશે અને સાચી વાત કઢાવી લેશે એમ તે માને છે.

અમદાવાદથી આબુ સુધી આવેલા અને ગાડી ચલાવી થાકી ગયેલા રાકેશને તે છંછેડતી નથી. તેને ઊંઘવા દે છે. તે વિચારે છે કે પોતે બદલાઇ ગઇ છે. એવુ રાકેશ જાણે તો જ કદાચ સાચી હકીકત એ કહી દે.

સવારના દસ સુધી રાકેશ ઊંઘતો રહ્યો. દિશા તો ક્યારનીય જાગી ગયેલી. પથારીમાં રાકેશના માથા પાસે બેઠી બેઠી તે રાકેશના માથામાં હાથ ફેરવતી હતી. પણ રાકેશ જાગતો નથી. દિશા થાકે છે. ઊભી થઇ નીચે કાઉન્ટર પર ફોન કરી પોતાના માટે અને રાકેશ માટે ચા મંગાવે છે. ચાની સાથે બ્રેડ પણ મંગાવે છે. ત્યાં તો ઓચિંતો રાકેશ જાગે છે.

'બહુ મોડુ થઇ ગયુ નહીં ?' એમ કહેતો એ પથારીમાં બેઠો થાય છે.

'રાકેશ, મોં ધોઇ લે. ચા અને બ્રેડનો મેં ઓર્ડર આપ્યો છે. વેઇટર લાવતો જ હશે. મોડું થશે તો ચા ઠંડી થઇ જશે.'

'દિશા, તું મારી સાથે હોઉં તો ઠંડી પડી ગયેલી ચા પણ ગરમ થઇ જાય છે એટલે એની ચિંતા કર્યા વિના તુ ચા પીવા માંડ ત્યાં સુધીમાં હું મોં ધોઇને આવું છું.' એમ કરી રાકેશ મોં ધોવા માટે ચાલ્યો જાય છે. થોડી જ વારમાં પાછો આવે છે. અને દિશા સાથે ચા પીવા જોડાય છે.

'દિશા, તારામાં કોઇ ફેરફાર થયો હોય એમ મને લાગે છે.'

'શા ઉપરથી તુ કહે છે ?'

'જો દિશા, હું તને ઓળખુ ને. મને લાગે છે કે તું બીજા કોઇ કામ માટે અહીં આવી છું. નહીં તો વહેલી પરોઢે આવ્યા ત્યારે પણ તુ ધારત તો મારા પડખામાં આવીને સૂઇ જાત. પણ તેવું તેં કર્યું નહીં. આ તારા સ્વભાવ વિરુદ્ધ બન્યું. એટલે મને વહેમ જાય છે.'

'રાકેશ, હું બદલાઇ નથી. આ એકાંત મેં તે માટે જ પસંદ કર્યું છે. પરંતુ તુ ગાડી ચલાવી થાકી ગયો હોઇશ એટલે મેં તને રાત્રે છંછેડ્યો નહોતો.'

'ભલે તારી વાત માની લઉં છું. હવે બોલ ક્યાંનો પ્રોગ્રામ છે ?'

'જો રાકેશ, તને કદાચ ખબર નહીં હોય અહીંની હોટલ 'હીલ્ટન' આપણે ખરીદી લીધી છે. એની પહેલાં તપાસ કરીશું. પછી અંબાજી રોડ તરફ જતા રસ્તા ઉપર આપણી એક ક્વોરી છે એની પણ તપાસ કરીશું.'

'તો પછી હોટલ 'હીલ્ટન'માં જ ઊતારો રાખ્યો હોત તો ?'

'ના રાકેશ, એ શક્ય નહોતું. હોટલ કેવી ચાલે છે એ જાણવા માટે ઓચિંતા જ જવુ સારું. દિવસના ભાગમાં જઇએ તો તપાસ પણ કરી શકાય.'

'ભલે જેવી તારી મરજી. હું તૈયાર થઇ જાઉં છું. અને તુ પણ....'

'રાકેશ, હું તો તૈયાર થઇને જ બેઠી છું ક્યારનીય ઊઠી ગઇ છું. તારા જ ઊઠવાની રાહ જોતી હતી. જો કે આપણે જવાની ઊતાવળ નથી. તુ તારી રીતે પરવારીશ તોયે મને વાંધો નથી.' દિશાની વાત સાંભળી રાકેશ બાથરૂમમાં પહોંચી જાય છે.

એકાદ કલાકમાં સ્નાનાદિ ક્રિયાથી પરવારી તે તૈયાર થઇ બેઠકરૂમમાં આવી પહોંચે છે. અને પછી..

રાકેશ અને દિશા હોટલ 'હીલ્ટન' પર પહોંચે છે.

હોટલમાં ગ્રાહક તરીકે જ કાઉન્ટર પર વાત કરી રૂમની સગવડો અને ભાડાની વાત તેઓ કરે છે. રાકેશની નજર એક રૂમની બહાર મેનેજરના નામનું બોર્ડ જોઇને કાઉન્ટર પરની વાત અધૂરી રાખી દિશાને લઇ મેનેજરની રૂમમાં પ્રવેશ કરે છે. અંદર આવેલા તે બંનેને મેનેજર આવકારે છે. રાકેશ આ હોટલ વિશે જાણવા તે અહીં આવ્યા છે તેવું કહે છે. અને વધુમાં તે પૂછે છે કે, 'હોટલ 'હીલ્ટન' જેવી કોઇ હોટલ આબુમાં ખરીદી શકાય ક

કેમ ?'

મેનેજર કહે છે, 'અહીંની હોટલો સીઝન દરમ્યાન બહુ જ નફો આપે છે. બાકીના સમયમાં છૂટાછવાયા પ્રવાસીઓ મળી રહે તો પણ અહીં એકાદ સારી હોટલ ખરીદી હોય તો લાંબા સમયે સારો એવો નફો મળી રહે.'

રાકેશ ચર્ચામાં હોટલ હીલ્ટનની માલિકી અંગે વાત ઉપાડે છે, 'આ હોટલ અગાઉ મારી જ માલિકીની હતી. હોટલ સારો એવો નફો પણ કરેછે. પરંતુ એક નિશ્ચિત મૂડી મને મળે એટલા માટે મેં આ હોટલ વેચી દીધી છે. હોટલના માલિક આફ્રિકા રહે છે. દિશા અગ્રવાલ એમનું નામ. એમની જ વિનંતીથી થોડો સમય આ હોટલ ચલાવી આપવાનું મેં કહેલું છે. એકાદ વર્ષમાં હું કોઇ મોટા હિલ સ્ટેશન પર સ્થિર થવા માંગુ છું. એટલે મેં આ હોટલ કાઢી નાખી ઊટીમાં હોટલ ચાલુ કરવાનો મારો વિચાર છે. આ હોટલ વેચતા જેટલી મૂડી આવી તેનાથી ઊંટીમાં હું હોટલ ખરીદીશ. અને છતાંય આ હોટલ તમારે ખરીદવી હોય તો હું મારા માલિકને આફ્રિકા ફોન કરી પૂછી જોઉં. જો કે આબુની બધી હોટલો કરતાં આ હોટલને રહેવા માટે પ્રવાસીઓ પ્રથમ પસંદગી આપે છે. સ્વચ્છતા એ અમારે માટે મહત્વનો પ્રશ્ન હોઇ અમે હોટલની એ રીતે જ કાળજી રાખીએ છીએ. વહીવટી ખર્ચ પણ કદાચ થોડો વધુ આવે છતાં અમારા પ્રવાસીઓને સારી રીતે અમે રાખીએ છીએ. આફ્રિકામાં અમારા માલિકના મોટા ધંધાઓ ચાલે છે. તેઓ આ ધંધામાં પડ્યા છે. પણ ધંધો સંભાળી શકશે કે કેમ એ મને શંકા છે.' મેનેજર કહેતો જ રહ્યો.

'તેવું તમે કેમ માનો છો ?' દિશા એકદમ બોલી ઊઠી.

'જુઓ બેન, હોટલ ચલાવવી, બહુ જ મુશ્કેલ હોય છે. સારો મેનેજર મળે તો જ આપણને પૈસા કમાવી આપે. નહીં તો આપણે ત્યાંના ત્યાં રહીએ. જ્યાં પહેલાં હતાં ત્યાં અને મેનેજર આપણા જ પૈસે ગાડી-મોટર ફેરવતો થઇ જાય.'

'પણ આફ્રિકાવાળા માલિકની ગેરહાજરીમાં તો વહીવટ તમે કરો છો ને ?' રાકેશ પૂછે છે.

'હા. પણ હું ક્યાં સુધી ?'

'કેમ ?' દિશા પૂછે છે.

'જુઓ બેન, મેં થોડો સમય જ આ હોટલ સંભાળી આપવાનું વચન આપેલું છે. જો કે આ હોટલ માટે સારો મેનેજર હું શોધી રહ્યો છું કે જે માલિકને વફાદાર રહે. ઊંટીનું મારું કામ પતી જાય એટલે હું ત્યાં ચાલ્યો જઇશ.'

'અને સારો મેનેજર ન મળે તો ?' દિશા પૂછે છે.

'તો હોટલ તો ચાલે. પણ ઓછો નફો થાય.' મેનેજર કહે છે.

'તો પછી કેવી રીતે હોટલ ચલાવી શકાય ?' દિશા કહે છે.

'જુઓ બેન, વર્ષો સુધી આ હોટલ મેં ચલાવી. મારી જાત દેખરેખ નીચે આ હોટલનો વિકાસ મેં બહુ કર્યો. અને હવે આ હોટલ ચલાવવી હોય તો એક એવો સિદ્ધાંતવાદી યુવાન પસંદ કરવો જોઇએ કે જે મેનેજર તરીકે હોટલમાં કામ કરે પણ સાથોસાથ હોટલનો વર્કીંગ પાર્ટનર પણ હોય.'

દિશા અને રાકેશને આ માણસની વાતોમાં રસ પડવા લાગ્યો. ધીરે રહીને દિશા પૂછે છે, 'મેનેજરને વર્કીંગ પાર્ટનર બનાવી દેવો પડે ?'

'જુઓ બેન, મેં સાચી વાત કહી. જુવાન માણસ કામ કરવા આવે. એ પણ સ્વપ્નો લઇને આવે છે.

એકલા પગારમાંથી તેનું માંડમાંડ પૂરું થાય. અને જો ચોથા ભાગનો નફાનો ભાગીદાર એને બનાવવામાં આવે તો મને લાગે છે કે તે સારું કમાવી આપે.' મેનેજર દિશાની જીજ્ઞાસા સંતોષે છે.

મેનેજર ન સાંભળે એ રીતે દિશા અને રાકેશ કોઈ બાબતની ચર્ચા કરી લે છે. પછી રાકેશ મેનેજરને કહે છે, 'અમે કાલે આવીશું. તમે હોટલના માલિકને આફ્રિકા ફોન કરી બધુ પૂછી જુઓ હોટલ વેચવી છે ? અને જો તેમને વેચવી હોય તો આની કિંમત કેટલી ?'

'ભલે કાલે હું તમારી રાહ જોઇશ. બપોરે આવજો. સાથે જમીશું. અને વાત કરીશું.'

બધા ઊભા થાય છે. રૂમની બહાર નીકળતાં પહેલાં રાકેશ પૂછે છે, 'તમારા ટકા પણ નક્કી કરી રાખજો.'

'અરે ભલા માણસ, મારા ટકાની તો વાત જ ન કરશો. આફ્રિકાની પાર્ટીએ મારી મોં માગી કિંમત આપી છે. એઓ સંમત થાય તો મારી માંગેલી કિંમત કરતાં એ પાર્ટીને વધુ રકમ મળે એવો પ્રયત્ન કરીશ.' મેનેજરનો આભાર માની દિશા અને રાકેશ હોટલ હિલ્ટનથી નીકળી અંબાજીના રસ્તે જ્યાં ક્વોરી ખરીદી છે તેની તપાસ કરવા નીકળી જાય છે.

ક્વોરી અંગેની બધી તપાસ તે કરી લે છે. અને સાંજના હોટલ પણ તે આવી જાય છે. આખો દિવસ ફરી ફરીને બંને થાકેલા છે. છતાંય હોટલના રૂમમાં બેસી હોટલ હિલ્ટન વિશે ચર્ચા કરે છે.

'રાકેશ, આ મેનેજર તને કેવો લાગ્યો ? મને લાગે છે કે હોટલની કેટલીક અંગત બાબત તેણે બહુ જ સારી રીતે કહી. આના જેવો માણસ જો મળી જાય તો રોકેલી મૂડી બમણી થતી જાય. રાકેશ તારું શું માનવું છે ?'

'દિશા વાત સ્પષ્ટ કર. આ માણસ બહુ પ્રામણિક છે. એને સંતોષ થાય એટલા પૈસા તમારી પાસે એણે લીધા છે. અને કહે છે તેમ એક સારો માણસ મેનેજર તરીકે મૂકવામાં આવે તો જ આ હોટલ વિકસી શકે. તુ આફ્રિકા અને અહીં મેનેજર કમાતો થાય એવું બને ખરું. આ હોટલમાં સારી રીતે ધ્યાન આપવામાં આવે તો આ છે એના કરતાં પણ સારો વિકાસ થાય. અને જો બીજું કાલે આપણે એને તારો પરિચય આપીશું. અને એની સલાહ પ્રમાણે યોગ્ય માણસ મૂકી તમે નિશ્ચિંત બની જજો.' દિશા રાકેશની વાત માને છે.

અમદાવાદથી આવ્યાનાં પહેલા જ દિવસે જે કામ લઇ દિશા આવી હતી. એ કામ તો પૂરૂં થઇ ગયું. હવે જે વાત ઘણા સમયથી દિશા ચિંતિત છે એનો ઉકેલ લાવવાનું તે વિચારે છે. પણ વાતવાતમાં રાકેશની પાસેથી વાત કઢાવી લેવાનું તે વિચારે છે. રાકેશ સાથે ચર્ચાઓ કરતી દિશા ક્યારેક ગંભીર બની જતી. એની નોંધ અવારનવાર રાકેશ કરતો રહે છે. રાકેશ સમજી ગયો છે કે દિશાને કદાચ સીના વિશે પૂછવું હશે ! પણ જો સાચું રહસ્ય તેના વિશે કહી દે તો સીના મુશ્કેલીમાં મુકાઇ જાય. એટલે સાચી વાત કહેતાં તે થોડો ગભરાય છે પણ ખરો. સીનાએ મૂકેલો વિશ્વાસ કોઈપણ સંજોગોમાં તોડવો જોઈએ નહીં. એમ તે માને છે.

'ચાલો થોડું ફરી આવીશું ?' રાકેશ દિશાને પૂછે છે.

'જો રાકેશ, હું આખા દિવસની થાકેલી છું. બહાર ફરવા જવાની મારી ઇચ્છા નથી. આજે તો આપણે બંને એકબીજાની વાતો કરીશું.'

'એકલી વાતો જ. મને લાગે એવું તો ન હોય.' રાકેશ વાત કરે છે.

'જો રાકેશ, એકલી વાતોથી પેટ ન ભરાય. ભૂખ લાગે ત્યારે માણસ ખાય છે. માણસને કોઈ એક જ ભૂખ સતાવતી નથી. બીજી પણ ભૂખ હોય છે. અને વાતોની સાથે સાથે આપણે બીજી ભૂખની વાતો પણ કરીશું.'

'દિશા, મને લાગે છે કે વાતોમાંથી તું ઊંચી નહીં આવે. ચાલ અંદર. અંદર જ વાતો કરતાં કરતાં....'

દિશાને એક ટેવ હતી. તેના શરીર પર પાણીની ઠંડક હોય ત્યારે મોટેભાગે તેની ઇચ્છા જાગૃત થતી. એથી એ 'રાકેશ, થાકેલા છીએ. મારે તો ન્હાવું પડશે. તુ મને કંપની આપે તો ?' દિશા લાચાર બનીને જાણે કે રાકેશ તરફ તાકી રહી હોય એ રીતે પોતાની વાત સ્પષ્ટ કરે છે.

રાકેશ જાણતો જ હતો કે દિશા પોતાની ભૂખ બાથરૂમમાં સાવર નીચે પડતાં ઠંડાપાણીથી ન્હાતા-ન્હાતા પૂરી કરશે. અગાઉ અમેરિકામાં અને ફરી મુંબઇમાં ભેગાં થયા ત્યારે આ જ પરિસ્થિતિનું નિર્માણ દિશાએ કરેલું. અને એ પોતાની રીતે સફળ પણ થઇ હતી. આમ તો દિશા ચાલાક છે. એવી પરિસ્થિતિનું નિર્માણ કરે કે જેથી આપોઆપ સામી વ્યક્તિ તેના તરફ ખેંચાઇ આવે. અને પછી...

અહીં આબુમાં દિશા માટે સંપૂર્ણ એકાંત છે. કોઇ ખલેલ પહોંચાડનારું નથી. દિશાની માફક રાકેશ પણ એકધારી ગાડી ચલાવી-ચલાવીને થાકી ગયો છે. અને તેથી દિશાની વાત માને છે. અગાઉ અમેરિકા અને મુંબઇમાં  દિશાએ પાડેલી ચીસને કારણે રાકેશ તેની પાસે પહોંચી ગયેલો. પણ આજે દિશાને કોઇ બનાવટ કરવાની જરૂર નથી. રાકેશ અને દિશા શરીર પર મર્યાદા ઢાંકવા પૂરતા જ વસ્ત્રો રાખીને બાથરૂમમાં સાવર નીચે પહોંચી જાય છે. સાવરમાંથી નીકળતા પાણીના બિંદુઓ બંનેના શરીરને ભીંજવે છે. પાણીથી ભીંજાતી ભીંજાતી દિશાના મનના વિચારો સીના માટેના જ છે. આબુના રોકાણ દરમ્યાન ગમે તે રીતે તે રાકેશને પોતાનો કરી લેવા માંગે છે.

'રાકેશ, બહુ થાકી ગયો હોઇશ. નહીં ને ?'

રાકેશ બોલ્યા સિવાય પોતાનું માથુ નમાવે છે.

'ચાલ ત્યારે આજે તો હું જ તને નવડાવું. શરીર પર બીજાનો હાથ પડે ત્યારે થાક ઊતરી જાય એમ હું માનું છું.' એમ કહી દિશા સાવરના પાણીથી થોડે દૂર રાકેશને ખેંચી તેના સમગ્ર શરીર પર પહેલો સાબુ ફેરવે છે. અને પછી સાબુવાળા રાકેશના શરીરને પોતાના હાથથી ધોવા માંડે છે. એક યુવાન સ્ત્રી પોતાના પ્રથમ બાળકના જન્મ પછી પોતાના નવજાત શિશુને જે પ્રેમથી સ્નાન કરાવતી હોય એટલા જ વ્હાલથી નાના બાળકની માફક રાકેશને તે સ્નાન કરાવે છે. અને પછી તેને ખેંચી સાવર નીચે આવી જાય છે. સાવરમાંથી નીકળતું ઠંડુ પાણી બંનેના શરીરના વિવિધ અંગોને સ્પર્શ કરતું બહાર નીકળતુ રહે છે. જેમ જેમ પાણી શરીર પર પડતુ જાય છે તેમ તેમ એ ઠંડુ પાણી ક્રમશઃ શરીરને ઠંડકનો અનુભવ કરાવતું રહે છે. રાકેશને ખ્યાલ નથી આવતો 'આ તે કેવી દિશાની ન્હાવાની વિચિત્ર ટેવ.' દિશા રાકેશને પોતાની નજીક ખેંચી આલિંગનમાં લે છે. બંનેના શરીર પર પડતું પાણી ભીંજાયેલા અંગોને સ્પર્શ કરતું અંગો પરથી નીતરતું-નીતરતું ટાઇલ્સ પર પડી બહાર નીકળી જતું હોય છે. ક્યાંય સુધી એકબીજાના આલિંગનમાં રાકેશ અને દિશા ભીંડાયેલા રહે છે. અને પછી દિશા પોતાની રીતે મર્યાદા ઢાંકવા પૂરતા રહેલા વસ્ત્રો પણ ખેંચી લે છે.

ઘણો સમય વીતે છે. વધુ પડતા ઠંડા પાણીને કારણે રાકેશ ઠંડીનો ધ્રુજારો અનુભવે છે. અને ધીરે રહીને તે દિશાની પકડમાંથી છૂટી બાથરૂમ બહાર નીકળી જાય છે. દિશા એકલીને એકલી સાવર નીચે ઠંડા પાણીથી ન્હાતી રહે છે. અને જ્યારે એને ખબર પડે છે કે શરીર પૂરેપૂરી ઠંડક અનુભવી ચૂક્યું છે ત્યારે તે રૂમની બહાર આવે છે.

દિશાએ લગભગ અઢી વર્ષ બાદ રાકેશને ભોગવ્યો. માનસિક સંતોષ તે પામે છે. પણ તેના ચિત્તમાં ઘૂમરાતો સીનાનો પ્રશ્ન કે જેનો ઉકેલ તે હજુય મેળવી શકી નથી.

તે રાત્રિએ પલંગમાં બાજુબાજુમાં હોવા છતાં દિશા રાકેશને છંછેડવાનો પ્રયત્ન કરતી નથી.

બીજે દિવસે દિશા વહેલી ઊઠી જાય છે. રાકેશ હજુ ઊંઘતો જ હોય છે. રાકેશના મોં પર નમી એક દીર્ઘ ચુંબન દિશા આપે છે. આને કારણે જાણે કે શ્વાસ લેવાની તકલીફ પડતી હોવાનું જાણતા જ એકદમ રાકેશ જાગી જાય છે. પોતાના મોં ઉપર દિશાનું મોં છે એ જાણતાં જ દિશાને ખસેડી તે એકદમ બેઠો થઇ જાય છે.

'દિશા, માણસને ઊઠાડવાની તારી આ રીત મને પસંદ ન પડી. મારો તો જાણે કે શ્વાસ બંધ થઇ ગયો હોય એવું મને લાગ્યું' રાકેશની વાત સાંભળતા દિશા નફ્ફટ રીતે હસી પડતી હોય તેવું રાકેશ જુએ છે. અને પાછી આવી દિશા રાકેશનું માથુ પકડી, રાકેશના હોઠ પર ચુંબન દઇ દે છે.

બપોરે તો હોટલ હીલ્ટન પર જવાનું છે અને ત્યાં જ જમવાનું હોવાથી 'મોડા જઇશું તો ચાલશે ?' એવું દિશા રાકેશને પૂછે છે.

'જો દિશા, હીલ્ટન પર આપણે વહેલાં જઇએ, કામ પતાવી મને લાગે છે કે આપણે વહેલા અમદાવાદ પહોંચી જઇએ.' રાકેશ દિશાને સમજાવી લે છે. અને દિશા માની પણ જાય છે. અને પછી તેઓ હોટલનું બીલ ચૂકવી હોટલ હિલ્ટન પર પહોંચી જાય છે. હોટલ પર પહોંચતા જ દિશા અને રાકેશ જુએ છે કે મેનેજર દરવાજા પાસે જ આરામ ખુરશીમાં બેઠો હતો. આ બંનેને આવતા જોઇ તે ઊભો થાય છે, 'આવો દિશાબેન. તમે રાકેશભાઇ ને ? હોટલ હિલ્ટન બન્નેનું સ્વાગત કરે છે.' અને પછી મેનેજર એક અલગ ચેમ્બરમાં આ બંનેને લઇ જાય છે. ચેમ્બરમાં દાખલ થતાં જ દિશા જુએ છે કે બહુ જ સુંદર રીતે રૂમની સજાવટ કરેલી છે. સામેના એક મોટા ટેબલ પર 'દિશા અગ્રવાલ' લખેલી નેઇમ પ્લેટ હતી. દિશા બધુ જ સમજી જાય છે. મુખ્ય ખુરશીમાં જઇને બેસે છે.

રાકેશ અને મેનેજર દિશાની સામે બેસે છે. મેનેજરે કેવી રીતે જાણ્યું એની જાણ દિશાને કે રાકેશને તે કરતો નથી. પણ ચાલાક રાકેશ સમજી જાય છે.

દિશા કહે છે, 'મિસ્ટર મેનેજર, તમે જ્યાં સુધી અહીં રહો ત્યાં સુધી તમારા હાથ નીચે એક નવો માણસ તૈયાર કરી દો અને નવો માણસના પગાર ઉપરાંત પચીસ ટકા હોટલના નફામાં ભાગ રહેશે એવુ પણ એને કહી દેજો.'

'જુઓ દિશાબેન, હવે તો તમે મારા માલિક છો. ભૂતકાળમાં જે રીતે મેં આ હોટલનો વિકાસ કર્યો છે એ જ રીતે કોઈ સારા માણસના હાથમાં આની જવાબદારી સોંપી હું ઊંટી જઈશ. તમને ખબર નહીં હોય કે ગઈકાલે આપણે વાતો કરતા હતા ત્યારે દસેક મિનિટમાં હું આવું છું એવુ કહીને હું બહાર ગયેલો. મેં હોટલમાંથી જ આફ્રિકા ફોન જોડ્યો હતો. તમને બંનેને જોઈ મને થોડો વહેમ પડેલો. અને તે વહેમ મારો સાચો નીકળેલો. મીસ્ટર અગ્રવાલ સાથે એક જ મીનીટમાં જે જાણવું હતું તે મેં જાણી લીધું. પણ મેં તમને ગઈકાલે આનો અણસાર આવવા દીધેલો નહિ. દિશાબેન તમને કદાચ ખબર નહીં હોય કે મિસ્ટર અગ્રવાલ અને હું બહુ જ જૂના મિત્રો છીએ. અને એ કારણે જ મારી પાસે હોટલ ખરીદવા મિસ્ટર અગ્રવાલ સંમત થયેલો. મારે સ્થળ બદલવું હતું પૈસા જોઈતા હતા અને એ રીતે અમે હોટલનો સોદો કર્યો. અને જુઓ હવે સાચી વાતથી તમને વાકેફ કરું. થોડા જ દિવસમાં એક નવો માણસ અહીં આવી જશે. અહીંથી તેને વાકેફ કર્યા પછી હું ઊંટી જઈશ અને તે આ બધુ સંભાળશે. આ હોટલનો તે વર્કિંગ પાર્ટનર રહેશે. મારો જ ભત્રીજો છે. મિસ્ટર અગ્રવાલ સાથે બધી જ વાત થઈ છે. તે પ્રામાણિકતાથી કામ કરશે કેમકે એને ભવિષ્યમાં પૈસાની ખોટ નહિ પડે. કેમ કે તે મારો એક માત્ર વારસદાર છે. મારી મિલ્કતનો તે વારસદાર હોવાથી તે કરોડોનો આસામી બની જશે. એટલે અહીંની તમે ચિંતા ના કરશો.'

મેનેજરની વાત સાંભળી રાકેશ અચંબામાં પડી જાય છે. મનમાં ને મનમાં વિચારે છે 'આતો મારો પણ બાપ થઈ ગયો' રાકેશ પોતાની જાતને બહુ બુદ્ધિશાળી માનતો હતો. પણ આજે એણે પોતાના કરતાં વિશેષ બુદ્ધિ ધરાવતા માણસને જોતા આનંદ અનુભવ્યો.

મેનેજરની વાત સાંભળી દિશાને કંઈ પૂછવા જેવું લાગ્યું નહિ. તે સમજી ગઈ. જો આવા સારા માણસો મળતા હોય તો-તો પછી અનેક ધંધા વિકસાવી શકાય અને પછી પૈસો જ પૈસો.

મેનેજરનો આભાર માની બંને નીકળી જાય છે. તે વહેલું આવે અમદાવાદ.

## ચાર

અમદાવાદ પહોંચ્યા પછી દિશા પોતાના ભાઈ સોહન અને હીના સાથે પોતાના આફ્રિકાના વેપાર-ધંધાની વાત કરે છે. દિશાને રાકેશની સીના સાથેના સંબંધોની વાત હીનાને વાત કરવાની ઈચ્છા થતી હોવા છતાં તે વાત કરતી નથી. દિશાના મનમાં ઊંડે ને ઊંડે એક સંદેહ જરૂર છે કે સીના અને રાકેશના સંબંધોમાં ક્યાંક કોઈ ગૂંચ પડેલી છે. અહીં આવ્યા પછી આ ગૂંચ ઉકેલવાનો કોઈપણ રસ્તો તેને જડતો નથી.

અમદાવાદથી તે બપોરે શતાબ્દી દ્વારા મુંબઈ જવાનું નક્કી કરે છે. આફ્રિકા જવાની પણ ટીકીટ તેની બુક થયેલી હોવાથી બીજો કોઈ પ્રશ્ન નથી. અમદાવાદ સ્ટેશન પર રાકેશ એને મૂકવા જાય છે. ટ્રેન ઊપડવાની દશેક મિનિટની વાર હતી. પ્લેટફોર્મ પર દિશા એકાએક રાકેશને સીના વિશે કહે છે,

'જો રાકેશ, મારે એક વસ્તુની જરૂર છે, તારા અને સીનાના લગ્નનું પ્રમાણપત્ર. ઘેરતો માંગવાનું હું ભૂલી ગઈ. તુ મને મોકલી આપજે.'

'તારે લગ્નના પ્રમાણપત્રની શી જરૂર છે ? પ્રમાણપત્ર મોકલવા માટે હું નવરો નથી. હોય તો તને મોકલું ને ?' કહેતા રાકેશ ગુસ્સે ભરાય છે.

'એટલે તું શું કહેવા માંગે છે ? પ્રમાણપત્ર તો તારે મોકલવું જ પડશે. મેં કહ્યું ને, મારે તે જોવું છે.'

'દિશા, આટલું સ્પષ્ટ કહું છું છતાં તુ મને સમજી શકી નથી. અમારા લગ્નનું પ્રમાણપત્ર જોવાનો આગ્રહ એ તારું

ગાંડપણ છે.'

'રાકેશ, મારે એ જાણવું છે કે સીના સાથે તારું લગ્ન થયું છે કે કેમ ? મને વહેમ છે. લગ્ન પછી સ્ત્રી-પુરુષ સાથે રહેવાનું પસંદ કરે છતાં તુ અને સીના મોટે ભાગે જુદા રહો છો એથી જ મને વહેમ પડ્યો છે.'

દિશાની વાતથી રાકેશ ગુસ્સે ભરાય છે. સીનાને આપેલું વચન ભૂલી જાય છે. ગુસ્સાથી દિશાને કહી બેસે છે,

'દિશા, તારો વહેમ સાચો છો. મેં સીના સાથે લગ્ન કર્યું જ નથી.'

'એટલે....'

'એટલે કે સીનાએ તમને બધાંને છેતર્યા છે. હું એનો પતિ જ નથી.'

'તો સીનાએ જન્મ આપેલા કલ્પેશનો બાપ કોણ ?'

'એના બાપનો પણ તને વહેમ છે. હું જ એનો બાપ.'

રાકેશની વાત સાંભળતા દિશા ગુસ્સે ભરાય છે. રાકેશ અને સીના બંનેએ પતિ-પત્ની હોવાનો ઢોંગ કરી બધાને છેતર્યા છે એવું દિશા અનુભવે છે. ગુસ્સે ભરાયેલી દિશાને ખબર નથી કે તે જાહેરમાં રાકેશ સાથે વાત કરેછે. પ્લેટફોર્મ પર જ સટ્ટાક... કરતો એક તમાચો રાકેશના ગાલ પર પડે છે. અને બીજી ક્ષણે,

'સાલા નાલાયક તારા જેવાનો કોઈ દિવસ વિશ્વાસ ન કરાય. મા-દિકરી બંનેના પડખા સેવતાં જરાય શરમ ના આવી.' એ આગળ બોલવા જાય ત્યાં રાકેશ દિશાનો હાથ પકડી એક ઝાટકો આપે છે. અને,

'દિશા, મેં ક્યારેય તારી પાસે તારું પડખુ સેવવાની ઈચ્છા બતાવી નથી. તેં જાતે જ પ્રયત્ન કર્યો હતો. અને એ જ રીતે તારી દીકરી એ પણ પ્રયત્ન કર્યો. તમે મા-દીકરી એક જ માળાના મણકા છો. તમારી પોતાની ઈચ્છાથી જ હું આગળ વધેલો અને આજે તુ મને દોષ દે છે ? જા તારાથી થાય તે કરી લેજે. પણ એટલું યાદ રાખજે કે એવું પગલું ન ભરતી કે જેનાથી તારી દીકરી દુઃખી થઈ જાય. તારી દીકરી સાથે ભલે મેં લગ્ન કર્યું ના હોય પણ તારી દીકરી જાણે છે કે કલ્પેશ મારો દીકરો છે. હવે મહેરબાની કરીને મારો સંપર્ક કરવાનો પ્રયત્ન ના કરતી. તારી દીકરી વિધવા છે એમ માનીને જ એની સાથે વર્તાવ કરજે.'

'એટલે તું...' દિશા આગળ બોલે ત્યાં તો રાકેશ પ્લેટફોર્મની બહાર નીકળી જાય છે.

ગભરાઈ ગયેલી દિશા ટ્રેનમાં પોતાની જગ્યાએ જઈ બેસીને એક ઊંડો નિસાસો નાખે છે.

અને પછી આફ્રિકા પહોંચેલી દિશા રાકેશ સાથે થયેલી વાતને ભોંયમાં ભંડારી દે છે. પોતાની દીકરીને કશું પૂછતી નથી અને કલ્પેશ મોટો થતો જાય છે.

વર્ષો પહેલાંનો દિશાના આવવાનો અને જતી વખતે એની સાથે ચર્ચા થયાનો પ્રસંગ આજેય એવોને એવો રાકેશને યાદ આવતો રહે છે.

સંધ્યાનો કરણનો આફ્રિકા પહોંચી જવાનો ફોન મળ્યો. તેના અનુસંધાનમાં સીના સાથે તો તેણે વાત કરી. પણ હવે સાચી પરિસ્થિતિની જાણ આ બધાને થાય તો પોતાનું શું થાય ? એવા વિચારો તે કરતો રહે છે.

આમને આમ બે-ચાર દિવસ વીતી જાય છે. અને એક દિવસે બપોરે તે ઘેર બેઠો હોય છે તે જ વખતે આફ્રિકાથી કરણનો ફોન આવે છે. રાકેશ ફોન લે છે. સામેથી કરણ બોલે છે,

'દાદા, તમારો આભાર. પૈસા આપવા બદલ. હું આફ્રિકા પહોંચી ગયો છું. મારી મમ્મીના સ્વભાવથી હું પરિચિત છું. પૈસાની બાબતમાં તમારી સાથે બબાલ પણ કરી હશે. કદાચ ત્યાં પણ આવી ગઈ હશે. બોલો મારું કહેવું સાચું છે ને ?'

'કરણ, તારી બધી જ વાત સાચી છે. પણ તું ચિંતા કરતો નહિ. તું ત્યાં પહોંચી ગયો તેનો મને આનંદ છે. બોલ, બીજું કંઈ કામ હતું ?'

'જુઓ દાદા, કામ તો બીજું શું હોય ? થોડા પૈસાની જરૂર પડશે.'

'પણ કરણ, આફ્રિકા તુ ક્યાં ઊતર્યો છું ? કોની સાથે ગયો છું ? એની વિગતે વાત કરે તો તને કદાચ હું ઉપયોગી થઈ પડું. અથવા તુ મને ત્યાંનુ સરનામુ લખાવે તો હું તને પૈસાનો ડ્રાફ્ટ મોકલી આપું. તારે કેટલા રૂપિયાની જરૂર પડશે ? તે તારા મિત્રનું નામ તે દિવસે કહ્યું હતું કે કેમ તે મને અત્યારે યાદ નથી. તુ વિગતે મને જણાવ.'

'દાદા, મારે એક લાખ રૂપિયાની જરૂર પડશે. તમે બે લાખ મને આપેલા, તેમાંના તો હજુ મારી પાસે છે

જ. પણ અહીંનું વાતાવરણ મને ગમી ગયું છે. તમે જાણો છો કે મને ઘરને બદલે સ્વતંત્ર રીતે કોઇપણ ગેસ્ટહાઉસમાં રહેવાનું ગમે છે. એટલે જ મારે પૈસાની જરૂર પડશે.'

'કરણ, ત્યાંનું તારું સરનામુ ફોન પર મને આપ.'

'જુઓ દાદા, સરનામુ તમે નોંધી લો. હું મારા મિત્ર કલ્પેશને ત્યાં છું. તમે કલ્પેશના નામે જ ડ્રાફ્ટ મોકલજો. સરનામુ આ પ્રમાણે છે. લખો C/o.કલ્પેશ વી.કે. અગ્રવાલ, મહાજન વાડી સામે, નગારા, નેરોબી. દાદા, જેમ બને તેમ જલ્દી પૈસા મોકલજો.'

'કરણ, તારા મિત્રની મમ્મીનું નામ શું ?'

'સીનાબેન.'

'તે ઘેર છે ? હોય તો તેમને ફોન આપ. એકાદ-બે વખત નગારા વિસ્તારમાં હું આવીને રહ્યો છું. કદાચ તેમને ઓળખતો હોઉં. તો તારો પૈસાનો પ્રશ્ન હલ થઇ જાય.'

'દાદા, તે ઘરે નથી. શહેરમાં ગયા છે. સાંજે આવશે.'

'કરણ, હું સાંજે એમની સાથે ફોન પર વાત કરી લઇશ. તારી પૈસાની વ્યવસ્થા થઇ જશે. કેટલું તુ રોકાવાનો છે ?'

'દાદા, લગભગ બે-એક માસ સુધી રોકાવાનો વિચાર છે. કદાચ થોડું વધારે પણ રોકાવું.'

'ભલે. અવારનવાર ફોન કરતો રહેજે. કલ્પેશના મમ્મીની સાથે હું ફોન પર વાત કરીશ. બીજું કોઇ કામ છે ?'

'ના' કહેતાં જ સામેથી ફોન કટ થઇ જાય છે.

ફોન કટ થઇ ગયો. પણ જાણે કે રાકેશ પોતાની જાતને કપાતી જોઇ રહે છે. પોતાના જ બંને દીકરા એકબીજાથી અજાણ હોવા છતાં નજીકના મિત્રો બન્યા છે, ત્યારે ભવિષ્યમાં કોઇ મુશ્કેલી બનશે એવું રાકેશ વિચારી લે છે. આમને આમ તે વિચારતો રહે છે. બેઠકરૂમમાં આંટા માર્યા કરે છે. ભવિષ્યમાં કેવી રીતે જીવન જીવવું. અત્યાર સુધી તો અનેક મુશ્કેલીમાંથી પસાર થઇ ગયો. જો કે હવે જ મુશ્કેલી ઊભી થવાની છે. વર્ષો પહેલાં તો દિશા ને સીના સાથેના સંબંધોથી તેણે વાકેફ કરી હતી. અને ત્યાર પછી આટલા વર્ષોમાં દિશા સાથે એને કોઇ પણ જાતનો સંબંધ રહ્યો નથી. એજ રીતે એની સાથે દિશા વર્તી હતી. સીનાના ફોન આવતા રહે છે. પહેલાં તો દર અઠવાડિયે ફોન આવતો. એ શરૂઆતના ત્રણ વર્ષમાં તો સીના સાથે ઘણી બધી વાત થતી. પછી તો એ વાતો પણ બંધ થઇ ગઇ. જો કે ફોન પર વાત કરવાનો હજુ રાકેશ અને સીના વચ્ચે સંબંધ તો રહ્યો છે. કામ અંગે જ ક્યારેક ફોન થતા રહે છે.

વર્ષો વીતતા ગયા. હવે તો જાણે કે ભાગ્યે જ એકબીજાની યાદ આવતી હોય એવું થયા કરતું.

વર્ષો પછી ભૂતકાળનું સ્મરણ કરવું પડે તેવી પરિસ્થિતિ આજે સર્જાઇ હતી. કરણનું આફ્રિકા જવું, કલ્પેશના મિત્ર તરીકે. કેટલા વર્ષો પછી અનાયાસે સીનાને યાદ કરવી પડે છે. જો કે પરોક્ષ રીતે કરણની વાત સીના સાથે થઇ જ ગઇ હતી. કલ્પેશનું ધ્યાન રાખવું અને કરણને સાચવવાની વાત તો તેણે કરી જ દીધી હતી. આમ તે વિચારતો રહે છે. સાંજ પડવા આવી છે. હજુ પણ તે એકલો જ છે. છેવટે સીનાને ફોન કરવાનો વિચાર કરે છે. અને તે ઘરે બેઠાં જ નજીકની એસ.ટી.ડી. બુથમાં આફ્રિકાનો નંબર આપી ફોન આપવાનું સૂચન કરે છે. દશેક મિનિટમાં ફોન જોડાય છે. સામે સીના જ હતી. રાકેશ ફોન પર વાત કરતા કહે છે કે, 'જો સીના, કરણને તુ ઓળખી ગઇ હોઇશ. તેનો પરિચય તેં પૂછી લીધો હશે. એને મળતાં તને આનંદ પણ થયો હશે. તારી બહેનપણીનો દીકરો છે. કલ્પેશનો ખાસ મિત્ર. તુ ફોન પાસે બેઠી છું. આજુબાજુ કોઇ હોય તો, એટલે જ હું બોલીશ અને તુ સાંભળજે. નહીં તો પાછી મુશ્કેલી ઊભી થાય. કરણને એક લાખ રૂપિયાની જરૂર છે. જો કે તે વધુ માંગે તો પણ તું આપજે. હું પૈસા મોકલી દઇશ. પણ એટલું ધ્યાન રાખજે. કરણ એકલો જ નહિ પણ કદાચ કલ્પેશ ઉપર પણ ધ્યાન રાખવું પડે. બંને છોકરાઓ શામાં પૈસા વાપરે છે તે તપાસ કરજે. બંનેનું ધ્યાન રાખજે. મને માહિતી પહોંચાડતી રહેજે.'

'જુઓ તમારી બધી વાત સાંભળી મારાથી બધુ યોગ્ય થશે. ચિંતા કરશો નહિ. લાંબા સમયે ફોન આવ્યો, પણ અવાજ તો તમારો પારખી ગઇ છું. અહીં બધાં બેઠાં છે. એટલે ફોન પર વાત કરતી નથી. ફરીથી ફોન પર મળીશું.' એમ કહી સીના ફોન મૂકી દે છે.

રાકેશ હાશકારો અનુભવે છે. ફોન પર સીના જ હતી. કરણનો પૈસાનો પ્રશ્ન હલ થઇ ગયો. બે યુવાન

મિત્રો, બેમાંથી કોઇને પણ ખ્યાલ નથી કે એક જ બાપના બંને સંતાનો છે. અને જ્યારે જાણશે ત્યારે ? ત્યારે કદાચ ભૂકંપનો અનુભવ કરશે. આમ તે વિચારતો રહે છે. ત્યાં તો પૂર્ણિમા આવી પહોંચે છે. અને એની પાછળ - પાછળ હીના.

સમી સાંજનો સમય હતો છતાં રાકેશ ગરમીનો અનુભવ કરતો હોય તેમ આ બંનેને જોતાં તેને પરસેવો છૂટી ગયો. આમણે કદાચ ફોનની વાતતો નહીં સાંભળી હોય ને ! તે કશું બોલતો નથી. પૂર્ણિમા તો કશું બોલતી નથી. હીના રાકેશને જોતાં ધીરેથી કહે છે,

'રાકેશ, મોં પર બહુ પરસેવો વળી ગયો છે. લાવ સાફ કરી આપું. ભૂતકાળની કોઇ વાત તો યાદ આવી નથી ને ? કે પછી કોઇની સાથે ફોન પર વાત થઇ હોય જેને કારણે મૂંઝાતો હોઉં.'

'ના, એવું કંઇ નથી. આતો અહીં જ બેઠકરૂમમાં હું સૂઇ ગયો હતો અને એક એવું સ્વપ્નું જોયુ કે ટોળે વળીને બે-ચાર સ્ત્રીઓ એકપુરુષને ભાંડતી હતી. કોઇ મારતું પણ હતું. હું ત્યાંથી પસાર થતો હતો. કોઇ સ્ત્રી દ્વારા આકસ્મિક રીતે મને પણ વાગી ગયું અને હું જાગી ગયો. તેથી મોંએ પરસેવો વળી ગયો એવું મને લાગે છે. બીજું કાંઇ નથી.'

હીના રાકેશની પાસે બેસે છે. રાકેશને પોતાની નજીક ખેંચે છે. અને કહે છે, 'રાકેશ, તને તો હું સારી રીતે ઓળખું છું. વાતો બનાવવામાં તો તારી તોલે કોઇ ના આવી શકે. તને પરસેવો કેમ વળી ગયો એ તુ ન કહે તો પણ હું જાણી લઇશ. ચિંતા કરતો નહીં. ચાલ ઊઠ, આજે બહાર જમવાનું છે. એકાદ સિનેમા પણ જોવી છે. તુ તૈયાર થઇ જા. એટલે આપણે બહાર જઇએ. બીજું દવાખાને પણ જવું છે. એટલે જલ્દી તૈયાર થઇ જજે.' એમ કહી હીના રાકેશને ઊભો કરેછે. અને પોતે અંદર ચાલી જાય છે.

## પાંચ

રાકેશનો ફોન આવ્યા પછી સીના ગંભીર બની જાય છે. પણ ઘરમાં કોઇ ન જાણે એ રીતે એને પોતાના દીકરા કલ્પેશ વિશે વિચારો આવે છે. એમાંય પાછો સંધ્યાનો દીકરો કરણ પણ સાથે ભળ્યો. પોતાનો દીકરો પણ ઘણા બધા પૈસા વેડફે છે. એનો ખ્યાલ તો સીનાને છે જ. પણ કરણ અહીં આવ્યો પછી એને કેમ તાત્કાલિક આટલા રૂપિયાની જરૂર પડી એ સીના વિચારતી રહે છે. જો કે તે જ દિવસે કરણને તે પૈસા આપે છે. અને વધુમાં, 'જ્યારે પણ જરૂર પડે ત્યારે પૈસા મારી પાસે માગજે. હું આપીશ.' એવું પણ કહે છે. એને ખ્યાલ આવે છે કે મોટેભાગે આ બંને છોકરાઓ આખો દિવસ ફરતા રહે છે. સાંજે જ ઘેર આવે છે. અને ચારેક દિવસ પછી સીનાને 'માસી તમારે ત્યાં રહ્યો. બહુ જ મજા આવી. જો કે હું અહીંયા જ છું. હજુ બે-એક માસ રોકાઇશ. પણ હું એકાંત પ્રિય હોવાથી અહીં જ નગારામાં નજીકના જ ગેસ્ટહાઉસમાં રહેવાનું મેં નક્કી કર્યું છે. અને આજે જ હું ત્યાં ચાલ્યો જઇશ. અવાર નવાર અહીં આવતો રહીશ. ખાસ તો જ્યારે પૈસાની જરૂર પડશે ત્યારે.' એમ કહેતો પોતાનો સામાન લઇ નજીકના જ ગેસ્ટહાઉસમાં પહોંચી જાય છે.

હવે કલ્પેશ પણ ક્યારેક તો બે-ત્રણ દિવસે ઘેર આવતો હોય એવું સીના જુએ છે. આ બંને મિત્રો મોટેભાગે રખડવામાં જ સમય પસાર કરે છે. એવું સીના માની લે છે. પણ એને ખ્યાલ આવતો નથી કે એ લોકો શું કરે છે. સીના વિચારે છે પણ એનો જવાબ એની પાસે નથી.

સીનાને યાદ આવે છે, પપ્પા તો મોટે ભાગે એમની ઓફિસમાં જ રચ્યા પચ્યા રહે છે. અને એની મમ્મી દિશા મોટે ભાગે પ્રભુમય જીવન ગુજારતી હોય એ રીતે રહે છે. સંસારની માયા જાણે કે હવે દિશાએ છોડી દીધી હોય એ રીતે જ એ જીવન જીવે છે. સીનાની સાથે પણ ખપ પૂરતી જ વાત કરે છે. દિવસે અને રાત્રે ટી.વી. પર કથા વાર્તા જોતી-સાંભળતી રહે છે. અને બાકીના સમયમાં જ્યારે જુઓ ત્યારે એના હાથમાં કોઇને કોઇ પુસ્તક હોય જ. રામાયણ, મહાભારત, ભાગવદ્ગીતા. તે બેઠી બેઠી મોટે ભાગે વાંચતી જ હોય. સીના એકલી પોતાના દીકરાની ચિંતા કરે છે. ક્યારેક દીકરો પૂછતો હોય છે,

'મમ્મી, મારા પપ્પાની માહિતી તારી પાસે માંગું છું. છતાં તુ આપતી નથી. એમની સાથે તારા અબોલા છે એવું તુ કહે છે. તુ એમનું સરનામુ પણ આપતી નથી. તું જો તેમની માહિતી મને આપે તો તમને બંનેને ભેગાં

કરવાની હું જવાબદારી લેવા તૈયાર છું.'

ઘણીવાર કલ્પેશે સીનાને સાચી માહિતીથી વાકેફ કરવા મજબૂર કરેલી. પણ સીના જવાબ ક્યાંથી આપે ? તેણે ક્યાં કોઇની સાથે લગ્ન કર્યું છે ? આ તો પોતાના માતા-પિતાના સંતોષ ખાતર એણે બાળકના જન્મ માટે રાકેશનો સથવારો લીધેલો. જો કે એને એટલો તો વિશ્વાસ છે કે રાકેશ કલ્પેશને પોતાના દીકરા તરીકે જ માને છે. પણ આમ ક્યાં સુધી ચાલશે ? કેટલાં વર્ષો વીતી ગયાં ? ઉંમરે પહોંચેલા છોકરાને એના પિતાની માહિતી ન આપવા બદલ પોતાને તે ગુનેગાર સમજે છે. એટલું સારુ છે કે ઘરમાં તેના પપ્પા અને મમ્મી હવે ક્યારેય રાકેશની વાત કરતા નથી. જો કે ઘણી વખત તે વિચાર કરે છે કે તેઓ આમ કેમ કરતાં હશે ? કદાચ તેમને સાચી વાતનો ખ્યાલ આવી ગયો હશે ! પણ જો તેમ હોય તો ઘરમાં એવી વાત થાય ને ?

દિવસો વીતતા જાય છે. અને એક દિવસે કલ્પેશનો મુંબઇથી ફોન આવે છે.

'મમ્મી, હું અને કરણ મુંબઇ પહોંચી ગયા છીએ. આફ્રિકા છોડતી વખતે તને મળવાનું બહુ જ મન થયું હતું. પણ તેમ હું કરી શક્યો નહોતો. તેનું મને દુઃખ છે. આ સાથે એક ફોન નંબર તને આપું છું. જ્યારે પણ તને મારા પિતા વિશે વાત કરવાનું મન થાય ત્યારે જ એમની માહિતી આપવા મને ફોન કરજે. તે સિવાય મને ફોન કરતી નહિ.'

પોતાને મળ્યા સિવાય પોતાનો દીકરો ચાલ્યો જાય એ જાણતાં સીના બહુ જ દુઃખી થાય છે. એને ખ્યાલ આવે છે કે પોતાનો દીકરો હવે તેના કાબૂમાં રહ્યો નથી. આને માટે તે પોતાની જાતને જ જવાબદાર માને છે. વગર લગ્ન કર્યે સંતાનને જન્મ આપ્યો, માતા-પિતાને છેતર્યા અને એ જ રીતે પોતાનો દીકરો વર્તન કરે એનો આઘાત તો લાગે. પણ એનો દોષ બીજા ઉપર ઢોળી ન શકાય. નાનપણથી જ પોતાના દીકરા ઉપર દેખરેખ ન રાખી તેનું આ પરિણામ છે. એ માટે પોતાની જાતને જ તે દોષિત ઠરાવે છે.

આવા તો અનેક વિચારો તેને આવી જાય છે. પણ હવે શું કરે ? પાણી વહી ગયા પછી પાળ બાંધવાનો શો અર્થ ? એવું વિચારતી તે પથારીમાં ફસડાઇ પડે છે.

## ૭

વડોદરાનું મકાન છોડી પોતાની દીકરી સાથે મુંબઇમાં રહેવાનું રૂપાન્દેને મન થતું નથી. પણ દીકરીના આનંદ ખાતર  થોડો સમય તેની સાથે મુંબઇ રહેવું જોઇએ એવું રૂપાન્દે અને પ્રશાંત વિચારે છે. અને એક દિવસે બધા રાકેશના આપેલા સરનામે મુંબઇ પહોંચી જાય છે. મકાન જોતાં જ અચંબામાં પડી જાય છે. સંપૂર્ણ સગવડ ધરાવતી અદ્યતન ફર્નિચર સાથે સજાવટ કરેલી રૂમો જોતાં સ્વાભાવિક રીતે આશ્ચર્યમાં પડી જવાય એવું કોઇપણ અનુભવે. બીજું રૂપાન્દે નોંધે છે કે ઘણા સમયથી આ મકાન બંધ છે. છતાં રોજને રોજ તેની સફાઇ થતી હોય તેવું તેને લાગે છે. રૂપાન્દે રાકેશના બુદ્ધિ ચાતુર્યથી પ્રભાવિત તો હતી જ. પણ આજે એના બુદ્ધિ ચાતુર્યની નવી જ વાત તેની જાણમાં આવે છે. સંપૂર્ણ સુવિધાવાળુ મકાન જાણે કે કોઇ વર્ષોથી એમાં રહેતું હોય એ રીતે તૈયાર કેવી રીતે હોઇ શકે ? જો કે એ પ્રશ્ન રૂપાન્દેને મુંઝવે છે. પણ એનો જવાબ તે મેળવી શકતી નથી. બે-એક દિવસ તે બધાં ત્યાં રહે છે. અને પછી  પાછા વડોદરા આવી જાય છે. અઠવાડિયા પછી કૃતિકા એકલી જ મુંબઇ પહોંચી જાય છે. તેને મોકલતી વખતે રૂપાન્દેએ કહેલું કે,

'કૃતિકા, ત્યાં પહોંચીને તરત જ સમાચાર આપજે. બીજું અમે ત્યાં આવતા રહીશું. અમદાવાદમાં બેઠા-બેઠા તારા દાદા મુંબઇનું મકાન વ્યવસ્થિત રાખી શકતા  હોય એનો મતલબ કે એ મકાનની દેખરેખ રાખનારું કોઇ હશે જ. તેની આપોઆપ તને ખબર પડશે,  એ વ્યક્તિની મદદ પણ તને મળશે. એટલે એકલી રહેવામાં તને કોઇ મુશ્કેલી નહીં પડે.' આવી અનેક વાતો અને શિખામણો રૂપાન્દેએ કૃતિકાને આપી હતી. અને કૃતિકા પણ જાણે કે માતાની શિખામણોનો વજનદાર કોથળો ન ઊંચકાય એવો છતાં ઊંચકીને પહોંચેલી મુંબઇ જઇ તે જ રાત્રે વડોદરા પોતાના પપ્પા-મમ્મી સાથે પહોંચી ગયાનો ફોન કરે છે. અને અમદાવાદ ફોન કરી કહે છે, પણ ફોન પર તેના દાદીમા હોય છે. હીના ફોન ઊઠાવે છે, કૃતિકા કહે છે,

'દાદીમા, દાદાએ તો કમાલ કરી. ત્યાં બેઠા બેઠા મકાનની બહુ જ સારી જાળવણી કરે છે, મકાનની તો ચાવી આપી પણ પૂરા ફર્નિચર અને સંપૂર્ણ સગવડ સાથેની. મારે વિશેષ દાદાનો આભાર માનવો પડે.'

'કેમ કૃતિકા, મારો આભાર નહીં માનવાનો ?'

'દાદીમા, દાદાનો આભાર માનીએ તેની સાથે તમારો અને પૂર્ણિમાબાનો આભાર પણ એમાં આવી જ જાયને. અમે જે કંઇ મેળવીએ છીએ તે બધુ તમારા બધાંને કારણે જ છે. પણ દાદીમા એક વાત કહું, તમે બધાં અને મારા પપ્પા-મમ્મી એક સાથે અહીં થોડા દિવસ રહેવા આવો તો ?'

'હમણાં તે શક્ય નથી. જો બેટા, હમણાં તારા સોહનદાદાની તબિયત જરા વધુ ગંભીર હોવાથી અમે ક્યાંય નીકળી શકીએ એમ નથી. તારું નિમંત્રણ ઊભું છે. ક્યારેક તો અમે બધા સાથે આવીશું. ફોન મૂકતી નહીં, જો તારા રાકેશ દાદા આવી ગયા છે. એમને હું ફોન આપુ છું.'

અને પછી તો રાકેશ અને કૃતિકા વચ્ચે ફોન પર ઘણી બધી વાત થાય છે. અને છેવટે 'હું જરૂર આવીશ.' એવી વાત કરી રાકેશ ફોન મૂકે છે.

કૃતિકાના ફોન પછી રાકેશ અને બધા રાહત અનુભવે છે. મુંબઇ જેવા ગીચોગીચ વસ્તી ધરાવતા શહેરમાં કૃતિકા હવે ગોઠવાઇ જશે એવું ખાસ કરીને રાકેશ માને છે.

આમને આમ એકાદ વર્ષ વીતી જાય છે. પાર્થની તબિયતમાં ઊથલો આવે છે. એવું જ સોહનકુમારનું થાય છે. બંનેની તબિયતમાં કોઈપણ જાતનો સુધારો થતો નથી. બે માસના ટૂંકાગાળામાં પહેલા પાર્થ અને પછી સોહનકુમાર બધાને છોડીને પરલોક પહોંચી જાય છે. અને આ બંનેના જવાથી હીના, પૂર્ણિમા અને રાકેશ ખાલીપો અનુભવે છે. પાર્થ તો હોસ્પિટલનું સંચાલન પણ કરતો. એની ખોટ સાલે એ સ્વાભાવિક છે. સોહનકુમારના જવાથી હીનાને એટલો આઘાત લાગતો નથી પણ પોતે વિધવા બની છે, તે વાસ્તવિકતા સ્વીકારીને ચાલવું પડશે તેવું તે માને છે. આમેય સોહનકુમારનું હોવું - ન હોવું હીના માટે સરખું જ હતું. સોહન તો હીનાનો નામ માત્ર પતિ હતો. એ સત્ય હકીકત હોવા છતાં હીનાને પૈસા તો સોહનની મિલ્કતમાંથી જ મળ્યા હતા. પતિ સાથે મનમેળ ન હોવા છતાં તે ક્યારેય સોહનને યાદ કરી લે છે. સોહનના પૈસા થકી જ એણે રાકેશને મેળવ્યો હતો એ ભૂલી શકે તેમ નથી.

પાર્થ અને સોહનની ગેરહાજરી શરૂઆતમાં તો હીનાને કઠે છે. પણ બીજી રીતે પોતાનું મન મનાવી લે છે. પાર્થ અને પછી સોહનના પરલોક જવાના દિવસોમાં વારાફરતી બધાં જ આવી ગયાં હતાં. રૂપાન્દે પાર્થનું જાણતાં પોતાના પતિ સાથે આવી પહોંચી. ગમે તેમ તોય એનો પતિ હતો. પત્ની તરીકેના હકક બહુ ઓછા ભોગવ્યા હતા. પણ એના કારણે જ રાકેશ સાથે એનો સંબંધ જોડાયો હતો. આફ્રિકાથી દિશા આવી શકી નહોતી. આમેય હવે તે મોટા ભાગે પ્રભુજીવનમાં પોતાનો સમય વિતાવતી હોવાથી સંસારને પર માની ચાલતી હોવાથી જન્મ કે મરણના સામાજીક સંબંધોમાં હવે તે ક્યારેય આનંદ કે શોકની લાગણી અનુભવતી નહોતી. હીનાને આ બધુ યાદ આવે છે. બધાં જ આવી ગયાં. મુંબઇથી સંધ્યા અને એના સાસુ-સસરા પણ આવી ગયેલા. આજના જુવાનિયાને સામાજીક સંબંધો સાચવતાં આવડતા નથી. અને તેથી જ કરણ અને કૃતિકા આવ્યા પણ નહોતાં. કે ન તો તેમનો ફોન હતો. આ બધા વિચારો હીનાને આવે છે. હવે તે પોતે વિચારે છે કે,

'સંસારના ભોગવિલાસ બહુ જ ભોગવ્યા. હવે કદાચ પ્રભુભક્તિમાં મન લગાવવું જોઇએ.' એવુ માનનારી તે જાણે કે સંસારમાંથી રસ ઊડી ગયો હોય એ રીતે વર્તન કરે છે. હદ બહારનું સુખ અને વૈભવ સામાજીક દૃષ્ટિએ યોગ્ય ન લાગે છતાં રાકેશની સાથે તે ક્યારેક સુખ ભોગવી જ લે છે.

હવે તો ક્યાંક-ક્યાંક યુવાનીનો નશો ઊતરતો જતો હોય તેવું પણ ક્યારેક તે અનુભવતી હોય છે. અને હવે મોટેભાગે હોસ્પિટલમાં બેસી સમાજસેવાના કાર્યોમાં લાગી જાય છે.

રાકેશ અને પૂર્ણિમા એને મદદ કરતા રહે છે.

અને એક દિવસે મુંબઇથી સંધ્યાનો ફોન આવે છે, 'મમ્મી, તમે બધા તાત્કાલિક મુંબઇ આવો. મારે તમારી સાથે કેટલીક સ્પષ્ટતા કરવી છે.' એમ કહી ફોન તો કટ થ ઇ જાય છે. પણ પૂર્ણિમાના હૃદયમાં ધ્રાસકો પડે છે. 'એવી તે કઇ સ્પષ્ટતા સંધ્યાને કરવાની હશે ! તે તાત્કાલિક બધાને બોલાવે છે ?'

પૂર્ણિમા સંધ્યાના ફોનની વાત રાકેશ અને હીનાને કરે છે. હીના કહે છે,

'પૂર્ણિમા, તુ અને રાકેશ મુંબઇ જઇ આવો. સંધ્યાની જે મુશ્કેલી હોય તે હલ કરતા આવો. અને કદાચ પૈસાની જરૂર હોય તો મને તાત્કાલિક જણાવજો. હું લઇને આવી જઇશ.' એમ કહી મુંબઇ જવાની બાબતમાંથી પોતાની જાતને બાકાત કરે છે. જો કે ઊંડે ઊંડે હીનાને ઘણા બધા પ્રશ્નોનું કેન્દ્ર બિંદુ રાકેશ છે તે જાણતી હોવાથી તે જવાનું ટાળે છે. સીના અને રાકેશના સંબંધો તે જાણે છે. હીના ચાલાક છે. તે એ પણ સમજી ગઇ છે કે રૂપાન્દે અને રાકેશની વચ્ચે પણ કોઇ સંબંધ છે ખરો. કેમકે રાકેશ પ્રશાંત સાથે રૂપાન્દેનું ગોઠવે, થીએટર પણ તેને સોંપે. વડોદરામાં મોટો બંગલો લઇ આપે અને કૃતિકાને મુંબઇનું મકાન પણ આપી દે. વધુ પડતી રૂપાન્દેની કાળજી લેવા પાછળ કયો હેતુ હોઇ શકે એનો સ્પષ્ટ ખ્યાલ તો એને નથી. પણ પોતાને જ ત્યાં પરવાનગી લઇ બે દિવસ રૂપાન્દે સાથે રાકેશ રહ્યો હતો. એ વાત વર્ષો પછી આજે હીનાના હૃદયમાં શૂળ બનીને ભોંકાતી હોય એવું તે અનુભવે છે.

હીના ચાલાક છે, સમજુ પણ છે. આવા ઘણા બધા વહેમ તેને હોવા છતાં રાકેશ પ્રત્યે તેને મમતા છે. કેમકે રાકેશે તેને બધી ખાનગી વાતોથી વાકેફ કરેલી છે. રાકેશની પ્રામાણિકતા માટે તેને બહુ માન છે. પણ રાકેશ ભ્રમરવૃત્તિ ધરાવતો માણસ છે. એ કોઇ કાળે હીના ભૂલી શકે એમ નથી. હીનાને સંધ્યા અને રાકેશના સંબંધોની જાણ છે. એ મોટેભાગે રાકેશને કશું પૂછતી જ નથી. પણ અવારનવાર આવતા સંધ્યાના ફોન, રાકેશનું અવારનવાર મુંબઇ જવું, પૂર્ણિમાનું આંખ આડા કાન ધરવા. આવી તો ઘણી બધી નોંધ તેણે કરેલી. પણ આ વર્ષોમાં પોતાના વહેમની વાત તેણે ક્યારેય પૂર્ણિમા કે રાકેશને કરી નથી. ભૂતકાળમાં તો પરોક્ષ રીતે રાકેશ હીનાને વાત કરતો. સલાહ પણ લેતો. હવે તો એ પણ રાકેશે બંધ કરી દીધેલ છે. જો કે હીનાને એક વાતનો સંતોષ છે જ્યારે અને જે સમયે તેણે રાકેશ પાસે માંગણી કરી હોય ત્યારે રાકેશે તેને પ્રેમથી સ્વીકારી છે અને તૃપ્ત કરી છે. આ બાબતથી તેને સંતોષ છે. અને આ સંતોષની આગળ રાકેશના બધાય ગુના તે માફ કરી શકે તેમ છે. સંધ્યાએ કદાચ કરણ વિશે કહેવા જ આ બંનેને બોલાવ્યા હશે તે એમ માની લે છે. અને બીજી ક્ષણે મનમાંથી બધા વિચારો કાઢી નાખે છે. અને આરામ કરવા માટે પથારીમાં પહોંચી જાય છે.

## સાત

સંધ્યાના ફોનના અનુસંધાનમાં પૂર્ણિમા અને રાકેશ મુંબઇ પહોંચે છે. મુંબઇ પહોંચી જુએ છે કે, 'ઉપહાર' બંગલામાં સંધ્યા સિવાય કોઇ જ નથી. સંધ્યાને પૂછતા જાણવા મળે છે કે 'તેના સાસુ, સસરા અને તેના પતિ ચારેક દિવસ માટે બહારગામ ગયા હોવાથી તે એકલી જ છે.'

સંધ્યા કહે છે, 'જો મમ્મી, તમારી સાથે મારે કેટલીક સ્પષ્ટતા કરવી છે. અહીંનો ધંધો વ્યવસ્થિત ચાલતો હોવા છતાં કરણને કારણે એક સમય કદાચ એવો પણ આવે કે અમે દેવાદાર બની જઇએ. કરણ કોઇના કહ્યામાં નથી. હવે શું કરવું એ તમારી સાથે નક્કી કરી પછી હું અને મારા સાસુ-સસરા કરણ વિશે કોઇ નિર્ણય કરવા માંગીએ છીએ.' કહેતીકને સંધ્યા ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે.

પૂર્ણિમા તેને સાંત્વન આપે છે. રાકેશ ચૂપ છે. મનોમન તે વિચારે છે, 'બાપના ગુણ દીકરામાં તો નહીં ઊતર્યા હોય !' પણ પોતાની વાત કોને કરે ? પૂર્ણિમા રાકેશ સામે જુએ છે. ધીરેથી તે કહે છે, 'તમે જ બોલો આ સંજોગોમાં શું કરી શકાય ? ઉંમરલાયક છોકરાને મારી તો ન શકાય. પણ શિખામણ તો આપી શકાય ને ?'

'મમ્મી, એમને તું શું પૂછે છે? એમણે તો કરણને બગાડ્યો છે. જ્યારે તેણે જેટલા પૈસા માંગ્યા એટલા એને આપીને એમણે જ એને બગાડ્યો છે.' બોલતી બોલતી સંધ્યા રાકેશ સામે જુએ છે. સંધ્યાની આંખમાંથી નીકળતી અગ્નિજ્વાળા જાણે કે રાકેશને દઝાડતી ન હોય !

'કરણ અત્યારે ક્યાં છે ? એની તો વાત કર.'

'એની તે શી વાત કરું ? એ તો ગમે ત્યાં પડ્યો હશે. તે કયાં જાય છે અને શું કરે છે એની માહિતી અમારી પાસે ક્યારેય હોતી નથી.'

'જો સંધ્યા, તેં ફેકટરીની વાત કરી. ધંધામાં નફો થતો હોય તો પછી દેવાદાર કેવી રીતે બની શકાય ?'

રાકેશ પૂછે છે.

'જુઓ, તમને કદાચ ખબર નહીં હોય ! કરણ કેટલા ઊંડાપાણીમાં છે. કરણે એના પપ્પાની ભળતી સહી કરીને બેંકમાંથી ઘણા બધા પૈસા ઊપાડી લીધા છે. એની સહી અદ્દલ એના પપ્પા જેવી છે. કોઇને જરા કે વહેમ ન પડે. આ તો હમણાં ફેક્ટરીના હિસાબ સાથે બેંકના ખાતાના હિસાબો મેળવતાં ખબર પડી કે ઘણા બધા પૈસા બીજી રીતે બેંકમાંથી ઊપાડવામાં આવ્યા છે. સારું થયું કે ફેક્ટરીના હેડ કલાર્ક પાસેથી ખાતાનો ચોપડો અને બેંકની પાસબુક અને ચેકબુક મારી જ પાસે જ હોવાથી તપાસતાં ખબર પડી. આ બાબતની જાણ મારા પપ્પા-મમ્મી અને એમને પણ મેં કરી. એમણે કરણ વિશેનો નિર્ણય તમારી ઉપર જ છોડી દીધો છે. હવે તમે કહો આ બાબતમાં શું કરવું જોઇએ ?'

રાકેશ સલાહ આપે છે કે જે જે બેંકોમાં ફેક્ટરીના ખાતાં હોય તે બધી જ બેંકોને જાણ કરી દો. જેથી કોઇપણ ચેક પાસ કરે નહિ અને બીજું જ્યાં જ્યાં ખાતા છે ત્યાં ત્યાં પ્રોપરાઇટર તરીકે અનિલકુમારનું નામ છે, ત્યાં સંધ્યાનું નામ દાખલ કરી દેવામાં આવે. આટલું કહેતાં રાકેશ વિચારે છે. અને બીજી ક્ષણે સંધ્યાને લઇ ફેક્ટરીની ઓફિસે પહોંચે છે. કંપનીનું લેટર પેડ, જરૂરી સિક્કા વગેરે લઇ જે-તે બેંકોમાં પહોંચી નાણાં ઊપાડનારની સહી બદલવાનો ઠરાવ આપી દે છે. અને નવી ચેકબુક લઇ લે છે. આમ તાત્કાલિક બધી જ બેંકોમાંના કંપનીના ખાતામાં પ્રોપરાઇટરની સહી ફેરબદલી કરી દેવામાં આવે છે. જેથી ભવિષ્યમાં કરણ બેંકોમાંથી નાણાં ના ઊપાડી શકે. બેંકમાંથી પાછા આવી ફેક્ટરીએ પહોંચી ક્લાર્કને જરૂરી સૂચનો આપી રાકેશ અને સંધ્યા પાછા 'ઉપહાર' બંગલે પહોંચે છે.

સાંજ પડવા આવી હતી. પૂર્ણિમા સાંજની રસોઇ કરવા રસોડામાં હતી. સંધ્યા અને રાકેશ બેઠકરૂમમાં આવી બેસે છે. રસોડા તરફ જતી સંધ્યા રાકેશને કહેતી જાય છે, 'આજે કોઇપણ રીતે કરણનો ફેંસલો કરી દેવો પડે. ગમે તે રીતે રાત્રે હું તારી પાસે પહોંચીશ. મારી રાહ જોજે.' કહેતી સંધ્યા તો ચાલી ગઇ પણ રાકેશને મૂંઝવણમાં મૂકતી ગઇ.

રાકેશ એમ વિચારે છે કે સંધ્યા કરણની વાત કરે છે. તે સાચી છે. કરણ સાચે જ ખરાબ રસ્તે પહોંચી ગયો છે. દિવસોના દિવસો સુધી ઘરની બહાર રહે , પાણીની માફક પૈસા ખર્ચે. અનિલકુમારની બનાવટી સહી કરી બેંકોમાંથી નાણાં ઊપાડી લે આવું ક્યાં સુધી ચાલશે. રાકેશ વિચારે છે કે, 'શરીરના કોઇપણ ભાગમાં થયેલું ગુમડું પાકવાની તૈયારી હોય ત્યારે એનો અને ઊભા થયેલા કોઇપણ દુશ્મનનો તાત્કાલિક નીવેડો લાવવો જોઇએ.' જો કે અહીં કોઇ દુશ્મન નથી. વાસ્તવમાં કરણ એ રાકેશ જ છે. પોતાના શરીર ઉપર પગે જે ગુમડું થયુ છે તે ગુમડુ કરણરૂપી છે. કદાચ તે પાકવા આવ્યું છે. તેના ઉપર ચીરો મૂકી અંદરનો પાક જેમ બને તેમ વહેલો કાઢી લેવો જોઇએ. અને પછી એ ગુમડાં પર રૂઝ આવે એવું કંઇક કરવું જોઇએ.

જો કે બેંકોના ખાતામાંથી પ્રોપરાઇટર તરીકેની સહી બદલવાથી પાકેલા ગુમડા ઉપર જરૂર અસ્તર મૂકાઇ ગયું છે. હવે પાક જ બહાર કાઢવાનો છે. રસોડા તરફ જતી સંધ્યાની પીઠ પાછળ તાકતો રાકેશ ઘણુ બધુ વિચારે છે. પણ તે કરે તોય શું ? કરણ એનું સાંભળશે ખરો ? એમ વિચારતો રાકેશ બેઠકરૂમમાં બેઠો-બેઠો અનેક તર્ક-વિતર્કો કરતો રહે છે.

તે મોડી સાંજે ભોજનથી પરવારી રાકેશ અને પૂર્ણિમા, 'બહાર ફરી આવીએ.' સંધ્યાને એકલી છોડી બંગલાની બહાર નીકળી જાય છે.

વર્ષો થયા એ વાતને. જ્યારે પહેલાં રાકેશ અને પૂર્ણિમા મુંબઇ આવ્યા હતાં. જો કે સંધ્યાના લગ્ન પછી બે-ત્રણ વાર પૂર્ણિમા અને રાકેશ મુંબઇ આવેલા. પરંતુ જ્યારે પહેલાં આવેલા ત્યારે તે બંને મુંબઇમાં ફેક્ટરીનું ગેસ્ટહાઉસ હોવા છતાં હોટલમાં ઊતરેલાં. ત્યારે તો રાકેશ યુવાન હતો. યુવાનીનો થનગનાટ હતો અને સાથે પૂર્ણિમા પણ. આજે મુંબઇના રસ્તા પર ધીરે ધીરે બંનેને ભૂતકાળના દિવસો યાદ આવે છે. તે બંને ચાલતા રહે છે. અને પછી નજીકની હોટલમાં દાખલ થાય છે. બહુ વખતે બંને સાથે એકલા હોવાથી બંને ખુશ છે. આઇસ્ક્રીમ મંગાવે છે. એકબીજાને સામે પ્રેમથી ખવડાવે છે. અને પછી પાછા વળે છે. અમદાવાદમાં તો પૂર્ણિમા, રાકેશ અને હીના મોટે ભાગે તો સાથે જ રહેતા. દિવસે પણ રાત્રે પણ. આટલા વર્ષોમાં રાકેશે પુર્ણિમાને બહુ સાચવી છે. મોટેભાગે તો અમદાવાદમાં ભાગ પડાવવા માટે હીના પૂર્ણિમા સાથે હોતી. પણ આજે અહીં.... તે ધીરે રહીને

રાકેશને કહે છે,

'રાકેશ, આજે રાત્રે આપણે બંને ભેગાં જ રહીશું.'

'ના પૂર્ણિમા, એવું સાહસ ના કરતી. આજે મોટેભાગે તારી ગેરહાજરીમાં હું સંધ્યા સાથે બેસીશ. અહીંની ફેક્ટરીની અને ઘરની સાચી પરિસ્થિતિની તો જ માહિતી મેળવી શકાય. અને બીજું તારી ગેરહાજરીમાં કદાચ સંધ્યા કોઇ બાબત ન કહી શકતી હોય તે મને કહી શકે અને રસ્તો કરી શકાય.' બહુ જ સહજ રીતે પૂર્ણિમાને વહેમ ન પડે તે રીતે રાકેશ સંધ્યા સાથે વાત કરવા બેસશે એની પરોક્ષ રીતે પૂર્ણિમાને જાણ કરી દે છે. જો કે સંધ્યા તો એકાંત શોધતી જ હતી ને ? સહજ રીતે પૂર્ણિમાને પોતાની વાતમાં રાકેશ સંમત કરી દે છે. જો કે સંધ્યા એકાંતમાં કરણની વાતની આડમાં શું ચાહતી હશે એનો અંદાજ તો રાકેશને આવી જ જાય છે.

બહાર ફરીને આવેલા પૂર્ણિમા અને રાકેશ જુએ છે કે સંધ્યા બેઠકરૂમમાં જ બેઠી બેઠી કોઇ ન્યુઝ જોતી હતી. રાત પડી ગઇ છે. રાકેશ પૂર્ણિમાને ઇશારો કરે છે. પૂર્ણિમા સમજી જાય છે. અને પૂર્ણિમા સૂવા માટે ચાલી જાય છે.

રાકેશ સંધ્યાની પાસે આવી સોફા પર બેસે છે. સંધ્યા નજીક આવી સોફા પર બેસે છે. સંધ્યા નજીક આવી તેને વળગી પડે છે. અને પછી ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે. ક્યાંય સુધી સંધ્યા રડતી રહી. અને રાકેશ એને આશ્વાસન આપતો રહ્યો ! સંધ્યા શાંત પડે છે. ટિપોઇ પર પડેલા જગમાંથી પ્યાલામાં પાણી લઇ રાકેશ સંધ્યાને આપે છે. પાણી પીધા પછી જાણે કે સંપૂર્ણ શાંત થઇ ગઇ હોય એવું રાકેશ સંધ્યાને જોતાં અનુભવે છે.

ધીરેથી સંધ્યા કહે છે, 'પછી તેં કરણ વિશે શું વિચાર્યું ? અંતે તો તારો જ દીકરોને ? બાપના સંસ્કારો દીકરામાં તો આવે ને ? ' સંધ્યાનો આ કટાક્ષ રાકેશના હૃદય ઉપર ઘા કરી જાય છે. રાકેશ ગુસ્સે ભરાય છે. અને બોલી ઊઠે છે,

'એટલે તું શું કહેવા માંગે છે ? બાપના ગુણ દીકરામાં ? એટલે કે મારા જેવો કરણ. એવું તું કહેવા માંગે છે ને ? હું ક્યાં ખરાબ માણસ છું ?'

'જો રાકેશ, મેં તને ક્યારેય સારો માણસ માન્યો નથી. યુવાનીના જોશમાં તારી સાથે મેં સંબંધ બાંધેલો. તે દિવસે મને ખબર નહોતી કે તુ મારી સાથે જેવું વર્તન કરે તેવું ઘરમાં બીજાની સાથે વર્તન કરશે.'

'બીજાની સાથે એટલે ?'

'મારી મમ્મી સાથે. એકબાજુ તુ મને સાચવે છે. અને બીજી બાજુ મારી ગેરહાજરીમાં મારી મમ્મી સાથે તાગડધિન્ના કરે. જો કે આ બાબતની જાણ તો મને ઘણાં સમય પછી થઇ હતી. અને તુ કેટલી ખરાબ હદે જાય એવો છે. એવું અધમકૃત્ય તો બીજો કોઇ ન કરી શકે.'

'હું.... મને તું ખરાબ ગણે છે ?'

'જો રાકેશ, કોઇપણ પુરૂષ પોતાની પત્ની સાથે લગ્ન પછી બહાર જાય એ સંસારનો ક્રમ છે. પણ પત્નીની નજીકની બહેનપણી પણ તે બંનેની સાથે જાય તો શું સમજવું ? એ વાત મમ્મી સાથે તારા લગ્ન થયા ત્યારે મેં નોંધી નહોતી. પણ તે દિવસે તુ, મમ્મી અને હીનામાસી સાથે ગયેલા એ વાત વિશે મેં પછી વિચારતાં એવુ તારણ કાઢેલું કે તુ ખરેખર બહુ જ ખરાબ રીતે વર્તે છે. સામાજીક દૃષ્ટિએ જે ન થવું જોઇએ તે બધુ જ તુ કરી ચૂક્યો છે. અને આજે તારા એ સંસ્કારો આપણા દીકરામાં આવ્યા હોય એવું હું માનું છું. આમાં શું તુ કહેવા માંગે છે ?'

'જો સંધ્યા, મારે આમાં કશું કહેવું નથી. આક્ષેપો-પ્રતિઆક્ષેપો કર્યા સિવાય કરણની બાબતમાં યોગ્ય રસ્તો કાઢવો એ જ આપણા હિતમાં છે. આપણી પાસે સમય ઓછો છે. આમાંથી કેવી રીતે બહાર નીકળવું તે વિચારવાનો પ્રયત્ન કર.' એમ કહેતો રાકેશ સંધ્યાને ઊભી કરે છે. અને પછી ધીરે ધીરે અંદરના રૂમમાં તેને લઇ પહોંચી જાય છે.

રૂમમાં પહોંચી સંધ્યાને બેસાડી રાકેશ કહે છે, 'જો સંધ્યા, તને કદાચ ખબર નહીં હોય કે પહેલો ઘા કરણ ઉપર થઇ ગયો છે. આજ કાલમાં જ જો પૈસાની તેને જરૂર પડશે તો ચેક લઇ બેંકમાં જશે તો ત્યાંથી તે પાછો ફરશે. તે થોડો પણ બુદ્ધિશાળી હશે તો આનો ઉહાપોહ નહીં કરે. નહીં તો એ ઘેર આવી તારી સાથે ઝઘડશે. આમાં જ એની બુદ્ધિ ચાતુર્યની કસોટી થશે. અને પછી આપણે યોગ્ય નિર્ણય કરીશું.' રાકેશ બોલતો રહે છે. સંધ્યાની તો બુદ્ધિ બહેર મારી ગઇ છે. શું કરવું એનો એને કોઇ ખ્યાલ આવતો નથી. રાકેશ સંધ્યાને કેટલાંક સૂચનો પણ કરે

છે. સંધ્યા તરફથી કોઈ જવાબ મળતો નથી. છેવટે રાકેશ જુએ છે કે સંધ્યા કશું જ સાંભળતી નથી. સંધ્યા ક્યાંથી સાંભળે. માનસિક રીતે થાકેલી સંધ્યા ઘેનમાં પહોંચી ગઈ હતી.

સવારે રાકેશ સંધ્યા સાથે થયેલી વાત પૂર્ણિમાને કહે છે. અને પછી બધા ફેક્ટરીની બેંકની કરેલી નવી વ્યવસ્થાને લીધે કરણનો પ્રત્યાઘાત જાણવા માટે એની રાહ જોતાં બેસી રહે છે. કરણ આવતો નથી. છેવટે બે-એક દિવસ પછી રાકેશ અને પૂર્ણિમા અમદાવાદ પહોંચી જાય છે.

## આઠ

પૈસાની જેને કમી ન હોય તેવો કરણ પાણીની માફક પૈસા ઊડાડતો રહે છે. ઘેર પણ અનિયમિત જતો હોય છે. ક્યારેક ફેક્ટરી જાય ત્યારે માંડ અડધો કલાક બેસતો હોય એટલો જ સમય એના પપ્પા અનિલ કે દાદા ગૌતમભાઈ પાસે પૈસાની જ વાત કરતો હોય. થોડાં નાણાં મળે તેથી તે પાછો ચાલ્યો જતો.

એક દિવસે દશેક હજારની તેને જરૂર હતી. તે ઓફિસે તેના પપ્પા પાસે પહોંચે છે. ત્યારે જે પણ સિલક હતી તે ક્લાર્ક બેંકમાં ભરી દે છે. તેથી કરણ, 'પપ્પા, આજે મારે તાત્કાલિક દશેક હજારની જરૂર પડશે.'

'જો બેટા, આજની સિલક તો બેંકમાં ભરાઈ ગઈ. હાથ પર એક પણ પૈસો નથી. હજારેક રૂપિયાની જરૂર હોય તો આપી શકું. પણ એવું કરને હું તને ચેક આપુ છું તું બેંકમાં જઈ નાણાં લઈ લે.'

'ભલે, ચેક મને ચાલશે.' એમ કહી એના પપ્પા અનિલ દ્વારા દશહજારનો ચેક લઈ તેના પપ્પાની ઓફિસમાંથી બહાર નીકળી જાય છે. ઓફિસની બહાર નીકળેલા કરણના મનમાં એકાએક કોઈ બીજો જ વિચાર આવે છે. અને તે બેંકમાં જવાને બદલે સીધો જ કૃતિકાને ત્યાં પહોંચે છે. કૃતિકા ઘેર જ હતી. ત્યાં પહોંચતા જ, 'કૃતિકા, કલ્પેશ આવ્યો નથી ? હું થાકેલો છું. મારે થોડી વાર આરામ કરવો પડશે.' એમ ક્હેતો કૃતિકાના જવાબની રાહ જોયા વિના અંદરની એક રૂમમાં તે પહોંચી જાય છે. અંદરથી બારણાંને સ્ટોપર મારી જાણે કે ઘણો જ થાકી ગયો હોય એમ પલંગમાં પડતુ મૂકે છે.

આમ તો તે થાકેલો નથી. પણ એના પપ્પા અને દાદા પાસે કાયમ પૈસા લેવા જવું પડે એનો તેને થાક લાગે છે. અત્યાર સુધી તો તેના પપ્પા કે દાદા રોકડા પૈસા આપતા હતા. પણ આજે તેના હાથમાં ચેક આવ્યો. ચેક જોતાં જ તે વિચારતો રહે છે. રૂમમાં પથારીમાં પડ્યો પડ્યો કેવી રીતે આગળ પગલાં ભરવા તેનો તે વિચાર કરે છે. પપ્પાની સહી તે કરી શકે તો ? બહુ સાદી સહી છે. થોડા જ પ્રયત્નથી પપ્પા જેવી સહી કરી શકે તેમ હતો. પછી તે ઊભો થઈ ટેબલ પાસે પહોંચી ચેકને સામે રાખી તેના પપ્પાની સહીની નકલ કરવા માંડ્યો. કેટલીય વાર તે સહી કરતો રહ્યો. પછી એને ખ્યાલ આવ્યો કે હવે તે ચેક પર સહી છે તેવી જ સહી કરી શકે તેમ છે. સહી તો બરાબર થઈ શકે એમ છે. પણ ચેકબુકનું શું ? તે વિચારતો જ રહે છે. અને એકદમ ઊભો થઈ રૂમનું બારણુ ખોલી બહાર નીકળે છે.

'કૃતિકા, હું સાંજના આવીશ.' એમ કહી કૃતિકા જવાબ આપે તે પહેલાં તે બહાર નીકળી જાય છે.

એને ખ્યાલ આવે છે કે તેના પપ્પા અને દાદા દરેક બેંકની ચેકબુકનો અડધો ભાગ ખોલી ફરી પીન મારી અમુક ચેક કંપનીમાં અને અમુક ચેક ઘેર રાખતા હતા. દિવસે તેણે તેના પપ્પા અને દાદાને વાત કરતાં જોયા. ત્યારે આ વિગતની તેને જાણ થયેલી. પણ તે દિવસે તો તેણે ધ્યાન નહોતું આપ્યું. પણ આજે એને ખ્યાલ આવે છે. આ તો બહુ સરળ રસ્તો છે. તે મનોમન નક્કી કરી લે છે. એન એથી જ બે-ત્રણ દિવસ પૂરતો અવાર-નવાર ઘેર પહોંચતો રહે છે. જાણે તે બદલાઈ ગયો હોય એવો ભાસ ઊભો કરે છે. અને તેને ચેકબુક લઈ લેવાનો મોકો મળી જાય છે. તેના પપ્પા કોઈ વેપારીને આપવા માટે બેઠકરૂમમાં બેઠાં બેઠાં ચેક લખતા હતા. ત્યાં જ સોફા પર કરણ બેઠો હતો. ચેક તૈયાર કરી તે ચેક પોતાના ખિસ્સામાં મૂકી અને અનિલ બહાર નીકળી જાય છે. ઉતાવળમાં ચેકબુક તે ભૂલી જાય છે. કરણ મોકો છોડે તેવો નથી. આજુબાજુ જોઈ ધીરેથી ચેકબુક પોતાના ખિસ્સામાં મૂકી દે છે. અને બીજી ક્ષણે બહાર નીકળી જાય છે. બહાર એક હોટલમાં બેસી તે ચેક તૈયાર કરે છે. ચેક પણ મોટી રકમનો. કરણના જ નામનો. બીજી પેનથી તેના પપ્પાની સહી કરે છે. અને બેંકમાં ઊપડી જાય છે.

બહુ જ સહેલાઈથી નાણાં પ્રાપ્ત કરે છે. એનો વિશ્વાસ વધી જાય છે. બેંકનાં મેનેજર તેને ઓળખતા હોવાથી તે જ બેંકમાં તે દિવસે પોતાના નામનું એક ખાતુ ખોલાવી દે છે. ચેકથી ઊપાડેલી રકમ પોતાના ખાતામાં ભરી દે છે. થોડાક જ દિવસમાં ચાર પાંચ ચેક દ્વારા મોટી રકમ ફેક્ટરીમાંથી ઊપાડી લે છે. અને તે ઊપાડેલી રકમ પોતાના ખાતામાં જમા કરી દે છે. પેલો દશ હજારનો ચેક તેણે હજુ બેંકમાં રજૂ કર્યો નથી. આ ચેકની રકમ વિશે અને બેંકના ખાતા વિશે તેના પપ્પા માહિતગાર છે કે કેમ ? એ જાણવા માટે કરણ પેલો ચેક લઈ એના પપ્પાની ઓફિસે પહોંચે છે.

અનિલને મળતાં કરણ કહે છે, ‘પપ્પા, તે દિવસે તમે આપેલો ચેક મેં દેખાડ કર્યો નથી. તે દિવસે પછી મારે પૈસાની જરૂર નહોતી પડી. આજે પૈસાની જરૂર પડી છે. આ ચેક પાછો લઈ મને રોકડા રૂપિયા આપો.’

અનિલ કોઈ જવાબ આપતો નથી. ચૂપચાપ ઊભો થાય છે. કરણના હાથમાંથી એક ચેક લે છે. અને તિજોરી ખોલી અંદરના ડ્રોઅરમાં ચેક મૂકી રોકડા પૈસા કાઢે છે. અને દશ હજાર રૂપિયાનું એક બંડલ કરણને આપે છે. ધીરે રહીને અનિલ કહે છે, ‘જો બેટા, હમણાંના તુ બહુ પૈસા વાપરે છે. તુ ગમેતેમ પૈસા વાપરતો હોય એ વિશે મારે તને વાત નથી કરવી. પણ આ બધી મિલ્કત અને નાણાં તારી મમ્મીને કારણે જ અમે ઊભા કરી શક્યા છીએ. અમારા પછી આ બધાંનો તું જ માલિક હોઈશ. એટલે અત્યારથી નાણાં ખોટી રીતે વેડફવા કરતાં નાણાં બચાવવાનું શીખે તો જ જીવનમાં આગળ આવી શકશે. પછી જેવી તારી મરજી.’

પોતાના પપ્પાના હાથમાંથી રૂપિયા દશહજારનું બંડલ લઈ પપ્પાને કોઈપણ જાતનો જવાબ આપ્યા સિવાય કરણ બહાર નીકળી જાય છે.

હવે પહેલાની માફક તે ખપ પૂરતો જ ઘેર જાય છે. તેની મમ્મી સંધ્યા અને દાદીમા મંજુબેન સાથે પણ તે ભાગ્યે જ વાત કરતો હોય છે. ઘરના બધી વ્યક્તિઓની ઉપેક્ષા કરતો હોય તેવું વર્તન કરણ કરે છે. કરણ કોઈની શિખામણ માનતો નથી. એને કારણે ઘરમાં બધા દુઃખી તો છે જ. અને એ દુઃખમાં ઓચિંતો એક દિવસ વધારો થાય છે....

સંધ્યા સાસરે આવી ત્યારથી જ એને એક ટેવ હતી. મોટે ભાગે બેંકની પાસબુકો તે પોતાની પાસે રાખતી અને દર મહિને બેંકના ખાતાનો વ્યવહાર જોવા ફેક્ટરીથી એ ચોપડો મંગાવતી. ફેક્ટરીની ખાતાવહી એક દિવસ એની પાસે રહેતી. અને તે દિવસે કંપનીનો થયેલો બેંકો સાથેનો વ્યવહાર તે ચકાસતી. આવી જ ચકાસણીમાં તેને ખ્યાલ આવે છે કે ફેક્ટરીની ખાતાવહીમાં બેંકમાંથી જેટલા નાણાં ઊપડ્યા છે એના કરતાં અનેક ગણાં નાણાંનો ઊપાડ બેંકમાંથી ભરાઈને આવેલી પાસબુકમાં દેખાય છે. એક કરતાં વધુ વાર તે ખાતાવહી અને પાસબુક ચેક કરે છે. પછી એને ખ્યાલ આવે છે કે ફેક્ટરીની ખાતાવહીમાં જે નાણાંનો હિસાબ મળતો નથી તે નાણાં બેંકમાંથી ઊપડી ગયા છે પણ તે ફેક્ટરીના ચોપડે બેંક ખાતે જમા થયા નથી. ખાતાવહી અને બેંકની પાસબુકમાં બહુ જ મોટી રકમની ઊથલપાથલ થઈ હોય તેવું તે જુએ છે. સંધ્યા આ વાત કોઈને કહેતી નથી. ફેક્ટરીમાં જઈ અનિલ અને ગૌતમભાઈ પાસે રહેતી ચેકબુકોની માંગણી કરે છે. તે જુએ છે કે ફેક્ટરીની ચેકબુકમાંથી જે ચેક કોઈને આપવામાં આવ્યા છે તે બધા જ નાણાં ફેક્ટરીને ચોપડે જમા ઉધાર થયેલા જ છે. તો પછી બાકીના ચેક કેવી રીતે બેંકમાં પહોંચ્યા ? સંધ્યા અનિલને પૂછે છે, ‘અનિલ, ફેક્ટરીની ચેકબુક કોની કોની પાસે રહે છે ?’

‘એવું કેમ પૂછવું પડ્યું ? ચેક બુક મારી પાસે અને પપ્પા પાસે રહે છે. બેંકોમાં પ્રોપરાઈટર તરીકે મારી સહી ચાલે છે. પપ્પાની પાસે જે ચેકબુકો હોય છે તેમાં મારી સહી કરેલી હોય છે. એટલે જ્યારે પપ્પાને જરૂર હોય ત્યારે હું હોઉં ન હોઉં તોપણ ચેકના નાણાં મળી શકે. અરે ! એક વાત યાદ આવી. સંધ્યા, થોડાંક ચેક તો આપણે ઘેર જ રાખવામાં આવે છે. ફેક્ટરીના સમય બહાર ક્યારેક નાણાંની જરૂર પડે તો ઘેર ચેક હોય તો તાત્કાલિક કોઈને આપી શકાય અને નાણાં મેળવી શકાય.’

‘તારી વાત બરોબર છે. આજે મને ઘરની ચેકબુક આપજે. આ હિસાબમાં જરા મેળ નથી પડતો કે જેથી મેળવી શકાય.’

તે દિવસે સાંજના સંધ્યા અને અનિલ ઘરે આવે છે. અનિલ ચેકબુક લેવા માટે પોતાની રૂમમાં જાય છે. ઘણી વાર થઈ છતાં અનિલ બહાર આવતો નથી. તેથી સંધ્યા પણ અંદર રૂમમાં જાય છે. સંધ્યા જુએ છે તો અનિલ

ચેક બુક શોધતો હતો. મૂકેલી જગ્યાએ જુએ છે તો ચેકબુક નથી. તેના મોંએ પરસેવો વળી ગયો છે. તે વિચારે છે કે ચેકબુક ક્યાં ગઇ ? ઘણી મહેનત કરે છે પણ ચેકબુક એને મળતી નથી. સંધ્યા કહે છે,

'અનિલ, ચેકબુક શોધતો નહીં. કયાંક આડીઅવળી મૂકાઇ ગઇ હશે. એની આપે મળી જશે. જ્યારે જે વસ્તુને શોધતા હોઇએ ત્યારે તે વસ્તુ આપણી નજીક હોવાં છતાં આપણે તેને જોઇ શકતાં નથી. અને જ્યારે જરૂર ન હોય ત્યારે આપણી આસપાસ કયાંક હોય છે.' એવું કહી સંધ્યા હસી પડે છે.

તે દિવસે સંધ્યા સહજ રીતે ચેકબુકની વાત દબાવી દે છે. કાલે ફરીથી તપાસ કરશે એમ માની તે ઘરના કામમાં વ્યસ્ત થઇ જાય છે.

બીજે દિવસે અનિલ અને ગૌતમભાઇ ફેક્ટરીએ ગયા છે ત્યારે બેંકનું ખાતુ અને બેંકની પાસબુકને ફરી તે સરખાવે છે. ઘણીવાર સુધી પાસબુક અને ખાતાવહી તે જોતી રહે છે. છેવટે નોંધે છે કે ખાતાવહીમાં જે નાણાં જમા-ઉધાર નથી થયા તે નાણાં જે ચેક નંબરથી ઊપાડવામાં આવ્યા છે તે ચેકના સળંગ નંબરો છે. એનો મતલબ એ થયો કે ચેકબુક ખોવાઇ ગઇ છે. તે ચેકબુકના નંબરો જમા થયેલા ચેકોના નંબર પછીના સળંગ નંબરો છે. ફરીથી તે વિચાર કરે છે. મોટેભાગે જે બેંકોમાં તેમનો વ્યવહાર ચાલે છે. તે બેંકોની ચેકબુકમાં કાયમી પચીસ પાન હોય છે. વપરાયેલા નંબરનો તે તાળો મેળવે છે. એને ખ્યાલ આવે છે કે જે ચેકબુક નથી મળી એ ચેકબુકમાં હજુય પાંચ જેટલા ચેક બાકી હશે. તે વિચારતી જ રહે છે. ફેક્ટરીની ખાતાવહીમાં બેંકોમાં જે ચેક જમા થયા છે તે સિવાયના ચેકના નંબરો તે એક કાગળ પર લખે છે. અને પછી મંજુબેનને,

'બા, હું બેંકમાં જઇ આવું છું. ફેક્ટરીથી કોઇનો ફોન આવે તો કહેજો કે અડધા કલાક પછી મારી સાથે વાત કરે. પણ, મારી બેંકમાં જવાની વાત કોઇને કરશો નહિ. તમને આવીને હું વાત કરીશ.' એમ કહી સંધ્યા ઊપડી જાય છે.

બેંકના મેનેજર સંધ્યાને ઓળખતા હોવાથી સંધ્યા પોતાના આવવાનું કારણ કહે છે. પોતાની પાસેનો કાગળ મેનેજરને આપી કહે છે, 'આ કાગળમાં લખેલા ચેકો કઇ તારીખે કોના નામે લખાયા છે અને ચેકના નાણાં કોણે ઊપાડ્યા છે એની માહિતી મારે જોઇએ છીએ.'

દશેક મિનિટની તપાસ પછી મેનેજર સંધ્યાને કહે છે, 'સંધ્યાબેન, આ બધા જ ચેક તમારા દીકરાના નામે લખેલા છે. નાણાં એણે જ ઊપાડ્યા છે. બોલો, શી સેવા કરું તમારી ?'

'સેવાની કોઇ જરૂર નથી. મારે એટલું જ જાણવું હતુ કે આ બધાં ચેક ઉપર મારા પતિ અનિલકુમારની જ સહી છે ને ?'

ફરી પાછો મેનેજર તપાસ કરીને કહે છે, 'સંધ્યાબેન, દરેક ચેક પર તમારા પતિની જ સહી છે. પણ આ બધી તપાસ કરવાનું કારણ શું ?'

સંધ્યા ચમકે છે. ઘરની વાત બહાર ન કહેવાય તેથી, 'જુઓ મેનેજર સાહેબ, હમણાં મારા પતિ થોડા બિમાર રહે છે. ક્યારેક તેમને કશું યાદ રહેતું નથી. આ બધા તેમણે જ લખેલા ચેકોની નોંધ કરાવવાનું ભૂલી ગયા હોવાથી અને તેમને ખ્યાલ ન હોવાથી આ તો મારા મનમાં સમાધાન ખાતર મેં તપાસ કરાવી. બીજું કાંઇ નથી.' અને 'ફરીથી કામ હશે તો આવીશ.' એમ કહેતી સંધ્યા બેંકની બહાર નીકળી જાય છે.

બેંકમાંથી પોતાના ઘર તરફ જતાં સંધ્યા અનેક વિચારો કરે છે. તેને સાચી માહિતીનો ખ્યાલ આવતો નથી. ચેક પર પોતાના પતિની સહી છે. ચેક પણ દીકરાના નામે લખ્યા છે. તો શું અનિલ ચેકબુક ખોવાઇ જવાનો દંભ કરતો હશે કે પછી... ! તે આગળ વિચારી શકતી નથી. નાણાંની બાબતમાં ક્યાંક ગોટાળો થયો છે એ વાત તે સાચી માને છે. ફેક્ટરીનો ચોપડો સાચો છે. તેવી જ બેંકની પાસબુક પણ સાચી છે. ચેક અનિલે લખ્યા છે. અને એ પણ કરણને લખીને આપ્યા છે. તો પછી સાચી વાત કોણ સંતાડતું હશે ? એનો ખ્યાલ સંધ્યાને આવતો નથી.

ઘેર પહોંચી મંજુબેનને બોલાવી ધીરે ધીરે છેલ્લા બે દિવસ દરમ્યાન તેણે જે નાણાં વિશે જોયું એની વાત કરે છે. અને આ બાબતની બધાએ ચર્ચા કરી લેવી જોઇએ એવું પણ પોતાની સાસુને તે કહે છે.

તે રાત્રિએ ભોજન બાદ આ ચારેય જણાં બેઠકરૂમમાં બેસી ચર્ચા કરે છે. ચારેય જણ સ્વસ્થ છે. નાણાં

વિશે ગંભીર છે. અનિલે કરણને આપેલા ચેક પર - દશ હજારના - ચેક સિવાયના ચેક પર સહી કરી નથી. તો પછી ચેક પર કોણે સહી કરી ? અને આ બધાં ચેકો પણ ઘરમાં રહેતી ચેકબુકપરના બેંકમાં રજૂ કરાયેલાં ચેકો છે. તો પછી ?.... આ ચેકો પર સહી કોણે કરી ? ચેકબુક ખોવાઇ છે જરૂર. એનો મતલબ.... બધાનાં મનમાં એક જ વિચાર આવે છે. કરણે તો અનિલની સહીની નકલ તો નહીં કરી હોય ને ?

બહુ જ મોટી રકમ બેંકમાંથી ઊપડી ગઇ છે. અને બાકી રહેલા ચેક પણ બેંકમાં રજૂ થાય તો કેટલી રકમ ઊપડી જાય ? અને છેવટે એવું નક્કી કરવામાં આવ્યું કે મંજુબેન, ગૌતમભાઇ, અને અનિલની ગેરહાજરીમાં સંધ્યા, રાકેશ અને પૂર્ણિમાને બોલાવે અને આમાંથી કોઇ રસ્તો કાઢે. કારણ કે કરણ તો કોઇને ગાંઠતો નથી. એના આ ઉંમરે આવા ખોટાં સંસ્કારોને કારણે તે તો મુશ્કેલીમાં મુકાઇ જશે પણ ઊભો કરેલો આટલો મોટો ધંધો પણ કરણને કારણે જ કદાચ ગુમાવવો પડે.

સંધ્યા અમદાવાદ ફોન કરીને અહીં બધાંને બોલાવવાનો પ્રયત્ન કરે છે. બધા આવે છે પણ ખરાં. અગાઉથી નક્કી થયા પ્રમાણે મંજુબેન, ગૌતમભાઇ અને અનિલ બે-એક દિવસ માટે બહાર ઊપડી જાય છે. સંધ્યા સાથે ફોનથી વાત થશે એવી શરત સાથે. અને ..... પૂર્ણિમા અને રાકેશ આવી પહોંચતા હોય છે.

સંધ્યા બધી વાત કરે છે. રાકેશની સૂચના પ્રમાણે બેંકની નવી ગોઠવણ ઊભી થાય છે. તેમના બે દિવસના રોકાણ દરમ્યાન કરણ આવતો નથી. અને એટલે જ પૂર્ણિમા અને રાકેશ અમદાવાદ પહોંચી જાય છે.

## નવ

અમદાવાદ પહોંચેલો રાકેશ એક બાબતનો વસવસો કરે છે. મુંબઇના રોકાણના દિવસોમાં કરણ તો ન મળ્યો. અને તે કૃતિકાને પણ તે ભૂલી ગયેલો. મુંબઇના રોકાણ દરમ્યાન એને કૃતિકા યાદ જ ન આવી. તેને થાય છે કે કૃતિકાને મળ્યા સિવાય તે આવ્યો એ તેની બહુ જ મોટી ભૂલ થઇ ગઇ. તેથી તે રાત્રિ તે કૃતિકાને ફોન જોડે છે. સામેથી કોઇ પુરૂષનો અવાજ સાંભળતા તે રોંગ નંબર કહી ફોન મૂકી દે છે. પુરૂષનો અવાજ સાંભળતાં જ તેને ચક્કર આવી ગયા હોય તેવું તે અનુભવે છે. સોફામાં તે બેસી જાય છે. પુરૂષનો સાંભળેલો અવાજ પ્રશાંતનો તો નહોતો. તો કૃતિકાને ત્યાં બીજું કોણ હોઇ શકે ? મનનું સમાધાન કરવા વડોદરા પ્રશાંતને ફોન કરે છે. ખબર-અંતર પૂછવા જ ફોન કર્યો હતો તેવું તે કહે છે. પ્રશાંત તો વડોદરામાં જ હતો. તો મુંબઇમાં કૃતિકા સાથે કોણ હશે ? એ પ્રશ્ન એને મૂંઝવે છે.

રાકેશે કરણને અને કૃતિકાને જોયા છે. કલ્પેશ આજે કેવડો હશે તેનો ખ્યાલ એને નથી. કલ્પેશ સામે મળે તો પણ તે એને ન ઓળખી શકે તેમ નથી. એ રીતે ઘણાં વર્ષોથી તે એનાથી દૂર છે. તેને થાય છે કે કૃતિકાને ફોન કર્યો અને પુરૂષનો અવાજ સાંભળ્યો. એની માહિતી રૂપાન્દેને આપી હોય તો ? રાકેશને આજે યાદ આવે છે કે રૂપાન્દેએ કોઇ પુરૂષ મિત્રની વાત કરી હતી. જો કે કૃતિકા તેનું નામ પણ જાણતી નથી. એ પુરૂષમિત્ર માટે તેણે બેંગ્લોરથી મુંબઇ સ્થિર થવાનું ઇચ્છેલું. તો શું એ જ યુવાન કૃતિકાને ત્યાં હતો ?

રાકેશ મનમાં ને મનમાં મૂંઝાય છે. પોતાનો વહેમ કોઇને કહી શકે એમ નથી. હીના એકલીને જ કલ્પેશ સાથેના રાકેશના સંબંધોનો ખ્યાલ છે. બીજાં કોઇને નથી. અને બીજું સંધ્યા, રૂપાન્દે, અને સીનાને એવો પણ ખ્યાલ નથી કે રાકેશના સંબંધો એમના સિવાય બાકીની વ્યક્તિઓ સાથે પણ હશે !

એક એવી ગૂંચવણ ઊભી થઇ છે કે કદાચ કોઇ તેને ઊકેલી નહીં શકે. રાકેશ પોતે પોતાની સાચી વાત બધાને કહી દેવા માંગે છે. પણ તેમ તે કરી શકતો નથી.

રાકેશ પૂર્ણિમાને બોલાવી એમ કહે છે, ‘જો પૂર્ણિમા, સંધ્યા અને બધાં મુંબઇમાં કરણથી ત્રાસી ગયા છે. કરણ ખરાબ રસ્તે ચઢી ગયો એવું મને લાગે છે. તે કદાચ આમાંથી પાછો નહીં વળી શકે. ભવિષ્યમાં કદાચ ન કરવાનું કરી બેસે તો ? મને એમ લાગે છે કે હું પાછો મુંબઇ જવું. કરણની તપાસ કરું. તેને સમજાવી જોઉં. એ માને તો સાચું. નહીં તો પછી બીજી કોઇ વ્યવસ્થા કરવી પડે. આ તો મને તને કહી રાખ્યું. હું ગમે ત્યારે મુંબઇ ચાલ્યો જઇશ.’

‘ભલે તુ જજે. પણ સંધ્યાને આમાંથી માનસિક રીતે ઊગારી લે જે. મારો ભાણો મારી દીકરીને પજવે એ હું સહન ન કરી શકું. અને રાકેશ તું તો ચાણક્ય નીતિ અખત્યાર કરનારો માણસ છું. કરણનો પ્રશ્ન તો બહુ સહેલાઇથી

તું ઊકેલી શકે છે. હવે આ બધી જંજાળમાં પડવાનુ મને ગમતું નથી. તને યોગ્ય લાગે તેમ કરજે.'

પૂર્ણિમા ઢીલી પડી જાય છે. તેની વાત સાચી હતી. વર્ષો સુધી શરૂઆતમાં દીકરીને મોટી કરવા સમાજની સામે તે ઝઝૂમી હતી. દીકરી જ્યાં ઠારે પડી ત્યાં આટલા વર્ષો પછી એનો દીકરો કરણ પણ એક મોટો પ્રશ્ન બની બધાંના જીવન ડહોળી નાંખવા તૈયાર થયો છે. જો કે પૂર્ણિમા કરણ ઉપર બહુ ધ્યાન નથી રાખ્યું એને માટે જવાબદાર તો તે સંધ્યા અને અનિલને માને છે. પાછું તે વિચારે છે, પૈસાદાર મા-બાપના છોકરા-છોકરી જ્યારે કાબૂ બહાર પહોંચી જાય ત્યારે ઘરનાં બધાંને દુઃખી કરી મૂકે છે. તે વિચારતી રહે છે.

## દસ

પૂર્ણિમા સાથે કરણની ઘણી બધી વાતો કરી રાકેશ પૂર્ણિમાને સમજાવી મુંબઇ પહોંચી ગયો. મુંબઇ પહોંચ્યા પછી હોટલ 'તાજમહેલ'માં રૂમ બુક કરાવી બે-ચાર કલાક ઉંઘ ખેંચી નાખવાનો રાકેશનો વિચાર કરે છે. મોડી સાંજે સંધ્યાને ફોન કરી મુંબઇ આવી ગયો છે તેવી જાણ કરે છે અને મોડી રાત્રે 'ઉપહાર' બંગલે પહોંચશે અને ત્યાં જ જમશે તેનું જ તે સૂચન કરે છે.

ફોન કર્યા પછી તેને સ્નાન કરવાનું મન થાય છે. અને તે બાથરૂમમાં પહોંચી જાય છે. ઠંડુ ગરમ મિશ્રિત એવું પાણી શાવરમાંથી ઘણાં બધાં બુંદ રૂપે તેની પર પડે છે. શાવરની નીચે પાણીથી ભીંજાતી વખતે જાણે કે ઘણા દિવસોનો થાક ઉતરી ગયો હોય તેવું તે અનુભવે છે. આમ તો શાવર નીચે તેને ન્હાવાનું મન થતું નથી. ઊભા ઊભા ન્હાવું તે એને ક્યારેય પસંદ પડ્યું નથી. પરંતુ અમેરિકામાં અને 'તાજ મહેલ'ની એક રૂમમાં તેણે દિશા સાથે શાવર નીચે સ્નાન કરેલું. વસ્ત્રવિહિન દિશાના અંગેઅંગમાંથી નિખરતાં સૌદર્ય અને યુવાનીને તેણે શાવરમાંથી પડતાં જલબિંદુઓની સાથે ભોગવેલી હતી. અમેરિકામાં દિશાની ઇચ્છાએ અને ઇન્ડિયામાં પોતાની ઇચ્છાએ જો કે પહેલ તો દિશા એ જ કરી હતી.

બાથરૂમના શાવર નીચેની એ ભીની ભીની મહેંકને કારણે તે દિવસે તો તે ઘણો આનંદિત થઇ ગયેલો. અને પછી જ્યારે જ્યારે દિશા યાદ આવે ત્યારે તે સ્નાન કરવા શાવર નીચે પહોંચી જતો. શાવરમાંથી પડતાં જલબિંદુઓ તે એકલો હોવા છતાં દિશા પણ તેની સાથે છે તેવો અનુભવ કરાવતાં અને મનમાં ને મનમાં દિશાને તે ભોગવતો ને આનંદિત થયો. આજે તેને સ્નાન કરતી વખતે દિશા યાદ આવે છે પણ દિશા તો આફ્રિકા છે. પાછું વિચારે છે દિશા તો સીનાની મમ્મી અને એની સાસુ. હવે સાસુને આ રીતે સ્વપ્નમાં કે વાસ્તવિકતામાં યાદ ન કરી શકાય. તે વિચારોને ખંખેરી નાખે છે. સ્નાન કરી તૈયાર થઇ રૂમની બહાર નીકળે છે. સાંજના છ વાગ્યા હતા. સંધ્યાને ત્યાં તો મોડેથી જવાનું હતું. સમય પસાર કરવા થોડું ગેટ વે ઓફ ઇન્ડિયાની સામેનો દરિયો જોવાની તેને ઇચ્છા થાય છે. આમેય તેને પાણી બહુ ગમે છે.

નાનો હતો ત્યારે ગામડાના તળાવમાં ન્હાવા માટે તે પહોંચી જતો. પાણીમાં રહી તેને પલળવાની મજા આવતી. ક્યારેક પ્રવાસમાં નદી કિનારે પણ તે ન્હાયો છે. જો કે તેને દરિયાના શાંત પાણી બહુ ગમતાં. દરિયાના શાંત પાણીની માફક તેને શાંત છોકરીઓ ગમતી. તે એવું માનતો કે શાંત વસ્તુમાં ઊંડાઇ વધુ હોય છે. એ શાંતિ પાછળ કોઇને કોઇ કારણ હોય તેવું તે માનતો અને તેથી જ તે દરિયાને ચાહતો - શાંત સ્ત્રીઓને પણ.

તેના જીવનમાં જે જે સ્ત્રીપાત્રો આવ્યાં તે તેની દૃષ્ટિએ શાંત હતાં. તેણે બધી સ્ત્રીઓની ઊંડાઇ માપી લીધી હતી. પહેલાં તેણે બધી સ્ત્રીઓને સમજી હતી. તેમની ઇચ્છાઓને જાણી લીધી પણ પહેલ ક્યારેય નહોતી કરી. તે એવું માનતો કે, 'જ્યારે જેની ઇચ્છા થાય ત્યારે તેની ઇચ્છાપૂર્તિ આપોઆપ જ થઇ જાય છે. પહેલ કરવાથી દૂર થઇ જવું જોઇએ. સામાને જ બોલવા દેવું જોઇએ.' એ પ્રમાણે જ તે જીવન જીવતો રહ્યો છે અને એણે ઘણું બધુ મેળવ્યું. એક સામાન્ય ગામડાના યુવક પોતાની કાબેલિયતને કારણે આજે ઘણું બધુ મેળવી શક્યો છે.

વિચારતો વિચારતો તાજમહેલના કોરીડોરમાં તે પગલાં માંડતો એકાએક તેની નજર કાઉન્ટર પર પહોંચે છે. કોઇ યુવાન છોકરી સાથે ઊભેલા યુવાનને તે ઓળખી લે છે. તે યુવાનનો ચહેરો કરણનું સામ્ય

ધરાવતો હતો. રાકેશ એમનાથી થોડે દૂર પહોંચી જાય છે. પાછું વળી તે જુએ છે. છોકરીનો ચહેરો જોતાં જ તે ચમકે છે. અને એ ચહેરો જોતો તે ગંભીર બની જાય છે. તે કૃતિકા હતી. તે બન્નેની નજર રાકેશ પર નહોતી એટલામાંતો એમની જ ઉંમરનો એક યુવાન તેમની પાસે આવે છે. આવતાં જ તે પેલાં બન્નેને બાથમાં લઇ લે છે. રાકેશ આ દૃશ્ય જોઇ શકતો નથી. કૃતિકા, કરણ અને ત્રીજો યુવાન ત્રણેય એક સહિયારા આલિંગનમાં એનો અર્થ શો ? રાકેશ ત્રાંસી નજરે એ ત્રણેયને જોઇ રહે છે. અને બીજી જ ક્ષણે એ ત્રણેય કાઉન્ટર પરથી એક ચાવી લઇ અંદર પ્રવેશી જાય છે. પોતાનાથી દૂર થયેલાં એ ત્રણેયને ન જોતાં રાકેશ કાઉન્ટર પર પહોંચી તપાસ કરે છે. તો તેને ખબર પડે છે કે એ ત્રણેય જણે એક જ રૂમ બુક કરાવી છે. મોટેભાગે તે ત્રણેય કાયમ સાથે જ આવતાં લાગે છે. એને થાય છે કે આજ કલ્પેશ હોય તો ? અને તે બાજુના સોફા પર બેસી જાય છે. રાકેશના માથા પર હથોડાના ઘા થતા રહે છે. તે એકદમ શાંત બેસી રહ્યો છે. ફરવાનું-દરિયાના શાંત પાણી તેને અહીં ક્યાંથી ગમે. શાંત પાણી તો ઊંડા હોય છે. તે તેણે જોઇ લીધાં. જો કે આનો જવાબદાર તે હતો નહિ ? રૂમની અંદર ગયેલાં પેલા ત્રણેય એના સંતાનો હતાં ને ? પણ તે ત્રણેયને આની ક્યાં ખબર છે. સમગ્ર જીવનમાં ઊભા થતા ગૂંચવાડા ક્યારે કોઇથી ઉકેલાઇ શક્યા છે. આજે પહેલીવાર રાકેશને અનુભવ થાય છે કે આવું દૃશ્ય ફરીવાર જોશે તો તેનું હૃદય જ બંધ પડી જશે.

તે ધીરે ધીરે ઊભો થાય છે. પગલાં માંડી શકાતાં નથી. હાથ પગ ધ્રુજે છે. મહાપરાણે તે રૂમમાં પહોંચે છે. પોતાની જાતને પલંગમાં નાખી દે છે. અને બીજી જ ક્ષણે ધ્રુસકે ને ધ્રુસકે રડી પડે છે.

## અગિયાર

રાત્રીના દશ વાગી ગયા તોય રાકેશ ન આવતાં સંધ્યા રાકેશને ફોન કરે છે. રીંગ જાય છે કોઇ ફોન ઉઠાવતું નથી. ફરી પાછો ફોન બંધ થઇ જાય છે. ફરી પાછી રીંગ વાગે છે. ફરી પાછી રીંગ વાગે છે અને બંધ થઇ જાય છે અને છેલ્લી વાર સંધ્યા રીડાયલ કરે છે. રાકેશ ફોન લે છે :

'હું ક્યારનીય તમને ફોન કરું છું. કેમ ઉઠાવતા નથી ? અહીં મારે ઘેર બધા તમારી રાહ જુએ છે. અમે બધાએ જમી લીધું. મારા સસરા જમવામાં બાકી છે. તમે આવશો તેમ કહી તે બેઠકરૂમમાં બેસી રહ્યા છે. ક્યારે આવવા નીકળો છો ?'

'સંધ્યા, હું બહુ થાકી ગયો છું. અત્યારે ન આવું તો ચાલશે ને ? શરીરમાં સતત દુખાવો રહે છે. ચાલી શકાય તેમ પણ નથી. હું સવારે આવીશ. બપોરે તમારી સાથે જમીશ પણ અત્યારે માફ કરજે.'

'ભલે. મારા સસરાને હું સમજાવી લઉં છું. પણ તમે ક્યાંય જતા નહિ. હું જ ત્યાં આવું છું. મારી રાહ જોજો.' કહેતીકને સંધ્યા ફોન મૂકી દે છે. પાછો રાકેશ ઊંઘમાં ભરાય છે.

કેટલોક સમય વહી જાય છે. ઓચિંતો જ ડોરબેલ વાગે છે. મહાપરાણે ઊભો થઇ તે બારણું ખોલે છે. સામે અજાણ્યા પેલા યુવાન - જેનું નામ કાઉન્ટર પરથી કલ્પેશ જાણેલું તે - ઊભો છે. બારણું ખોલતાં જ 'માફ કરજો મારે તમારો ડોરબેલ દબાવવો પડ્યો. અમે બાજુની રૂમમાં છીએ. થોડીક મુશ્કેલી ઊભી થઇ છે. પૈસા બધા ખર્ચાઇ ગયા છે. ઘેર જવાના પૈસા નથી. બધા પૈસા શોપિંગ સેન્ટરની મારી રૂમ પર છે. આજે જ આફ્રિકાથી આવ્યો, આ મારું સરનામું. તમે મદદ કરશો તો અત્યારે જ પાછા આપી જઇશ.'

સંધ્યાને બદલે કલ્પેશને જોતાં રાકેશ આશ્ચર્યમાં પડી જાય છે. કેવું જોગાનુંજોગ, દીકરો બાપની પાસે પૈસા માંગે છે. પણ ઓળખતો નથી.

રાકેશ અંદર જઇ પોતાના ખિસ્સામાંથી પાંચસો રૂપિયા લઇ બહાર આવી તેને આપે છે. અને તેને કહે છે, 'પૈસા પાછા મોકલવાની જરૂર નથી.' ફરીથી ક્યારેક મળીશું. પેલો આભાર માને છે, એ આભારના શબ્દો રાકેશના કાને અથડાય તે પહેલાં તો રાકેશ બારણું બંધ કરી દે છે.

દશેક મિનીટ પછી ફરીથી ડોરબેલ વાગે છે. રાકેશ બારણું ખોલે છે. સામે સંધ્યા હતી. રાકેશ સંધ્યાને આવકારે છે. સંધ્યા રૂમની અંદર આવી બારણું બંધ કરી દે છે.

'બારણું કેમ બંધ કર્યું ? અનિલકુમાર નથી ?'

'ના. હું એકલી જ આવી છું. તારે અનિલકુમારની શી જરૂર ? મેં મારા સાસુ-સસરાને કહી દીધું છે. હવે હું સવારે તને અહીંથી લઈને જ જવાની છું.'

'એવું હોય તો સંધ્યા અત્યારે જ તારી સાથે આવું.'

'ના. એમ કરવાની જરૂર નથી. હું અહીં જ તારી સાથે રોકાઈશ. ઘણા દિવસે એકાંત મળ્યું. આ એકાંતનો પૂરેપૂરો લાભ હું ઉઠાવવા માંગુ છું.'

'જો સંધ્યા, આ બધાથી હું થાક્યો છું. મને આ બધામાં હવે રસ રહ્યો નથી. તુ પણ હવે ઉંમરલાયક થઈ, તારે પણ સમજવું જોઈએ. છોકરો હવે મોટો થઈ ગયો છે. હવે વહુ લાવવાની ચિંતા કર. પરણીને સુખ માણવાની વાત હવે ભુલી જા. હવે તો થોડી સમજ.'

'જો રાકેશ, એ બધી વાતો મન મનાવવાની છે. તું એમ કરી શકે પણ હું એમ ન કરી શકું. આજે તો મને મોકો મળ્યો છે. એ મોકો ગુમાવવા જેટલી હું મુર્ખ નથી.' એમ કહેતીક સંધ્યા રાકેશને વળગી પડે છે. રાકેશ વિચારે છે કે આ કેવા જોગાનુજોગ. થોડી વાર પહેલાં બાજુની રૂમમાં ત્રણ યુવાન હૈયાઓ રંગમસ્તીમાં ઝૂમ્યા હશે. સ્વર્ગનો આનંદ પણ મેળવ્યો હશે ! એક બાપે પોતાના સંતાનો વિશે આવું ન વિચારવું જોઈએ એવું એક ક્ષણ રાકેશને લાગે છે. પણ વાસ્તવિક્તાનો સ્વીકાર કરવો જોઈએ. થોડીવાર પહેલાં એક યુવાન મોજમસ્તીમાં ડૂબ્યો હતો અને હવે બાજુની રૂમમાં એ યુવાનની માતા મોજમસ્તીમાં ડૂબવા તૈયાર છે. અત્યારે એ માતા અને થોડીવાર પહેલા બાજુની રૂમમાં એનો દીકરો !

સંધ્યાનો એક હડસેલો વાગતા રાકેશ વિચારોની દુનિયામાંથી બહાર આવે છે. અને હવે જ તે વાસ્તવિક્તા સમજે છે.

પહેલીવાર નાટકના અંતે સંધ્યાના આગ્રહને કારણે તે તેને ત્યાં ગયો હતો. સંધ્યાના આગ્રહના કારણે જ તે રોકાઈ ગયો હતો. ઈચ્છા ન હોવા છતાં અને તે રાત્રિએ નાટકની માફક અભિનય કરતી સંધ્યા રાકેશને વળગી પડેલી અને પછી સંધ્યાના હોઠોએ રાકેશના હોઠો પર આક્રમણ કરેલું. સંધ્યા એ રાકેશને પોતાના આલિંગનમાં ભીંસી લીધેલો અને ધીરે રહીને બોલેલી,

'રાકેશ, માણસને શરીર ટકાવી રાખવા ભોજનની જરૂર પડે છે. તેનાથી તે તેની ભૂખ સંતોષે છે. પણ શરીર બીજી પણ ભૂખ માંગતી હોય છે. એ બાબતની ઘણાં વખતની મારી ભૂખ ઉઘડેલી હોવાથી મારે તારી પાસેથી મારી ભૂખ ભાંગવી છે.' એમ કહેતીક સંધ્યાએ પોતાના શરીર પરનું પહેરેલ ગાઉન ઉતારીને ફેંકી દીધેલું. સોળ વર્ષની છતાં વીસ વર્ષની લાગે એવી સુંદર આકર્ષક દેહ ધરાવતી એવી સંધ્યા, નગ્ન અવસ્થામાં તેની સામે ઊભી હતી. પછી તો ચુંબનો ની વર્ષા થયેલી. રાકેશને આલિંગનમાં લઈ તેને કચડી નાખેલો અને પછી તો યુવાનીમાં પગ માંડતી એક યુવતિ એક યુવાનના પુરુષાતનને પોતાનામાં સમાવવાનો પ્રયત્ન કરતી હતી. અને પછી તો શ્વાસોશ્વાસની ગતિ થંભી ન થંભી અને તેજ થતી રહી અને તે દિવસે રાકેશ દ્વારા પૂર્ણ સ્ત્રીત્વ સંધ્યા પામી ગઈ.

અને આજે...

વર્ષો પછી એજ વાતનું પુનરાવર્તન થતું હોય એવું રાકેશ અનુભવે છે. પ્રથમ વખત - વર્ષો પહેલાં સંધ્યાએ પોતાની ઈચ્છાપૂર્તિ કરેલી એવી જ ઈચ્છાપૂર્તિ આજે પણ સંધ્યા કરે છે. તે વખતે સંધ્યાનો પહેલો અનુભવ હતો અને આજે સંધ્યા એક પીઢ અનુભવી દ્વારા પ્રયત્નો કરતી હોય એવું રાકેશ અનુભવે છે. અને પછી રાકેશ અને સંધ્યા પ્રણય સુખ માણતા રહે છે.

સવાર ક્યારે પડ્યું તેનો કોઈનેય ખ્યાલ રહેતો નથી. સવારે આઠ વાગ્યે પહોંચી જઈશું એવું સંધ્યાએ કહેલું. નવ વાગ્યા છતાં પણ સંધ્યા પાછી આવતી નથી. તેથી ગૌતમભાઈ રાકેશની ખબર પૂછવા ફોન કરે છે. ત્યારે સંધ્યાને સાચો ખ્યાલ આવે છે.

'પપ્પા, હમણાં જ તાવ ઊતર્યો છે. હવે તેમને સારું છે. તૈયાર થાય છે. અડધા કલાકમાં ઘેર આવી જઈશું.' કહેતીક સંધ્યા ફોન કટ કરી દે છે. રાકેશને ઝડપથી ઊઠાડે છે. પપ્પાના ફોનની વાત કરે છે અને તે ઝડપથી તૈયાર થવા લાગી જાય છે.

## બાર

સંધ્યા સાથે રાકેશ 'ઉપહાર' બંગલે પહોંચે છે. ગૌતમભાઇ અને મંજુબેન સાથે કરણની બાબતમાં ઘણી બધી વાતો થાય છે. ગૌતમભાઇને કરણની બહુ જ ચિંતા છે. પોતાનો વારસદાર આ રીતે અત્યારે જ આવું કરવા માંડે તો બહુ થોડા વખતમાં ધંધો પડી ભાંગે. પોતાની મહેનતથી અને રાકેશની સહાયથી ઊભુ કરેલું આ વિશાળ સામ્રાજ્ય કદાચ તૂટી પડે તો ! એની ચિંતા તે સતત રાકેશની સમક્ષ વ્યકત કર્યા કરે છે. જો કે રાકેશને પણ શું કરવું જોઇએ તે સમજાતું નથી. કરણ મુંબઇમાં હોવા છતાં ઘેર આવ્યો નથી કે હમણાંનો આવતો નથી એવું જાણ્યા પછી રાકેશ બધાને સલાહ આપે છે કે :

'આપણે બધાએ એવું કરવું જોઇએ કે આપણને આપણાથી જ કોઇ નુકશાન થવાનું છે તેમ કરણનું માની લેવું જોઇએ. કરણને એ પણ ખ્યાલ આવવો ન જોઇએ કે એણે ચેકો વિશે જે કર્યું છે તે બધાને જાણ છે. બેંકોમાં કે ઘરમાં કે ફેક્ટરીમાં જે કાંઇ વ્યવહાર ચાલતો તે બધું પુરેપુરી કાળજી રાખી જાળવણી થાય અને આ માટે જ્યાં જ્યાં નાણાં ઊપાડ થતા હોય ત્યાં બધાંને કહી દેવામાં આવે. અમારા દ્વારા એટલે કે ગૌતમભાઇ દ્વારા જ નાણાંકીય વ્યવહાર થશે.' ત્રણેક દિવસ મુંબઇમાં રાકેશ રોકાય છે. પ્રશાંતવાળા બંગલે રૂબરૂ જઇ અને ફોન દ્વારા તપાસ કરતાં કૃતિકા મળતી નથી. તાજમહેલ હોટલમાં પણ તે તપાસ કરે છે. તો ત્યાં પણ તેમણે રૂમ ખાલી કરી દીધી હોય છે. એમ કોઇની ભાળ મળતી નથી. એટલે રાકેશ પાછો અમદાવાદ આવી પહોંચે છે.

# તેર

રાકેશ અમદાવાદ તો આવી ગયો. કરણના ત્રાસમાંથી સંધ્યાને ઉગારવા તે મુંબઇ ગયો હતો. પરંતુ કરણ ન મળવાથી તે થોડો સમય બધાની સાથે રહી તે પાછો અમદાવાદ આવી પહોંચે છે.

જો કે તાજમહલના કાઉન્ટર પાસે કરણ, કૃતિકા અને કલ્પેશને તેણે જોયાં હતાં ત્યારે જ એને ખ્યાલ આવ્યો હતો કે પોતાના જ સંતાનો આમ એકબીજાની સાથે ક્યા સંબંધોથી જોડાયાં હશે ? કે પછી તેઓ આકસ્મિક રીતે જ ભેગાં થઇ ગયાં હશે ? રાકેશ કરણને કે કૃતિકાને મુશ્કેલીમાં ન મૂકવા પડે એટલા માટે દૂરથી જોઇ રહ્યો અને પછી ત્રીજા યુવાન કલ્પેશની જાણ થાય છે ત્યારે તે રોમાંચ તો અનુભવે છે. પણ તે માનસિક રીતે અસ્વસ્થ તો બની ગયો હોય છે. તેથી જ તો તેણે તે રાત્રીએ સંધ્યા આવી ત્યારે આ બધાનો ઉલ્લેખ સંધ્યા સમક્ષ કર્યો નહોતો.

એણે તે દિવસે આ ત્રણેયને સાથે જોયા. અનેક વિચારો તેને આવી ગયેલા. તે દિવસે અને આજે પણ.

એ વાતને વીતી ગયે ત્રણેક માસ જેટલો સમય થયો. આ દિવસો દરમ્યાન કરણ 'ઉપહાર' બંગલે ક્યારેય ગયો નથી કે નથી ગયો ફેક્ટરીએ. કરણના ઉપદ્રવ વિશેની કોઇપણ માહિતીથી તે સંધ્યા દ્વારા વાકેફ થયો નથી, જો કે હવે રાકેશ થાકી ગયો છે. ઘણા બધા પ્રશ્નો તેને મુઝવે છે. ઘણી બધી વ્યક્તિઓની સંભાળ રાખવાનું હવે તેનું કામ થઇ પડ્યું છે. હોસ્પિટલના સંચાલનમાં પણ તે એકલો પડી ગયો છે. પૂર્ણિમા કે હીનાની મદદ તેને મળતી નથી. જો કે પૂર્ણિમા કે હીના દવાખાનામાં તો આવે છે પણ દવાખાનાના સંચાલનમાં બહુ રસ લેતા નથી તેવું રાકેશ માને છે.

હવે રાકેશનો રોજિંદો ક્રમ હોસ્પિટલ અને પોતાનું ઘર. હોસ્પિટલના સંચાલનમાં જો કે તે ઊંડો રસ દાખવે છે. પણ ઘણા બધા કામથી તે થાકી જાય છે. અને થાકેલો ઘેર આવે ત્યારે આરામ તો ક્યાંથી મળે ? હીના અને પૂર્ણિમાની પજવણી તો ચાલુ જ હોય. ઉંમરે પહોંચી હોવા છતાં હજુ પણ જાણે કે સંતોષ ના થતો હોય તે રીતે આ બન્ને બહેનપણીઓ તેના પર તૂટી પડતી. પહેલાં તો હીના અને પૂર્ણિમા એકબીજા પ્રત્યે સખીપણા દાખવી પોતાની ઇચ્છાઓને સંયમમાં રાખી ધીરજ રાખી સંતોષ માનવાનો પ્રયત્ન કરતી. હવે તો તે બન્ને જાણે કે એકબીજાની દુશ્મન બની ગઇ હોય તે રીતે પોતાનો હકદાવો રજૂ કરતી. સહનશીલતા અને સંયમ એ ગુણો તો તેમનાથી દૂર થઇ ગયા હોય. જો કે રાકેશ મનમાં ને મનમાં કાંઇક જુદુ જ વિચારતો.

ઘણીવાર બન્નેને સાથે બેસાડીને કહેતો, 'તમે બન્ને ઝઘડશો નહિ. તમારા બન્નેની ઇચ્છાઓની પૂર્તિ

મારા તરફથી થતી રહે છે. છતાં આમ ઝઘડવાનું શું કારણ ? અને જો હીના પૂર્ણિમાને કારણે જ તુ મારા જીવનમાં આવી છું. તો તારે એની અદેખાઇ કરવાની ન હોય. તમે આમ જ ઝઘડતા રહેશો અને મને પજવશો તો હું તમારા બેની કે એકની સાથે સંબંધો કાપી નાખીશ.'

અને ત્યારે જ બન્ને શાંત થઇ જતા. એકાદ બે મહિના રાકેશ શાંતિથી વીતાવતો અને પાછું પૂર્ણિમા અને હીના ઝઘડી પડતાં. આ જ દિવસોમાં કરણની બાબતમાં બધા સંધ્યાને મુશ્કેલીમાં મુકાઇ જતાં તેમને બચાવવાનો રસ્તો શોધે છે. એજ દિવસોમાં પાછા બન્ને ઝઘડે છે.

અને એક દિવસ કોઇ ન જાણે તેમ આ બધાથી જાણે થાકી ગયો હોય તેમ એકાદ માસ માટે બહાર જવાનો નિર્ણય કરી - તૈયારી કરી કોઇને કહ્યા સિવાય તે ચાલ્યો જાય છે.

અને...

શહેરમાં પહોંચી રાકેશ ફોન કરે છે, 'હું એકાદ માસ માટે બહાર જાઉં છું. હું ક્યાં જાઉ છું તેની જાણ કરતો નથી. ચિંતા કરશો નહિ. હું જ્યાં હોઈશ ત્યાં સલામત હોઇશ.' ફોન હીના ઉઠાવે છે. પૂર્ણિમાને રાકેશનો સંદેશો આપે છે. પૂર્ણિમા અને હીના બન્ને 'રાકેશ કયાં ગયો હશે ?' એની ચિંતા કરતાં રહે છે.

## ચૌદ

રાકેશ નૈરાબી પહોંચી ગયો. કેન્યા એરવેઝનું વિમાન નૈરોબી લેન્ડ થાય છે. એક પછી એક મુસાફરો બહાર નીકળે છે. રાકેશના હાથમાં એક નાની એટેચી જ છે. બે જોડી કપડાં લઇ તે નીકળી ગયેલો. તે જાણતો હતો કે ગઇ વખતે નૈરોબી આવ્યો ત્યારે તેના કપડાં તે અહીં જ મૂકીને આવેલો અને આમેય રાકેશને નવાં નવાં વસ્ત્રો પહેરવાનો શોખ હતો. આમેય જૂની વસ્તુઓને તે જરૂરિયાત પૂરતી જ સંગ્રહી રાખતો. નવી મળે પછી જૂની વસ્તુઓની જરૂર પડ્યે જ તે ઉપયોગ કરતો. જૂની વસ્તુઓનો ઉપયોગ ન થાય એટલે ફેંકી દીધેલી જ ગણાય ને ? જો કે રાકેશ જૂની વસ્તુને પણ સંગ્રહી રાખવામાં માનતો ન હતો. એ એવું માનતો કે, 'નવીની સામે જૂની વસ્તુઓ પણ ક્યારેક ઉપયોગી થઇ પડે છે. એનાથી દૂર ન ભાગવું જોઇએ. પણ જૂની અને નવી વસ્તુને એકબીજાથી દૂર જ રાખવી જોઇએ.'

પોતાની વાત પોતાનામાં જ સમાવી રહેવી જોઇએ. બહાર બહુ એનો દેખાડો ન કરવો જોઇએ. પોતાની મેળે જ પોતાના રસ્તા કરી લેવા જોઇએ. એટલે જ રાકેશ સુખી છે. ઘણાં બધાની વચ્ચે જીવતો હોવા છતાં કાયમ પોતાનું મોં બંધ જ રાખે છે. સામાને જે સમજવું હોય તે સમજે અને તે જીવ્યે જ જાય છે.

એરપોર્ટ પર જરૂરી વિધિ કરાવતા - ઘણું બધુ વિચારી તે બહાર નીકળે છે. તેને ખ્યાલ આવે છે કે અહીં આવવા માટેની જાણ કોઇને કરી નથી તેથી તેને લેવા માટે કોઇ આવ્યું ક્યાંથી હોય ? નજીકના ટેલિફોનબુથમાં જઇ તે સીનાને ફોન કરે છે. સામે કોઇ સ્ત્રીનો અવાજ આવે છે. પછી તેને ખબર પડે છે કે આ અવાજ તો પહેલાં તેણે ક્યાંક સાંભળ્યો છે. ફોનમાં તે પોતાના આગમનની જાણ કરે છે. કોઇ તેને લેવા માટે આવે તેમ પણ તે કહે છે. સામેથી 'ત્યાં બહાર જ ઊભા રહેજો. થોડીવારમાં કોઇ તમને લેવા આવશે.' અને ફોન કટ થઇ જાય છે.

લગભગ એક કલાક નીકળી ગયો. એરપોર્ટની બહાર ઊભો રહી રાકેશ થાકી ગયો હતો. ગઇ આખી રાત્રિનો તેને ઉજાગરો હતો. પ્લેનમાં તો તે સૂઇ શક્યો હોત પણ તેની નજર સમક્ષ તાજમહલના કાઉન્ટર પાસેનું દૃશ્ય ખસતું નહોતું. વધુતો તે કરણ વિશે જ વિચારતો રહેલો તેથી તે ઊંઘી શક્યો નહોતો. ઉજાગરાનો થાક તેના મોં પર દેખાતો હતો. પાછું એક કલાક જેટલો સમય તેને ઊભા રહેવું પડ્યું લેવા આવનારની રાહ જોતાં જોતાં. જો કે ફોનમાં તેણે 'ટેલિફોન બુથની પાસે ઊભો હોઇશ.' એવું કહેલું એટલે ચિંતા નહોતી. લેવા આવનાર તેને શોધી શકશે.

બીજી પંદરેક મિનિટ વીતે છે. કોઇ લેવા આવ્યું નથી. પાછો તે વિચારે ચડે છે. પેલો ફોન પરનો સ્ત્રીનો અવાજ પરિચિત છતાં અજાણ્યો હતો. કોણ હશે એ સામી વ્યક્તિ? એનું નામ તો પૂછવાનું ભુલી જ ગયેલો. જો કે

તેણે પોતાનું નામ તો આપેલું જ.

અને ત્યાં તો...

'તમે જ રાકેશકુમાર ને ? મેં તમને ઓળખ્યા.' આવનાર સ્ત્રી રાકેશને ઓળખી જાય છે. પણ રાકેશ તેને ઓળખી શકતો નથી.

'વર્ષો થયાં એ વાતને. મને લાગે છે કે લગભગ પંદરેક વર્ષ થયાં. તમે બદલાયા નથી. એવાને એવા જ છો. પણ થોડી હું બદલાઈ છું. ચહેરે અને શરીરે પણ, તેથી તમે મને ઓળખી ન શક્યા કેમ ખરું ને ?'

'તમારી ઓળખાણ આપો. ક્યાંક ક્યારેક ભેગાં થયાં હોઈશું. તમારો અવાજ થોડો પરિચિત લાગે છે. પણ ઓળખાણ પડતી નથી.'

'જુઓ રાકેશકુમાર, આપણે પહેલાં ક્યારેય મળ્યા નથી. ફોન ઉપર વાત થયેલી ખરી. અહીં આફ્રિકામાં જ દિશાને ઘેર જ. દિશા મારી બહેન થાય. વર્ષોથી અહીં આફ્રિકામાં હું રહું છું. જો કે નૈરોબીથી ઘણે દૂર આફ્રિકાના બીજા ભાગમાં રહેતા હોવાથી અવારનવાર તમે અહીં આવ્યા છતાં પણ આપણે ભેગાં થઈ શક્યા નથી. તમારી ઘણી બધી બાબત હું જાણું છું. હીનાભાભી દ્વારા પણ જાણેલું અને દિશા દ્વારા પણ. તમે તો મારી સીનાના વર, મારા ભાણેજ જમાઈ. આટલો નજીકનો સંબંધ હોવા છતાં વર્ષો પછી ભેગા થઈએ છીએ. રાકેશકુમાર એક ખાનગી વાત કહું ? તમારી ઘણી બધી માહિતી મેં મેળવી છે. જો કે કોઈ સાચું કહેતું નથી. ક્યાંથી કહે ? પણ હું સાચું કહીશ. વર્ષોથી તમને ન જોયાં હોવા છતાંય - ફોટા સિવાય - તમારા માટે મને આકર્ષણ રહ્યું છે. અને હું.... ખેર ! એ બધું જવા દો. તમે થાક્યા હશો. ઘેર પહોંચીને બધી વાત કરીશું.'

અને પછી એરપોર્ટથી નૈરોબીના નગારા વિસ્તારમાં જતી વખતે ગાડીની ગતિની સાથે સાથે રાકેશના મનની ગતિ પણ વધતી જ જાય છે. જો કે કોઈ કશું બોલતું નથી. રાકેશ ગાડી ચલાવતી આ ચહેરેથી ઠરેલ પણ દિશા જેવું જ સૌંદર્ય ધરાવતી સ્ત્રીને જોઈ રહી છે. અને પેલી સ્ત્રી પણ થોડી થોડી વારે રાકેશને જોતી રહે છે. અને મરક મરક હસતી રહે છે.

અડધાએક કલાકમાં ગાડી નગારાના માટલીવાળા બિલ્ડીંગ પાસે આવીને અટકે છે અને સાથો સાથ રાકેશના વિચારો પણ.

નગારા આવ્યે ઘણો વખત થઈ ગયો. થોડું બદલાઈ પણ ગયું છે. સીનાના ઘરની પાસે જે ખુલ્લો ચોક હતો તે પણ મકાનમાં ફેરવાઈ ગયો છે.

અને પછી ગાડી મોટા દરવાજાની અંદર થઈ ખુલ્લા ગેરેજમાં પ્રવેશ કરે છે. રાકેશ પેલી સ્ત્રીની પાછળ પાછળ ધીરે રહીને બહાર આવે છે.

ધીરે રહીને મકાનનો મુખ્ય દરવાજો ખોલાય છે. રાકેશ પાછળ પાછળ મકાનમાં પ્રવેશ કરે છે.

'રાકેશકુમાર, તમે નાહી-ધોઈને પરવારી લ્યો. ત્યાં સુધી હું તમારા માટે નાસ્તો કરી દઉં છું. તમે જેને મળવા આવ્યા છો તેમાંનુ કોઈપણ, સીના એના મમ્મી, પપ્પા કોઈ જ આજે નહીં મળે. તમને વિગતે વાત કરીશ.'

રાકેશ દૈનિક ક્રિયાઓથી પરવારી પાછો બેઠકરૂમમાં આવે છે. ત્યારે તેના માટે ચ્હા-નાસ્તો તૈયાર હતો.

'રાકેશકુમાર, નાસ્તાની સાથે તમને ચ્હા ફાવે છે ને એટલે ચ્હા જ બનાવી છે. ઓછી ખાંડવાળી બરાબર ને !'

રાકેશ નાસ્તો કરતો રહે છે. સાથે ચ્હાની ચુસકીઓ પણ લેતો રહે છે. સાથો સાથ તેના કાન પર અવાજ અથડાતો રહે છે :

'હું સીમા. દિશાની બહેન. મારુ નામ કહેવાનું પહેલાં ભૂલી ગયેલી. અરે મારું નામ જ ક્યાં તમે પૂછ્યુ હતું ? કેટલીક બાબતોમાં સામી વ્યક્તિ પૂછે તેટલો જ હું જવાબ આપું અને કેટલીક બાબતોમાં મને જે ગમે તે હું પૂછી લઉં છું. જુઓ, સીના અને દિશા અને મારા બનેવી ત્રણેય જણ છેલ્લા ત્રણેક દિવસથી મોમ્બાસા ગયેલા છે. રાત્રે તેમને ફોન કરીશું. પરમ દિવસે તે બધાં સાંજના પાછા આવશે. અને કલ્પેશ પણ ધંધા માટે યુગાન્ડા ગયો હોવાથી તમને મળી શકશે નહિ. કદાચ તે યુગાન્ડાથી જ દુબઈ થઈ પાછો ઈન્ડિયા પહોંચવાનો છે. આ વખતે તો અમદાવાદ આવવાનું કહેતો હતો પણ તેનું નક્કી નહીં બોલે શું અને કરે શું ?'

'તો સીમામાસી બે દિવસ મારે અહીં એકલું જ

રહેવાનું ને ?'

'તમે મને માસી નહિ ફક્ત સીમા જ કહો તો ચાલશે. આપણે એકલાં હોઈએ ત્યારે અને બીજું તમે બે દિવસ એકલા ક્યાં છો હું તો છું ને ? બીજું તમારે શું જોઈએ ? કોઈપણ જાતનો સંકોચ રાખશો નહિ. મને દિશા જેવી જ સમજશો. મારે વધારે તમને કહેવાનું ન હોય તમે તો સમજુ છો. શાનમાં સમજી જાવ.' બીજી ક્ષણે સીમા ઊઠીને રસોડામાં પહોંચી જાય છે.

આખી રાતનો ઉજાગરો રાકેશને છે. સીમા તો બપોરની રસોઈ બનાવવામાં વ્યસ્ત બની ગઈ. રાકેશ અંદરના રૂમમાં જઈ આરામ કરે છે. પથારીમાં પડેલો રાકેશ લાંબી ઊંઘ ખેંચે છે. ઓચિંતો જ જાગે છે, કાંડા ઘડિયાળમાં જોતાં તે ચમકે છે. કાંટો અઢીનો સમય બતાવતાં સફાળો તે જાગે છે. બેઝીન પાસે પહોંચી હાથ-મોં ધોઈ સ્વસ્થ થાય છે. પોતાને કારણે અઢી વાગ્યા સુધી સીમા પણ ભૂખી રહી હશે તેવું માની લે છે. બેઠકરૂમમાં પહોંચે છે. ત્યારે રાકેશ જુએ છે ત્યારે સીમા બેઠી બેઠી પેપર વાંચતી હતી. ત્યાં જ દિવાલ પરની ઘડિયારમાં એક પછી એક ટકોરા પાડતી જાય છે. બાર ટકોરા પડ્યા પોતાની ઘડિયાળમાં અઢી વાગ્યા અને અહીંની ઘડિયાળમાં બાર ? હવે જ તેને ખ્યાલ આવે છે કે ભારતનો સમય નૈરોબીના સમય કરતાં અઢી કલાક આગળ છે. અને તે હસી પડે છે. તે જ વખતે સીમા રાકેશ તરફ જુએ છે. રાકેશને હસતો જોઈ તે પણ હસી પડે છે.

અને પછી તો.... સીમા રાકેશને તેના મનભાવતાં ભોજન કરાવે છે. રાકેશની બધી જ બાબતોથી, ખાવાની-પહેરવાની કે બીજી... બધું જ તેણે વારંવાર દિશા પાસેથી તેણે સાંભળેલુ અને તેથી જ તે રાકેશને પ્રિય એવી ભોજનસામગ્રી બનાવે છે. સીમા પ્રેમથી રાકેશને જમાડે છે. રાકેશ પણ ખુશ છે. ઘણા દિવસો પછી એક સાથે ઘણી બધી વસ્તુઓ - ભોજનમાં તેને પ્રિય હતી તે બધી જ - તે આરોગે છે. જો કે તેને ઘણું પ્રિય હતું. જમતી વખતે પણ તે થોડી થોડી વારે ત્રાંસી નજરે સીમાને જોયા કરતો હતો અને સીમા પણ રાકેશની માફક જ તેના તરફ જોઈ રહી હતી ને ?

હાશ ! કરી રાકેશ ઊભો થાય છે. સીમા તરફ જોતાં કહે છે, 'આજે તમે મને ભાવતાં ભોજન કરાવ્યાં. જો કે હું તમારો આભાર નહિ માનું. મને જે બધુ પ્રિય હતું તે જ તમે મને આપ્યું.'

'બીજું તમને શું પ્રિય છે ? પ્રિય વાનગીઓ તો તમે આરોગી. તમને દિશા પણ ગમતી હતી તેવું દિશા કહેતી હતી.'

'તમારી વાત સાચી છે. મને દિશા જરૂર ગમે છે પણ હવે તો ?'

'હવે શું ?'

'હવે તો તે મારી સાસુ કહેવાય ને ? હવે દિશા મને ગમે છે, એવું મારાથી ના કહેવાય.'

'ક્યારેક તો કહેતા હશો ને ?'

'હા.'

'તમારે દિશાને મેળવવી છે ?'

'એ શક્ય બને ખરું ?'

'ના કેમ બને ? શક્ય બનાવવાનું મારા હાથમાં છે. જુઓ રાકેશકુમાર અંધારામાં તો કોઈનો ચહેરો આપણે જોઈ શકતા નથી. કોણ હશે ? એની તો માત્ર કલ્પના જ કરવી પડે છે. તમારે દિશા મેળવવી છે ને ? થોડી જ વારમાં હું તમારી દિશા સાથેની મુલાકાત કરાવી આપું.' એમ કહી સીમા ઊભી થાય છે. મુખ્ય દરવાજો બંધ કરતાં પહેલાં બેઠકરૂમમાં ઝાંખો પ્રકાશ કરે છે. દિશા રાકેશનો હાથ પકડી અંદરની રૂમ તરફ લઈ જાય છે. તે રૂમમાં બેઠકરૂમ કરતાં વધુ અંધારું છે. રાકેશને હડસેલો મારી પલંગ પાસે બેસાડે છે. તેની સામે તે ઊભી રહે છે અને ધીરે રહીને કહે છે, 'તમારે તો દિશાને મેળવવી છે ને ? અંધારામાં તો ચહેરાની કલ્પના જ કરવી પડે ને ? ઘડીભર માની લો કે હું સીમા નથી, હું જ દિશા છું.' એમ કહી સીમા રાકેશને વળગી પડે છે.

રાકેશે ધાર્યું હતુ કે જે રીતે સીમા વાત કરતી હતી તે રીતે સીમા પણ દિશાની દિશામાં જ જશે. જો કે દિશા કરતાં ઉંમરમાં થોડી નાની છે. ચહેરે-મહોરે દિશા જેવી જ લાગે છે. જો કે દિશા કરતાં થોડીક પાતળી ખરી !

રાકેશ વિચારતો રહે છે. સીમા એને ભીસંતી રહે છે. સીમા આકરી થતી જાય છે. રાકેશ શાંત છે. રાકેશને કોઈ ઉતાવળ નથી. તે આંખો પરથી સ્ત્રીઓને ઓળખી કાઢે છે. એરપોર્ટ પરથી ગાડીમાં આવતા જ સીમાના

મનમાં શું ચાલતું હશે તેની કલ્પના તો તેને હતી જ. આમેય રાકેશ સ્ત્રીઓનો શોખીન હતો. પણ સ્ત્રી કરતાં તેને પૈસા વધારે વહાલા હતા. નાનપણમાં તે ગરીબીમાં ઉછર્યો છે. પૈસાથી દૂર રહ્યો છે. હવે જ્યારે તેની સમક્ષ કોઈપણ સ્ત્રી આવે ત્યારે તે સ્ત્રી કરતાં તે પૈસાને વધુ મહત્વ આપે. રાકેશ પૈસાની પાછળ વધુ ઘેલો થાય છે. એટલો બધો પૈસો તેની પાસે થઈ ગયો છે કે પૈસો ક્યાં મૂકવો ? તે વ્યવસ્થા તે કરી શક્યો નહિ. સમજણો થયો ત્યારથી જ રાકેશે એક સિદ્ધાંત રાખેલો કે સ્ત્રીને જે જોઈએ તે તરત આપી ન દેવું. સ્ત્રીને તડપાવવી. એની પાસે કેટલી રકમ છે તેની પણ જાણ કરી લેવી જોઈએ. જો કે પાછો તે એવું પણ વિચારતો કે, ‘પહેલાં સ્ત્રીને સંતોષ આપવો અને પછી સ્ત્રીને એવી તો ઘેલી કરી દેવી જોઈએ કે તે પાછળ પાછળ જ ફર્યા કરે અને પછી તે તો ખરી અને પછી તેનો પૈસો પણ પોતાનો થઈ જાય ને ?’

સીમાના આલિંગનમાં વધુને વધુ રાકેશ જકડાય છે. સીમા જાણે કે હાંફતી હોય તેવું તેને લાગે છે. અને પછી ધીરે ધીરે રાકેશનો હાથ સીમાના અંગેઅંગમાં ફરવા લાગ્યો. રાકેશનો હાથ જેમ જેમ સીમાના અંગો પર ફરતો ગયો તેમ તેમ સીમા વધુને વધુ ઉત્તેજીત બનતી ગઈ અને ક્યારે તેના શરીર પરના વસ્ત્રો દૂર થઈ ગયાં એની તો એ બન્નેને ખબર જ ન પડી ! અને પછી તો એકબીજા તરફથી અંગો દબાતા રહ્યાં. શરીર ભીંસાતું રહ્યું. આખા રૂમમાં ઉત્તેજના વ્યાપી ગઈ. શ્વાસોની ગતિ વધતી જ ગઈ. ક્યારેક શ્વાસો થંભ્યા. થોડીક ક્ષણોનો આરામ કરી ગતિ કરવા લાગ્યાં. અને આમ શ્વાસનું થંભવું અને ગતિ કરવું એ ક્રિયા ચાલતી જ રહી. ઘણા સમયથી અતૃપ્ત રહેલી સીમાની ઈચ્છાઓ રાકેશ દ્વારા તૃપ્ત થતી રહે છે. અને તૃપ્તિનો અહેસાસ અનુભવતી સીમાનું આલિંગન શિથિલ પડતું જાય છે. અને પછી સીમા પથારીમાં પડી રહે છે.

આમને આમ ઘણા સમય સુધી સીમા પથારીમાં જ પડી રહે છે. શરીરે થાક અનુભવે છે. શરીરમાં કળતર થયું હોય તેવું તે અનુભવે છે. ઓચિંતી તે જાગે છે. રૂમમાં અજવાળું છે. પથારીમાં બાજુમાં રાકેશ નથી. તે બેઠી થાય છે. વસ્ત્ર વગરની પોતાની કાયા જોઈને તે શરમાઈ જાય છે. એક ક્ષણ પૂરતું જ. અને તે પછી સીધી જ બાથરૂમમાં પહોંચી જાય છે. બાથરૂમના મોટાં અરીસામાં પોતાનું સંપૂર્ણ શરીર જોતી શાવરમાંથી નીકળતાં મોટા જલબિંદુઓથી પોતાની કાયા સ્વચ્છ કરતી રહે છે. અને વર્ષો પછી પ્રથમ વાર જાણે કે પોતાનું ઉઘાડું શરીર જોતાં તે આનંદ અનુભવે છે. સ્નાન તો પતી ગયું. શરીર સાફ કેવી રીતે કરવું ? તે તો રૂમમાંથી સીધી જ બાથરૂમમાં આવી ગયેલી. શરીર લુછવાના રૂમાલ માટે તે રાકેશને બૂમ પાડે છે. પણ રાકેશ બોલતો નથી અને પછી બાથરૂમનું બારણું ખોલી દિગમ્બર અવસ્થામાં બહાર નીકળે છે. તે જ સમયે ખટ-ખટ-ખટ એમ અવાજો આવતા રહે છે. સીમા કાંઈ સમજે તે પહેલાં તો ઓચિંતા જ આવી રાકેશ વસ્ત્રવિહિન દશામાં તેના ઘણા બધા ફોટા પાડી લે છે. સીમા શરમાઈ ગઈ. રાકેશ સામે જોઈ મરક મરક હસતી ત્યાંથી દુર થઈ ગઈ.

## પંદર

રાકેશ સીમાને બોલાવે ત્યાં તો સીમા રાકેશથી દૂર થઈ ગઈ. પોતાની મરજી વિરુદ્ધ રાકેશે તેના ફોટા પાડી લીધા. તેથી તે અકળાઈ હતી. પણ તેના ચહેરા પર મરક મકર હાસ્ય જ હતું. અવાર નવાર દિશાને તે મળતી, સરખે સરખી ઉંમરની બહેનો કે સખીઓ ક્યારેક મર્યાદા છોડીને ક્યારેક ગમા કે અણગમાની વાતો એકબીજાને કરતી હતી. દિશા અને સીમા વચ્ચેની મર્યાદા રેખા તો તે બન્ને નાનાં હતા ત્યારથી જ ઓળંગાઈ હતી. બન્ને બહેનો કરતાં સખીપણું વધુ હોય તે રીતે રહેતાં. આફ્રિકાના જ બે જુદા જુદા શહેરોમાં રહેતાં હોવા છતાં પણ એકબીજાથી અંતર રાખ્યા સિવાય અવારનવાર ભેગાં થઈ હૈયાની ગોઠડી માણતાં. ક્યારેક સીમા દિશાને પૂછી લેતી અને ત્યારે દિશા પણ પોતાની અંગત વાતો સીમાને કહેતી. સીમા પણ ન જાણે સમજણ ન પડી હોય એ રીતે એકને એક વાત વારંવાર કહ્યા કરતી. છેલ્લાં થોડાં વર્ષો થી બન્નેની વાતના મુખ્ય આધાર રાકેશ રહેતો. રાકેશ સાથેના સંબંધની વાત નિખાલસ રીતે દિશા એ સીમાને કરેલી. જો કે દિશા ભોળી હતી અને સીમા લુચ્ચી. રાકેશ વિશે પોતાનાં અંતરમાં ભાવ છે એવું ક્યારેય સીમાએ દિશાને ન કહેલું. સીમા રાકેશનો સંપર્ક સાધવાનો પ્રયત્ન કરતી હતી પણ સાધી ન શકેલી. ઘણાં વર્ષોને અંતે રાકેશને મેળવવાની લાલસા સીમાની અધૂરી રહી ગઈ હતી અને આમ અચાનક જ સીમાને મોકો મળે છે અને તે પોતાની ઈચ્છાની તૃપ્તિ થતી હોય તેવું અનુભવે છે.

જો કે અંદરખાને તે ભયભીત પણ બને છે. રાકેશે તેના બેહુદા ફોટા પાડી લીધા હતા ને ?

અને પછી તો દિશા આવે તે પહેલાં તો જેટલો સમય મળ્યો તેટલો તો રાકેશની નજીકને નજીક સીમા પહોંચતી ગઇ. રાકેશનું એવું તો ઘેલું લાગ્યું હતું કે રાકેશ પોતાની નજીક જ રહે તેવું સીમા ઇચ્છતી હતી. રાકેશ સીમાને તડપાવતો હતો. સીમા પણ અધીરી બની હતી. સીમાની અધીરાઇને રાકેશ જાણતો હતો. વાત વાતમાં પોતાને પૈસાની મુશ્કેલી છે એવી વાત રાકેશે કરી. સીમાની પાસેથી થોડી રકમ મેળવવાનું વચન લઇ લીધું અને તે જ દિવસના ઘણા કલાકોના રાકેશ સાથેના સથવારામાં અન્ય તૃપ્તિનો અહેસાસ સીમા કરે છે. અને બદલામાં સીમા રાકેશને મોટી રકમનો ચેક પણ આપી દે છે. રાકેશને તો પૈસા જોઇતા હતા. એને તો પૈસા સાથે નિસ્બત હતી. પોતાના અંગત જીવનમાં કેવા પાત્રો પ્રવેશે છે અને તે પાત્રો સાથે શો સંબંધ છે એ જાણવવાનું રાકેશને કોઇ જરૂર નહોતી. અને આફ્રિકામાં જ નૈરોબીમાં સીના અને દિશા - પત્ની અને સાસુ - અને મોમ્બાસામાં એક નવું રહેઠાણ રાકેશને માટે ઊભું થાય છે. એ હતું સીમાનું ઘર.

ત્રીજે દિવસે સાંજના બધા પાછા આવે છે. સીના, દિશા અને સીનાના પપ્પા. કલ્પેશ તો મોમ્બાસાથી બારોબાર ઈન્ડિયા પહોંચી ગયો હતો. દિશાના આવ્યા પછી બે એક દિવસ રોકાઇ સીમા ચાલી જાય છે. પણ રોજ રાત્રે ફોન પર દિશા અને રાકેશનો સંપર્ક સાધે છે.

## સોળ

પંદર દિવસ સુધી રાકેશ પોતાના આગમનનું કોઇ કારણ બતાવતો નથી. કરણ, કૃતિકા અને કલ્પેશની વાત કેવી રીતે કરવી એની મૂંઝવણ રાકેશને છે. છેવટે રાકેશ નૈરોબીથી પાછો આવવા નીકળે છે. નૈરોબીના એરપોર્ટ પર સીમા તેને ભટકાઇ જાય છે. જો કે તેનું આશ્ચર્ય રાકેશને નથી. ફોન પર સીમા એ જાણી લીધું હતું કે રાકેશ ક્યારે જવાનો અને એટલે જ તે આવી પહોંચી. જો કે રાકેશ તો જાણતો જ હતો કે સીમા આવશે જ. કોઈપણ જાતની ઔપચારિકતા તેમની વચ્ચે થતી નથી અને બન્નેનાં પગલાં વિમાન તરફ પહોંચી જાય છે.

બોમ્બેના એરપોર્ટ પર વહેલી સવારે ૨ - ૨૦ કેન્યા એરવેઝનું વિમાન લેન્ડ થાય છે. ત્યારે સહજ રીતે સીમા પુછે છે ‘હું પણ તમારી સાથે આવું તો તમને વાંધો નથી ને ?’

‘જો સીમા, હું તને ઓળખી ગયો છું. દિશાની જ તું બહેન, જેવી દિશા તેવી તું. આમ તો તું મારી સાથે રહેવા જ આવી છું અને તેથી જ તું આવી તેનું મને જરા પણ આશ્ચર્ય નથી. તું થોડા દિવસ મારી સાથે રહી આફ્રિકા જ પાછી ચાલી જવાની છું તે હું જાણું છું. જો કે તેની મને ચિંતા નથી. થોડા દિવસ આપણે સાથે રહીશું. પણ એકાદ દિવસ તારે અહીં એકલું રહેવું પડશે. પૈસાની વ્યવસ્થા કરવા માટે જવું પડશે. તારી સાથે થોડાં દિવસ રોકાવાય એ દિવસોનો ખર્ચ જેટલો થાય તેટલાં મારી પાસે પૈસા નથી.’

‘પૈસાની તું ચિંતા ના કરીશ. આખું મુંબઇ શહેર ખરીદી લઉં તેટલા પૈસા લઇને હું નીકળી છું તો પછી તારે શી ચિંતા.’

અને પછી...

વહેલી સવારે લગભગ ચારેક વાગ્યે રાકેશ સીમાને લઇ જુહુ પરની એક ફાઇવસ્ટાર હોટલમાં પહોંચે છે.

હોટલમાં કાઉન્ટર પર પહોંચી રાકેશ રજીસ્ટરમાં પોતાનું નામ લખાવે છે. સાથે પોતાની પત્ની છે એમ પણ લખાવે છે. ત્યાં જ કાઉન્ટર પાસે એક યુવાનને બોલાવી ‘રૂમ નં. ૨૧૩માં આમનો સામાન લઇ જા.’ એમ કહેતાં જ પેલો યુવાન આવનાર પ્રવાસીઓનો સામાન લઇને આગળ વધે છે. આવનાર પુરૂષને તે ઓળખી ગયો છે. એટલે પોતાનું મોં પેલો પુરૂષ જોઇ ન જાય તેવો પ્રયત્ન કરે છે. રૂમ નં. ૨૧૩માં સામાન મૂકી તરત જ તે પાછો વળી જાય છે. કાઉન્ટર પર આવી રૂમ નં.૨૧૩ ના પ્રવાસીઓના નામ જોઇ તે ચમકે છે. ‘મિ. એન્ડ મિસીસ રાકેશ’ નામ જોતાં જ તે ઘણું બધું વિચારે છે. ૨૧૩ નંબરની રૂમમાં પ્રવેશેલા રાકેશને ક્યાં ખબર છે કાઉન્ટર પર ૨૧૩નંબરની રૂમનાં પ્રવાસીઓના નામ જોતી વ્યક્તિ બીજી કોઇ નહિ પણ કરણ હતો.

કરણે કાઉન્ટર પર તપાસ કરી રૂમ નં.૨૧૩ના પ્રવાસીઓની. પોતાના રાકેશદાદાને અજાણી સ્ત્રી સાથે

જોતાં તે ચમકેલો. પાછો તેમણે સાથીદાર પ્રવાસીને પોતાની પત્ની તરીકે ઓળખાવી. આમ કેવી રીતે બને ? તે વિચારતો રહે છે. અને સીધો જ મેનેજરની ચેમ્બરમાં જઇ, 'તબિયત સારી નથી.' એમ કહી ત્રણેક દિવસની રજા લઇ લે છે. તે દાદાને તો ઓળખી ગયો છે પણ દાદા તેને ઓળખી જાય તો અને પાછા નોકરી કરતી હાલતમાં અને એ પણ સામાન્ય માણસની. તેથી તે રજા મૂકી દે છે. કરણને યાદ આવે છે -

જ્યારથી બેંકનો સીધો વહીવટ તેની માતાના હાથમાં ગયો ત્યારથી હવે બેંકમાં બધાં જ ખાતાની ચેકબુક તેની મમ્મી પાસે રહેતી તેથી કોઇપણ રીતે બેંકમાંથી પૈસા ઉપાડાય નહિ. પોતે પકડાય નહિ અને કામ ચાલ્યું જાય તે રીતે હવે તે ઘેર કે ઓફિસે જાય છે ખરો. પણ કોઇને વહેમ પડે તેવું કશું કરતો નથી. આમેય છેલ્લે હોટલ તાજમહલમાં પૈસા ખૂટી જતાં કલ્પેશને મોકલી બાજુના રૂમમાં ઉતરેલા પ્રવાસી પાસેથી પાંચસો રૂપિયા પડાવે છે. આ વખતે કલ્પેશ પણ આફ્રિકાથી આવ્યો ત્યારે મોટી રકમ લાવવાનું ભૂલી ગયેલો. એને એમ કે મુંબઇમાં કરણ છે ને ! તેથી પૈસાની મુશ્કેલી નહિ પડે, પણ કરણ તો ખાલી થઇ ગયેલો. કૃતિકા ખરી પણ કૃતિકા પાસે પૈસા ઓછા પૈસા મંગાય. પોતે પૈસા વગરનો છે એવું કૃતિકા જાણી જાય તો ? એટલે કલ્પેશ જેમ તેમ કરીને તાજમહલમાંથી કરણ અને કૃતિકા સાથે બહાર નીકળી જાય છે. અને પછી 'અહીં થોડું અંગત કામ છે' એમ કહી કૃતિકાને ત્યાંથી પોતાનો સામાન લઇ બે એકે દિવસ મુંબઇની એક સામાન્ય હોટલમાં પ્રવાસી તરીકે રહી રીર્ટન ટીકીટ લઇને આવેલો તે તારીખ બદલાવી તે પાછો આફ્રિકા પહોંચી જાય છે.

કરણ પણ કલ્પેશની પરિસ્થિતિ સમજી જાય છે. પૈસાની બાબતમાં તે પણ કૃતિકાને કહી શકતો નથી અને પછી અહીં તહીં નાના મોટાં છૂટક કામ કરીને થોડાં પૈસા મેળવી પોતાનાં દિવસો પસાર કરે છે અને એક દિવસે...

સાંજના સમયે કરણ એકલો એકલો જુહુના દરિયા કિનારે ફરતો હતો. થોડેક દૂર આગળ બે એક જણ એક મોટી ઉંમરના માણસને પજવતા હતા. પૈસાની માંગણી કરતાં હતાં. કરણ આ જુએ છે. તે નજીક પહોંચી પેલા બે અજાણ્યા માણસોથી પેલા માણસને બચાવે છે. પેલો માણસ 'તારો આભાર માનું છું યુવાન. આ બે જણાં ક્યારનાય મારી પાછળ પડ્યા હતા. મારું બી.પી. ઘટવાને કારણે થોડો અશક્ત હું થઇ ગયેલો. આ લોકો મારી પાસે પૈસા માંગતા હતા. મને એ લોકોનો ડર લાગેલો. માણસોની અવરજવરને કારણે આ લોકો મને ધીરે ધીરે કહ્યા કરતાં. બ્લડ પ્રેશર ઘટવાને કારણે હું મુશ્કેલીમાં જ હતો. તું ના આવ્યો હોત તો, એ લોકોથી પીછો છોડાવવા મેં મારા બધા જ પૈસા આપી દીધા હોત. અહીં નજીકમાં જ મારી હોટલ છે. મને મૂકી જઇશ ?' કરણ પેલા પુરુષને ઊભો કરે છે અને તેના કહ્યાં પ્રમાણે ધીરે ધીરે તેની હોટલ સુધી લઇ જાય છે.

હોટલનો તે માલિક હતો. કરણને બેસાડી એને માટે ચ્હા નાસ્તાની વ્યવસ્થા કરાવે છે. કરણ પોતાની સાચી માહિતી આપતો નથી.

'પોતે બેકાર છે. નોકરીની તપાસમાં છે.' એવું તે કહે છે. ત્યારે હોટલનો માલિક - નરોત્તમદાસ - કરણને પોતાની હોટલમાં નાના મોટાં કામ કરવાની નોકરી કરવાનું કહે છે. કરણને તો પૈસા જોઇતા હતા. કોઇપણ કામ કરીને પૈસા મેળવવા હતા. તે નોકરીમાં જોડાવાની હા કહે છે અને આમ તે નોકરીએ જોડાય છે. અને એક દિવસે આમ પોતાના દાદાને અન્ય સ્ત્રી સાથે પ્રવાસી તરીકે જોતાં પોતાના કોઇ જાણી ન લે તે રીતે બે-ત્રણ દિવસની રજા લે છે.

## સત્તર

દસેક દિવસ જેટલો સમય રાકેશ સીમા સાથે ગુજારે છે. સીમા પણ રાકેશને છોડવા માંગતી નથી. આ દશ દિવસના સમય દરમ્યાન એકબીજાના સહવાસના કારણે રાકેશ અને સીમા બન્ને ખુશ હતાં. બન્નેએ તૃપ્તિનો ઓડકાર ખાધો પોતપોતાની રીતે.

સીમા રાકેશને જાણી ગઇ હતી. રાકેશ પૈસા પાછળ હતો. પૈસાની અવેજીમાં કોઇ પણ કાર્ય કરી શકે તેમ

હતો. અને સીમાએ રાકેશનો ભરપૂર લાભ ઉઠાવ્યો. રાકેશ અમદાવાદ પહોંચી જાય અને સીમા આફ્રિકા એમ બન્ને નક્કી કરે છે. પણ એકાએક રાકેશના આગ્રહથી સીમા પણ અમદાવાદ આવે તેવું નક્કી કરે છે. પણ અમદાવાદ બન્ને સાથે જાય તો ? હીના અને પૂર્ણિમા વહેમાય એથી પછી બન્ને જણ વારાફરતી એક દિવસના અંતરે અમદાવાદ પહોંચે છે. પહેલી સીમા અને પછી રાકેશ.

સીમાને આવેલી જોઇ હીના આશ્ચર્ય અનુભવે છે. 'અરે ! સીમાબહેન એકાએક ક્યાંથી ? ફોન કર્યો હોત તો સામે સ્ટેશને લેવા આવ્યા ન હોત.' પૂર્ણિમા ઓળખી શકતી નથી. હીના સીમાની ઓળખાણ આપતાં કહે છે, 'આ મારા નાના નણંદ. દિશાબેન કરતાં નાના. દિશાબહેનની માફક એ પણ આફ્રિકામાં રહે છે. લગ્ન પહેલાના અમારાથી રીસાયા હોવાથી તેમણે સંબંધ તોડી નાંખેલો. આટલા વર્ષોમાં પહેલી વાર હું તેમને જોઉં છું.'

'જુઓ ભાભી, તમારી સાથે બહુ વાતો કરવી છે. તમારી માફી પણ માંગવી છે. પણ અત્યારે હું બહુ થાકેલી છું. થોડો આરામ કરવો પડશે. જો કે પંદર દિવસ તો હું રહેવાની છું અને આ વખતે તો હું મારી જોડે જ તમને આફ્રિકા લઇ જવાની છું. ભાભી થોડો આરામ કરી લઉં.' સીમાની વાત જાણતા જ હીના અંદરના એક રૂમમાં લઇ જઇ તેને રહેવા માટેની એક રૂમ બતાવે છે.

'જુઓ સીમાબેન, જેટલા દિવસ તમે અહીં રહો તેટલા દિવસ આ રૂમ તમારી. શાંતિથી આરામ કરો અને કાંઇ જોઇએ તો કહેજો.' કહેતીક ને હીના બહાર નીકળી જાય છે. બેઠકરૂમમાં આવી પૂર્ણિમાને પાસે બેસાડી પોતાની નણંદ દિશા અને સીમા વિશેની ઘણી વાતો કરે છે. પૂર્ણિમા શાંતિથી સાંભળે છે. જો કે હીનાને વહેમ છે કે, એને એમ થાય છે કે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય સીમાબેન ઓચિંતા કેમ આવી પહોંચ્યા હશે ? તો તેનો જવાબ તે મેળવી શકતી નથી.

મોડી સાંજ સુધી સીમા આરામમાં જ રહી અને રૂમની બહાર નીકળે છે ત્યારે એ જુએ છે કે હીના એકલી જ બેઠકરૂમમાં બેઠેલી છે.

'હીનાભાભી, એકલાં કેમ, પેલા બહેન ક્યાં ?'

'એ તો પૂર્ણિમા છે. આ બંગલો પૂર્ણિમાનો છે. જો કે અમે સાથે રહીએ છીએ. જો કે મારાથી તમે હમણાંના વાકેફ નથી.'

'શું વાત કરો છો ભાભી ? તમને ખબર નહીં હોય ! તમારી બધી જ માહિતીથી હું વાકેફ છું. જો કે પૂર્ણિમાબહેનને આજે જ જોયા. તેમની વાત પણ મેં સાંભળી છે. ખરું કહું તો તમારા બન્ને વિશે હું જાણું છું. પણ ભાભી આપણે એકબીજાની વાતમાં ન પડીએ તો તે જ આપણા માટે સારું છે. અહીં હું થોડાં અંગત કામે આવી છું. મારું કામ પતે એટલે હું ચાલી જઇશ. જો કે હું પણ ક્યારેક-ક્યારેક આફ્રિકામાં બેઠાં - બેઠાં તમારા અને પૂર્ણિમાબેનના એડજેસ્ટમેન્ટ વિશે ઘણું વિચારતી. જો કે એક મ્યાનમાં બે તલવાર ક્યારેય રહેતી નથી. તમે બન્ને તો મ્યાનને સાચવીને રહો છો તેથી આનંદ થયો.'

'સીમાબેન, આફ્રિકામાં બેઠે બેઠે તમારી જાસૂસી અહીં ઈન્ડિયામાં પણ થતી રહે છે તે જાણીને મને બહુ આનંદ થયો, પણ નણંદ બા હવે તો સુધર્યા કે ? પછી યુવાન હતાં ત્યારનાં જેવા છો તેવા જ છો ને ?'

'ભાભી, ભારત બહાર રહેવું હોય તો થોડું સુધરવું પડે ને ? મારું તો તમે જાણો છો, હું તો તરછોડાયેલી છું એટલે કદાચ તમારી માફક જ....'

'એટલે સીમાબેન, તમે કહેવા શું માંગો છો ?'

'જુઓ ભાભી, હું તમારી સાથે લડવા-ઝઘડવા નથી આવી. હું તો તમારી પાસે સલાહ લેવા આવી છું. તમારી અને પૂર્ણિમાબહેનની માફક મને પણ કોઇ મળી જાય તો ? સમજ્યા ને મારાં ભાભી.' એમ કહી સીમા હીનાને પોતાના બાહુપાશમાં લે છે.

તે જ વખતે બહાર ગયેલી પૂર્ણિમા પાછી ફરે છે અને એકબીજાથી ભીડાયેલા હીના અને સીમા મરક મરક હસતાં હોય તેવું તેની નજરે પડે છે.

તે જ સાંજે રાકેશનો ફોન આવે છે. તે સવારે આવે છે તેની જાણ કરે છે. વધુમાં સવારે તેને લેવા સ્ટેશને આવે તેવું પણ તે કહે છે.

બીજે દિવસે વહેલી સવારે હીના જ રાકેશને લેવા જાય છે.

‘આટલા દિવસ તું ક્યાં હતો ? તું ગમે ત્યાં જાય પણ તારે ફોન કરવો જોઈએ ને. આટલા દિવસ ક્યાં હતો ?’

‘હીના, હું ક્યાં હતો એની પૂછપરછ ન કરે તો સારું. હવે હું થાકી ગયો છું. એટલે જ તમારાથી દૂર આટલા દિવસ આરામ કરી આવ્યો. તને અને પૂર્ણિમાને ખબર છે કે હું ગમે ત્યાં હોઈશ પણ તમને તો હું યાદ કરતો જ હોઈશ.’ એમ કહી રાકેશ હીનાના ગાલે ટપલી મારે છે. રાકેશનો પોતાના ગાલ પર સ્પર્શ થતાં જ જાણે કે પોતાના અણુએ અણુમાં રાકેશ જાણે કે છવાઈ ગયો હોય એવું તે અનુભવે છે. અને રાકેશને કશું પૂછતી નથી.

રાકેશનો સ્પર્શ જ હીના માટે બસ હતો. તે રાકેશ વિશે ઘણું બધુ જાણે છે. કેટલીક વાતો તો રાકેશે જ કરી છે. જો કે નિખાલસપણે રાકેશે હીનાને ઘણું બધું જણાવ્યું હતુ પણ અગાઉ, ‘હું ગમે તેવો હોઈશ પણ જીવનપર્યંત હીના તને અને પૂર્ણિમાને હું છોડીશ નહિ.’ આ વાક્ય હીનાને મન સંતોષકારક હતું. તે જાણતી હતી કે રાકેશ એક ખીલે બંધાય એવો નથી. તો હીના પણ ક્યાં એક ખીલે બંધાયેલી છે ? તે પણ રાકેશ જેવી જ છે ને.

બંગલાની અંદર પ્રવેશતાં જ સામી પૂર્ણિમા મળે છે. તે એકદમ રાકેશને ભેટી પડે છે. એની પાછળ સીમા ઊભી હતી. રાકેશ હીનાને પૂછે છે, ‘આમનો પરિચય તો આપ.’

‘રાકેશ, મારે પરિચય આપવાનો ન હોય. પૂર્ણિમા કદાચ ભોટ હશે પણ તું ધારે છે તેટલી ભોટ હું નથી. એ મારા નણંદ છે સીમાબેન. તું પણ કદાચ તેમને ઓળખતો હોઈશ. સીમાબેન મારી વાત સાચી છે ને ?’ રાકેશ તાકી રહે છે. આગળ કશુંય બોલતો નથી.

‘રાકેશ એક વાત કહું. આ મારા નણંદ છે ને ? તમે બન્ને ન કહો છતાં મારામાં ભાગ પડાવા આવ્યા છે. અરે ભૂલી ભાગ તો કદાચ ક્યારનોય પડાવી લીધો હશે.’ રાકેશ અને સીમા તો ચુપ છે. પૂર્ણિમા તો ભોળી છે. હીનાની વાત તેને ખબર પડતી નથી.

‘તો વાત એમ છે કે હીના આ બધી ખબર ક્યાંથી ?’

‘જો રાકેશ, તને કદાચ ખબર નહીં હોય. સ્ત્રીના પેટમાં ઘણાં બધાં રહસ્યો હોય છે. પણ સ્ત્રી કદી રહસ્યોને છતી કરતી નથી. એક સ્ત્રી બીજી સ્ત્રીને ઓળખી લેતી હોય છે. તેથી એકબીજા વિશે જાણતી હોવા છતાં ક્યારેય પોતાની જાણકારીનો ઉલ્લેખ કરતી નથી. સ્ત્રીને તો જે જોઈએ છે તે મેળવવામાં જ રસ હોય છે. અને ગમે તે રીતે તે મેળવી લે છે. સીમાબેનને ખબર નહિ હોય. દિશાનો ફોન આવ્યો હતો. અને તમે બન્ને આફ્રિકામાં ભેગાં થયાં હતાં એ પણ હું જાણું છું. રાકેશ તું તારી ટેવ ભૂલ્યો નહિ અને સીમાબેન તમે પણ. જો કે હું તમારા બન્નેનો વાંક જોતી નથી. હું ને પૂર્ણિમા પણ તમારા જેવાં જ ને ?’અને બીજી જ ક્ષણે રાકેશની સોડમાં સીમા અને હીના પણ આવી જાય છે. પૂર્ણિમા તો હતી જ.

## ઓગણીસ

સીમા અને હીનાએ એકબીજા સાથે મર્યાદા છોડીને વાતો કરી લીધી. એનો મતલબ એ થયો કે એક જ ડાળી પર બેઠેલા અને તે પણ નજીક નજીક. એ ત્રણેયની - હીના, સીમા અને પૂર્ણિમાની નજર તો રાકેશ ભણી જ છે. જુદા જુદા સમયે આ ત્રણેય સ્ત્રીઓએ પોતાના પૈસાના જોરે રાકેશને પ્રાપ્ત કરેલો જ છે. આ ત્રણેય તો એક જ પ્રવાસના સહપ્રવાસીઓ છે. અને તેથી જ હીના પૂર્ણિમાને પોતાની માફક જ જ્યાં સુધી સીમા અહીં રહે ત્યાં સુધી રાખવાનું કહે છે. જો કે પૂર્ણિમા ચમકે છે. હીનાની વાત સાંભળીને જો કે રાકેશ ગુસ્સે પણ ભરાય છે. તે મનોમન વિચાર કરે છે કે ધીરે ધીરે રાકેશના એક પછી એક પાત્રો સહજ રીતે ભેગાં થાય છે. પૂર્ણિમા વિચારે છે, તે પોતે, હીના અને પછી સીમાનો ઉમેરો થયો. સીમાની વાત તો આજે તેણે જાણી. સીમા જેવી બીજી પણ સ્ત્રીઓ રાકેશના અંગત જીવનમાં હશે ને ? બીજી ક્ષણે તે વિચારો ખંખેરી નાંખે છે. એને એટલી તો ખાતરી છે જ કે રાકેશ

ગમે ત્યાં ભટકતો હશે છતાં પણ પોતાને તો છોડશે નહીં જ.

અત્યાર સુધી હીનાએ તેનામાં ભાગ પડાવ્યો અને હવે સીમા પણ ભાગ પડાવશે. એને યાદ આવે છે હીના સાથેની વાત.

'પૂર્ણિમા, મારે તને એક વાત કહેવી છે. તારે ફક્ત સાંભળવાનું જ છે. મારી વાત પ્રત્યે કોઇ આક્રોશ વ્યકત કરવાનો નથી. જો કે મારી વાત સાંભળીને તું જરૂર મારી ઉપર ગુસ્સે ભરાશે.'

'જો હીના, વાતમાં મોવણ નાખ્યા સિવાય જે કહેવું હોય તે કહી દે ને ? મેં તને ઓછી પારકી ગણી છે ? અને તારી વાતમાં હું ક્યારેય ગુસ્સે ભરાવું છું ખરી ?'

'પૂર્ણિમા, વાત જ એવી છે કે કદાચ તને ન ગમે. જો કે આ વાત કરતાં થોડી હું ગભરાઉં છું ખરી. જેનો હું અમલ કરવા માંગું છું. તેનાથી ભવિષ્યમાં આપણને તો કોઇ મુશ્કેલી નહીં પડે ને ? એવો પણ વિચાર મને આવે છે. પણ વાત એવી છે કે સ્વીકાર્યા વિના છુટકો જ નથી. આપણે બંને સહમત નહી થઇએ તો પણ જે થવાનું છે તે હું કે તું રોકી શકીએ તેમ નથી.'

'જો હીના, તારી વાતનો મેં ક્યારેય વિરોધ કર્યો નથી. હું આગળ-પાછળનું ઘણું વિચારતી નથી. એ બધું વિચારવાનું તને સોંપ્યું . તું જે કહેશે તે હું માન્ય રાખીશ.'

'આ મારા નણંદ સીમાબેન અહીં આવ્યા છે ને તે એવું ઇચ્છે છે ખરા કે તેઓ પણ આપણી સાથે અહીં જ આ બંગલામાં જોડાવવા માંગે છે.'

'એવું કંઇ રીતે બની શકે ? તું તો મારી બહેનપણી હતી અને હવે ત્રીજી વ્યક્તિને કેવી રીતે સાથે જોડી શકાય ?'

'તારી વાત હું સમજું છું. પણ સીમાબેન અને રાકેશે પોતાનો રસ્તો કરી જ લીધો છે. તો પછી આપણે એમને કેવી રીતે રોકી શકીએ ? એના કરતાં તો સીમાબેનને આપણી સાથે જોડવામાં જ આપણી સલામતી છે એમ હું માનું છું.'

પૂર્ણિમા કશું જ બોલતી નથી. એ નથી બોલતી એનો અર્થ 'હા' માં જ થયો એમ માની લે છે અને પછી તો એક મકાનમાં એક રૂમની ચાર દિવાલો જાણે કે અણકલ્પેલું દૃશ્ય જોઇને થથરતી હોય એવું અનુભવે છે. રાકેશ સાથે પૂર્ણિમા અને હીનાને દિવાલોએ સ્વીકાર્યા હતા. અને હવે ત્રીજા પાત્રનો પણ ઉમેરો થયો અને એ સીમા.

## વીસ

બીજે દિવસે પૂર્ણિમાના બંગલામાં સૂરજ જાણે મોડો બપોરે બાર વાગે ઊગ્યો હોય એવું બધા અનુભવે છે. બધાની આંખોમાં એક નશો હતો. ઘેનનો... ના... ના... એ ઘેનનો નશો નહોતો એ તો ઉજાગરાનો નશો હતો. ઘણાં લાંબા સમય પછી ત્રણેયના મોં પર તૃપ્તિની રેખાઓ અંકિત થઇ ગયેલી હોય એવું રાકેશે જોયેલું. એકબીજાના અંગત રહસ્યો છતા કરનાર એ ત્રણેય સ્ત્રીઓના મોં શરમના શેરડા પણ રાકેશ જુએ છે. ઊઠીને ચારે જણ બેઠક ખંડમાં આવીને બેસે છે. કોઇને પણ દૈનિક ક્રિયાઓ પરવારવાનું મન થતું નથી. બધા જ એકબીજાના મોં સામે તાકતા બેઠાં છે. પૂર્ણિમા, હીના શું વિચારતા હશે એનો તો રાકેશને ક્યાંથી ખ્યાલ હોય. પણ તે મનમાં વિચારતો રહે છે.

'આવું ક્યાં સુધી ચાલતું રહેશે ? હવે કદાચ આ બધુ સમેટી લેવું પડશે. ત્રણ જણ તો જાણનાર થઇ ગયા અને એક પછી એક બધા જ ક્યારેક આવે અને ભેગાં થઇ જાય તો ? તો તો આવી જ બને ને? પણ મેં ક્યાં એમને નોતરું આપ્યું છે ? આ બધાને તો કંઇકને કંઇક પ્રાપ્ત કરવું હતું, ને મેં તો પૈસાના બદલામાં મારી પાસે જે હતું તે એમને આપ્યું કે જેની તેમને જરૂર હતી. આમને આમ આ બધાની સાથે સંબંધ તો મારો થતો રહ્યો પણ હું મારી જાતે જ ગર્વ લેતો હોઉં એવું મને લાગે છે કે મેં ક્યારેય મારા જીવનમાં આવેલી
સ્ત્રીઓને તરછોડી નથી. જો કે બધું પણ સાચું છે કે મેં એકની વાત બીજાને કરી નથી, પણ હું ગભરાઉં છું તો ખરો જ. જ્યારે આ મારી બધી વાત બધા જાણશે ત્યારે મારું શું થશે ? એમ તે વિચારતો રહે છે. સામે બેઠેલા પોતાના

ત્રણેય પાત્રોને તે જોયા કરે છે. તે આગળ વિચારે તે પહેલાં તો ટેલિફોન રણકી ઊઠે છે. પૂર્ણિમા નજીક હોવાથી તે જ ટેલિફોન લે છે. સામે ફોન પર સંધ્યા હતી. ઘણા વખત પછી સંધ્યાનો ફોન આવ્યો. સંધ્યા વાત કરતી રહે છે અને પૂર્ણિમા સામો જવાબ આપવાને બદલે હકારમાં વાત કરેછે. જો કે વાત કરતી વખતે પૂર્ણિમાના મોં પર એકાએક જાણે ચિંતા ઉપસી આવી હોય એવું રાકેશ જુએ છે અને છેવટે ફોનમાં, 'તું એવું કરને અહીં જ આવી જાય તો નિરાંતે વાત કરી કંઇક રસ્તો કાઢી શકીએ.' એમ કહી ફોન મૂકી દે છે.

'કોનો ફોન હતો ? ફોન સાંભળતા જ તારા ચહેરા પર આટલી બધી ચિંતાઓ દેખાઇ.' રાકેશ ધીરે રહીને પૂછે છે.

'મુંબઇથી સંધ્યાનો ફોન હતો. કરણની બાબતમાં કંઇક કહેતી હતી. કરણ વિશે કંઇક દુઃખી થઇ ગઇ હોય એવું લાગે છે. એટલે જ મેં એને અહીં બોલાવી છે. આ કરણનો કોઇક રસ્તો કાઢવો પડશે.' પૂર્ણિમા કહે છે.

રાકેશ એકદમ ઊભો થાય છે. અંદરના ભાગમાં જઇ બેઝીન પાસે પહોંચી અરીસામાં પોતાનું મોં જુએ છે. જાણે કે સામે પોતાનો ચહેરો અદશ્ય થતો હોય એમ લાગે છે. સામે અરીસામાં કરણનો ચહેરો તેને દેખાય છે. ચહેરો પણ કેવો, જાણે કે ચહેરા પર હતાશા ના આવી ગઇ હોય. અને ચહેરાની પાછળ દૂર દૂર બીજા બે ચહેરા એને દેખાય છે. અને એ ચહેરામાં તેને કલ્પેશ અને કૃતિકા દેખાય છે. જાણે કે આ ચહેરાઓ ન જોવા હોય એટલા માટે તે નીચે વળી બેઝીનનો નળ ખોલી પાણીની છાલક પોતાના મોં ઉપર છાંટે છે અને તે છાંટતો રહે છે. અરીસાના પેલા ત્રણ ચહેરા દૂરને દૂર અદશ્ય થતાં જુએ છે અને રાકેશને પોતાનો ચહેરો સ્પષ્ટ દેખાય છે. પણ એ ચહેરા પણ ભયના ચિહ્નો તે જુએ છે. તે ગભરાઇ જાય છે. તે દૃઢ નિશ્ચય કરી લે છે. હવ તો કંઇક કરવુ પડશે. આ લોકોનું - કરણ, કલ્પેશ અને કૃતિકાનું.

તે રૂમાલ વડે મોં સાફ કરી પાછો વળીને બેઠકરૂમમાં આવે છે ત્યાં તો બંગલાના મુખ્ય દરવાજા તરફ પૂર્ણિમાને જતી જુએ છે. પૂર્ણિમા દરવાજો ખોલે છે. ખોલેલા દરવાજામાંથી અંદર આવેલી સ્ત્રીને જોતાં જ તે ચમકે છે. આગળ રૂપાન્દે હતી અને તેની પાછળ પાછળ અંદર પ્રવેશેલી બીજું કોઇ નહિ પણ કૃતિકા હતી. પૂર્ણિમા દરવાજો બંધ કરે છે. રાકેશ આ બંનેને જોતા ચમકે છે. અરીસામાં દૂરથી જોયેલો ચહેરો કૃતિકાનો હતો જેના વિશે વિચારતો હતો તે જ ક્યાંથી આવી ગઇ. સંધ્યાના ફોનના અનુસંધાનમાં પૂર્ણિમાએ સંધ્યાને આવવાનું કહ્યું. કરણ માટે વિચારવા માટે ને ? અને ત્યાં તો કૃતિકા આવી ગઇ. હવે શું ? એમ વિચારતો તે આગળ વધે છે.

રૂપાન્દે રાકેશને જોતાં હસે છે પણ પાછળ આવતી કૃતિકા ગંભીર છે એવું રાકેશ જુએ છે. હીના કહે છે, 'બેટા, તમે ઓચિંતા આવ્યા ? ફોન તો કરવો હતો ને ? તો સામે લેવા સ્ટેશને ગાડી તો મોકલત.'

'મમ્મી, ઓચિંતું જ આવવું પડ્યું. કોઇ મુશ્કેલી હોય ત્યારે જ સંતાનો મા-બાપ પાસે આવે ને ? હવે આ કૃતિકા મોટી થઇ એટલે એના માટે વિચારવા મારે તમારી સલાહ તો લેવી જોઇએ ને ?'

'ભલે બેટા, પ્રવાસમાં થાક્યા હશો એટલે હાથ મોં ધોઇ ફ્રેશ થાઓ અને અમે તો હજુ દૈનિક ક્રિયાઓ પણ કરી નથી. રૂપાન્દે તું એવું કર બધાંને માટે ચા-નાસ્તો તૈયાર કર ત્યાં સુધી અમે પરવારી જઇએ.'

રૂપાન્દે રસોડા તરફ જાય છે. પૂર્ણિમા, હીના અને સીમા દૈનિક ક્રિયાઓ માટે અંદર જાય છે. કૃતિકા ત્યાં જ બેઠક રૂમમાં બેસે છે. રાકેશ તેની નજીક જાય છે.

'કેમ બેટા, આજે ગંભીર દેખાય છે ? આજે તારા મોં પર ચિંતા જેવું મને લાગે છે. કોઇ મુશ્કેલી તો નથી ને ? આ તારા દાદા છે ત્યાં સુધી તારે કોઇ મુશ્કેલી સહન નહી કરવી પડે.'

રાકેશની વાત સાંભળતા જ કૃતિકા ઊભી થઇ રાકેશની સોડમાં ભરાય છે અને ડુસકાં લે છે. રડતી કૃતિકાને રાકેશ આશ્વાસન આપવાનો પ્રયત્ન કરે છે. થોડી વારમાં શાંત થઇ કૃતિકા કહે છે,

'દાદા, મારે તમારી સાથે ખાનગીમાં થોડી વાત કરવી છે. મારી મમ્મી ન જાણે તે રીતે.' આગળ તે બોલવાનો પ્રયત્ન કરે છે ત્યાં જ રૂપાન્દે ચા અને નાસ્તાની ટ્રે લઇ બેઠકરૂમમાં આવી પહોંચે છે. કૃતિકાની વાત અધૂરી રહે છે. પણ રાકેશને તો ખ્યાલ આવી જ જાય છે કે કૃતિકાની વાત ખાનગીમાં તો સાંભળવી જ પડશે.

ધીરે ધીરે એક પછી એક પરવારીને બધા બેઠકરૂમમાં આવતા રહે છે. ટીપાઇ પર પડેલી ચા અને નાસ્તાને ન્યાય આપે છે.

સાંજ સુધી બધા વાતોએ જ વળગે છે. રૂપાન્દે પણ પોતાના આવવાનું કારણ કહેતી નથી. કૃતિકા તો

ક્યાંથી બોલે ? સાંજના બધા જ જમવા માટે ‘વિશાલા’ તરફ જાય છે. પૂર્ણિમાની ગાડીમાં હીના, સીમા અને રૂપાન્દે અને ‘મારે દાદા સાથે કેટલીક વાતો કરવાની હોવાથી હું એમની સાથે ગાડીમાં એકલી જ જઇશ.’ એમ કહી કૃતિકા રાકેશની ગાડીમાં બેસી જાય છે.

‘વિશાલા’ તરફ જતાં જતાં કૃતિકા પોતાની વાત કરે છે.

‘જુઓ દાદા, મારી મમ્મી મારા લગ્નની વાત કરવા આવી છે. પણ મારે હમણાં લગ્ન નથી કરવાં. હું હમણાં લગ્ન કરવાની જ નથી કેમકે હું એક જ છોકરાને ચાહું છું. પણ બે વર્ષ પછી. મમ્મી જે છોકરા સાથે લગ્ન કરવાનું કહે છે તે છોકરો તો સારો છે, દેખાવડો છે, ભણેલો પણ છે, પૈસાદાર પણ છે. પણ હું એને ચાહતી નથી. પણ હું બીજા કોઇ છોકરાને પ્રેમ કરું છું અને તેની સાથે જ લગ્ન કરવાની છું. તમે મારે ઘેર આવશો ત્યારે હું તમને એ છોકરા સાથે મુલાકાત કરાવીશ. દાદા, અત્યારે તમે પણ મને કશું જ પૂછશો નહિ. હું મારી રીતે જ તમને બધું કહીશ. મમ્મી વાત કરે ત્યારે ગમે તે રીતે વાતને ઊડાવી દેજો. આટલી મારી વિનંતી છે.’ રાકેશ કૃતિકાને કશું જ પૂછતો નથી. તેની વાત તે સાંભળે જ જાય છે. જો કે તે મનમાં બીજું જ વિચારે છે કે હજુ થોડો સમય રાહ જોવી જોઇએ. એ કશું જ પૂછતો નથી. અને તે સીધો વિશાલામાં પહોંચે છે.

## એકવીસ

‘‘વિશાલા’’માં બીજા બધાં કરતાં રાકેશ અને કૃતિકા વહેલાં પહોંચે છે. હજુ તો તેઓ ગાડી પાર્ક કરી બહાર આવે ત્યાં તો બધા આવી પહોંચે છે.

અને પછી....

બે-એક કલાક પછી બધા પાછા બંગલે પહોંચે છે. કોઇ કોઇને કશું પૂછતું નથી. રાકેશ પણ રૂપાન્દેને કશું પૂછતો નથી. ખાસ કરીને કૃતિકા વિશે. રૂપાન્દે બધાની હાજરીમાં કહેવું કે એકલું હીના મમ્મીને કહેવુ તે વિચારતી રહે છે. ‘વિશાલા’માંથી જમીને આવેલા આ બધાં આરામ કરવા માંગતા હોય એ રીતે આરામ કરવાનું ઇચ્છે છે. ત્યાં તો...

ટેલિફોનની ઘંટડી રણકે છે. ટેલિફોન પાસે રાકેશ હોવાથી તે જ ફોન હાથમાં લે છે. સામે છેડે દિશા હતી. તે બોલી જાય છે.

‘રાકેશકુમાર, તમારે તાત્કાલિક આફ્રિકા આવવું પડશે. સીનાને અકસ્માત થયો છે કલ્પેશને કારણે. કલ્પેશ કોઇને કહ્યા વગર ત્યાં મુંબઇ આવી પહોંચ્યો છે. જતાં જતાં એવું કહેતો ગયો છે, ‘હું ભારત જાઉં છું ત્યાં જ હું લગ્ન કરી લેવાનો છું. પાછો અહી હવે ક્યારેય આવવાનો નથી.’ આટલું કહીને તે ચાલ્યા ગયો. સીના તેને રોકવાનો પ્રયત્ન કરેછે. પણ તે માનતો નથી. ઝડપથી ચાલ્યા જતાં કલ્પેશને રોકવાનો પ્રયત્ન કરતી સીના ઓચિંતી ઠોકર વાગવાથી પડી જાય છે. અને એનું માથું સીધુ જમીન પર - પથ્થર પર - અથડાય છે. તેના માથામાં સખત વાગે છે. લોહીલુહાણ થઇ જાય છે. સીનાને તો હોસ્પિટલમાં દાખલ કરી છે. કલ્પેશ ઉતાવળે ગયો ત્યારે તેના ખિસ્સામાંથી કાગળ જમીન પર પડી ગયો હતો. તેનો કલ્પેશને ખ્યાલ નહોતો. મારી નજરે ચઢી ગયેલો. પણ ત્યાં તો સીના પડી તેને વાગ્યું. આમ તો આ નાનો અકસ્માત કહેવાય. આજે તમને ફોન કરું છુ ત્યારે પણ સીના બેભાન અવસ્થામાં છે. મેં તમને એટલા માટે ફોન કર્યો કે કલ્પેશથી પડી ગયેલો પેલો પત્ર કોઇ છોકરીનો છે. તેનું નામ કૃતિકા છે. એના પિતાનું નામ પ્રશાંત, અમદાવાદમાં જ કોઇ સિનેમા થિએટર તેની માલિકીનું છે. આ પણ તપાસ કરતા આવજો. કોઇપણ સંજોગોમાં કલ્પેશને લગ્ન કરતો રોકવો છે. તમે મારી વાત સાંભળો છો ને ?’

‘હા.’

‘તો જુઓ તમે તપાસ કરી છોકરી વિશેની માહિતી લઇ આફ્રિકા આવી પહોંચો.’

‘હું મૂંઝવણમાં પડી ગયો છું. અહીં ઘરે મહેમાનો આવેલા છે. હમણાં તો ત્યાં આવી શકું તેમ નથી. પણ તપાસ કરવાની જરૂર નથી. તમે જેની વાત કરો છો તે અહીં જ છે. આપણે બધા મુશ્કેલીમાં મુકાઇ ગયા છીએ. આમાંથી કોઇ રસ્તો કાઢવો પડશે. તમે ચિંતા કરશો નહિ. એકાદ અઠવાડિયા પછી હું ત્યાં આવી જઇશ. ત્યારે

બધી રૂબરૂ વાત કરીશું આવજો.' એમ કહી રાકેશ ફોન મૂકે છે. રાકેશે ફોન પર જે વાત કરી હતી તે કોના વિશે વાત કરતો હતો તે કોઇ સમજી શકતું નથી. અને બધા એકબીજા તરફ જુએ છે.

'કૃતિકા, તુ મારી સાથે રૂમમાં આવ. મારે તારી સાથે થોડી વાત કરવી છે.' એમ કહેતો રાકેશ કૃતિકાને લઇ પોતાની રૂમમાં પહોંચી જાયછે. રૂમમાં પહોંચી રાકેશ રૂમના બારણાંને અંદરથી બંધ કરી દે છે. અને પછી રાકેશ કૃતિકાને માથે હાથ ફેરવતો કહે છે કે, 'જો બેટા, મને સાચેસાચું કહી દે તારી મૂંઝવણ શી છે ? તું જ્યાં સુધી મને નહીં કહે ત્યાં સુધી મને કશી ખબર નહિ પડે. જો કે એવું હું માનું ખરો કે મા-બાપ જે છોકરા સાથે નક્કી કરે તે છોકરા સાથે લગ્ન કરી લેવું જોઇએ. તું કદાચ બીજા કોઇ છોકરા સાથે લગ્ન કરવા માંગતી હોય એવું મને લાગે છે. બોલ સાચું છે ને ?'

'જુઓ દાદા, મારી જે વાત છે તે સમય આવશે તમને કહીશ. અત્યારે વાત કરવાના મૂડમાં નથી. તમે ગમે તેટલું મને પૂછશો તો પણ સાચી માહિતી તમને આપીશ નહિ. સાચુ કહુ તો મારી મમ્મી જે છોકરા સાથે મારી વાત કરવા માંગે છે તેની સાથે હું પરણવા માંગતી નથી. અને જો મારી મમ્મી અને તમે બધા આગ્રહ કરશો તો હું ગમે તે કરીશ, એ તમારા બધા માટે સારું નહિ હોય.'

દિશાનો ફોનમાં કૃતિકા પ્રશાંતનો ઉલ્લેખ થયો તે રૂપાન્દેની જ દીકરી કૃતિકા હોઇ શકે તેવું રાકેશ માની લે છે. કૃતિકા સાચું કહેતી નથી. દિશાના ફોન પ્રમાણે કાગળ કલ્પેશ પાસેથી મળ્યો તે કૃતિકાનો છે. તે કૃતિકા સાથે લગ્ન કરવા માંગે છે. એનો મતલબ એ થયો કે કલ્પેશ કૃતિકાને ચાહે છે. અને કૃતિકા તો પત્ર લખે એટલે કલ્પેશને ચાહતી જ હશે ને ? રાકેશ ચિંતામાં છે. કલ્પેશ અને કૃતિકા રાકેશના જ સંતાનો છે. તે બંનેની માતાઓ જુદી છે પણ પિતા - રાકેશ - એક જ છે ને ? આમ ભાઇબહેનનો લગ્ન સંબંધ થાય ખરો ? અને સાચી પરિસ્થિતિની બધાંને જાણ થાય ત્યારે રાકેશનું શું ? તે કોઇ રસ્તો કાઢી શકતો નથી. મુંઝાતો રહે છે. આટલા વર્ષો સુધી જ્યાં ને ત્યાં લીલાઓ કરી એ બધી લીલાઓના પરિણામ એની સમક્ષ ભૂતાવર બની નાચી રહ્યા છે અને બધા રાકેશને કોચી રહ્યા છે. રાકેશને લાગે છે કે હવે તે કદાચ આમાંથી નહિ ઉગરી શકે.

છેવટે....

'કૃતિકા બેટા જો, તું જ્યારે સાચી માહિતી કહીશ ત્યારે જ આનો રસ્નો નીકળી શકશે. અત્યારે તો તુ જાણે અને તારી મમ્મી જાણે.' એમ કહેતો રાકેશ બારણું ખોલી બહાર નીકળી જાય છે.

કૃતિકાને ખબર નથી તેના પિતા પ્રશાંત નહિ પણ રાકેશ છે. પણ તે નિરાશ થઇને ચાલી ગયેલા દાદાને જોતાં રડી પડે છે.

## બાવીસ

બીજે દિવસે સંધ્યા પણ આવી પહોંચે છે. સંધ્યાની સાથે કરણ પણ હોય છે. સંધ્યા અને કરણ બધાને પગે લાગે છે. સંધ્યા તો કશું બોલતી નથી.

'કરણ, બહુ દિવસે તને જોયો. કેમ એકાએક તારી મમ્મી સાથે આવવાનું થયું. કોઇ મુશ્કેલી તો નથી ને ?' એમ કહી રાકેશ તેની પોતાની પાસે લે છે. તેના માથા પર હાથ ફેરવે છે.

'જુઓ દાદા, આમ તો કોઇ મુશ્કેલી નથી. પ્રશ્ન તો નવીજૂની પેઢી વચ્ચેનો છે.'

'એટલે ?'

'દાદા, તમે બધાં તો જૂની પેઢીના ગણાવ. તમે તો બધું સમજો છો. તમને ખ્યાલ નહિ હોય, તમે બધા જે રીતે જીવતા હતા તે રીતે કદાચ નવી પેઢીના યુવાનો - મારા જેવા ન જીવી શકે. નવી અને જૂની પેઢી વચ્ચે કાયમ વિચારોમાં મતભેદ રહ્યા કરે. જો કે બંને પેઢી વચ્ચેનું અંતર હવે કદાચ મારી દૃષ્ટિએ વધતું જ રહે છે. મારા જેવા અનેક યુવાનો સમાજમાં નવું જ પરિવર્તન લાવવા માંગતા હોય એ રીતે જીવવાનો પ્રયત્ન કરે છે. આમ તો બંને પેઢીની વિચારધારા અલગ અલગ છે. જૂની પેઢીના માણસો ભવિષ્યમાં કેવું પરિણામ આવે એ વિશે વિચારીને કામ કરતા. નવી પેઢી પરિણામ વિશે કશું જ વિચારતી નથી, તે તો કામ કર્યે જ જાય છે. કદાચ મારા માટે પણ એવું બન્યું. મારા અને મારી મમ્મી કે પપ્પાને કે દાદા-દાદીના વિચારોમાં ક્યારેય સામ્ય હોતું નથી. તે બધા જે

વિચારે છે એ જ હું વિચારું છું. પણ વિચારોમાં મતભેદ હોય છે. દાદા, કદાચ તમે એ વાતમાં સહમત થશો જ.'

'જો કરણ, હું ક્યારેય કોઇની વાતમાં સંમત થતો નથી. જેને જે કરવું હોય તે કરવા દઉં છું. પછી મુશ્કેલી આવે અને મને મળે ત્યારે રસ્તો પણ બતાવું છું. નવી તથા જૂની પેઢી વચ્ચેના વિચાર સામ્યતાની તેં જે વાત કરી તે સાચી છે. પરંતુ યુવાન પેઢીએ જૂની પેઢીના - વડીલોના - માણસો દ્વારા સલાહ સૂચનો તો લેવાં જ જોઇએ. આપણાં વડીલો અંતે તો એમના અનુભવનાં નીચોડ પછી જ સલાહ આપતા હોય છે ને ? કદાચ મારી વાત તારી સમજમાં નહીં આવે.'

'દાદા, સમજની વાત છોડો. એક વાતે તો તમે પણ કબૂલ થશો કે નવી પેઢીને બહુ બંધનોમાં ના જકડવી જોઇએ.'

'બરોબર છે પણ, નવી પેઢી બેકાબૂ બની જાય તો ? એમને રોકવી તો જોઇએ ને ?'

'બસ દાદા, તમે પણ મારી મમ્મી જેવા જ છો. તમે પણ મારી વાત સમજી નહિ શકો.' એમ કહી કરણ ગુસ્સે ભરાય છે.

'કરણ, ગુસ્સાને પી જતાં શીખ. મેં અગાઉ પણ કહ્યું કે મારી પાસે જે આવે છે તે બધાના પ્રશ્નોનો હું સમજપૂર્વક નીવેડો લાવી દઉં છું. તારું પણ એમ જ થશે. માટે ચિંતા કરીશ નહિ.' રાકેશની વાત સાંભળી કરણ શાંત થાય છે. અને બધા રાકેશની સામું જોઇ રહે છે. અને ત્યાં જ વાત રાકેશ ટૂંકાવે છે. અને પછી ધીરે ધીરે એવી વાતો કરે છે કે બધા આનંદમાં આવી જાય છે. તે દિવસે મોડી સાંજે સંધ્યા એકલી જ રાકેશ અને પૂર્ણિમાને એક રૂમમાં લાવી મળે છે. અને ધીરે રહીને પોતાની વાત કરે છે :

'હમણાંનો કેટલાય દિવસથી કરણ પાછો ઘેર આવતો થયો છે. થોડોક સુધરી ગયો હોય તેવું પણ લાગે છે. તમને કદાચ ખબર નહિ હોય ? પણ તમને કોણ કહે ? વાત એમ બની છે. પૈસા માટે કરણે બે-ચાર દિવસ કોઇ હોટલમાં વેઇટર તરીકે કામ કર્યું. એ તો સારું હતું કે હોટલ માલિકને એનું નામ પૂછીને વહેમ પડતાં એના પપ્પાને વાત કરી અને અમે એને ઘેર લઇ આવ્યા. આમ આબરૂ કાઢે એ કેવી રીતે પોસાય ? એ વાત જવા દો. મહત્વની બીજી એક વાત મારા જાણવામાં એ આવી છે કે કોઇ છોકરી સાથે એ લગ્ન કરવા માંગે છે. છોકરી અમને બતાવે તો યોગ્ય હોય તો પરણાવી પણ દઇએ. પણ પરિસ્થિતિ એ ગુંચાઇ છે કે કરણ એકલો જ નહિ પણ એનો મિત્ર - આફ્રિકાવાળો - પણ એની સાથે લગ્ન કરવા માંગે છે. અને એ બીજો કોઇ નહિ પણ મારી બહેનપણી સીનાનો દીકરો કલ્પેશ. બંને જણ એક જ છોકરી સાથે લગ્ન કરવા માંગે છે. જો કે હું જાણતી નથી કે કઇ છોકરી સાથે લગ્ન કરવા માંગે છે. એટલે હું અને એના પપ્પા બંને મુંઝવણમાં છીએ. આ વાત હજુ મારા સાસુ-સસરા જાણતા નથી. આમ સામાજિક દૃષ્ટિએ જે ન થઇ શકે તે કરવા કરણ તૈયાર થયો છે. સમાજમાં મારી આબરૂના ધજાગરા તે ઉડાવશે એમ લાગે છે. તમે બંને આમાંથી કોઇ રસ્તો બતાવો. હું તો કશું જ વિચારી શકતી નથી.' એમ કહી સંધ્યા પૂર્ણિમાની નજીક જઇ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડે છે. પૂર્ણિમા એને સાંત્વન આપે છે. અને રાકેશ......... જાણે કે આખી પૃથ્વી ગોળ ગોળ ફરતી હોય તેમ ચક્કર ખાઇ નીચે પડેલા રાકેશનું માથુ પલંગની ધારે અથડાય છે. લોહી લુહાણ થાય છે.

સંધ્યા અને પૂર્ણિમા પડેલા રાકેશને જોતાં ગભરાઇ જાય છે. બૂમાબૂમ કરી મૂકે છે. બંગલામાં જે બધા હતા તે ઓચિંતા જ ત્યાં આવી પહોંચે છે. રાકેશને પડેલો જોઇ હીના એકદમ ડૉક્ટરને ફોન કરે છે. થોડી જ વારમાં તેમના ફેમીલી ડૉક્ટર મુનશી આવી પહોંચે છે. બેભાન પડેલા રાકેશને જોતાં જ ડૉક્ટર તાત્કાલિક રાકેશને પોતાની હોસ્પિટલમાં ખસેડે છે.

## ત્રેવીસ

રાકેશ તો ચક્કર ખાઇ પડવાથી પડ્યો, માથામાં વાગ્યું પણ ખરું, બેભાન પણ થયો અને તેને હોસ્પિટલમાં ખસેડ્યો.

સંધ્યા અને કરણ જે વાત કરવા આવ્યા હતા તે તો અધૂરી જ રહી ગઇ અને એમની પહેલા આવેલા

રૂપાન્દે અને કૃતિકાની વાત પણ.

માણસ શુ ઇચ્છે છે ? પણ કુદરતને જે કરવું હોય તે જ થાય છે. કૃતિકા અને કરણની મુશ્કેલી કહો કે રૂપાન્દે અને સંધ્યાની મુંઝવણમાંથી કોઇ રસ્તો રાકેશને કાઢવાનો હતો પણ પરિસ્થિતિ એવી થઇ કે રસ્તો કાઢનાર જ આમાં ફસાઇ ગયો. આફ્રિકાથી આવેલો ફોન કૃતિકા વિશેનો હતો. અને સંધ્યા પણ જે પ્રશ્ન લઇને આવી છે - લગ્નનો - તે કરણ અને કલ્પેશનો હતો. સંધ્યાની વાતથી રાકેશ એટલું તો સ્પષ્ટ સમજી ગયો હતો કે હવે તેણે કઠણ હૃદયે ગંભીરતાથી કોઇ નિર્ણય લેવો પડશે. જે વ્યક્તિઓ વિશેના સંકેતો તેને મળે છે તે વ્યક્તિઓ અંતે તો તેના જ સંતાનો છે. કરણ, કૃતિકા અને કલ્પેશ. જો કે ત્રણેયની માતા જુદી છે પણ પિતા તો એક જ ને ! સામાજિક દૃષ્ટિએ. જે બધી વાત રાકેશ સાંભળે છે એનો મતલબ એ થયો કે ભવિષ્યમાં - અરે ! નજીકના ભવિષ્યમાં આ ત્રણેય જણ એક બીજા સાથે લગ્ન કરવા માંગે છે. આ કેવી રીતે શક્ય બને ? એક જ પિતાના લોહીના સંબંધોથી જન્મ પામનાર ત્રણેય યુવાન હૈયાઓ પતિ-પત્ની ન જ બની શકે. અને એમાંય પાછું એક યુવાન યુવતી સાથે બે યુવાનો એક સાથે લગ્ન કરવા તૈયાર થાય આ કેવી રીતે શક્ય બને ? સંધ્યાની વાતથી રાકેશ સાચી પરિસ્થિતિ સમજી શકે છે. પણ એનો ખુલાસો કરી શકે તેમ નથી. રાકેશે જ ઊભી કરેલી માયાની કરામત તો જુઓ ! સાચી પરિસ્થિતિ રાકેશ એકલો જ જાણે છે. સંધ્યા, સીના અને રૂપાન્દે રાકેશ સાથે જોડાયેલા છે પણ એકબીજાની વાત જાણતા નથી.

આટલા વર્ષો સુધી રાકેશે આ બધુ ચલાવ્યું. પૈસાના બદલામાં સ્ત્રીઓની જરૂરિયાત તેણે પૂરી કરી. આટલા વર્ષો સુધી તેની લીલા દૂર દૂર ફેલાતી રહી. જો કે તેણે કેટલીક સ્ત્રીઓ સાથેના પોતાના સંબંધોની હીના એકલીને જ વાત કરી છે. રાકેશે જ્યારે વાત કરી ત્યારે હીનાને આશ્ચર્ય થયેલું પણ પોતાને રાકેશ દ્વારા સુખ મળતું હોવાથી રાકેશની નિખાલસ વાત સ્વીકારી લીધી હતી.

પણ આજે...

રાકેશ ઘણાં જ ઊંડા પાણીમાં ઊતરતો જાય છે. અને તેમાંથી બહાર નીકળવાનો રસ્તો હવે તેને મળવાનો નથી. પોતાનું હવે શું થશે ? અને બીજાઓનું શું ? એમ માની પોતાની જાતે જ ચક્કર આવવાને કારણે પડે છે. એવો ઢોંગ કર્યો પણ પડતાં જ માથામાં વાગ્યુ અને બેભાન થયો. જો કે આ માંદગીના દિવસો દરમ્યાન સાજો થાય પછી તે કોઇ રસ્તો તો શોધી કાઢશે ને ?

## ચોવીસ

રૂપાન્દે કૃતિકાને લઇ બહાર ગઇ હતી. તે જ્યારે પાછી ફરે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે રાકેશને માથામાં વાગ્યું છે અને દવાખાનામાં દાખલ કર્યા છે. તેથી તે કૃતિકાને લઇ સીધી જ હોસ્પિટલે પહોંચે છે. હોસ્પિટલમાં પહોંચતા જ રૂપાન્દે જુએ છે કે સંધ્યા પણ ત્યાં છે. પોતે જે વાત કરવા આવી હતી તેના ઉપર થોડો સમય પડદો પાડી દેવો પડશે એવું રૂપાન્દે માને છે. દવાખાનામાં પહોંચેલી કૃતિકા રાકેશની આસપાસ ઊભેલા બધાની વચ્ચે કરણને જોઇને આશ્ચર્ય વ્યક્ત કરે છે અને એકદમ ઊંચા અવાજે બોલી ઊઠે છે, ‘અરે કરણ, તું અહીં ક્યાંથી ? વચ્ચે કલ્પેશનો ફોન આવ્યો ત્યારે તે ફરીયાદ કરતો હતો કે, તું મોટેભાગે ફોન પર પણ મળતો નથી. આમ કેમ ?’

‘એ બધી વાત જવા દે. તું અહીં કેમ આવી એ કહે.’

કરણ એ સમજી શકતો નહોતો કે અહીં કૃતિકા કેમ આવી હશે ? અને બીજુ આશ્ચર્ય તેને એ થાય છે કે કૃતિકા આમ અચાનક અહીં ભેગી થઇ જાય એવું તો તેણે ઇચ્છેલુ નહિ.

‘ચાલ કૃતિકા, થોડી વાર બહાર બેસીએ. મારે તારી સાથે ઘણી વાત કરવી છે.’ એમ કહી ‘હું થોડીવારમાં આવું છું.’ એમ સંધ્યાને કહી, કૃતિકાનો હાથ પકડી રૂમની બહાર નીકળી જાય છે.

રૂમની બહાર નીકળેલા કૃતિકા અને કરણને જોઇ બધા એકબીજાના મોં સામે તાકી રહે છે. સંધ્યા ગભરાઇ જાય છે. એને થાય છે કે નક્કી કરણ અને કલ્પેશ જે છોકરીને પરણવા માંગે છે તે કૃતિકા તો નહિ હોય ? અને જો કૃતિકા જ હોય તો તો બહુ મોટો પ્રશ્ન ઊભો થાય. સામાજિક દૃષ્ટિએ બધા એકબીજા સાથે સંબંધ

ધરાવે છે. કૃતિકા તો રૂપાન્દેની છોકરી અને એ તો ઘરની જ કહેવાય. તેની સાથે આ સંબંધ કેવી રીતે થઇ શકે ?

એવા જ વિચારો રૂપાન્દેને આવે છે. પોતે જે છોકરો કૃતિકા માટે જોયો છે એની સાથે કૃતિકા લગ્ન કરવાની વાત તે સ્વીકારતી નથી. તેને માટે તો કરણ જવાબદાર નહિ હોય ને ?

અને પૂર્ણિમા અને હીના, કૃતિકા અને કરણ એકબીજાને જાણે છે એ જાણતાં જ આશ્ચર્ય અનુભવે છે. કેમકે, અત્યાર સુધી, યુવાન થયા ત્યાં સુધી - કૃતિકા અને કરણ અહીં આ ઘરમાં ભેગાં થયા નથી. આ બંનેના દાદા - રાકેશ એક જ છે. એ જાણતા નથી. તો પેલી બાજુ બેભાન હોવાનો ઢોંગ કરતો રાકેશ દવાખાનાની પથારીમાં આંખો મીંચીને પડ્યો હોવા છતાં કૃતિકા આવી અને કરણે કૃતિકાને બધી વાત સાંભળી એટલે મનોમન નક્કી કરી લે છે કે કૃતિકા, કરણ અને કલ્પેશ એકબીજાના સંબંધોથી અજાણ હોઇ પ્રણયના રસ્તે ફંટાઇ ગયા છે તે કદાચ હકીકત બની ગઇ છે. તે પડ્યો પડ્યો વિચારતો રહે છે. આમાંથી કોઇ રસ્તો કાઢવો પડશે, પણ એ કેવો રસ્તો તે વિશે કશું નક્કી કરી શકતો નથી. અને પછી જાણે કે અસહ્ય માનસિક ત્રાસ અનુભવતો હોય અને એમાંથી બહાર નીકળી શકવાનો રસ્તો ન હોય એ રીતે પોતાની જાતને ભાંડતો ભાંડતો ક્યારે ઊંઘમાં પહોંચી જાય છે. એ તો એને પણ ખ્યાલ નથી.

અને જ્યારે.....

તે જાગે છે ત્યારે દવાખાનાની રૂમમાં એની પથારી પાસે હીનાને એકલી જ બેઠેલી જુએ છે. તે પૂછે છે, 'હીના, મને શું થયું છે ?'

'રાકેશ, કાલો ના થા. મને તો લાગે છે કે સંધ્યાની કોઇ વાત સાંભળીને કદાચ તું જાણી જોઇને પડી ગયો હશે. કોઇ તો તને ના ઓળખે પણ હું તને ઓળખું છું ને ? જે કોઇ હોય તે મને કહે તેમાંથી હું તને રસ્તો કાઢી આપીશ.'

'હીના, એવું કાંઇ નથી. જો કે મને કશું યાદ નથી. હું કેવી રીતે અહીં દવાખાનામાં આવ્યો તેનો મને ખ્યાલ નથી. ફોડ પાડીને કહે તો હું સમજી શકું.'

'જો રાકેશ, થોડી વાર પહેલાં જ રૂપાન્દે અને કૃતિકા આવ્યા હતા. કૃતિકા અને કરણની વચ્ચે બહુ જ ગાઢા સંબંધો હોય એવું મેં જોયું. પણ એ સંબંધોમાં મને કોઇ રહસ્ય ગૂંથાતું હોય એવું લાગે છે. રૂપાન્દે અહીં આવે કૃતિકાને લઇને અને સંધ્યા પણ આવે કરણને લઇને. આમ ક્યાંકને ક્યાંક કોકડું તો ગુંચવાયેલું છે જ. પણ મને કોઇ ખ્યાલ આવતો નથી. હવે તું કહે તો ખરું ?'

રાકેશ ધીરે રહીને કહે છે, 'હીના, રૂમનું બારણું બંધ કરી દે અને પછી મારી પાસે આવ.'

રૂમનું બારણું બંધ કરી પાછી આવેલી હીનાની છાતીમાં પોતાનું માથુ નાખી રાકેશ ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે અને કહે છે, 'હીના, મને બચાવી લે. નજીકના ભવિષ્યમાં કદાચ એવી ઘટનાઓ બનવાની છે અને જો એ બનશે તો મારે આપઘાત કરવાનો પ્રયત્ન કરવો પડશે. જો કે આ બધી માયા મેં જ ઊભી કરેલી છે. ક્યાંક જાણી જોઇને અને ક્યારેક અનાયાસે બની ગઇ છે. જો કે એ બધામાં થોડે વધતે અંશે હું તો જવાબદાર હતો જ એમ હું માનું છુ. હવે આ સહન થતું નથી. છેલ્લા કેટલાંય વર્ષોથી આ બધો બોજ લઇને હું ફર્યા કરું છું. અંદર અંદરથી તૂટતો જાઉં છું. કોઇને કશું કહી શકતો નથી. અન્ય સ્ત્રીઓ સાથેના મારા સંબંધની કેટલીક વાત મેં તને કરી હતી. કેટલીક વાતો તેં તારી રીતે જાણી લીધી છે. કેટલીક વાતો તું જાણતી નથી અને એથી જ મારી વાતો હું કોઇને કહેતો નથી. એકલોને એકલો પસ્તાવો કરું છું. પણ ઊંડા પાણીમાં એટલો બધો હું ઊંડો ઊતરી ગયો છું કે પાણીની ઉપર આવવાનો રસ્તો કદાચ હું નહી કાઢી શકું.'

કહેતો કહેતો રાકેશ ફરી પાછો રડી પડે છે. હીના પોતાની સોડમાં રાકેશને લઇને તેને સાંત્વન આપતી હોય તે રીતે તેના શરીર પર હાથ ફેરવતી રહે છે.

હીનાને યાદ આવે છે.

રાકેશે પૂર્ણિમાની સાથે તેને તો જોડી હતી. છાયા સાથેના આડા સંબંધોની વાત પણ કરેલી. સીના સાથેના સંબંધોની વાત તેણે જાણી લીધી છે. દિશા સાથેના સંબંધોનો હીનાને વહેમ છે. અને હમણાં જ છેલ્લે આવેલી સીમા પણ એના જ પંથના પ્રવાસી તરીકે એની સાથે જોડાયેલી છે. આમ ઘણી બધી સ્ત્રીઓ સાથેના

સંબંધોની વાત તો હીના જાણે છે.

અને અત્યારે.....

રડતાં રડતાં રાકેશ જે કહે છે એના કહેવા પાછળ શું હશે તે કલ્પી શકતી નથી. અને તે ધ્રુજી જાય છે. મનોમન વિચારે છે હવે તો હદ થઇ ગઇ. આટલી બધી સ્ત્રીઓ જેના જીવનમાં આવી તે પુરૂષ કેમ અટકતો નહિ હોય ? અને કોના કારણે ? એવી તે કઇ બાબત બની છે કે એનું રહસ્ય છતુ થાય અને તે મુશ્કેલીમાં મુકાય. તો શું કદાચ સંધ્યા અને રૂપાન્દે સાથે તો રાકેશના સંબંધો નહીં હોય ને ? તેને શંકા તો જાગે છે પણ પોતાની શંકાને ખંખેરી નાખે છે. પાછી વિચાર કરે છે રાકેશ ગમે તેવો હોય પણ તેણે હીનાને છોડી નથી. તેણે ભરપૂર પ્રણયનું સુખ આપ્યું છે. - પૈસાના બદલામાં. પણ એકલા રાકેશની સુખની દિશામાં દોટ નહોતી ને ? મારી પણ હતી ને ? પૂર્ણિમાની પણ હતી અને મારા જેવી અતૃપ્ત સ્ત્રીઓની દોટ હોય એ સ્વાભાવિક છે. એટલે એકલા રાકેશનો વાંક ન કાઢી શકાય અને આજે જ્યારે તે મુશ્કેલીની વાત કરેછે ત્યારે મારે તેને એમાંથી બહાર કાઢવો જ પડશે. એવો મક્કમ નિર્ધાર હીના કરે છે.

હીનાનો હાથ રાકેશના શરીર પણ ફરતો રહે છે. જાણે કે આશ્વાસન ના આપતો હોય ? અને તે પણ - નાનું છોકરું જેમ એની માતાની છાતીએ વળગી પડે તેમ. હીનાની છાતીએ પોતાનું મોં નાખી હીનાને વળગી રહ્યો છે.

હીનાને સાચી માહિતીથી વાકેફ કરવી જોઇએ કે કેમ ? તે રાકેશ વિચારતો રહે છે. તેને એમ પણ થાય છે કે પોતે તો દુઃખી થાય છે અને પોતાની સાથોસાથ હીનાને પણ કેમ દુઃખી કરવી. તેથી પાછો એમ વિચારે છે કે હમણાં સાચી વાતથી હીનાને વાકેફ નથી કરવી.

અને ત્યાં જ.........

રૂમના બારણે ટકોરા પડે છે.

હાંફતી હાંફતી હીના પોતાનાથી રાકેશને દૂર કરી પથારીમાં સુવાડી દે છે અને બારણું ખોલવા જાય છે. અને બારણે ઊભેલી વ્યક્તિને જોતાં તે ચમકે છે.

સામે દિશા હતી.

'અરે ! દિશાબેન તમે ? ઓચિંતા અહીં ક્યાંથી ? આફ્રિકાથી ક્યારે આવ્યા ?'

'જુઓ ભાભી, આફ્રિકાથી આજે સવારે જ આવી. મુંબઇનું થોડું કામ હતું તે પતાવીને આવી. તમને જાણ કરવાનો સમય જ નહોતો. અમદાવાદ ઊતરીને તમારો ફોન પર કોન્ટેક્ટ કરવાનો પ્રયત્ન કર્યો. તમારે બદલે ફોન પર પૂર્ણિમાબેન મળ્યા. અને તેમણે જ તમે અહીં દવાખાનામાં છો તેમ કહ્યું અને તેનું સરનામું અને ફોન નંબર પણ મને આપ્યા. અને વધુમાં કહ્યું કે રાકેશની બિમારીને કારણે તમે દવાખાનામાં જ છો. તેથી હું અહીં આવી. ભાભી, મને બહાર જ ઊભી રાખવી છે કે અંદર બોલાવશો.' દિશા હીનાની સાથે અંદર રૂમમાં આવે છે. પથારીમાં પડ્યો પડ્યો રાકેશ સાંભળે છે. તે જાગતો જ આંખો મીંચી પડ્યો છે. દિશા આવી. કેમ આવી ? હીના સાથે જે વાત કરશે તેથી એને ખ્યાલ આવી જશે એમ માની એ ચૂપ છે. અને પછી તો દિશા અને હીના વાતોએ વળગે છે. વાતવાતમાં દિશા કલ્પેશની વાત કરતા કરતા કૃતિકાની વાત કરે છે. કૃતિકાના પપ્પાનું અમદાવાદમાં થિયેટર છે એવી પણ વાત કરે છે અને એના પપ્પાનું નામ પ્રશાંત. વાત સાંભળી હીના ચૂપ રહે છે. ધીરે ધીરે કંઇક સ્પષ્ટ છતાં આછો ખ્યાલ હીનાને આવતો જાય છે પણ તે બોલતી નથી. હવે તેને ખ્યાલ આવે છે કે કદાચ રાકેશ આને કારણે તો મુશ્કેલીમાં નહીં મુકાઇ ગયો હોય ને ?

હીના કંઇક વિચારે છે, 'દિશાબેન, એમને ઊંઘવા દઇએ. ચાલોને થોડીવાર બહાર ફરી આવીએ.' એમ કહી દીશાને લઇને રૂમની બહાર નીકળી જાય છે.

## પચ્ચીસ

કૃતિકાનો હાથ પકડી કરણ તેને દવાખાનાની રૂમમાંથી બહાર લઇ જાય છે. કરણને ઘણી બધી વાતો કૃતિકા સાથે કરવી હતી. તેથી તે કૃતિકાને લઇ દવાખાનામાંથી બહાર આવી રોડ પરથી એક રીક્ષા પકડી લે છે. આમ તો કોઇ એકાંત સ્થળે તેને જવાનું મન થાય છે. પણ થોડીક ભૂખ લાગવાથી તે રીક્ષાવાળાને 'ચેતના' પાસે

લઈ જવાનું કહે છે.

પંદરેક મિનીટમાં તેઓ 'ચેતના'માં પહોંચે છે. બંને ફેમીલી રૂમ પસંદ કરે છે. ફેમીલી રૂમમાં સામસામે બેસવાને બદલે બાજુ બાજુમાં બંને બેસે છે. વેઈટર આવે છે અને પછી કરણ બે 'ઓનીયન ઉત્તપા'નો ઓર્ડર આપે છે. સાથે બે 'સોસ્યો' પણ લાવવાનું કહે છે. વેઈટરના ગયા પછી તે કૃતિકાને પોતાની નજીક ખેંચે છે. કૃતિકા સમજુ છે. જાહેરમાં કોઇ પણ જાતનું ખરાબ વર્તન ન કરાય એની કાળજી રાખે છે અને તે કરણને રોકે છે.

'જો કૃતિકા, બહુ દિવસે આપણે મળ્યા છીએ. અને આમ મારાથી કેટલો સમય તુ દૂર ભાગતી રહીશ. હવે તો કંઇક નક્કી કરી દેવું જોઇએ.'

'જો કરણ, હું પણ તારા જ મતની છું. મેં આ પહેલાં પણ તમને કહ્યું છે કે બે વર્ષ પછી જ હું નિર્ણય લઇશ. મારે ભણી લેવું છું. મારી મમ્મી પણ મને ભણાવવા માંગે છે. તેથી હમણાં કોઇ પગલું હું ભરી શકીશ નહિ.'

'તો....... આમને આમ... ક્યાં સુધી રહીશું ?'

'એ તમારે વિચારવાનું એ મારો પ્રશ્ન નથી.'

'તો પછી મને તારી નજીક કેમ આવવા દીધો ?'

'કરણ, આ વાત તારી એકલાની નથી કલ્પેશની પણ છે. અને મેં તને પહેલાં પણ કહ્યું છે કે તમારે બંનેએ થોડુંક સુધરવું પડશે. બાપના પૈસે આમ ક્યાં સુધી તાગડધિન્ના કરશો ?'

'જો કૃતિકા, આડાઅવળી વાત ના કરીશ. હવે કોઇ નિર્ણય તારે સ્પષ્ટ કરી લેવો જ પડશે. આમ નિર્ણય લેવામાં જેટલું મોડું કરીશ એટલો પ્રશ્ન ગૂંચવતો રહેશે અને પછી ગૂંચ ઉકેલવાનો સમય આવશે ત્યારે ઘણું મોડું થઇ ગયું હશે.'

'ગૂંચાય એવું મેં ક્યાં કશું કર્યું છે. મેં તો અગાઉ પણ તને અને કલ્પેશને મારી વાત સ્પષ્ટ રીતે કહી છે. જે કોઇ નક્કી કરવાનું છે તમારે નક્કી કરવાનું છે. મારો તો કોઇ પ્રશ્ન નથી. પણ એક વાત જરૂર કહીશ. હું નિર્ણય તો ભણી રહ્યા પછી જ કરીશ. એ મારી અંગત બાબત છે. નિર્ણય લેવાનો પૂરેપૂરો મને અધિકાર છે. એમાં હું કોઇનું દબાણ સહન નહીં કરી શકું. જો કે મારી મમ્મી બીજા કોઇ છોકરા સાથે મારું ગોઠવવા માંગે છે અને એમાંથી બહાર નીકળવા માટે જ - કોઇ રસ્તો કાઢવા માટે - હું મારી મમ્મી સાથે અહીં આવી છું.'

'પણ અહીં કેમ ?'

'કરણ તને ખબર નહિ હોય કે રાકેશ મારા દાદા થાય અને હીના બા મારા બા થાય.'

'આ કેવી રીતે શક્ય બને ? રાકેશ તો મારા પણ દાદા થાય અને પૂર્ણિમાબા મારી દાદી થાય.'

'તો એનો મતલબ એ થયો કે મારા અને તારા દાદા એક જ છે. પણ દાદીમા જુદા જુદા એમ ને ?'

'આ કેવી રીતે બને ? આ તો મેં આજે જ જાણ્યું. ક્યાંક ગૂંચ તો પડેલી છે. મારી મમ્મી પણ મને લઇને મારો કોઇ પ્રશ્ન ઉકેલવા અહીં આવી છે. મને કાંઇ ખબર પડતી નથી કે શી વાત છે ?'

'એ બધી વાત છોડ. આપણને - આજકાલના યુવાનોને - આવા સામાજિક સંબંધોની પડી નથી. આપણે તો આપણી રીતે જ જીવવાનું. કોણ દાદા, કોણ દાદી, માતા કે પિતા કે કોઇની પરવા કરવાની ના હોય. જ્યાં આપણું સુખ તે જ આપણું ધ્યેય. જ્યાં આપણને આનંદ મળે તે જ આપણું સ્વર્ગ. આપણે યુવાનોએ તો આનંદની અનુભૂતિ જ કરવાની હોય અને એમાં ક્યાંય ક્યારેય સામાજિક સંબંધો જોવાના ના હોય.'

'આપણે ક્યાં સામાજિક રીતે એકબીજાથી જોડાયેલા છીએ.'

'અને જોડાયેલા હોય તોય શો વાંધો ? આપણને એવી કોઇ પરવા નથી. પણ આપણે આમાંથી કોઇ રસ્તો તો કાઢવો જ પડશે.'

સામે ટેબલ પર 'ઓનિયન ઉત્તપા' અને 'સોસ્યો' ક્યારનોય વેઇટર આપી ગયો છે. અને પછી બંને ખાવામાં મશગુલ થઇ જાય છે. ખવાતું જાય છે, સાથેસાથે 'સોસ્યો' પીવાતો જાય છે, જાણે કે બંને અને ખાસ કરીને તો કરણ પ્રણયને ના પીતો હોય. કરણને ભૂખ ઊઘડી હતી તેથી કૃતિકાને લઇને ખાવા આવ્યો. વાતોમાંથી ઊંચો ના આવ્યો. આવેલી 'ઉત્તપા'ની ડીશ ઠંડી પડી ગયેલી પેટમાં પણ પધરાવી દીધી. ઠંડા 'સોસ્યો'એ પણ

ઠંડક ગુમાવી દીધી હતી. એવી જ ઠંડક કૃતિકાની સાથે વાતમાં કરણ અનુભવે છે.

કરણને કૃતિકા સાથે ઘણી વાત કરવી હતી. કોઇ નિર્ણય લેવો હતો પણ નિર્ણય લઇ શકતો નથી. અને પછી ....

‘ચાલ, ઘેર પહોંચી જઇએ મમ્મી રાહ જોતી હશે.’ એમ કહી બંને ઊભા થાય છે અને ઘેર પહોંચી જાય છે.

બંગલામાં પેસતાં જ જુએ છે તો બેઠકરૂમમાં બેઠેલાં પૂર્ણિમા, રૂપાન્દે અને સંધ્યા ગંભીર હતાં. આ બંનેને આવેલા જોઇ તેમની તરફ બધા તાકી રહે છે. કોઇ કશું બોલતાં નથી.

રૂપાન્દે અને સંધ્યા પોતાના સંતાનોનો પ્રશ્ન હલ કરવા આવેલા હતા - ચિંતામુક્ત થવા - તે કદાચ પ્રશ્ન અધૂરો છોડી જવાબની રાહ જોયા સિવાય કદાચ પાછા વળી જશે એવું પૂર્ણિમા અનુભવે છે.

અને બીજે દિવસે ડૉક્ટરના કહેવાથી - જાણવાથી ‘રાકેશને એકાદ માસ સુધી સંપૂર્ણ આરામ કરવો પડશે’ એથી રાકેશની ખબર જોઇ - ‘ફરી આવીશું, ફોન કરીશું.’ એમ કહી સંધ્યા અને કરણ મુંબઇ અને રૂપાન્દે અને કૃતિકા વડોદરા પહોંચી જાય છે.

## છવ્વીસ

દવાખાનામાંથી ‘થોડીક વાર બહાર ફરી આવીએ’ એમ કહી હીના દિશાને લઇ બહાર નીકળે છે. બંને થોડુંક અહીં તહીં ફરે છે, દવાખાનાની બહારના બગીચામાં પણ. છેવટે હીના દવાખાનાની કેન્ટીનમાં દિશાને લઇ જાય છે. કેન્ટીનના એક ખૂણાના ટેબલ પર બેસી જાય છે.

‘દિશાબેન, તમે કલ્પેશની વાત કરતાં હતાં ને ? એની સાથે કૃતિકાના નામનો ઉલ્લેખ કર્યો. કૃતિકાના પપ્પાનું નામ પણ તમે કહ્યું. અમદાવાદમાં એનું થિયેટર છે એ પણ તમે વાત કરી તો એની શી વાત છે એ મને કહો.’

‘જુઓ ભાભી, આફ્રિકાથી હું આટલા માટે જ અહીં આવી છું. મારે આ બાબતની તપાસ કરવી છે. અને તમારો સહકાર મળશે એમ જાણીને હું સીધી જ તમારી પાસે આવી છું.’

‘દિશાબેન તમે જે નામ કહ્યા તે બધાને હું ઓળખું છું. તેમની સાથે પરિચય પણ કરાવીશ. કલ્પેશની માંડીને વાત કરો તો મને કંઇક ખબર પડે અને પછી તો...’

‘જુઓ ભાભી, સીનાનો દીકરો કલ્પેશ અમારા કહ્યામાં નથી તે અવારનવાર આફ્રિકાથી અહીં આવતો રહે છે. થોડો સમય અહીં રહે છે પણ ખરો અને પાછો પૈસા ખૂટતા આફ્રિકા પાછો આવે છે. અહીં મુંબઇમાં જ એનો એક મિત્ર છે નામે કરણ. આમ તો સીનાની બહેનપણીનો - સંધ્યાનો - દીકરા થાય. જો કે એ વાતની જાણકારી તો મને હમણાં જ મળી. આ કરણ પણ અવારનવાર આફ્રિકા આવતો રહે છે. ક્યારેક અમારે ત્યાં અને થાકે ત્યારે ગેસ્ટહાઉસમાં તે ઊતરતો હોય છે. તે પણ પાણીની માફક પૈસાનો ઉપયોગ કરે છે. જો કે મને એ બાબતની જાણ થઇ ગઇ છે કે કલ્પેશ કૃતિકા નામની કોઇ છોકરી સાથે લગ્ન કરવા માંગે છે. હવે પરિસ્થિત એ ગૂંચાઇ ગઇ છે કે સાચી વાત કલ્પેશ કરતો નથી. એ આફ્રિકાથી અહીં ભારતમાં આવી ગયો છે. કદાચ મુંબઇમાં જ હશે. મારી પાસે એવી જાણકારી છે કે કૃતિકાના પપ્પાનો એક મોટો ફ્લેટ મુંબઇમાં છે અને કલ્પેશ આવે ત્યારે મોટેભાગે કદાચ કૃતિકાના ફ્લેટમાં જ રહેતો હશે ! કલ્પેશ કૃતિકા સાથે લગ્ન કરે એનો અમને વાંધો નથી. પણ અમને તે સાચી માહિતી જણાવતો નથી. અને એટલે જ કૃતિકાની માહિતી મેળવવા હું અહીં આવી છું.’

‘દિશાબેન, તમારી વાત મેં સાંભળી. કૃતિકાના મારી સાથેના શા સંબંધો છે તે તમે જાણતા નથી. અને બીજું કલ્પેશ કૃતિકા સાથે લગ્ન કરવા માંગતો હોય તો પણ હું તેની સાથે લગ્ન કરવા ન દઉં.’

‘કેમ ભાભી ? આમ વાત કરો છો. તમે કૃતિકાને ઓળખો છો એમ તો કહ્યું, પણ તમારે કૃતિકાની સાથે શો સંબંધ ?’

‘દિશાબેન, તમને ખબર નથી. મને પણ ક્યાં ખબર છે. સાચી વાત તો આપણે ઘણી બધી નથી

જાણતા. આપણે વડીલો - હું અને તમે પણ - આપણા અંગત સ્વાર્થ માટે જ આપણે વિચારવું છે. આપણે ક્યારેય જેની સાથે લગ્ન કર્યું હોય તેની સાથે વફાદાર રહ્યા નથી. આપણે જ આ બધી બાબતની જડ છીએ, હવે આપણે જ આ બધુ ભોગવવાનું. હવે આપણે જ આમાંથી રસ્તો કાઢવાનો, નહિ તો પછી આખી જીંદગી પસ્તાવાનું. બીજું શું હોય ?'

'ભાભી, તમે કોઇ બીજી જ વાત કરતા હોય એમ મને લાગે છે.'

'દિશાબેન, તમારી વાત સાચી છે. કેટલાક સંબંધો ન જાણીએ એમાં જ આપણું હિત છે. અને જ્યારે સંબંધો છતા થાય ત્યારે ભવિષ્યમાં બનતી ઘટનાને આપણે રોકી ના શકીએ. મનોમન મૂંઝાતા રહીએ અને ક્યારેક આપઘાત કરવાની દિશા તરફ પણ પહોંચી જઇએ.'

'ભાભી, મને તમારી વાત સમજાતી નથી. તમારી વાતનો ખુલાસો કરવો જ પડશે અને આજે જ અહીં જ કરવો પડશે.'

'જુઓ દિશાબેન, મને બહુ આગ્રહ ના કરો તો સારું. જો કે બાંધી મુઠ્ઠીમાં ઘણા બધા રહસ્યો વર્ષો સુધી એમને એમ સંતાઇ રહેતા હોય છે. જ્યાં સુધી મુઠ્ઠી ન ખોલીએ ત્યાં સુધી કોઇ ન જાણે અને મુઠ્ઠી ખૂલે ત્યારે ? એ બધા રહસ્યો માનસિક પીડા બનીને આપણી સમક્ષ આવી ઊભા રહેતા હોય છે, જેનો રસ્તો આપણે ક્યારેય કાઢી શકતા નથી. એટલે દિશાબેન, મુઠ્ઠી ખોલવાની વાત મહેરબાની કરીને કરશો નહિ.' એમ કહી હીના ઊભી થાય છે. દિશાનો હાથ પકડી એને પણ ઊભી કરે છે અને ખેંચીને રાકેશ જે રૂમમાં છે એ તરફ દિશાને લઇ જાય છે.

'ભાભી, તમારે મુઠ્ઠી તો ખોલવી જ પડશે.'

'ભલે તમારા સંતોષ ખાતર હું મુઠ્ઠી ખોલીશ.'

અને બંને રૂમમાં પ્રવેશે છે. કોઇ માણસના પગલાંનો અણસાર સાંભળી જાગતો રાકેશ આંખ મીંચી પડી રહે છે.

રૂમમાં આવેલી દિશાને હીના કહે છે, 'દિશાબેન, આ પથારીમાં પડ્યા છે તે તમારે શું થાય ?'

'એ તો રાકેશકુમાર છે. સીનાના પતિ, કલ્પેશના પિતા.'

'એમણે સીના સાથે લગ્ન કર્યું છે એવો કોઇ પુરાવો મને આપી શકશો ?'

'સીનાએ જ અમને વાત કરી છે. તેઓ અવારનવાર આફ્રિકા આવતા રહે છે. અમારે ત્યાં જ રહે છે અને અમારી ઇચ્છા પ્રમાણે જ તેમણે અને સીનાએ અમને દાદા-દાદી બનાવ્યા, આ તો જગજાહેર છે.'

'ઘડીભર માની લઉં કે સીના સાથે રાકેશકુમારનું લગ્ન થયું છે, કલ્પેશ એમનો દીકરો છે. અને દિશાબેન તમારે રાકેશકુમાર સાથે શો સંબંધ ?'

'સાસુ-જમાઇનો સ્તો.'

'બીજો કોઇ સંબંધ ખરો ?'

દિશા બોલતી નથી. નીચું જોઇ જાય છે. શું બોલે કે શું ના બોલે તેની દિશાને ખબર પડતી નથી. રાકેશ સાથેના પોતાના સંબંધોને એ પોતાની ભાભીની સમક્ષ કેવી રીતે છતા કરી શકે ? તેના હીનાભાભી બંધ મુઠ્ઠી ખોલવાનું ના કહેતા હતા તે સાચું જ છે.

'જુઓ દિશાબેન, રાકેશ સાથેના તમારા સંબંધોની તમે મને જાણ નહીં કરી શકો પણ તમને ખબર નહીં હોય તમારા અને રાકેશના સંબંધો વિશે હું જાણું છું. હવે તમે જ કહો દીકરીના જમાઇને સાસુમા ભોગવી શકે. તમે ના કહેશો. તમે પણ આવુ કૃત્ય કર્યું છે. હવે બીજી વાત તમે જાણતા નથી. અને જાણતા હોય તો સાચી માની નહીં હોય. કૃતિકાની દાદી થાઉં છું. અને હું અહીં રાકેશ સાથે રહું છું તે રાકેશ સાથેના મારા સંબંધો તમારી આગળ છતા નથી કરવા. તો કેવી રીતે કલ્પેશનું લગ્ન કૃતિકા સાથે થઇ શકે. મારી એમાં સંમતિ ન જ હોય ? અને મારી સાથે વાત થયા પછી તમારી પણ એમાં સંમતિ ના જ હોય. દિશાબેન, આપણે બધા એક જ પંથના પ્રવાસીઓ છે. એટલે આ બધી વાતોમાં ઊંડા ન ઉતરીએ તો જ બહુ સારું. ચાલો દિશાબેન, હજુ તેઓ ઊંઘે છે. નર્સને કહીને આપણે નીકળી જઇએ. બંગલે પહોંચીને તમે ત્યાં આરામ કરજો અને પાછી હું અહીં દવાખાને આવીશ.'

'ના ભાભી, હું બંગલે નહીં આવું. આજે મેં બધુ સાંભળ્યું તે હુ સહન નહીં કરી શકું. તમારે જ આમાંથી કોઇ રસ્તો કાઢવો પડશે. હું આજે રાત્રે જ અહીંથી પાછી વળી જઇશ. બે-એક દિવસ પછીનું પાછા વળવાનું

બુકીંગ છે. આ વચ્ચેના દિવસમાં મુંબઇની કોઇ હોટલમાં રહીશ. આરામ કરીશ અને પછી આફ્રિકા પહોંચી જઇશ.'

'સારું જેવી તમારી મરજી.'

'ભાભી, તમે એવું ના કરી શકો બંગલે જઇને જમી આવો ત્યાં સુધી હું અહીં દવાખાનામાં રહુ તો ?'

'દિશાબેન આટલું બધુ કહ્યું છતાંય તમે સમજ્યા નહિ. હજુય તમને મોહ છે ? ભલે તમારી ઇચ્છા પૂરી થાય. તમે એમની સાથે બેસો. હું બંગલે જઇ, જમીને પાછી આવીશ. મારા આવતા પહેલાં તમે નીકળી જાવ તો પણ મને વાંધો નથી.' એમ કહી હીના રૂમની બહાર નીકળી જાય છે.

## સત્તાવીશ

હીના તો દિશાને કહીને બંગલે પહોંચી ગઇ. હીનાના ગયા પછી દિશા રૂમનું બારણું અંદરથી બંધ કરી રાકેશની પથારી પાસે જાય છે. રાકેશ તો જાણે કે અસહ્ય દર્દ થતું હોય એ રીતે પડેલો છે. ધીરે રહીને દિશા રાકેશના ઓશિકા પાસે બેસે છે. અને પછી ધીરે ધીરે રાકેશના માથા પર હાથ ફેરવતી રહે છે. દિશાને ઘણું બધુ કહેવું છે પણ કહેતાં તેની જીભ ઉપડતી નથી. અને પછી તો રાકેશની નજીક પહોંચે છે. રાકેશ શાંત છે. તેને બધી ખબર છે. આમને આમ અડધો એક કલાક પસાર થાય છે. દિશા થાકે છે. હીના સાથે થયેલી વાતના અનુસંધાનમાં એટલું તો જાણી ચૂકી છે કે કોઇપણ સંજોગોમાં કલ્પેશનું લગ્ન કૃતિકા સાથે ન થઇ શકે. તો પછી ? એનો જવાબ દિશા પાસે નથી. અને પછી કંટાળેલી દિશા રાકેશને હલાવી નાંખે છે. રાકેશ પણ ઊંઘમાં ભરાયો હોય એમ જાગીને પાછો ઊંઘવાનો પ્રયત્ન કરે છે. વાસ્તવમાં તો રાકેશ દિશાને બનાવતો જ હતો ! ઊંઘવાનું તો તેણે માત્ર નાટક જ કરેલું છે.

દિશાને એક વિચાર આવી જાય છે. રાકેશ સાથે પ્રસંગ પાડે કેટલોય સમય થઇ ગયો અને હવે જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ શરીરથી થાકતી જાય છે. મનની ઇચ્છાઓને દબાવતી રહે છે. પાછુ તે વિચારે છે હીના આવ્યા પહેલાં અહીંથી ચાલ્યા જવું. અને જતાં પહેલાં છેલ્લી વાર ઇચ્છાઓની તૃપ્તિ પણ કરી લેવી જોઇએ. અને પછી ધીરે ધીરે તે રાકેશની નજીકને નજીક આવતી જાય છે. અને પછી રાકેશના શરીર પર તે હાથ ફેરવતી રહે છે. રાકેશને પોતાની તરફ ખેંચે છે. દિશાનો ખેંચાયો રાકેશ પણ પડખું ફેરવે છે અને પછી દિશા ઊભી થાય છે. બારણાની સ્ટોપર બરાબર વાસી છે કે કેમ તે જોઇ આવે છે. એકાદ બે મિનિટ પછી તે રાકેશની નજીક આવે છે અને બીજી ક્ષણે જાણે કે રાકેશ પર પડતુ નાખતી હોય એ રીતે રાકેશની ઉપર આવી જાય છે. અને પછી કેટલાય સમયથી અતૃપ્ત રહેલું દિશાનું શરીર તૃપ્તિનો અહેસાસ કરતું હોય તેવું અનુભવે છે. દિશા હજુ પણ જાણે કે ધરાઇ ન હોય એવું અનુભવે છે. શરીરમાં કળતર થતું હોય એવું પણ એને લાગે છે. અને ફરી પાછી પોતાના મન પરનો કાબૂ ગુમાવી દે છે અને ફરી... ફરી.... રાકેશને ભોગવે છે અને ધીરે રહીને જાણે કે રાકેશ સાંભળતો હોય તે રીતે બોલી ઊઠે છે :

'જો રાકેશ, તું તો શાંત છે. પણ મેં તારી શાંતિ હણી નાંખી છે. મેં તારી જાણ બહાર - ઊંઘમાં - મારી ઇચ્છાઓની તૃપ્તિ કરી લીધી છે. એની તો તને ક્યાંથી ખબર હોય ? પણ જો મારા હીનાભાભી સાથે કેટલીક વાતો થઇ એ બધુ તો હું ભૂલી જઇશ. મારે તો એટલું જ જોઇએ કે મારી દીકરીનો દીકરો કલ્પેશ સુખી થવો જોઇએ. હું હીના આવે તે પહેલાં જ ચાલી જાઉં છું. જો કે તારે કોઇ રસ્તો કાઢવો જોઇએ. જવા દે એ બધી વાત. હું તો આ ચાલી. જેનું જે થવું હોય તે થાય.' કહેતીકને રાકેશના મોં પર એક દીર્ઘ ચુંબન આપી રૂમની બહાર નીકળી જાય છે.

## અઠાવીસ

બંગલે ગયેલી હીના જમીને પાછી આવતા બહુ વાર કરે છે. તે પોતાની નણંદ દિશાને પૂરેપૂરી ઓળખે છે.

તેને થોડો સમય આપવા માટે જ તે મોડી આવે છે. તે આવે છે ત્યારે રૂમનું બારણું ખુલ્લુ છે. રાકેશ સૂતેલો છે. ધીરે રહીને તે રૂમમાં પ્રવેશ કરે છે. રાકેશને સૂતેલો જોઇ ઊઠાડવાનો પ્રયત્ન કરે છે. મહાપરાણે રાકેશ જાગે છે. હીનાને દિશા વિશે પૂછવું છે. પણ રાકેશ કહે તે રીતે વાત જાણવી છે.

'રાકેશ, દિશાબેન ગયાં ?'

'મને શી ખબર ? તેં ઊઠાડ્યો ને ઊઠ્યો. આજે તો બહુ લાંબી ઊંઘ ખેચી. કોણ ક્યારે આવ્યુ અને કોણ ક્યારે ગયું એની મને કોઇ ખબર નથી. પણ એક વાત કહું. ઊંઘમાં ને ઊંઘમાં જાણે કે એક સ્વપ્ન જોયું હોય એવો અનુભવ તો મને થયો. જાણે કે કોઇ મને ખેંચતુ હતું. કોણ હતું એનો મને ખ્યાલ નથી. પણ મને એવું લાગ્યું કે કોઇ વ્યક્તિ બળજબરીથી તેની ઇચ્છાઓની પૂર્તિ કરતી હતી.'

'જો રાકેશ, એ બધી વાત જવા દે. તુ ભલે ના કહે પણ સાચી વાત હું જાણું છું. મેં જાણી જોઇને જ તમને બંનેને એકાંત આપવા માટે ઘેર જવાનું વિચારેલું અને પછી.. હું તને ઓળખુ ને? તું કહે પણ તારી વાત હું કેવી રીતે માનુ. તે ઊંઘમાં સ્વપ્નુ નહીં જોયું હોય પણ તેં ઊંઘવાનો ઢોંગ કર્યો હશે. અને પછી દિશાબેન સાથે..'

'આગળ બોલને, કેમ અટકી પડી ?'

'મારે કહેવાની કંઇ જરૂર નથી. તું બધું જ સમજે છે. કાલો ના થઇશ. જો રાકેશ આજે તો અહીં આપણે બંને એકલા જ છીએ. પૂર્ણિમા કે કોઇ આવવાનું નથી. એટલે બધી જ વાતોનો આજે નિકાલ કરી દેવો છે. તારા અંતરમાં જે ખટકે છે, એ બધી જ વાતો તુ મને કહી દે. તું ના કહીશ તો પણ કેટલીક બાબતોનો હવે મને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો છે. '

આમ કહેતી હીના રાકેશના માથા પર હાથ ફેરવતી હોય એવું રાકેશ અનુભવે છે. અને બીજી ક્ષણે રાકેશ હીનાની છાતીમાં પોતાનુ મોં નાખી ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે. હીના બધુ જ સમજી ગઇ છે. તેને ખ્યાલ તો આવી ગયો છે. રાકેશ કહેવા માંગે છે છતાં કશું જ કહી શકતો નથી. હીના એમને એમ રાકેશને રડવા દે છે. ડુસકે ભરાયેલો રાકેશ હીનાને પોતાની નજીક ખેંચી જાણે કે બધું જ કબૂલ કરવા માંગતો હોય તે રીતે હીનાને હલબલાવી મૂકે છે. થોડી વાર એમને એમ રાકેશ પડ્યો રહે છે. પછી હડસેલો મારી હીનાને પોતાનાથી દૂર કરે છે અને એકદમ બેઝીન પાસે પહોંચી મોં પર પાણીની છાલક મારતો રહે છે. મોં પર પાણીની છાલક વાગતાં જ તે ઠંડીનો અહેસાસ કરે છે. સ્વસ્થ થાય છે. અને પછી મોં સાફ કરી હીનાની પાસે આવી બેસી જાય છે.

'હીના, મારા જીવનની કેટલીક વાત તો મેં તને કરી છે અને કેટલીક વાતથી મેં તને અંધારામાં રાખી છે. હું જાણું છું કે મારી વાત તેં તારા પૂરતી જ રાખી છે. એનો ઇશારો પણ તેં કોઇને કર્યો નથી. અને મને વિશ્વાસ છે કે તું ક્યારેય કોઇને મારી વાત નહિ કહે.'

'રાકેશ, બધી વાત છોડ. મને હવે સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તું કોઇક વાતથી મૂંઝાય છે. તુ મને વિગતે વાત કરે તો તેનો કોઇ નિકાલ લાવી દેવાય અને હું તને ખાતરી આપુ છું કે જ્યાં સુધી મારું અસ્તિત્વ હશે ત્યાં સુધી તારી વાત બીજા કોઇના કાને નહિ જાય અને ખાસ કરીને પૂર્ણિમાના. તને ખબર નથી મારે અને દિશાબેન સાથે કેટલીક વાત થઇ છે. અને દિશાબેન સાથેની વાતથી હું ચોંકી ઊઠી છું. હું એટલું તો હવે નક્કી કરી ચૂકી છું કે તું બહુ ખરાબ માણસ છે. તેં જ્યાંને ત્યાં.. ખેર.. એ બધી વાત અત્યારે કરવાની જરૂર નથી. પણ તેં તારી કેટલીક અંગત વાતો મને કરી છે એને કારણે તેં મારા પ્રત્યે વફાદારી રાખી છે. તેથી તુ જેવો છે તેવો મેં તારો સ્વીકાર કર્યો છે. અને મોટેભાગે સ્ત્રી પુરૂષને ઓળખી લેતી હોય છે. તુ જ નહિ પણ કોઇપણ પુરૂષ સુંદરતા દેખીને એને મેળવવા પ્રયત્ન કરે છે અને ત્યાર પછી સામી વ્યક્તિ સાથેના કોઇપણ જાતના સંબંધો વચ્ચે આવતા નથી. જો કે એકલા પુરૂષને જ આમા દોષ ન દઇ શકાય. કેટલીક સ્ત્રીઓ પુરૂષો જેવી જ હોય છે અને એમના અસંતોષને ગમે ત્યાં સંતોષવા પ્રયત્ન કરતી હોય છે.
અરે ! ક્યાં બીજી સ્ત્રીઓની વાત કરું, હું પણ એવી જ હતી ને ! પરદેશનો ચાન્સ હતો. સોહન જેવો પતિ હતો છતાંય હું તારા પ્રત્યે ઘેલી બની હતી ને.'

હીના બોલતી જાય છે. રાકેશ ચૂપ છે. ધીરે રહીને હીના ઊભી થાય છે. થર્મોસમાંથી બે પ્યાલામાં થોડી થોડી ચા લઇને પાછી આવે છે. રાકેશને આપે છે. અને પોતે પીવે છે.

હીનાની વાતો સાંભળી રાકેશ ઠંડો પડી જાય છે. ચાને કારણે તેના શરીરમાં ગરમાવો આવે છે. હીનાની તરફ તાકી રહે છે. હીનાને બધી વાત કરવી કે કેમ તે ગડમથલ અનુભવે છે. હીના તો સમજે છે. એને વિશ્વાસ

પણ છે. રાકેશને કંઇક ખટકે છે. અને એ ખટકો જ જાણે કે ધરતીકંપ બનીને બધુ ખેદાનમેદાન કરી નાંખશે.

ચા પીધા પછી રાકેશ સ્વસ્થ થાય છે.

'જો હીના, મારે ઘણું બધું કહેવું છે. હું પોતે જ માયાના વમળમાં એટલો બધો ઊંડે ઊતરી ગયો છું કે મને કોઇ એમાંથી બહાર ખેંચે તો જ બહાર અવાય. અત્યાર સુધી તો મેં મારી રીતે આ વમળમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો પણ એમાંથી નીકળી શક્યો નહોતો.'

'તું બધી વિગતે વાત કર. થોડી ઘણી તો મને ખબર છે. કેટલોક તો વહેમ પણ છે. કેટલીક વાતો તો હું મારી રીતે જ સમજી શકી છું. પણ તુ કહે તો જ સાચુ માનુ. છેલ્લા થોડા દિવસોમાં જે ઘટનાઓ બની તેમાં ક્યાંકને ક્યાંક તું સંડોવાયેલો હોઉં એમ મને લાગે છે. સંધ્યા કરણને લઇને આવે છે, ને રૂપાન્દે કૃતિકાને. અધૂરામાં પુરું દિશાબેન કલ્પેશની વાત લઇ આવે છે અને એમની વાતમાં એક પાત્રનાં ઉલ્લેખ થાય છે. અને એ છે કૃતિકા.'

'જો હીના, તેં જે ત્રણ નામ કહ્યા કરણ, કૃતિકા અને કલ્પેશ. એ ત્રણ નામની સાથે જ હું જોડાયેલો છું. એનો તને ખ્યાલ નથી. તને સીના સાથેના મારા સંબંધોનો ખ્યાલ આવી ગયો છે. સાથોસાથ દિશા સાથેના સંબંધો પણ તું જાણે છે. એક સાચી વાત કહું ? હું ક્યારેય સ્ત્રીઓની પાછળ પડ્યો નથી. સ્ત્રીઓ જ મારી તરફ ખેંચાઇને આવે છે. મારે પૈસાની જરૂર હતી અને તેઓને મારી. તારી માફક અને એ રીતે જાણે અજાણ્યે ઘણી બધી સ્ત્રીઓ સાથે મારા સંબંધ બંધાયા. અને પછી તો એ ચક્ર એવું ચાલ્યું કે જાણે અજાણે હું એમાં ફસાતો ગયો અને કેટલાક સંબંધો મારી ઇચ્છા વિરુદ્ધ પણ બંધાતા ગયા અને આમને આમ મારી આસપાસ ઘણા બધા પાત્રો ફરતા રહે છે. જો કે મેં મારી નજીક આવેલા કોઇ પણ પાત્રને દગો દીધો નથી. ક્યારેક તેમની માંગણી મેં સંતોષી છે. એના બદલામાં એમણે મને ખૂબ પૈસા આપ્યા છે.'

'ગોળ ગોળ વાતો ના કર. અહીં આપણે બે જ છીએ. જે કહેવુ હોય તે કહી નાંખ. પછી વાત કહેવાનો તને કે મને મોકો નહી મળે.'

'હીના, હું જે વાત કહેવા માંગુ છુ એનાથી કદાચ હું પોતે તો તારી નજરમાંથી કદાચ ઊતરી જઇશ. અને કદાચ તુ આનો હલ ના કાઢી શકું તો પછી આપણે બંને દુઃખી થઇશું. એટલે મને લાગે છે કે મારી મારી પાસે જ રહેવા દઉં તો સારું.'

'જો રાકેશ, હવે તું નહિ પણ મારે જ કહેવું પડશે. રૂપાન્દે મારી ભત્રીજાવહુ હતી. જો કે મારા ભત્રીજાએ તેને તરછોડી હતી. તું જ મારે ઘેર રૂપાન્દેને લઇને બે દિવસ રહ્યો હતો. ક્યા સંબંધે રહ્યો હતો ? કદાચ એ વાત તો તું મને નહીં કહી શકે. પરંતુ રૂપાન્દેને પ્રશાંત સાથે પરણાવી પ્રશાંતને થિયેટરનો માલિક પણ બનાવી દીધો હતો. એનું કારણ હું તે દિવસે સમજી નહોતી, પણ ઘણા બધા દિવસ પછીના મનોમંથન પછી રૂપાન્દે સાથેના તારા સંબંધોનો થોડોક તો અણસાર મને આવી ગયો હતો. વારંવાર આફ્રિકા જવું, તારું એ રહસ્ય મોડે મોડે હું ઉકેલી શકતી હતી. ચૂપચાપ કોઇ ન જાણે તે રીતે સીનાના વર તરીકે મારા જ નણંદના ઘરમાં તું ગોઠવાઇ ગયો હતો ને ? અને ત્રીજી સંધ્યા સાથેના તારા સંબંધોની ઘણા વખત મને શંકા જાગતી હતી. જો કે સંધ્યા સાથેના સંબંધોની છણાવટ તું કરીશ ત્યારે જ મારી શંકાનું સમાધાન થઇ શકશે. હવે તુ જ કહે, સંધ્યા, રૂપાન્દે અને સીના સાથે તારા શો સંબંધ ?'

હીના દ્વારા આ સાંભળતાં જ રાકેશ એકદમ ઊભો થઇ જાય છે. રૂમમાં આંટા મારવા લાગે છે. કશું બોલતો નથી. થોડી થોડી વારે જગમાંથી ઠંડુ પાણી કાઢી પીતો રહે છે અને બીજી ક્ષણે હીના તરફ જોઇ એકદમ બોલી ઊઠે છે, 'હીના, આ ત્રણ સાથેના મારા સંબંધો તારે જાણવા છે ને ? તો લે હું તને સ્પષ્ટ કહી દઉં.' એમ કહેવા જાય છે ને રૂમનું બારણું કોઇ ખટખટાવતું હોય એવું લાગતા રાકેશ આગળ કોઇ પણ જાતની વાત કરતો નથી. તે પથારીમાં બેસી જાય છે. અને હીના બારણું ખોલવા જાય છે. હીના બારણું ખોલે છે. બારણું ખોલતા સામેની વ્યક્તિને જોતા આશ્ચર્ય અનુભવે છે.

## ઓગણત્રીસ

હીનાએ બારણું ખોલ્યું. બારણુ ખોલતાં જ સામેની વ્યક્તિને જોઇ આશ્ચર્ય અનુભવ્યું. સામે એક

વીસેક વર્ષનો યુવાન ઊભો હતો.

હીના બોલી ઊઠી, ‘કોનું કામ હતું ?’

‘તમે જ હીનાબેનને ? જો તમે જ હો તો હું યોગ્ય જગ્યાએ જ આવ્યો છું. મને રૂમની અંદર નહિ આવવા દો ?’ એમ કહેતો પેલો યુવાન અંદર પ્રવેશ કરે છે. રૂમમાં જતાં જ પલંગમાં બેઠેલી એક વ્યક્તિને જોતાં જ તે યુવાન તેમની પાસે જઇને ઊભો રહે છે અને ધીરેથી કહે છે,

‘હમણાં જ હું બંગલે જઇને આવ્યો. પૂર્ણિમાબેને મને અહીંનું સરનામું આપ્યું એટલે હું અહીં આવ્યો. મારે તમને જ - રાકેશભાઇને - ખાસ મળવું હતું. હું માનું છું કે કોઇની હાજરીમાં હું વાત નહી કરી શકું.’ આમ કહેતાં તેની નજર હીના તરફ જાય છે.

હીના સમજી શકતી નથી કે આ યુવાન કોણ હશે ? શા માટે આવ્યો હશે ? અને મારી ગેરહાજરીમાં રાકેશ સાથે એને શી વાત કરવી છે ? જો કે તે સમજુ છે અને એટલે જ પેલા યુવાનની વાત સાંભળી રૂમની બહાર નીકળી જાય છે. પેલો યુવાન ઊભો થાય છે. બારણું બંધ કરતા પહેલાં બહાર ઊભેલી હીનાને,

‘હીનાબેન, થોડીવાર બહાર તમારે રાહ જોવી પડશે.’ એમ કહી રૂમનું બારણું બંધ કરી દે છે.

રૂમનું બારણું બંધ કરી પેલો યુવાન રાકેશ પાસે પહોંચે છે. એક ખુરશી ખેંચી લાવી પલંગ પાસે બેસે છે અને ધીરે રહીને કહે છે, ‘તમે મને નહિ ઓળખો. જો કે હું પણ તમને પહેલી વાર જ મળું છું. તમારા વિશે મને કરણે બધી વાત કરી. કરણના તમે દાદા થાવ ને ? મારે થોડી અહીં અમદાવાદમાં તપાસ કરવી છે. અમદાવાદમાં ‘પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ’ નામની એક વ્યાપારી પેઢીની મારે તપાસ કરવી છે. તે કોની માલિકીની હતી અને અત્યારે કોણ ચલાવે છે તે બધું વિગતે મારે જાણવું છે, એટલે જ હું તમારી પાસે આવ્યો છું. જો કે હું તમારી સાથે ચર્ચા કરી થોડીવારમાં પાછો મુંબઇ પહોંચી જવાનો છું. તમે તપાસ કરી રાખજો. હું મુંબઇમાં જ થોડો સમય છું. પછી આફ્રિકા ચાલ્યો જવાનો છું. મારું નામ કલ્પેશ. મારી માતા કહે છે કે રાકેશ નામની વ્યક્તિ સાથે તેના લગ્ન થયાં છે. નવલકથાઓમાં અને ચલચિત્રોમાં ઘણા બધા નાયકોનાં નામ રાકેશ હોય છે. જુઓને મારા પપ્પાનું નામ રાકેશ અને તમે પણ કરણના દાદા રાકેશભાઇ ને !નામમાં કેટલી બધી સામ્યતા. તમે મને ‘પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ’ની માહિતી લાવી આપશોને ? તમારા જેવા અમદાવાદના આગળ પડતા માણસો માટે આવી માહિતી મેળવવાનું બહુ અઘરું ન લાગે. જો કે એક બીજી પણ વાત કહું. તમે ‘પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ’ની માહિતી મને લાવી આપો પછી બીજી પણ મારે તપાસ કરવી છે. મારા પિતાની. એમાં પણ તમારી મદદ મને જોઇશે.’ એમ કહી રાકેશનો જવાબ સાંભળ્યા સિવાય તે પાછો વળે છે. રાકેશ પલંગમાંથી ઊભો થવાનો પ્રયત્ન કરે છે પણ તે ઊભો થઇ શકતો નથી. જાણે કે તેને લોખંડની સાંકળોથી બાંધી ન દીધો હોય ! કલ્પેશ તો ચાલ્યો ગયો.

રૂમની બહાર નીકળી બહાર ઊભેલી હીનાને જોતાં જ તે હીનાને પગે લાગે છે. તે ધીરે રહીને બોલે છે, ‘હીનાબા, તમે મને નહિ ઓળખો. જો કે મારી ઓળખાણ તમને આપું છું. પણ તે તમારા સુધી ખાનગી રાખજો. રૂમની અંદર પલંગમાં સૂતેલી વ્યક્તિને કાને તમે જે જાણો છો તે વાત ન જાય. તેટલું જ હાલ પૂરતું હું ઇચ્છું છું. તમે મને ક્યારેય જોયો નથી. જો કે મેં ઘણી બધી માહિતી મેળવી છે. અને બીજી મેળવ્યા પછી જ હું મારી સાચી વાત કહીશ. હું તમારી નણંદ દિશાની દીકરી સીનાનો ભાણો. કલ્પેશ મારું નામ. હું મારા પિતાની તપાસ કરવા આવ્યો છું.’ આટલું સાંભળતાં હીના કલ્પેશને પોતાની નજીક ખેંચી તેના માથા પર હાથ ફેરવે છે અને બીજી જ ક્ષણે હીનાની આંખમાંથી આંસુ નીકળી જાય છે.

હીનાથી છૂટો પડી કલ્પેશ એક કાર્ડ હીનાને આપે છે અને ધીરેથી કહે છે, ‘હું અહીં જ અમદાવાદમાં આ સરનામે રોકાયેલો છું. આવતી કાલે સાંજે પાંચ વાગ્યે આ સ્થળ પર તમે આવશો ને ? હું તમારી રાહ જોઇશ.’ એમ હીનાને વિચાર કરતી મૂકીને કલ્પેશ ચાલ્યો જાય છે.

## ત્રીસ

જ્યારે જ્યારે કલ્પેશ આફ્રિકાથી મુંબઇ આવે ત્યારે એના પિતાની તપાસ કરતો રહેતો. પોતાની મમ્મી

સીના અને દાદીમા હિશા અવારનવાર ઘરમાં ક્યારેક વાત કરતાં ત્યારે એ શબ્દો તેણે સાંભળેલા. જો કે એણે એની માતાને ઘણી વાર પોતાના પિતા વિશે પૂછેલું, પણ તેની માતા તેને સાચો જવાબ આપતી નથી. છતાંય પોતાના પિતાને શોધતો જ રહે છે. પોતાના પિતાનું નામ રાકેશ છે એટલું જ એ જાણતો હતો. છેવટે એને અમદાવાદની 'પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ'ની વાત જાણવામાં આવે છે અને એક દિવસ.... કૃતિકા દ્વારા તે જાણે છે કે તેના પિતા અને માતા રાકેશ નામની એક એવી વ્યક્તિને ઓળખે છે. પણ આ પૃથ્વી પર રાકેશ નામ તો ઘણા બધાનાં હોય. પણ, વાતવાતમાં એક વખતે કરણ સાથે વાત થતાં કરણના દાદાનું નામ પણ રાકેશ છે એ જાણી પોતાના પિતાને શોધવાનો પ્રયત્ન વધુ પ્રમાણમાં કરતો રહે છે.

આફ્રિકામાં પોતાના દાદાનો વ્યવસાય જેવો છે એવા જ વ્યવસાય સાથે પોતાના પિતા જોડાયેલા હતા. એવી વાત પોતાની માતા અને દાદીમા સાથેની વાતથી તેજાણે છે અને એમાં એક દિવસે પોતાની માતા સીના સાથે એને વાત થાય છે. તે સીનાને પૂછે છે,

'મમ્મી, હું ઘણા વખતથી મારા પપ્પાની માહિતી તમારી પાસે માંગુ છું. આટલા બધા વર્ષો થયા પરંતુ મેં મારા પપ્પાને ક્યારેય અહીં આવતાં જોયા નથી. મમ્મી આનું રહસ્ય શું ? હું મારા પપ્પાને તો શોધીશ. તેમના વિશે તું કેમ વાત કશી કરતી નથી. તારે મને જણાવવું તો પડશે જ.' પણ સીના કલ્પેશને તેના પિતા વિશેની માહિતી આપતી નથી.

અને એક દિવસે...

તેના દાદાને રૂમમાં એકલા એકલા બેસીને રડતા તે જુએ છે અને તે પૂછી બેસે છે, 'દાદા, કેમ રડો છો ? શાની ખોટ છે તમને.'

'જો કલ્પેશ, આ તો સહજ રીતે મને રડવું આવી ગયું. અમદાવાદમાં પણ મારી એક 'પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ' હતી. ' કલ્પેશના દાદાએ વાતવાતમાં તો કહી નાંખ્યું. તરત જ પોતાની ભૂલ સુધારે છે. 'જો કલ્પેશ, આ મારી જીભે લોચો માર્યો. અમદાવાદની 'પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ'માંથી આપણે ત્યાં કેટલોક માલ આવે છે. તેની વાત હું કરવા માંગતો હતો. આપણે ત્યાં વારંવાર માલ આવે છે. ઘણી બધી રકમ એડવાન્સમાં આપણે તેમને આપી દીધી છે. હમણાંનો ત્યાંથી માલ આવતો નથી. માલ વગર અહીં ગ્રાહકો પાછા જાય છે. આવક કરતાં જાવક વધે છે અને દેવું થઇ ગયું છે. તેથી હું રડી પડ્યો.' એમ કહી વાતને બીજી રીતે ફેરવી નાંખે છે.

પોતાના દાદાએ અમદાવાદમાં પોતાની 'પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ' હતી. એવું કહ્યું હતુ પણ પછી વાતને ફેરવી નાખી. જો કે કલ્પેશ સમજી જાય છે અને તે દાદાને હું બહાર જાઉં છું એમ કહીને બહાર નીકળી જાય છે. બહાર નીકળી નક્કી કરે છે છે કે દાદાએ કહેલી વાતમાં કોઇ રહસ્ય તો છે જ. અને એ રહસ્ય પોતાના પિતાને શોધવામાં કામ આવશે. એમ તે માની લે છે. જો કે તે હીનાબાને ઓળખી ગયો હતો. રાકેશ વિશે તો તેને વહેમ નથી. શરૂઆતમાં તો વહેમ ગયેલો કે તે જ તેના પિતા ના હોય ? પણ હીનાબા સાથે રહે છે. એટલે પોતાના પિતા ના હોય એમ તે માની લે છે. અને આમ ઓચિંતો જ અમદાવાદમાં આવી એ રાકેશને જ 'પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ'ની તપાસ કરવાનું કહે છે.

પણ કલ્પેશને ક્યાં ખબર છે કે તેની આ શોધને કારણે ઘણાં બધાં મુશ્કેલીમાં મુકાઇ જશે.

## એકત્રીસ

કલ્પેશના ગયા પછી હીના વિચારમાં પડી ગઇ. હમણાંની એક પછી એક એવી વ્યક્તિઓ આવતી જાય છે અને જે વાત કરે છે એનાથી ઘણાં રહસ્યો ખૂલી જાય એમ તે માનતી રહે છે. ધીરે રહીને તે રૂમમાં પ્રવેશે છે. તેની નજર જાય છે તો રાકેશ પથારીમાં સૂનમૂન પડ્યો હોય છે. તેના ચહેરા ઉપર ભય વ્યાપી ગયો હોય તેવું હીના નોંધે છે. હીના રાકેશની પાસે આવીને બેસે છે. રાકેશ એ જ પરિસ્થિતિમાં છે. હીના તો ગભરાઇ ગઇ છે. તો પેલી તરફ રાકેશ પણ જાણે કે મૂંઝવણમાં મૂકાઇ ગયો હોય તેવું પડ્યો પડ્યો અનુભવે છે.

હીના ધીરે રહીને રાકેશને જગાડે છે. અને રાકેશ હીનાને પોતાની નજીક ખેંચે છે. કેટલી વાર સુધી

આમને આમ બંને એકબીજાની નજીક રહ્યાં. ધીરે રહીને હીના રાકેશને પોતાનાથી દૂર કરે છે અને કહે છે, ‘જો રાકેશ, એવી બધી વ્યક્તિઓ આવતી રહે છે કે જેની સાથે તારા કોઇને કોઇ સંબંધો હોય એવું મને લાગે છે. તું મુશ્કેલીમાં મૂકાઇ જઇશ. તારા જીવનના અંગત રહસ્યોથી મને વાકેફ કર. તને ખાતરી આપું છું કે હું તને જેવો છું તેવો સ્વીકારીશ જ. તને તરછોડી નહીં દઉં. તારી મુશ્કેલીમાંથી કોઇ રસ્તો કાઢી આપીશ અને બીજી એક ખાત્રી આપું છું કે તું મને જે વાત કરીશ તે ક્યારેય કોઇને નહિ કહું. આપણા બંને પૂરતી જ એ ખાનગી રહેશે.’ આટલું સાંભળતાં તો રાકેશ હીનાની છાતીમાં પોતાનું મોં નાખી ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે. રાકેશ શાંત થાય છે. ત્યાર પછી હીના તેનાથી દૂર થઇ ઠંડુ પાણી લાવી રાકેશને આપે છે. રાકેશને શાંત કરે છે અને પછી રાકેશ બોલવા માંડે છે :

‘જો હીના, અત્યારે બધા જ રહસ્યો તારી આગળ હું છતાં કરીશ. મારા જીવનના- નાટકોના અભિનયને કારણે સંધ્યા પ્રવેશી. એક દિવસે સંધ્યાએ મને મળવાનું કહેલું. પણ આવી શકી નહોતી. ઘણાં સમય સુધી હું રાહ જોઇને થાક્યો અને છેવટે હું ચાલવા માંડ્યો. રસ્તામાં રૂપાન્દેનો ભેટો થયો. રૂપાન્દે તેના ઘેર મને લઇ ગઇ. ઘરમાં તે એકલી જ હતી. તેના ઘરમાં પાર્થનો ફોટો જોઇ હું ચમક્યો. રૂપાન્દે ઘરમાં જઇ - પાછી આવે તે પહેલાં હુ ઘરની બહાર નીકળી ગયો. હું વિચારતો હતો કે પાર્થનો એની સાથે શો સંબંધ હશે ? અને હું એ વિચારતો જ રહ્યો.

નાટકમાં સંધ્યા અને હું પતિ-પત્નીના પાઠમાં હતાં. નાટક પૂરું થયા પછી બહુ જ મોડી રાત્રિએ એ સંધ્યાને મૂકવા જાય છે. બહુ મોડું થઇ ગયું હોવાથી સંધ્યા અને તેની માતા પૂર્ણિમાના આગ્રહને કારણે હું ત્યાં રોકાઇ ગયો હતો. અને તે રાત્રિએ મારી ઇચ્છા વિરુદ્ધ સંધ્યાએ મને ભોગવ્યો હતો. વહેલી સવારે હું ત્યાંથી બહાર નીકળી જાઉં છું. અને પછી પૂર્ણિમાના અંગત કામને કારણે એક દિવસે હું સંધ્યાને ત્યાં જઉં છું. સંધ્યા ત્યાં નહોતી. પૂર્ણિમાની કેટલીક ફાઇલો ત્યાં તૈયાર કરવાની હતી. તેથી મોડું થઇ ગયું અને હું રાત્રિ ત્યાં રોકાઇ ગયો. અને તે રાત્રિએ સંધ્યાની માફક પૂર્ણિમાએ પણ મારી ઇચ્છા વિરુદ્ધ મને ભોગવ્યો અને મેં પણ પૂર્ણિમા સાથે સંબંધો વધાર્યા. આમ એક જ ઘરમાં પહેલાં દીકરી અને પછી તેની મા સાથે મારા શારીરિક સંબંધો બંધાયા.

હું નાનપણથી જ ગરીબ અવસ્થામાં ઉછર્યો હતો. પૈસાની તંગી હતી. મારે પૈસા જોઇતા હતા. અને મેં આવી સ્ત્રીઓ પાસેથી પૈસા પડાવ્યા. અને પૈસાના બદલામાં તેમને જે જોઇતું હતું તે સુખ આપ્યા કર્યું. ‘છાયા ઇન્ડસ્ટ્રીઝ’માં હું નોકરીઓ જોડાયો. (પછી ખબર પડી કે સંધ્યાની ભલામણથી હું લેવાયો હતો.) મારી કાબેલિયતથી છાયાના મુંબઇના ધંધાને વેગ મળે એવા મેં પ્રયત્ન કર્યા. અને પછી સંધ્યાનું લગ્ન મુંબઇના મેનેજર ગૌતમભાઇના દીકરા સાથે કરાવ્યું.

હીના, તારી ઓળખાણ ‘તોરલ’માં જમતી વખતે થઇ અને પછી તારી સાથે મારો સંબંધ બંધાયો. પૂર્ણિમાની તું ખાસ બહેનપણી. પૂર્ણિમાની માફક તારો પણ ઉપયોગ મેં પૈસા માટે કર્યો અને તારે જે જોઇતું હતુ તે મેં આપ્યું. આપણી ઓળખાણ થયે તારે ત્યાં આવવાથી પાર્થને હું મળ્યો. પાર્થ મારો મિત્ર હતો. તેણે તને મારી ભલામણ કરી અને તારી સાથે સંબંધ વિકસ્યો. તારા જ ઘરમાં બે-એક દિવસ રૂપાન્દે સાથે હું રહ્યો હતો. અને પછી તો ચક્ર એવું ફરતું રહ્યું કે પૂર્ણિમા સાથે મેં લગ્ન કર્યું અને લગ્ન પછી હનીમૂન માટે હું, તું અને પૂર્ણિમા ગયાં. એ વાતથી તું વાકેફ છું. છાયા સાથે પણ મારા કોન્ટ્રાક્ટ મેરેજ થયા. મુંબઇમાં આફ્રિકાથી સીના આવી, સંધ્યાની બહેનપણી. મારે એની સાથે પરિચય થયો. તેના આગ્રહને કારણે અને મારે અંગત કામ હોવાથી આફ્રિકા જવાનું થયું. ત્યાં જે બન્યું તેની વાત મેં તને કે પૂર્ણિમાને કરી નહોતી. દિશા ત્યાં હતી. તારી નણંદ દિશા સાથે સંબંધ અમેરિકામાં બંધાયો હતો. આફ્રિકામાં દિશાને ઘેર અમદાવાદની માફક સંધ્યા અને પૂર્ણિમાની જેમ - દિશાની જેમ સીના સાથે મારો સંબંધ બંધાયો અને છેવટે દિશાની બહેન અને સીનાની માસી એટલે કે તારી નણંદ સીમા સાથે મારા સંબંધ બંધાયા. સાચુ કહું મારા આ બધી જ વ્યક્તિઓ સાથે નજીકના સંબંધો બંધાયા હતા. જો મેં બધાને ભોગવ્યા છે. બધાએ મને પૈસો આપ્યો છે. એમની ઇચ્છા પ્રમાણે પૈસાના બદલામાં મેં સુખ આપ્યું છે. આમાંની કેટલીક વાત તું જાણે છે. કેટલોક તને વહેમ પણ છે. હવે હું જે ફસાયો છું - ઊંડા પાણીમાં - તેની હું વાત કરીશ તો તું ચમકી જઇશ. કરણ, કલ્પેશ અને કૃતિકા ત્રણેયના બાપ એક જ હું - રાકેશ - છું. ત્રણેયની માતાઓ જુદી. હવે તું જ કહે આમાંથી હું કેવી રીતે નીકળી શકું. અને બીજી એક વાત કહું ? તે બધુ જ ખાનગી રાખવાનું કહ્યુ છે એટલે સાચી વાત કહીશ. પૂર્ણિમા વિધવા નથી. તેના પતિ જીવે છે અને અત્યારે સીનાના બાપ અને તારી નણંદ દિશાના પતિ તરીકે આફ્રિકામાં છે. હવે આમાંથી રસ્તો કાઢીએ પણ એટલું યાદ રાખજે કે આ બધાની સાથે

મારા સંબંધો છે એ કોઇ જાણવું ન જોઇએ. અને જો કોઇ જાણશે તો આપણા બધાંના જીવન ખેદાન મેદાન થઇ જશે.'

રાકેશે પોતાની શક્ય એટલી વાત ટૂંકાણમાં હીનાને કહી. રાકેશની વાત એક કોયડો હતો, એક ચક્રાવો હતો અને એ ચક્રાવામાંથી રાકેશ ક્યારેય બહાર નીકળી શકે તેમ નહોતો. હીના વિચારે છે કે રાકેશને આમાંથી કેવી રીતે બહાર પહોંચી જાય છે.

હીનાને યાદ આવે છે. આવતી કાલે તો કલ્પેશને મળવા જવાનું છે, એ બધું જ સમજી ગઇ. જો કલ્પેશને 'પૂર્ણિમા ઇન્ડસ્ટ્રીઝ'ની ખોટી માહિતી આપવામાં આવે તો ઘણા બધા પ્રશ્નો હલ થઇ જાય. આવતી કાલે કલ્પેશને તે મળવા જશે અને પડશે તેવા દેવાશે ! બીજું શું ?

... અને બીજી ક્ષણે રાકેશની સોડમાં ભરાઇ જાય છે.

## બત્રીસ

ઘણા સમય સુધી હીના રાકેશની સોડમાં ભરાઇ રહી. અનેક વિચારોમાંથી તે પસાર થાય છે. એને લાગે છે કે રાકેશના સ્પર્શમાંથી કોઇ અનેરી સુંગધ આવતી હોય છે. રાકેશ કોઇપણ જાતની પ્રતિક્રિયા વગરનો પડ્યો છે. પણ આજે શાની સુગંધ આવે છે તેનો હીનાને ખ્યાલ નથી. પણ કોઇ એવી સુગંધ છે કે જે એના આખા સમગ્ર દેહમાં પ્રસરી ગઇ હોય એવું તે અનુભવે છે. આજની માફક ઘણી વખત હીના આજ પ્રમાણે રાકેશની સોડમાં ભરાઇ રહેતી ત્યારે એક એવો ઉમંગ હતો, તરવરાટ હતો, રાકેશને પામવાનો અને કશું મેળવવાનો. પણ તે વખતે તે રાકેશ માટે આંધળી બની ગઇ હતી. તે વખતે પણ તેને રાકેશ વિશે તો વહેમ હતો જ કે ''રાકેશ, કાંઇ એકલો રહે તેમ નથી. જો કે પૂર્ણિમા સાથે તો તેણે ભાગીદારી કરી હતી પણ છતાંય ઊંડે ઊંડે એને વહેમ તો ખરો કે રાકેશ કોઇ એક સ્ત્રીથી ધરાય તેમ નથી.'' પાછી તેને અનેરી સુગંધ આવી. પણ તે સુગંધ પકડાતી નથી. એકદમ રાકેશથી દૂર થાય છે. ઊભી થઇ રૂમમાં આંટા મારે છે. ફ્લાવર પોટમાં જોતા તે આશ્ચર્ય અનુભવે છે. પોટમાં કોઇના દ્વારા મૂકાયેલા ફૂલ હતાં - મોગરાનાં, તો શું ? મોગરાની મહેંક હતી, હવે તેને ખ્યાલ આવ્યો કે આ ભીની ભીની મહેંક મનને તરબર કરે એવી સુગંધ બીજા કોઇની નહીં પણ મોગરાની હતી. એકદમ પાછી આવી ને રાકેશની સોડમાં ભરાઇ જાય છે. આજે આ સુગંધે તેના મન ઉપર કબજો લીધો છે અને પછી તો હીના સુગંધમય બની જાય છે.

કલ્પેશના આવવા પછી રાકેશે તેના જીવનમાં પ્રવેશી ગયેલી ઘણી બધી સ્ત્રીઓ સાથેના પોતાના સંબંધોની ચોખવટ અને કબૂલાત કરી. રાકેશ જાણે કે આ બધી સ્ત્રીઓને વચ્ચે ભીડાઇ ગયો હતો અને બહાર નીકળવાનો કોઇ રસ્તો ન જણાતાં આવી કબૂલાત કરે છે તેવું હીના માની લે છે. પાછું તે વિચારે છે કે તે પણ રાકેશની તરફ ખેંચાઇ હતી ને ? પતિ તરફનો અસંતોષ જ તેને આ દિશા તરફ લઇ ગયેલો, એમાં રાકેશનો શો વાંક ? આજે એવા તબક્કે રાકેશ ઊભો છે કે તેને બચાવવો જ રહ્યો.

અને પાછી... ધીરે રહીને રાકેશના પડખામાંથી તે છુટી પડી ઊભી થઇ. ધીરે ધીરે સામેના સોફા પર જઇ બેઠી. અનેક વિચારો એને આવતા રહ્યા. શું કરવું, શું ન કરવું એની ગડમથલમાં ઘણો વખત તે બેસી રહી. ધીરેથી ઊભી થઇ બેઝિન પાસે જઇ મોં પર પાણીનો છંટકાવ કરતી રહી. મોં પર પાણી પડતું રહ્યું તેમ તેમ વિચારો શાંત થતા ગયા. મોં સાફ કરી પાછી રાકેશ પાસે પહોંચી ગઇ.

## તેત્રીસ

બીજે દિવસે સાંજના કલ્પેશે આપેલા સમય પ્રમાણે હોટલ પર પહોંચે છે. ત્યાં પહોંચ્યા પછી તેને જાણ થાય છે કે આજે સવારે જ કોઇનો ફોન આવતાં કલ્પેશ રૂમ ખાલી કરી ચાલ્યો ગયો છે. હાથમાં આવેલો ઉકેલ હાથમાંથી છટકી જતો હોય તેવું હીના અનુભવે છે. કલ્પેશને તે ખોટા રસ્તે લઇ જવા માંગતી હતી... પણ કલ્પેશ

છટકી ગયો. રાકેશને બચાવવા તે જુઠ્ઠુ બોલવા માંગતી હતી. પણ અહીં તો કલ્પેશ જ નથી. હવે શું કરવું ? એમ વિચારી હોટલના એક પછી એક પગથિયા તે ઉતરતી જાય છે અને જ્યાં છેલ્લું પગથિયુ ઉતરવાનો પ્રયત્ન કરે ત્યાં જ કોઇના અવાજથી તે ચમકે છે.

''મમ્મી, તમે અહીં ક્યાંથી ?''

હીનાની સામે રૂપાંદે અને પ્રશાંત ઉભા હતા.

'પણ તમે અહીં ક્યાંથી ? હું તો થોડા કામ માટે આવી હતી. જેમને મળવાનું હતું તે નથી તેથી પાછી વળી.'

હીનાની વાત સાંભળી રૂપાંદે પ્રશાંતને ઇશારો કરે છે. પ્રશાંત ''હું આવું છું.'' એમ કહી દૂર ચાલ્યો જાય છે.

''જુઓ મમ્મી, આજે મારે તમારી સાથે સાચી વાત કરી દેવી જોઇએ. તમે અહીં કેમ આવ્યા તે હું જાણતી નથી. પણ એક વાતનો વહેમ પડવાથી હું અને પ્રશાંત એક તપાસ કરવા આવ્યા છીએ. તમે અહીં નીચે ઊભા રહો. હું આવું છું, પછી વાત કરીએ.''

એમ કહેતાં રૂપાન્દે હોટલના પગથિયા ચઢી ગઇ. પાંચ મિનિટમાં પાછી આવી. થોડી ગભરાયેલી હતી.

''શું થયું રૂપાન્દે ? આમ ગભરાયેલી કેમ લાગે છે ?'' હીના ધીરે રહીને રૂપાન્દેને પોતાની નજીક ખેંચે છે.

''મમ્મી, ત્યાં રૂમમાં કોઇ નથી. તે ચાલ્યો ગયો લાગે છે.''

''રૂપાન્દે, તું કોની વાત કરે છે ? કોણ ચાલ્યો ગયો છે?''

''પેલો છોકરો - કલ્પેશ. કૃતિકા જેની વાત કરતી હતી. તે હમણાં જ ખબર પડી કે કૃતિકા ઘરેથી 'હું આવુ છું' કહીને નીકળી હતી. નીકળતા પહેલાં હોટલનું નામ, રૂમ નંબર અને કલ્પેશ એવું કહેતાં મેં સાંભળી હતી. મને વહેમ પડ્યો. તેથી હું પ્રશાંતને લઇ અહીં આવી પહોંચી. નક્કી તે બન્ને ક્યાંક ચાલ્યા ગયા હશે.

મમ્મી, સાચું કહો તમે કેમ આવ્યા હતા ?''

''રૂપાન્દે, તારાથી કંઇ સંતાડવા માંગતી નથી. હું પણ કલ્પેશને મળવા આવી હતી. ખેર જવા દે વાત. બોલો તમારે બન્નેએ દવાખાને આવવું છે કે ઘરે આવવું છે ?''

''મમ્મી, ઘરે તો નહી, દવાખાને જઇશું.'' એમ કહીને રૂપાંદે પ્રશાંતને બૂમ પાડે છે. પ્રશાંત એટલામાં ક્યાંય દેખાતો નથી. થોડીવાર તે બન્ને ત્યાં બેસે છે. એટલામાં જ ઊતાળવો ઉતાળવો પ્રશાંત આવી પહોંચે છે. આવીને તરત જ, ''રૂપાન્દે, ગજબ થઇ ગયો. પૂર્ણિમા મમ્મી હોટલ તરફ આવી રહ્યા છે. એવું તો શું છે કે આપણે બધા એક જ જગ્યાએ ભેગા થઇ રહ્યા છીએ.'' હજુ તો તે વાક્ય પુરુ કરે ત્યાં તો પૂર્ણિમા હોટલના કંપાઉન્ડમાં દાખલ થાય છે. હીના, રૂપાન્દે અને પ્રશાંતને જોઇ આશ્ચર્ય અનુભવે છે અને એનાથી બોલાઇ જવાય છે :

''તમે બધા પણ અહીં ?''

બધા એક બીજા સામે જોઇ રહે છે. કોઇ બોલતું નથી.

ત્યાં તો સડસડાટ કરતી એક ગાડી હોટલના પ્રાંગણમાં પ્રવેશી પગથિયાં પાસે આવી અટકે છે. બધાની નજર તે તરફ જાય છે. બધા એક આંચકો અનુભવે છે. ગાડીમાંથી ઊતરનારને જોઇને બધા એકબીજા સામે જોઇ રહે છે. ઉતરનાર બીજું કોઇ નહીં પણ સંધ્યાને અનિલ હતાં.

## ચોત્રીસ

એકીસાથે આકસ્મિક રીતે હોટલના છેલ્લા પગથિયા પાસે થોડી જ ક્ષણમાં બધા જ ભેગા થઇ જાય છે. બધા આશ્ચર્ય અનુભવે છે. એકબીજા સામે જોઇ રહે છે. પણ પોતાના અંતરની વાત જાણે કે કોઇને પણ કહેવા માંગતા ન હોય એ રીતે ભેગાં થઇ ગયા. હીના, રૂપાન્દે અને પ્રશાંત તો હતા જ અને એમાં ઓચિંતી પૂર્ણિમા આવી ગઇ અને ત્યાં જ હોટલના પ્રાંગણમાં પ્રવેશેલી ગાડીમાંથી સંધ્યા અને અનિલ ઉતરે છે.

કેવો જોગાનુજોગ, બધા એક સાથે ભેગાં થઇ ગયા. આ કેવી રીતે બન્યું હશે ? હીનાને પ્રશ્ન થાય છે. જો

કે એકલી જ હીના કોઇપણ ઉકેલ કાઢી શકે એવી સમજદાર હતી. તે બધાના આવવાનું રહસ્ય જાણે કે સમજી જતી હોય એવું અનુભવે છે.

કલ્પેશને જ માટે રૂપાન્દે અને પ્રશાંત આવ્યા હશે. પૂર્ણિમા કદાચ મને શોધતી આવી હોય અને સંધ્યા અને અનિલ પણ કરણને શોધવા નહીં આવ્યા હોય ?

હીના સમજુ છે, જો કે તે તો બધું જ જાણે છે. રાકેશે તેને ઘણું બધું કહ્યું છે, હવે તેને જ આમાંથી રસ્તો કાઢવાનો છે. તે ધીરે રહીને બોલે છે. ''આપણે બધા દવાખાને જઇશું રાકેશની તબિયત થોડી લથડી છે. તમો બધા ત્યાં આવશો ને ?'' તેમ કહી બધાની સાથે હીના દવાખાને પહોંચવાનો પ્રયત્ન કરે છે.

## પાંત્રીસ

કલ્પેશે હીનાબાને હોટલમાં મળવાનો સમય આપેલો. પણ વહેલી સવારે મોબાઇલ પર કરણનો ફોન આવે છે, ''કલ્પેશ તું ક્યાં છે ? આપણે તાત્કાલિક મળવું પડશે. હવે કોઇ પણ નિર્ણય લેવો પડશે ?''

''શાનો નિર્ણય ?''

''કૃતિકા વિશેનો.''

''હું સમજ્યો નહીં ?''

''જો કલ્પેશ, તું બધું સમજે છે, મારા, તારા અને કૃતિકાના અત્યાર સુધીના સંબંધો પવિત્ર છે. તું જાણે છે, પણ મને તારા પર થોડો વહેમ છે. જો, તારે મારી સાથેની મૈત્રી ટકાવવી કે કેમ એ નિર્ણય તારે કરવાનો, પણ એક વાત કહુ. હું કૃતિકા સાથે લગ્ન કરવા માંગુ છું. તારે એને સમજાવવી પડશે.''

''શું વાત કરે છે ? કૃતિકા સાથે તું નહીં પણ હું લગ્ન કરવા માંગું છું. એટલે તારે મને સહકાર આપવો પડશે.''

''અને સહકાર ન આપું તો ?''

''જો કરણ, આપણા સંબંધો તૂટી જશે.''

કરણ આગળ ફોન પર વાત કરે તે પહેલાં નો કલ્પેશ ફોન કટ કરી દે છે. અને તરત જ કૃતિકાને ફોન કરે છે. હોટલનું નામ અને રૂમ નંબર જણાવી પોતાને મળવાનું કહે છે અને પછી પોતાનો સામાન પેક કરવા લાગે છે. કૃતિકા આવે ત્યારે તાત્કાલિક રૂમ છોડી દેવી પડશે તેવું તે માને છે.

થોડાક સમયમાં કૃતિકા આવે છે અને કલ્પેશ, હીનાબાને મળવાનો સમય આપ્યો હોવા છતાં અને પોતાના પિતાશ્રી વિશે માહિતી મેળવવાની હોવા છતાં, બધું જ છોડી કૃતિકાના આવ્યા પછી તાત્કાલિક હોટલ છોડી જાય છે.

## છત્રીસ

ઘણાં સમયથી અવારનવાર બહાર રહેતો અને હવે થોડો ઠેકાણે પડવાથી - ખાસ કરીને પૈસાની તંગીથી - કરણ હવે પાછો ડાહ્યો ડમરો બની ગયો હોય એ રીતે સંધ્યા અને અનિલની સાથે તથા ગૌતમભાઇ અને મંજુબેન સાથે પ્રેમથી વર્તતો હોય છે. જો કે કરણ પોતાના મનની કોઇપણ વાત પ્રદર્શિત કરતો નથી. તેના મનમાં એક જ વિચાર છે, ''ક્યારે મોકો મળે અને ઘરમાંથી મોટી રકમનો હાથ મારી ભાગી જઉ અને કૃતિકા સાથે પરણી જઉં?''

ઘરમાં પણ બધા કરણ સુધરી ગયો તે માટે તેની પર વિશ્વાસ કરવા લાગ્યા. એક દિવસ વહેલી સવારે સંધ્યાના કાને કોઇને ફોન કરતો હોય એવા કરણના શબ્દો કાને પડે છે અને છાની રીતે સંધ્યા બધી વાત સાંભળે છે. અને વાતચીતમાં સામે કલ્પેશ સાથે વાત થતી હોય તેવું એ જાણે છે. તે તાત્કાલિક આ બધી વાત અનિલને

કહેવા પહોંચી જાય છે. અનીલ અને સંધ્યા કરણની રૂમમાં જાય છે ત્યારે ત્યાં કરણ રૂમમાં નહોતો. સંધ્યા અને અનિલ તાત્કાલિક પૂર્ણિમાને વાત કરે છે. પૂર્ણિમાને હોટલ પર પહોંચવાનું કહી અમદાવાદ જવા માટે પ્લેન પકડે છે. અને જ્યારે અમદાવાદ હોટલ પર પહોંચે છે ત્યારે બધાને જોતા આશ્ચર્ય અનુભવે છે.

સાડત્રીસ

કૃતિકાને લઇ કલ્પેશ હોટલ છોડી દે છે. હોટલની બહાર જાહેર રસ્તા ઉપરથી એક ટેક્ષી પકડે છે. તે કૃતિકાને કંઇ કહેતો નથી. કૃતિકા પણ કશુંજ પૂછતી નથી. ધીરે રહીને તે ટેક્સી ડ્રાઇવરને નદી પાર વિસ્તારની એક હોટલનું નામ આપે છે. ટેક્સી પૂરપાટ દોડતી રહે છે. કોઇ કશું જ બોલતાં નથી. અડધા એક કલાક પછી ટેક્સીનું ભાડું ચુકવી કૃતિકાને લઇ કલ્પેશ હોટલના કાઉન્ટરે પહોંચે છે. રૂમ બુક કરાવે છે. રૂમમાં પહોંચે છે. રૂમમાં પહોંચ્યા પછી અંદરથી બારણું બંધ કરે છે. કૃતિકાને આનો ખ્યાલ આવતો નથી. કલ્પેશ એકદમ કૃતિકાને પોતાની નજીક ખેંચે છે. કૃતિકા જાણે ન જાણે એટલા સમયમાં તો કલ્પેશના આલિંગનમાં ભીડાઇ જાય છે. કૃતિકાને જ્યારે ખ્યાલ આવે છે ત્યારે તે તરત જ બળજબરીથી કલ્પેશને પોતાનાથી દૂર કરે છે અને કહે છે કે;

‘‘કલ્પેશ, આટલા માટે તું મને અહીં લઇ આવ્યો હતો ? જો મેં અગાઉ પણ કહ્યું છે કે આ બધુ મને ગમતુ નથી. આપણે અવારનવાર સાથે રહ્યા છતાં આપણી મૈત્રી નિર્દોષ હતી. હું જાણું છું કે તું અને કરણ બંને મારી સાથે લગ્ન કરવા માંગો છો. જો કે હું પણ તમારા બેમાંથી કોઇ એકની સાથે અથવા બંનેની સાથે લગ્નથી જોડાઇશ. પણ આ તો મારો વિચાર છે. એને મેં અમલમાં મૂક્યો નથી. પ્રેમ અને લગ્ન અભ્યાસ પૂરો થાય પછી જ એના માટે વિચારીશ એવું મેં તમને બંનેને પણ મેં અગાઉથી કહેલું છે. હું જ્યાં સુધી અંતિમ નિર્ણય ન લઉં ત્યાં સુધી આપણા ત્રણેયની વચ્ચે મૈત્રી જ રહેશે. પણ આજે તેં મર્યાદાનું ઉલ્લંઘન કરી મને આઘાત પહોંચાડ્યો છે. હું તારી સાથે આ હોટલની રૂમમાં રહી શકુ તેમ નથી. હું ચાલી જઇશ.’’

‘‘જો કૃતિકા, મને માફ કરી દે. અતિશય લાગણીના આવેશમાં મારાથી આવું થઇ ગયું. હવેથી હું મર્યાદામાં રહીશ. પણ એટલું યાદ રાખજે કે હું તને ચાહું છું. ગમે તેવા સંજોગોમાં પણ હું તારી સાથે લગ્ન કરીશ, એ પણ માની લેજે કે આજથી કરણ મારો મિત્ર નથી. હું તને મારી જ બનાવીશ,’’ એમ કહી કલ્પેશ કૃતિકાની માફી માંગે છે. જો કે માફી માંગતી વખતે પણ તેના મનમાં બીજો જ વિચાર આવતા હોય છે. કૃતિકાને પામવા માટે ગમે તે કરવા તૈયાર હતો.

‘‘કૃતિકા, આજે જ આપણે મુંબઇ પહોંચી જઇશું. આફ્રિકા પરત જવાની મારી ટિકીટ તો છે જ. તારી ટિકીટની વ્યવસ્થા કરી આપણે બંને સાથે આફ્રિકા પહોંચી જઇશું. ચાલ, થોડો ફ્રેશ થઇ જઉં. પછી આપણે નીકળી જઇશું.’’ એમ કહેતો કલ્પેશ બાથરૂમમાં પહોંચી જાય છે.

પંદરેક મિનિટમાં ફ્રેશ થઇ બાથરૂમની બહાર નીકળે છે. ત્યારે જુએ છે તો કૃતિકા રૂમમાં નથી. રૂમનું બારણું પણ બહારથી બંધ હતું. તો શું ? કૃતિકા.... તેને છોડી ચાલી ગઇ કે પછી મેં કૃતિકાને પામવાની ઉતાવળ કરી. એની પાસે એનો જવાબ નહોતો. તે પથારીમાં ફસડાઇ પડ્યો.

આડત્રીસ

બધા દવાખાને પહોંચે છે. દુરથી રાકેશની રૂમ ખુલ્લી છે તેવું હીના જુએ છે. રૂમની અંદર પ્રવેશ કરતા જ પ્રથમ પ્રવેશેલી હીના આંચકો અનુભવે છે. રાકેશની પથારીમાં ઓશીકા પાસે બેઠેલી, નીચે નમેલી રાકેશના કાનમાં જાણે કે કંઇક કહેતી હોય એવી સ્ત્રી હીનાની નજરે પડે છે. રૂમમાં હીનાની પાછળ પાછળ બધા આવી, જ્યાં જગ્યા મળે ત્યાં ગોઠવાઇ જાય છે. આટલા બધા માણસોને એકી સાથે આવેલા જોઇ પેલી સ્ત્રી એકદમ ઉભી થઇ જાય છે. વારાફરતી બધાના મોં તરફ જુએ છે. તે કોઇને ઓળખતી નથી. છેવટે એક ચહેરા પર નજર પડતાં પેલી સ્ત્રીને એકદમ એ ઓળખી જાય છે અને એને જોતાં જ તે બોલી ઉઠે છે,

''મને ઓળખી ?''

''તમને ક્યાંક જોયા હોય એવું લાગે છે. પણ અત્યારે ખ્યાલ નથી આવતો. જો કે આપણે ઘણી વખત મળ્યા છીએ એવું મને લાગે છે. તમે જ તમારો પરિચય આપો તો હું ઓળખી શકું.''

''તું મને ઓળખે છે સંધ્યા. મને ભૂલી ગઇ ? હું સીના, તારી બહેનપણી.''

''અરે સીના તું ? માફ કરજે મેં તને ઓળખી નહીં.''

''શાની ઓળખે ? હવે તો તું બહુ મોટી થઇ ગઇ. ખેર જવાદે એ બધી વાત. પણ તું બધાની સાથે અહીં ક્યાંથી ?''

''મમ્મી.'' એમ કહી સંધ્યા પૂર્ણિમા તરફ જાય છે અને વધુમાં કહે છે કે, ''આ મારી બહેનપણી સીના. તે આફ્રિકા રહે છે.''

''આફ્રિકા તો મારા નણંદ દિશાબહેન પણ રહે છે- નૈરોબી'' એમ કહેતી હીના સીનાની નજીક જાય છે.

પોતાની મમ્મીનું નામ દેનાર વ્યક્તિ, પોતાની મમ્મીના ભાભી હીના હશે તેવું માની લે છે. અને હીનાને કહે છે : ''તમે મને નહીં ઓળખો. કદાચ નાની જોઇ હશે. દિશા મારી મમ્મી થાય. મારા દિકરાનો ફોન આવવાથી તાત્કાલિક અહીં ભારત આવી ગઇ. તેણે ફોનમાં અમદાવાદની આ હોસ્પિટલ અને તેના રૂમ નંબરની વાત કરી હતી. હું હમણાં જ પંદરેક મિનિટમાં આવી.''

સીનાની વાત સાંભળી હીના એક આંચકો અનુભવે છે. જો કે તે સ્વસ્થ થાય છે. આટલા બધા માણસોની વચ્ચે ચોક્કસ આ દવાખાનામાં એક એવો ધડાકો થવાનો છે કે જેની આગમાં આ બધાં જ હોમાઇ જશે. પણ રસ્તો કાંઇ કાઢવો પડશે ને ? જો કે હીના બધી સાચી વાત જાણે છે. અહીં રૂમની અંદર રહેલી અને રૂમમાં નથી તે બધી સ્ત્રીઓ રાકેશના જીવનમાં આવી ગઇ છે. પણ અહીં બધાં સીનાનો સંબંધ રાકેશ સાથે કેવો છે એ જાણશે ત્યારે ? તે આગળ કશું જ વિચારી શકતી નથી.

''પૂર્ણિમા, આપણે બધા ઘેર જઇશું. ના એવું કરો તમે બધા જાઓ. હું સીનાને લઇને થોડીવારમાં તમારી પાછળ પાછળ પહોંચું છું.'' આજે બધાને હીના જે વાત કરે છે તેનાથી હીના થોડીક બદલાયેલી હોય તેવું લાગે છે. શું કારણ હશે ? એનો ખ્યાલ કોઇને આવતો નથી. પણ ચોક્કસ કોઇ વાત હીનાને પજવતી હોય એવું લાગે છે. દરેક જુદુ વિચારે છે. પોતાના અંતરની વાત કોઇને કહી શકતું નથી. હીના બધું જુએ છે. 'આપણે બધા સાથે જઇશું. હોટલમાં બધા ભેગાં થયાં ત્યારે આપણા બધાના મનમાં જે પ્રશ્ન હતો, એમાં એક વ્યક્તિનો ઉમેરો થાય છે. ઘેર પહોંચી આપણે તેનો ઉકેલ લાવી દઇશું, એમ મનમાં હીના બબડે છે. અને પછી 'તો ચાલો આપણે બધા જઇશું?'

એક પછી એક બધા રૂમની બહાર નીકળે છે. થોડે દુર પેસેજમાં ગયા પછી, ''હું આવું છું.'' એમ કહી હીના પાછી વળે છે. રૂમમાં જઇ રાકેશના કાનમાં, ''ચિંતા કરતો નહીં. બધું જ હું સંભાળી લઉં છું.'' એમ કહેતી પાછી વળી જાય છે.

## ઓગણચાળીસ

કલ્પેશ ફ્રેશ થવા ગયો તે જ વખતે કૃતિકા રૂમની બહાર નીકળી, રૂમ બહારથી બંધ કરી હોટલ છોડી જાય છે. હવે શું કરવું એવું મનોમંથન અનુભવે છે. ઉતાવળમાં રૂમમાં જ પોતાની હેન્ડબેગ ભૂલી ગઇ લે તેનો તેને ખ્યાલ આવે છે. પૈસાનું પાકિટ તો હેન્ડબેગમાં રહી ગયું તેનો તેને ખ્યાલ આવે છે. તેને ઓચિંતુ યાદ આવે છે કે જરૂર હોય કે ન હોય તે પણ જીન્સના પેન્ટના એક નાના ખીસીમાં પાંચસો એક રૂપિયા તે મૂકી રાખતી. જ્યારે પણ ઘરની બહાર નીકળતી તે ખિસ્સીમાં પૈસા મૂકતી. ઘરે પાછી આવે ત્યારે કે કપડા ધોવાના હોય ત્યારે તે ખીસ્સામાંથી પૈસા કાઢી લેતી. જો કે અત્યારે તે ક્યાં જવું તેથી મૂંઝવણમાં છે. પૂર્ણિમા બાને ઘેર કે પછી વડોદરા સુધી જવાય તેટલા પૈસા તેની પાસે હતા એટલે નાણાંકીય મુશ્કેલી તેને નહી નડે.

ધીરે ધીરે તે ચાલતી રહે છે. કલ્પેશના વ્યવહારથી મન વ્યથિત થઇ ગયું છે. તેથી થોડી શરીરમાં ઠંડક આવે

એટલા માટે ઠંડુ પીવું જોઈએ એમ માની રસ્તા પરની એક હોટલમાં પ્રવેશી જાય છે. હોટલના ખૂણાના એક ખાલી ટેબલ પાસે તે બેસી જાય છે. આઈસ્ક્રીમ લેવો કે ઠંડુ પીવું તેનો તે નિર્ણય લઈ શકતી નથી. ઓર્ડર લેવા વેઈટર આવે છે ત્યારે કહે છે, ''તને ફાવે તે કોઈપણ જાતનો આઈસ્ક્રીમ કે ઠંડુ પીણું લઈ આવ.'' વેઈટર ચાલ્યો જાય છે.

એકાએક તેને વારાફરતી કલ્પેશ અને કરણ સાથે મૈત્રીના દિવસો યાદ આવે છે. મુંબઈના પોતાના બંગલામાં કલ્પેશ અને કરણ સાથે ઘણાં દિવસો સાથે વીતાવ્યા છે. પણ ક્યારેક તેણે કે કલ્પેશે અને કરણે કોઈ મર્યાદા ઓળંગી નથીફ. ઘણી વાર તો આ બંને સાથે કાંતો એક જણ સાથે એકલી ફરવા પણ ગઈ છે, હોટલના ફેમીલી રૂમમાં કલાકોના કલાકો સુધી સાથે બેઠી છે, સાથે સિનેમા પણ જોઈ છે. પણ ક્યારેય આગળ વધ્યા નથી. જુદા જુદા સમયે કરણ અને કલ્પેશે તેની સમક્ષ પ્રેમનો એકરાર પણ કર્યો છે. પરંતુ, ''મારો અભ્યાસ પૂરો થાય તે પછી જ કોની સાથે લગ્ન કરવું તે હું વિચારીશ.'' એમ કહી બંનેને પોતાનાથી દૂર રાખ્યા છે. ક્યારેક એકાંતમાં, ''હું તને પરણવા માંગુ છું. હું તને સુખી કરીશ, પણ મહેરબાની કરી મારી સાથે જ લગ્ન કરવાનું વિચારજે.'' આવું કલ્પેશ કહેતો. તો ક્યારેક, ''હું પણ તને પરણવા માંગુ છુ. તે ધાર્યા ન હોય એટલા બધા સુખો તને આપવાનો પ્રયત્ન કરીશ. તું મારા વિશે વિચારજે.'' આમ કહેતો કરણ વધુમાં એમ પણ કહેતો ગયો. ''કૃતિકા, એવું ન બને તું સંમત થાઉં તો આપણે ત્રણેય સાથે પરણીએ ?'' આવું કરણ કહેતો ત્યારે કૃતિકા એમ પણ કહેતી, ''જો કરણ, તમારામાંથી કોઈ એકને પરણવું કે બંનેની પત્નિ બનીને રહેવું તે મારો અંગત પ્રશ્ન છે. પણ હું જ્યાં સુધી નિર્ણય નકરું ત્યાં સુધી આપણે ત્રણેય મિત્રો જ બની રહીશું. મર્યાદાનું ઉલ્લંઘન નહી કરીએ.''

આજે... હોટલના ખૂણાના ટેબલ પાસે બેઠી બેઠી ઘણું બધું વિચારે છે. ત્યાં જ .... ''મેડમ, આઈસ્ક્રીમ તો નથી. પેપ્સી લાવ્યો છું, ચાલશે ?'' એમ કહી ટેબલ પર પેપ્સીની બોટલ મૂકી ચાલ્યો જાય છે.

કૃતિકા કરણ અને કલ્પેશના વિચારોમાંથી જાગે છે. હવે તેને જ ખ્યાલ આવે છે કે હોટલમાં કોઈ ટેબલ પાસે તે બેઠી છે. એણે તો સ્થાન તો અવસ્થા જોઈ હતી. આતો તેને પહેલાંનું યાદ આવે છે. અહીં કરણ કે કલ્પેશ કોઈ પણ નથી. તે એકલી જ છે.

તે પેપ્સીની બોટલ હાથમાં લઈ સીધી મોંએ વળગાડે છે અને બીજી ક્ષણે એકી સાથે આખી બોટલ પૂરી કરી દે છે. કાઉન્ટર પર બીલ ચૂકવી તે બહાર નીકળી જાય છે. મોડી સાંજે ''પૂર્ણિમા સદન''માં જેવું તેવું વિચારે છે. અત્યારે જાય તો કદાચ કલ્પેશ કે કરણ ભેગાં થઈ જાય. અહીં તહીં ફરી સમય પસાર કરે છે.

મોડી સાંજે રોડની એક સાઈડે ઊભી રહી પસાર થતી ખાલી એક રીક્ષાને રોકે છે. ડ્રાઈવરને ''પૂર્ણિમા સદનનું'' એડ્રેસ આપે છે. ટેક્સી જાહેર રસ્તા પર દોડી રહી છે. પાછલી સીટ પર બેઠેલી કૃતિકા બારી બહારના જાણે કે પસાર થતા હોય તેવા મકાનો જોઈ રહે છે. અડધા એક કલાકમાં ટેક્સી પૂર્ણિમા સદન પહોંચે છે. તે જ વખતે સળવળાટ કરતી બીજી એક ટેક્સી પૂર્ણિમા સદન પાસે આવી રહે છે. બે જુદી જુદી દિશામાંથી આવી પહોંચેલી બે ટેક્સીઓ એકી સાથે સદનનાં દરવાજામાં પ્રવેશ કરે છે. અને જોરદાર ધડાકો થાય છે. બન્ને ટેક્સી એકબીજા સાથે અથડાય છે. અને ધડાક કરતી એક ટેક્સી ગોલમટ્ટુ ખાઈ જાય છે. અને બીજી એક ટેક્સી બેકાબુ બનેલી ડ્રાઈવરથી એકદમ વધુ ઝડપ થઈ જવાથી સીધી બંગલાના પેસેજમાં અથડાય છે. બંગલાના પેસેજના હિંચકા પર બેઠેલાને પોતાની ઝપાટમાં લઈ લે છે. અને બીજી ક્ષણે આ અકસ્માતનો અવાજ થતાં બંગલામાંથી બહાર નીકળે છે. બંગલાની બહારના રસ્તામાંથી પરસા થતા કેટલાંક આ જુએ છે. ધીરે ધીરે માણસોનું ટોળુ 'પૂર્ણિમા સદન' માં ભેગું થઈ જાય છે. અને પછી અકસ્માત થયેલી ગાડી તરફ જઈ અંદરના માણસોને જઈ બચાવવાનો પ્રયત્ન કરે છે. ગાડીમાંથી મહા પરાણે બધાને બહાર કાઢવામાં આવે છે. બંગલામાંથી બહાર આવેલી હીના આ જોતાં ચમકે છે. કૃતિકા અને એને લઈ આવનાર ટેક્સીનો ડ્રાઈવર બન્ને મૃત્યુ પામ્યા હતા. જે ટેક્સી જોરદાર અથડાઈ હતી અને પેસેજ સુધી પહોંચી ગઈ હતી. એક ટેક્સીમાંથી ઘવાયેલાને બહાર કાઢવામાં આવે છે ત્યારે જોવામાં આવે છે કે કરણ હતો. કરણ જે ટેક્સીમાં આવ્યો હતો તે ડ્રાઈવર અને કરણ બેભાન અવસ્થામાં હતાં. જ્યારે પેસેજમાં હિંચકાને ટેક્સી હડફેટમાં લીધો ત્યારે હિંચકાને એક બાજુ બેઠેલી સીના ટેક્સી નીચે આવી જતા મૃત્યુ પામે છે.

ઘવાયેલા કરણ અને ડ્રાઈવરને દવાખાને પહોંચાડવામાં આવે છે. અને આ ત્રણેય મૃતદેહને એકબાજુ મૂકવામાં આવે છે.

ભેગા થયેલા બધામાં એક વ્યક્તિ ચમકે છે. એના ચહેરા પર હાસ્યની રેખા છે. નકલી શક્ય એવો દુઃખદ પ્રસંગ છે. છતાંય એના અંતરમાં આનંદ છે. ઘણાં પ્રશ્નોનો ઉકેલ મળી ગયો હોય તેવું માનતી વ્યક્તિ બીજી કોઇ નહીં પણ હીના હતી.

## ચાલીસ

પૂર્ણિમા સદનમાં શોકનું વાતાવરણ છવાઇ ગાય છે. બધાના ચહેરા સૂજી ગયા હતા. રૂપાંદ અને પ્રશાંતનું રુદન હૈયાફાટ હતું. તેમણે પોતાની એકની એક દીકરી ગુમાવી હતી. જ્યારે સીના તો સંધ્યાની બહેનપણી છે એને બહેનપણી ગુમાવવાનું દુઃખ હતું. તો બીજી બાજુ પોતાનો દીકરો અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયો હતો. એનું શું થશે એ ચિંતા હતી. પૂર્ણિમા પણ હૈયાફાટ રુદન કરતી હતી. કેમકે કરણ તેની દિકરીનો દિકરો હતો. જ્યારે હીના આ અકસ્માતથી હચમચી ગઇ હતી. પણ તે સ્વસ્થ હતી. આમ તો તેણે રૂપાંદેને તેની દીકરી માની હતી અને કૃતિકાના અવસાનથી તે પણ દુઃખી હતી. છતાં બધાને આશ્વાસન આપતી હતી.

પણ આ બધાથી અલિપ્ત કશું જ ન જાણતો હોવા છતાં રાકેશ દવાખાનાની પથારીમાં પડ્યો પડ્યો ઓચિંતી આવી ગયેલી સીનાના વિચારો કરતો હતો.

તે ગભરાઇ ગયો હતો. વર્ષો સુધી જે તે વ્યક્તિ સાથે એકબીજાને અંધારામાં રાખી મોજમઝા કરી તેનું હવે રહસ્ય ખૂલવામાં બહુ વાર નથી એમ માની, ''હવે મારું શું થશે ?'' એમ વિચારતો હીનાને યાદ કરે છે. ત્યાં જ હીનાનો ફોન આવે છે. અને બનેલી ઘટનાનો હીના ચિતાર આપે છે. થોડા સમય પહેલાં બધાની સાથે રૂમની બહાર નીકળેલી હીનાએ કહ્યું હતું, ''ચિંતા કરતો નહી. બધું જ હું સંભાળી લઇશ.'' સાચે જ તેણે બધું સંભાળી લીધું. કુદરતે તેને સહાય આપી. રાકેશ ખડખડાટ હસી પડે છે. હવે તે સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયો હોય તેવું માને છે. તે ઊભો થઇ કાઉન્ટર પર જઇ, કાઉન્ટર પર બેઠેલી યુવતી સાથે કશીક વાત કરી હોસ્પિટલની બહાર નીકળી જાય છે.

## એકતાલીસ

કાઉન્ટર પર બેઠેલી યુવતિ સાથે વાત કરી બહાર નીકળેલો રાકેશ 'પૂર્ણિમા સદન'માં પહોંચે છે. ત્યાં કરૂણ વાતાવરણ સર્જાયેલું હતું. રાકેશને આવેલો જાણતાં જ બધા જ એને વીંટળાઇ વળે છે. બધાને કંઇક કહેવું છે, પણ કોઇ કશું કહેતું નથી. રડી રડીને સુજી ગયેલા ચહેરાઓ રાકેશ જુએ છે. રાકેશને પણ કંઇ કહેવું છે પણ એ કોને કહે? કોને આશ્વાસન આપે ? છેવટે હિના જ આ બધું કેવી રીતે સમેટવું એની વાત કરે છે. અને પછી તો આફ્રિકા દિશાને, મુંબઇ ગૌતમભાઇને ફોનથી વાત થાય છે. સીનાના મૃતદેહને રાકેશ અહીં હાજર હોવાથી 'અગ્નિદાહ' દે તેવું ફોનમાં દિશા સંદેશો આપે છે. પ્રશાંત અને રૂપાંદે હાજર હોવાથી અને હવે કોઇ બીજાની રાહ જોવાની ન હોવાથી મૃત્યુ પામેલાં બધાંને અગ્નિદાહ દેવો એવું નક્કી થાય છે.

પણ...

આ અકસ્માતને કારણે પોલીસ હાજર થઇ જાય છે. અકસ્માતનાં કાગળો તૈયાર થાય છે. અને છેવટે સંપૂર્ણ તપાસ પછી ઘણી બધી વિધિ કર્યા બાદ મૃતદેહો સોંપવામાં આવે છે. કરણ અને તેનો ડ્રાઇવર બેભાન હોવાથી તેમના જવાબો લઇ શકાતા નથી.

એક બાજુ અંતિમ સંસ્કારની વિધિ અને બીજી બાજુ અકસ્માત થયેલાંની દવાખાનામાં સારવાર થતી હતી.

## બેંતાલીસ

બે-એક માસ જેટલો સમય પસાર થઇ ગયો. કરણ અને તેનો ડ્રાઇવર ધીરે ધીરે સાજા થતા જાય છે.

મૃત્યુ પામેલાઓની જે કરવાની હોય તે બધી વિધિ થઇ ગયેલી છે.

શોકમાંથી બધા ધીરે ધીરે મુક્ત થઇ ગયાં છે. દિશા અને તેની બેન સીમા પણ આફ્રિકાથી આવી પરત થઇ ગયાં છે.

સંધ્યા મુંબઇના તેના ધંધામાં કરણને સમજાવી જોડી રહી છે. કરણ પણ સમજી ગયો છે કૃતિકા નથી એટલે.

પ્રશાંત અને રૂપાંદે વડોદરા પહોંચી ગયા છે. બધા જ પોતાની દુનિયમાં મસ્ત છે.

## તેંતાળીસ

વર્ષો વીતતાં ગયાં. રાકેશ જાણે કે મૂક્ત થઇ ગયો હોય એ રીતે પોતાનું જીવન વ્યતિત કરવામાં મગ્ન છે.

અને એક દિવસે રાકેશ પૂર્ણિમા અને હીનાની સંમતિથી પોતાની મોટાભાગની મિલ્કત ‘છાયા યુરોલોજીકલ હોસ્પિટલ’ ના વિકાસ માટે આપી દે છે. રાકેશ, પૂર્ણિમા અને હીના પોતાને જરૂર છે એટલું રાખી અને બીજી જે મિલ્કત હતી તે રૂપાંદે અને સંધ્યાને આપી દે છે.

પણ રાકેશને એક વાતનો ખટકો છે જ્યારથી કાર અકસ્માતમાં કૃતિકાનું મરણ થયું ત્યાર પછી કલ્પેશને કોઇએ જોયો નથી. તે આફ્રિકા પણ પહોંચ્યો નથી.

આમ રાકેશના જીવનનો એક અધ્યાય પૂરો થયો.

## ચુમ્માલીસ

રાકેશના જીવનનો બીજો અધ્યાય શરૂ થયો. શરીરે ઉંમર વર્તાતી જાય છે. સીના અને કૃતિકાનું મૃત્યુ હજુયે જાણે કે તેનો પીછો ન છોડતું હોય એ રીતે તે લોકોને યાદ કરતો કરતો ક્યારેક તે સૂનમૂન બની જાય છે.

દિશા અને સીમા ક્યારેક આફ્રિકાથી આવતા રહે છે.

વી. કે. અગ્રવાલનું રહસ્ય એવુંને એવું રહે છે. અને... હવે ક્યારેક ઉંમર થઇ હોવા છતાં સંધ્યા અને રૂપાંદે ‘પૂર્ણિમા સદન’માં આવતા રહે છે. અને પોતાની જૂની ટેવો હજુય ભૂલતા નથી. રાકેશ તેમને સંતોષે પણ કેટલો ?

હવે તે થાકી ગયો છે. એના જીવનમાં એણે ઘણું બધું મેળવ્યું. પૈસો અને સાથોસાથ યુવાન સ્ત્રીઓને પણ. પૈસાના બદલામાં ઘણી બધી સ્ત્રીઓની ભૂખ તેણે સંતોષી. પણ હવે.. એને આ બધું ગમતું નથી. છતાંય રાત્રે પથારીમાં એની આસપાસ સૂતેલી
પૂર્ણિમા અને હિના તેને પજવ્યા કરે છે. અને ક્યારેકતો પૂર્ણિમા પણ હસતા હસતા દિશા અને સીમાને યાદ કરી લે છે. હિનાએ પૂર્ણિમાને રાકેશની લીલાનો પરિચય પણ આપેલો છે. પણ કેટલાંકના સંબંધોની વાત કરી નથી.

આજે વર્ષો પછી હિના જ્યારે રાકેશના અન્ય સ્ત્રીઓ સાથેના સંબંધોની વાત કરે છે, ત્યારે પૂર્ણિમા ચમકી ગયેલી. આ બધુ સાંભળતી પૂર્ણિમા આશ્ચર્ય અનુભવે છે.

ધીરેથી હિનાને પોતાની નજીક ખેંચે છે. અને એના કાનમાં કહે છે :

‘ઓ બાપ રે ! આપણો ધણી આટલી બધી સ્ત્રીઓ સાથે...’